પ્રસ્તાવના.

વર્તમાન સમયમાં આ અસાર સંસારરૂપી સમુદ્ર તરી પાર પડવા માટે આલંબનરૂપ શ્રી જૈનપ્રતિમા અને સર્વજ્ઞ કેવળી ભગવાન ભાષિત જૈનસિદ્ધાંતાદિ પૂર્વાચાર્યો પ્રણિત ટીકા, ભાષ્ય, ચૂર્ણી આદિ પ્રમાણ ગ્રંથો છે; આ વાત નિર્વિવાદ છે કોઇ પણ હકીકત સત્ય હોવા છતાં મનુષ્ય માત્રના મનપર તેની છાપ બેસાડવાને દૃષ્ટાંતની પૂરેપૂરી આવશ્યકતા છે એમ કોઇથી ના કહી શકાય તેમ નથી.

વળી જૈનશાસન શિવાય અન્યમતના ગ્રંથોમાં દૃષ્ટાંત આપેલાં જોવામાં આવે છે, તથાપિ તે કલ્પિત હોવાથી કેટલાક અતિશયોક્તિને લીધે અને કેટલાક અસમંજસ હોવાને લીધે ખરૂં કહીયે તો ખરાં નહીં હોવાથી જોઇએ તેવી તો શું પરંતુ કાંઇ પણ અસર કરી શકતા નથી એમ કહીયે તો તે બીલકુલ ખોટું નથી. જૈનશાસનને વિષે તેમ છેજ નહીં; તેમાં તો ખરી હકીકત તાદૃશ બનેલી પૂર્વભવોના સંબંધ સહ જ્ઞાનરૂપી ચક્ષુવડે કેવળીઓએ નિહાળેલાં દૃષ્ટાંત—ચરિત્રવડે અનુભવ સિદ્ધ યોગ્ય દર્શાવેલી છે; જે જાણવાથી મનુષ્યને અનેક લાભની પ્રાપ્તિ થાય એ નિઃસંદેહ છે. અમુક વ્રત, નિયમ, જપ, અનુષ્ઠાનાદિક કરવાથી પુન્યોપાર્જન થાય છે, લાભ મળે છે, સંસારમાં બોલબાળા થાય છે, કષ્ટ જાય છે અને આખરે શિવવધુ પણ સહેલાઇથી વરમાળા આરોપણ કરે છે એમ કહેવાની સાથે અમુક વ્રત નિયમાદિ કરવાથી અમુક (શખ્સ) નું કાર્ય સફળ થયું એમ તેની સવિસ્તર હકીકત સહજાણવામાં આવે તો તે વાત કાળજામાં કોરાઇ રહેતાં તેવાં કાર્ય કરવામાં પ્રવૃત થવાને ઉત્કંઠા થાય એ સ્વભાવિક છેજ, અને તેથીજ અમોએ આ પુસ્તક સર્વનો હેતુ ફળી ભૂત થવા પ્રગટ કર્યું છે.

કથાઓનો અનુક્રમ.

૧૦ પુંભવમાં પાપકની પાંખો છેદવાથી હાથનો છેદ થનાર કલાવતીનું અતિ અસરકારક અને બોધદાયક ચરિત્ર છે.

૧૧ માતાપિતાને યુક્તિસહિત સંસારની અસારતા સમજાવી બાલ્યવયમાં દિક્ષા ગ્રહણ કરી મોક્ષ મેળવનાર મૃગાપુત્રની કથા છે.

૧૨ વીર ભગવાનની વાણીથી લઘુ વયમાં પ્રતિબોધ પામી પોતાનાં માતા પિતાને જણાવી આજ્ઞા લેઇ દિક્ષા અંગિકાર કરનાર અઇમત્તા કુંવરનું ચરિત્ર છે.

૧૩ સત્યાદિક વ્રત પાળવાં મરણકષ્ટ સુધીનું મહા સંકટ સહન કરી વ્રતની પ્રતિપાલના કરવાથી ફાંસી ફીટી રાજગાદીપર બિરાજનાર ભદ્રચંદ્ર તથા તેની સતિ સુંદરીસ્ત્રીની કથા છે.

એ રીતે ઉપર મુજબ આ પ્રથમ ભાગમાં તેર કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અઠીસો પાનાનું પાકા મજબુત પુંઠા સુધાંનુ પુસ્તક ફક્ત રૂ ૧-૦-૦ સૈવાજ ઠરાવ્યું છે;

અમારા આ પહેલા પ્રયાસની સારી રીતે કદર બુજવામાં આવેલી અમારા અગાઉ થયેલા ગ્રાહકોજ કહી આપે છે,

બીજો ભાગ નવીન નવેરસથી ભરપૂર અતિ આહ્લાદકારક કથાઓનો તાકીદે બહાર પાડવા આ પુસ્તકના ગુજ્ઞ ગ્રાહકોએ અમોને ઉત્કંઠિત કર્યા છે, તે વાત અમલમાં લેઇ અમોએ પ્રગટ કરેલ છે તેની કીંમત પણ એક રૂપૈયો રાખી છે.

આ પુસ્તકમાં જે કોઇ જગોએ દ્રષ્ટિદોષ વિગેરેના કારણસર થએલી ભુલ સદ્ગુરૂપો સુધારી વાંચશો, અને તે માટે અમો મિચ્છામિદુક્કડં દઇએ છીએ.

સર્વે જાતના જૈની પુસ્તકો વેચનાર.

જેશંગભાઈ મોતીલાલ અને કંપની.

રીચીરોડ—અમદાવાદ.

॥ श्री ॥

જૈન કથા સંગ્રહ.

ભાગ ૧લો.

જીવ દયા ઉપર.

हरिवळ मच्छीनी कथा.

ચાંદી (રૂપુ) અને સુવર્ણાદિક લક્ષ્મીએ કરી વિરાજમાન એવા કાંચનપુર નગરમાં, સર્વ વૈરી રાજાના સૈન્યને ત્રાસ પમાડનારો વસંતસેન નામે રાજા રાજ્ય કરતો હતો, તેને ઇંદ્રાણીના રૂપને જીતે એવી વસંતસેના નામે પટરાણી હતી; તે રાજા રાજીને કાંઇ પુત્રાદિક ન હોવાથી તેઓ માનતાં ઇચ્છતાં એકદા ઘણા મનોરથે ગુણનું પાત્ર એવી વસંતશ્રી નામે પુત્રી થઇ. તે જુવાન પુરૂષના મનને ઉન્માદની કરનારી જાણે એ વસંતરૂતુની મુર્તીજ હોય નહિ !!! તે વસંતશ્રીને યોગ્ય વર તેનો પિતા ઘણોએ જુએ છે. તથાપિ મળતો નથી.

હવે એજ નગરમાં પ્રકૃતિયે ભદ્રક અને પાણીમાં જાળ નાંખવામાં નિપુણ એવો હરિબળ નામે મચ્છી રહેતો હતો. તેને અનાર્યમાં શિરદાર અને પરિણામે દુષ્ટ એવી સત્યા નામે ભાર્યા હતી તેનાથી હરિબલ સદાય બીહિતો ઉદ્વેગતા પામતો રહેતો, પરંતુ સુખ તો સ્વપનામાં દેખતો નહીં.

કહ્યું છે કેઃ—

कुग्रामवासःकुनरेंद्रसेवा । कुभोजनंक्रोधमुखीचभार्या ॥
कन्याबहुत्वंचदरिद्रताच । षट्जीवलोकेनरकानिसंति ॥

[illegible]

[illegible]

થશે. આવું મુનિનું વચન સાંભળી તે નિયમ પાળવો સુલભ જાણી હરિબળે તે વ્રત હર્ષથી અંગીકાર કર્યું.

પછી પોતાના આત્માને કૃતાર્થ માનતો એવા હરિબળે નદીના ઉંડા જળમાં જાળ નાંખી. તે નાંખતાવેંતજ તે નિયમનું અતુલ ફળ દેખાડવા માટે એક મોટો મત્સ્ય જાળમાં આવ્યો. ત્યારે લોભના સમુદ્રને રોકીને તે હરિબળે જેવામાં તે મત્સ્ય જાળમાં આવ્યો, તેજ સમયે પોતાનો નિયમ રાખવા તે મત્સને ગળે એક કોડી બાંધીને તેને જળમાં નાંખી દીધો. વળી જાળ નાંખી કે તરત તેજ મત્સ્ય નિશ્ચયપણે તે જાળમાં આવ્યો, તેને પણ તેમજ પાછો નાંખ્યો. એમ જેટલીવાર જાળ નાંખી. તેટલી વાર તેના તેજ મત્સને આવતો જાણી તે સ્થાનકને છોડી દઇ તે બાજે સ્થાનકે જાળ નાંખવા લાગ્યો, તોપણ પાછો તેનો તેજ મત્સ જાળમાં આવવા લાગ્યો. એમ સ્થાનક બદલતાં બદલતાં સંધ્યાકાળ થઇ તોપણ તેનો તેજ મત્સ આવવા લાગ્યો; તોપણ તે હરિબળને લગાર પણ પશ્ચાતાપ થયો નહીં અને પોતાનો નિયમ દૃઢ રાખવા માટે તેણે આપદામાં પણ ધીરતા મુકી નહીં. સાંઝ સમયે તે મત્સને પાછો પાણીમાંમુક્યો. ત્યારે તેજ મત્સ મનુષ્યની વાણીએ બોલ્યો.—હે સાહસિક ! ત્હારા સાહસથી હું ત્હારા ઉપર તુષ્ટમાન થયો છું, માટે વચન માગ. તે સાંભળી હરિબળે વિસ્મય પામતાં છતાં તે મત્સને કહ્યું કે, તું મત્સ થઇને મને શું આપીશ ? તે કહે. ત્યારે મત્સ બોલ્યો.—તું મને મત્સ ન જાણીશ, હું લવણ સમુદ્રનો અધિષ્ઠાયક દેવતા છું. અહિં સમય વિચારીને ત્હારા નિયમની દૃઢ મર્યાદા મેં દીઠી, કારણ કે ઘણા જન તો વ્રત લેતાજ નથી, અને કેટલાએક લે છે, તો લેઇને પાળતા નથી; પરંતુ નિયમ લેઇને જે બરાબર પાળે, એવા ત્હારા સરખા પુરૂષ તો ઓછા છે ! માટે તારા નિયમની દૃઢતા દેખીને હું તુષ્ટમાન થયો છું, તેથી તું જે વરદાન માગીશ, તે હું આપીશ; એવું બોલવું સાંભળી હરિબળે હર્ષ પામીને કહ્યું:-હે દેવ ! જ્યારે મને કાંઇ

પણ આપદા પડે ત્યારે તત્કાળ તેમાંથી મને તમે છોડાવજો, હું એ વચન માગું છું, દેવતા તે વાત અંગીકાર કરી વરદાન આપી અદ્રષ્ય થઇ ગયો.

હવે તે હરિબળ મત્સના અલાભથી પોતાની સ્ત્રીથી બીહીતો છતો નગરની બહાર કોઈ દેવકુળમાં આવી વિચારવા લાગ્યો કે, મ્હારે બે પ્રકાર શંકા ભરેલા થયા, તેમાં એક તો હું ધીવર છું, બીજું ધીવર છતાં મને વહેલું નિયમનું ફળ મળ્યું તે કોની પેડે ? તો કે, જેમ ચક્રવતી પ્રભાતે ડાંગેર વાવે, અને સાંજે લણે, તેમ માત્ર એકજ જીવ ઉગાયાથી દેવતાએ તુષ્ટમાન થઇ વચન આપ્યું, તો હવે સર્વ જીવનો દયા પાળું તો વળી કેટલું ફળ પ્રાપ્ત થાય ?

માટે ધન્યમાં ધન્ય છે તેને કે, સર્વ જીવને ઉગારતા હશે ! અરે ! ધિક્કાર હજો મને કે. નિરંતર જીવને હણું છું. જો કોઇ ઉપાયે મ્હારી આજીવિકાનો નિર્વાહ થાય તો સુકૃતની નાશ કરનારી એવી હિંસાને વિષ લતાની પેડે હું તત્કાળ છાંડું. જેણે આ ભવને વિષે ધર્મનું ફળ દીઠું છે, અને પ્રકૃતિયે ભદ્રક છે તેવાનું કલ્યાણ થાય છે.

હવે જેવામાં એવી રીતે હરિબળ ચિંતવે છે, તેવામાં ત્યાં શું આશ્ચર્ય થયું તે કહે છે.

એકદા રાજાની પુત્રી ગોખને વિષે બેઠી હતી, એવામાં રૂપે કરીને જેણે ઇંદ્રને જીત્યો છે, એવો હરિબળ નામે એક વ્યવહારિયાનો પુત્ર તે ગોખની નિચે ચાલ્યો જતો હતો, તેને દેખા કુંવરીને તેના ઉપર રાગ ઉપન્યો, અને મનમાં ચિંતવવા લાગી કે, જો એ હરિબળ મ્હારો ભર્તાર થાય, તો મ્હારાં વાંછિત મનોરથ ફળે ! એમ વિચારી તેણીએ પોતાનો મનોગત ભાવાર્થ પત્રમાં લખીને તે વ્યવહારિયો જ્યાં ચાલ્યો જાય છે, ત્યાં તે પત્ર નાંખ્યો. પત્રને પડતો દેખીને તે વ્યવહારિયાના પુત્રે જેવું ઉચું જોયું, તો ત્યાં તે કન્યાની દ્રષ્ટિએ દ્રષ્ટિ મળી. પછી તે કન્યા જે કામદેવની સ્ત્રી રતિજ જાણે હોય નહીં ! ! અથવા

જાણે કામ દિપાવનારી ઔષધિજ હોય નહિ !!! એવી દીઠી પછી પરસ્પર બેહુને રાગ ઉપન્યો, અને માહોમાંહે સંકેત પણ કર્યો કે, કાળીચૌદશને દિવસે આપણ બેહુએ મળી જરૂર દુર દેશાંતર જવું. અને કન્યાએ કહ્યું કે, હું કાળીચૌદશની રાત્રે દેવીના દર્શનનો મિષ લેઇને દેવીના મંદિરમાં આવીશ. તમે પણ ત્યાં આગળ જઇને રહેજો. એમ માંહોમાંહિ ઠરાવ કર્યો.

પછી કામરાજે વિનિત શિષ્યની પેઠે જે કાંઇ કુંવરીયે કહ્યું તે માનીને વ્યવહારિયાનો પુત્ર હરિબળ પોતાને ઘેર ગયો. પછી તેના સંકેતનો અને હરિબળમચ્છીના નિયમનો દિવસ એકજ આવ્યો. તે દીવસે હરિબળમચ્છી દેહેરામાં ચિંતાયે પીડયો છતો જઇ સુતો છે.

હવે જે (મતિ) એટલે બુદ્ધિ તેપણ કર્મને અનુસારેજ આવે છે. તે માટે તે વ્યવહારીપુત્ર હરિબળ ચિંતવે છે કે, એ કન્યા તો કામપરવશ ઘેલી થઇ છે, પણ હું કાંઇ તેવો ઘેલો નથી, વળી સ્ત્રી જાતે પ્રચ્છન્નકાર્યની કરનારી હોય છે, અને રાત્રિ છે તે પણ પાપકાર્યની સહાયક છે. વળી આગળ મને સુખ થશે તે કોણે દીઠું છે ? પણ હમણાં તો હું અપરાધનો કરનારો થાઉં ! વળી મારે માબાપનો વિયોગ પણ થાય, તેમજ જો રાજાને ખબર પડે તો મને મારી પણ નાંખે ! એવી આશંકા ઉપની તેથી જવાનો અભિલાષ તો તેને ઘણો હતો, પણ મનમાં ભય આણી ઘેરજ બેસી રહ્યો, ગયો નહીં. જાતે વણિક છે, માટે બીકણ છે.

કહ્યું છે કેઃ—

(आर्यावृत्तम्)

स्रीजातौदांभिकता । भीरुकताभूयसीवणिग्जातौ ॥
रोषःक्षत्रियजातौ । द्विजजातौस्त्रापुनर्लोभः ॥

અર્થઃ—સ્ત્રી જાતિને વિષે કપટ ભાવ ઘણો હોય, વણિક જાતિને વિષે ભય ઘણો હોય, ક્ષત્રિય જાતિને વિષે રોષ ઘણો હોય, અને બ્રાહ્મણ જાતિને વિષે લોભ ઘણો હોય

માટે જે ઘણો બીકણ હોય, તે આ લોકનાં સુખ ભોગવે નહીં અને પરલોકે આત્માનું હિત પણ ન કરી શકે, તેમજ એવું ભાગ્ય એનું ક્યાંથી હોય ! જેનું પુર્ણ ભાગ્ય તથા તે કન્યા સાથે પુર્વ જન્મને જેને સંબંધ હશે, તે એ કન્યાનેપરણશે

હવે તે કન્યા પોતાનું કાર્ય સાધવા માટે માતા સંગાથે કારમો કજીઓ કરીને જુદી રહી. પછી તે મહેનતને દિવસે જાત જાતનાં રત્ન, આભરણ, અને ભક્ષ પ્રત્યાદિક સારી સારી વસ્તુઓ લેઇ ઘોડા ઉપર બેસીને દરવાજે આવી, અને પ્રથમ દરવાનને મુદ્રિકારત્ન આપી પોળ ઉઘડાવી કાળિકાદેવીને મંદિરે ગઇ; પછી નિર્વિઘ્નપણે હર્ષ પામી હરિબળને બોલાવા લાગી કે, કોઇ પુણ્યવંત એવો હરિબળ ઇહાં છે ! દેવીની પેઠે દિવ્ય અલંકારે ભુષિત અને તુરંગે બેઠી એવી કન્યાનાં અમૃત સરખાં વચન કાનમાં પડયાં તે સાંભળીને હરિબળમચ્છી હર્ષ પામ્યો; અને વિસ્મયપુર્વક હર્ષિત ચિત્તે દહેરામાં રહ્યો છતોજ તે કન્યાના સંતોષ નિમિત્તે હુંકાર એવો શબ્દ બોલ્યો તે હુંકાર સાંભળીને તે કન્યા બોલીઃ-હે ! સ્વામિનાથ ! જી તૈયાર થઇ આવો, આજ દેશાંતર જવાનો આપણ બેઉનો મનોરથ ફળ્યો.

હવે હરિબળ મચ્છીએ નિશ્ચય કર્યો કે, મારે નામે કોઇ બીજો હરિબળ હશે તેની સાથે સંકેત કર્યો જણાય છે, પણ વગર મહેનતે શ્રી મળી ને મને પ્રીતિથી તેડે છે, તો હું શામાટે તેની સાથે ન જાઉં ? પુન્યના ઉદયથી યોગ્ય બન્યો છે. એમ વિચારી દહેરામાંથી નિકળી તે કન્યાના સુખ આગળ થઇને આગળ ચાલ્યો.

હવે હરિબળે ચિંતવ્યું કે, આ સર્વ એક જીવની હિંસા ન કરવા તેનું ફળ છે, એવું જાણી જે નિર્વાહ માટે જે હિંસા કરતો હતો, તેને છોડી દીધી જ્યારે કોઇક રાંકને રાજ્ય મળે, ત્યારે ભીખ માગવાનું ઠીકરૂં જેમ નાંખી દે. તેમ તેણે પણ તેની માછલાં પકડવાની જાળ ત્યાંજ છોડી દીધી.

હવે તે હરિબળને નાગો અને વાહન રહિત દેખી તે કન્યાને શંકા ઉપની, તેથી તે કુંવરીએ હરિબળને પુછયું: તમે આમ કેમ છો ? કોણે તમારી પાસેથી વસ્ત્ર તથા વાહન અપહર્યાં છે? તે સાંભળી માછીએ વિચાર્યું કે, મ્હારૂં દુષ્કર્મ આજજ અપ હર્યું માટે બોલવું નહીં. એમ ચિંતવી રૂડી બુદ્ધિવાળા હરિબળે તે કુંવરી પ્રત્યે ઉત્તરમાં હુંકાર માત્રજ કર્યો, ત્યારે કન્યાએ એવો નિશ્ચય કર્યો કે, એણે સર્વ દ્રવ્ય ખોયું દેખાય છે, માટે તેનો ખેદ કરી હુંકાર માત્રજ દેછે. એમ વિચારી રૂડાં વસ્ત્ર, અને અલંકાર તેને પહેરવાને આપ્યા. વળી કહ્યું- હે : પ્રિયે ! કોઇથી ન ગણી શકાય એટલું દ્રવ્ય મારી પાસે છે, માટે તમે ફિકર કરશો નહીં. આપણું વાંછિત સિદ્ધ થશે!! જેમ જે ડાહ્યા હોય તે ઘને ધને હીણું સ્વપ્ન ન સંભારે, તેમ તમે ખેદ ન કરો. એમ કહી હરિબળની સાથે વિનોદ માટે પ્રેમરસની વાર્તા કરવા માંડી. તે કન્યા જે વાર્તા કહે છે તે સાંભળી હરિબળ વિચારે છે કે, હમણાં તો સર્વત્ર એક હુંકારથીજ ફળદાયક છે એમ ચિંતવી ફરી ફરીને તે હુંકાર માત્રજ ઉત્તર દેવા લાગ્યો; ત્યારે શંકા પામી કુંવરીએ વિચાર્યું કે કાંઈ સમજતો નથી ! કે અહંકારી છે ! કે. એકજ હુંકાર કરે છે !!! તે હુંકારપણ નાકે શકે વગર્યો જણે બોલે છે ' શું કાંઇ મ્હારા ઉપર કોપ્યા હશે ! શા માટે તે મ્હારા સામું જોતો નથી. વળી તે કન્યાએ વિચાર્યું કે, આ ઉદ્ધત ગતિએ ચાલે છે માટે રખેને હરિબળને ઠેકાણે કોઇ બીજો તો નહીં હોય? એવી શંકાની વ્યથાએ પોતાની જેવો આગળ ચાલે છે, તેવામાં ચંદ્રમાનું અજવાળું થયું ત્યારે પાસે જઇને જોયું તો વાંછિત વરથી અન્ય પુરૂષ દીઠો; ત્યારે અતિશે હાહાકાર કરવા લાગી, જેમ કોઇને આકરો વજ્રનો ઘા વાગે ને વ્યથા પામે; તેમ તે કુંવરી દુઃખ પામતી છતી વિચારેછે કે. ધિક્કાર ધિક્કાર હોજ્યો વિધાતાને ! કે જેણે મને બેઉથી ભ્રષ્ટ કરી !!! હવે હું કાવ્યમાં બુતેલા હાથીનો પેરે થઇ. કહ્યું છે કેઃ—

निदाघे दाहार्तः प्रचुरतरतृष्णातरलितः
सरः पूर्णं दृष्ट्वा त्वरितमुपयातः करिवरः ॥
तथा पङ्के मग्नस्तटनिकटवर्तिन्यपि यथा
न नीरं नो तीरं द्वयमपि विनष्टं विधिवशात् ॥ १ ॥

અર્થઃ-ઉન્હાળામાં દાહે પીડયો અત્યંત તૃષ્ણાએ વ્યાકુળ એવા એક હાથીએ પાણીનું ભરેલું સરોવર દિઠું, ત્યારે ઉતાવળો તેમાં પેઠો, અને કાદવમાં ખુંત્યો; તેને કાંઠો પણ પાસે છે અને પાણી પણ પાસે છે, તોય પણ તે હાથી કાદવમાં પડયો થકો પાણી પણ ન પામ્યો, અને કાંઠો પણ ન પામ્યો. અર્થાત્ કર્મને વશે બેઉથી ભ્રષ્ટ થયો.

તેમ મને પણ માબાપનો વિરહ, રાજ્ય લક્ષ્મીનું છાંડવું, અને લોકવિરૂદ્ધાદિકને આચરવાથી પૂર્વે કહેલા હાથીની પેઠે થયું. વળી મને મણિને ઠેકાણે માટી હાથ આવી. એ સર્વ ફળ મને સ્વચ્છંદ પણાનું થયું. માટે પુરૂષ અથવા સ્ત્રી જે કોઇ સ્વચ્છંદચારી હોય, તેને આવાં ફળ મળે છે. તેમાં પણ સ્ત્રી જાતિને તો વિશેષ ફળ મળે, તે મેં દીઠું. માટે મને દુરબુદ્ધિની ધણીયાણીને ધિક્કાર છે. વળી પહેલાંજ મેં એને નાગો નિર્ધનીયો આદર્યો, તો પણ અન્ય છે એમ જાણ્યો નહીં. હવે મ્હારી શી ગતિ થશે ! અરે ! હું ઉચિતાર્થીન બેરનું કારણ થઇ ! અરે ! એનાથી એ હું મુક હોત તો સારૂ થાત.

હવે તે કન્યા અત્યંત આર્તપીડિત મરણું વાંછતી મુરછાએ મનમાં અચેતન થઇ પડી. મુર્છા ઉતર્યા પછી ધરતીએ આળોટવા મંડી.

કહાં હરિમિત્ર ચિંતવે છે કે, એની માટે ગુરુવાસાદિકની આશા કરવી તે ફોકટ છે, અને તેનો મને દેખીને અગ્નિમાં પડવાનો પેઠે થઇ, હવે કહાં મ્હારે શું કરવું ! જો દેવતા મ્હારા એક નિયમના ફળથી મને સ્હાય કરે તો કાર્ય બને, એમ મનમાં ચિંતવે છે, એટલે કુંવરી વિચારવા લાગી કે, મ્હા પુરૂ-

પનો શો શોચ કરવો ! પોતાની પ્રસંશા કરવી એથી પોતાનો અર્થ બગડે; તે માટે જે મુર્ખ હોય તે શોચના કરે. માટે હવે તો એજ ભર્તાર દૈવે આપ્યો, તેથી એનેજ વિશેષ પ્રકારે જોઉં કે એ કોણ છે ? એની શી જાતિ છે ? શું એનું સ્વરૂપ છે ? વળી તે તો તેને ઠેકાણે ગયો. એજ આગળ ભાગ્યવંત થશે, અથવા હુંજ મંદ ભાગ્યવાન હઠશ કે એની પુઠે ચાલી. પુર્વે કાંઇ ધારી જોયું નહીં. એટલા માટે એને પુછીને નિર્ણય તો કરૂં જેવામાં એમ વિચારે છે, તેવામાં આકાશે દેવવાણી થઇ કે: "હે કુંવરી ! જો તું સમૃદ્ધિને ઇચ્છતી હોય તો તું એને વરજે. ત્હારો અને એનો બેહુનો મ્હોટો ઉદય થશે. વળી તારૂં મ્હોટું ભાગ્ય ફળ્યું, માટે તું એને અંગિકાર કર." એવી આકાશથી દેવતાની વાણી સાંભળીને હૃદયને વિષે આનંદ પામતી સ્નેહે કરી સંયુક્ત નમ્ર ભાવે મીઠી વાણીથી હરિબળને બોલાવવા લાગી, અને પુર્વે ગળામાં શોષ ઉપન્યો હતો, તેથી તૃષ્ણાને માટે પાણીની યાચના કરવા લાગી. હરિબળે શીઘ્રપણે જઇ રાત્રિને વિષે જળનું સ્થાનક શોધી પાણી લાવીને અતિશયપણે પીવરાવ્યું. (પ્રિતીના વશે જે કાર્ય કષ્ટે નિપજતું હોય તોપણ તે કાર્ય કરતાં કષ્ટ જણાય નહીં.)

હવે કન્યા વિચારે છે કે, રાત્રિની વેળાએ અંધારામાં અજાણે માર્ગે જઇને તુરત પાણી લાવ્યો, વાર પણ ન લાગી; તેથી એ પુરૂષ બળિષ્ટ, પરાક્રમી, અને સાહસિક જણાય છે. એવો કુંવરીએ નિશ્ચય કર્યો. હરિબળે જાણ્યું કે, હવે એ કાર્ય નિપજશે એમ બેહુ જણ માર્ગે વિચાર કરે છે, તેવામાં પ્રભાત થયો. તે જાણે સુર્ય પણ બેઉનો સ્નેહ જોવા માટે વહેલોજ ઉગ્યો હોય નહીં ! અને વળી જાણે બેઉની પ્રીતિ વધારવાનેજ ઉદય થયો હોય નહિ !!!

હવે તે કન્યા પ્રભાત કાળ થયો એટલે હરિબળનું અત્યંત રૂપ દેખીને સુપ્રસન્ન થઇ. વારંવાર હરિબળના રૂપ સૌભાગ્ય અતિશય જોઇને કહેવા લાગી કે:—હે સુભગ ! હવે અવસર

થયો. આ લગ્ન વેળા છે એટલા માટે મ્હારૂં પાણીગ્રહણ કરો પુર્વે મેં નિર્ધાર કર્યો હતો, તે અવસર હમણાં થયો છે. હવે હ રિબળ વિચારે છે કે, અહો ! નિયમને મહિમા કેવો છે! એમ વિચારી હર્ષસહિત તે કન્યાને ગાંધર્વ વિવાહે કરી હરિ જેમ લક્ષ્મિને વરે, તેમ હરિબળ વસંતશ્રીને પરણ્યો. તેજ દિવસથી હરિબળને પુન્યે લક્ષ્મિનો ઉદય થયો.

ત્યાંથી આગળ ચાલતાં કોઇક ગામ આવ્યું, ત્યારે તે કન્યાને વચને ગામમાં જઇને લક્ષણવતો ઘોડો લીધો, અને દાસ દાસી પ્રમુખ નવાં માણુસો રાખ્યાં. છતે “ દ્રવ્યે શરીરને કોણ કલેશ ઉપજાવે ?” પછી દાસાદિક સહિત ચાલતાં, ઘણા દેશ ઉલંઘતાં ઉલંઘતાં અનુક્રમે લક્ષ્મિએ કરી વિશાળ એવું વિશાલ પુર નગર આવ્યું, એટલે રૂડે શુકને નગરમાં પ્રવેશ કર્યો; તેવામાં એક વ્યવહારિયો મળ્યો તેની પાસેથી હરિબળે સાતભુમિયો આવાસ ભાડે લીધો. તેમાં રૂડા મુહુર્તે વાસ કરી સુખે રહે છે

હવે હરિબળ વિચારે છે કે, હું નિચ માછી કયાં ! અને પુણ્યવંતી એ કન્યા કયાં ? વળી આ ધનની સામગ્રી કયાં ! તથા હું નિર્ધન કયાં ? પણ એ સર્વ મને દૈવ્યના યોગ્યથી મળ્યું છે, તો હવે એવી લક્ષ્મિ પામીને હું શા માટે લક્ષ્મિનું ફળ ન લેઉં ? એવું વિચારી દીન દુઃખી જનને દાન દેવા લાગ્યો, તથા લક્ષ્મિને ભોગવવા લાગ્યો, તેથી તેનો સૌભાગ્યાદિક અતિશે ઘણો વિસ્તરવા લાગ્યો. અને નગરમાં એવી વાત વિસ્તરી કે, કોઇ એક પરદેશી રાજપુત્ર આવ્યો છે, તે અસ્ખલિત દાન આપે છે. મહા ગુણવંત ઉદાર ચિત્તનો ધણી છે. દાનથી શું શું ન થાય ?

કહ્યું છે કેઃ—

पात्रेधर्मनिबंधनंपरजनेप्रोयद्दयाख्यापकं ।
मित्रेप्रीतिविवर्द्धनंरिपुजनेवैरापहारक्षमं ॥
भृत्यभक्तिभरावहंनरपतौसन्मानपूजाप्रदं ।
भट्टादौचयशस्करंवितरणंनक्वाप्यहोनिःफलं ॥१॥

ભાવાર્થ-દાન જે છે તે પાત્રને દેવાથી ધર્મનું કારણ થાય છે, પાત્ર વિના બીજાને દેવાથી દયાનું સુચક થાય છે, મિત્રને દેવાથી પ્રિતી વધારવાનું કારણ થાય છે, શત્રુને દેવાથી વૈરને હરનારૂં થાય છે, ચાકરને આપવાથી તે ભક્તિ કરે છે, રાજાને દીધાથી ભલા માન, પુજા અને સત્કારને આપનારૂં થાય છે, અને ભટ્ટ પ્રમુખને દેવાથી યશોવાદનું કારણ થાય છે. માટે દાન દીધું તે કયાંહી પણ નિષ્ફળ થતું નથી.

એ વાત રાજાએ સાંભળી કે બહુ માન સહિત હરિબળ-ને સભામાં તેડી બહુ સન્માન દેઈ પોતાની પાસે બેસારી ગો-ષ્ટિ કરી. હરિબળ તે દિવસથી માંડીને નિત્ય રાજાની સેવા ક-રવા લાગ્યો. જેનું પુન્ય પાંસરૂં હોય, તેને સર્વ પાંસરૂંજ છે। એટલા માટે રાજાએ હરિબળને રૂડો પ્રસાદ કર્યો. તે રાજા હ-રિબળને કામધેનુ જેવો થયો.

હવે હરિબળે વિચાર્યું કે એ રાજા સાથે નવી પ્રિતી થઇ, એટલા માટે રાજાને જમાડવો જોઇએ. એવું વિચારી રાજાને બહુ માન સહિત પોતાને ઘેર તેડિને ઘણી ભક્તિએ જમાડવા માંડયો. રાજા જમતાં જમતાં પકવાનાદિ પીરસની એવી હરિ-બળની સ્રી વસંતશ્રીને દેખીને કામાતુર થયો થકો ચિંતવે છે કે, એ હરિબળને ઉતાવળથી મારી નાંખું તો એ સ્રી મ્હારે હાથ આવે. ધિઃક્કાર છે આવા કામી પુરૂષને!!!

એવા કામાતુર થએલા રાજાને પ્રધાન પણ વારતો નથી, ઉલટો રાજાનો અભિપ્રાય દેખીને હર્ષાયે કરી પ્રેરણા કરવા લા-ગ્યો. માટે ધિઃક્કાર છે તે પ્રધાનને કે જે રાજાને અનર્થની ખા-ણમાં નાંખે છે। કહ્યું છે કેઃ—

सवत्रसुलभाराजन् । पुमांसःप्रियवादिनः ॥
अप्रियस्यतुपथ्यस्य । वक्ताश्रोताचदुर्लभः ॥१॥

ભાવાર્થ-હે રાજન્। મીઠા વચનના બોલનારા પુરૂષ મ-ળવા તો સર્વત્ર સુલભજ છે; પણ રોગીને પથ્યના કહેનારાની

છે. [illegible] વચનના કહેનારા તથા સાંભળનારા એવા પુરૂષો [illegible] છે.

[illegible] પ્રધાનની બુદ્ધિથી હરિબળને મારવા માટે રાજા બો[illegible] [illegible]. મારે [illegible] વિવાહ મહોત્સવ માંડ્યો છે, એટલા માટે [illegible] છે કે, જે [illegible] સર્વ પરિવાર સહિત [illegible]. [illegible] રાજાનો [illegible] આદેશ સાં[illegible] [illegible] [illegible] બેસી રહ્યા, પણ કોઇએ [illegible] નહીં, ત્યારે કપટનો ભંડાર એવો પ્રધાન [illegible] કહેવા છે કે, સ્વામીનો આ[illegible] [illegible] મુખ કરી રહ્યા છો ! કોઇ સા[illegible] [illegible] છું કે, સાહસિકમાં શિરોમણી [illegible] હરિબળ છે, એ સિવાય બીજો કોઇ નથી. એ ત[illegible] [illegible] કરશે. એ તમારો [illegible] છે, તેને પણ [illegible] રાજાએ હરિબળના સામું જોઇને [illegible] કરી. જે માટે [illegible] છે તે [illegible] પુરૂષ વિચાર કરે હોય તે પણ [illegible] પણ કબુલ કરે.

પછી [illegible] તે વાત મનમાં [illegible] તે [illegible] વિચાર [illegible] [illegible] [illegible] હે પ્રાણનાથ ! [illegible] [illegible] [illegible] માટે આ [illegible] માંડ્યો છે. એટલા માટે [illegible] વિચાર્યા વિના [illegible] [illegible] [illegible] [illegible]

કહ્યું છે કે. –

[illegible] ॥
[illegible] ॥૧॥

અર્થ:– [illegible]

નિશ્ચય વિચાર કરીને કાર્ય કરે છે તે પુરૂષને ગુણની લોભી એવી જે સંપદાઓ તે પોતાની મેળેજ વરે છે. ”

એ દાક્ષિણ્ય શા કામનું ? એ લજ્જા પણ શા કામની ! કે, જેથી પોતાનો અર્થ વિણસે ! હજી કાંઇ બગડયું નથી. કાંઇક મિત્ર કરીને રાજાને ઉત્તર આપો. એવી વસંતશ્રીના મુખથી વાત સાંભળી હરિબળ કહે છે:—હે ! પ્રાણપ્રિયે ! સાહસિક પુરૂષે જે પ્રતિજ્ઞા કરી, તે પાછી ન ફરે. પ્રાણ જાય તો જાઓ પણ પ્રતિજ્ઞા ભંગ ન કરે. ચંદ્રમાને આપદા પડે છે, તોપણ મૃગનું લંછન છોડતો નથી. કહ્યું છે કેઃ—

अलसायंतेणविमज्जणेण । जेअरक्खरासमुल्लविया ॥
तेपत्थरटंकणकरी । अन्नहहुंभन्नाहाहुंति ॥१॥
छिज्जउमोमंअहहो । उवेशणंचपउमहवहालच्छी ॥
पडिवन्नपालणेसु । पुरिसाणंचंहोइतंहोंव

ભાવાર્થઃ-ભલા સજ્જન સત્પુરૂષે તો જે પોતાના મુખથી અક્ષર ઉચ્ચાર્યા હોય એટલે બોલ્યા હોય, તે અક્ષર પત્થરની ઉપર ટાંકેલા સરખા થયા. તે અન્યથા બીજા અક્ષર ન થાય. ચાહો તો મસ્તક છેદાઓ, ચાહો બંધનમાં પડો અથવા સર્વથા લક્ષ્મીનો નાશ થાઓ. જેમ થાવું હોય તેમ ભલે થાઓ પણ અંગીકાર કરેલી તે વાત ફરે નહીં. (જે અંગીકાર કરીને નિર્વાહ ન કરે, તે કાયર પુરૂષ જાણવા. તેનો જગતમાં અપજશ છે.)

એટલા માટે એ કાર્યને અર્થે અવશ્ય જવું પડશે. જે થનાર હોય તે થાઓ. મને મારી પોતાની તો કાંઇ ચિંતા નથી, પણ તમારી ચિંતા રહે છે. જેમ સિંહ હરણીને હરે, તેમ રાજા તમને રખેને હરે ! ! ! એ ચિંતા છે. એવી વાણી સાંભળી વસંતશ્રી હર્ષ પામીને ભરતારનું ઉત્તમ પણું નિર્ધારતી હતી અને વિરહાકુળથી ગદગદ વાણીએ એમ કહેવા લાગી કે, તમને પંથને વિષે કલ્યાણ થાઓ. કાર્ય કરીને વહેલા આવજો. મારી

આવું ઋદ્ધિ સમૃધ્ધિ સહિત ઘર સુનું કેમ છે! એમ વિચારતો ઘરના ઓરડામાં પેઠો. ત્યાં જેમ કમળ કરમાણું હોય, તેમ સૌભાગ્યાદિ ગુણો સહિત એવી સ્વરૂપવંતી નવયોવના કન્યા મુઈ સરખી પડી દેખીને વિસ્મય પામીને ચિંતવવાં લાગ્યો:— અરે ! દૈવની ગતિ કોણ જાણે ? ઘર તો આ ઋધ્ધિયે કરી સંપુર્ણ છે, ને કન્યા એકલી મડદા સરખીજ છે. તે દેખીને કાંઇક ખેદ ધરતો થતો એક તુંબડુ અમૃતે ભરયું દેખીને વિસ્મય પામ્યો; તેમાંથી અમૃત લેઇ તે કન્યાના સર્વ શરીરે છાંટયું, જેવો અમૃતના છાંટાનો સ્પર્શ તેના શરીરે થયો. તેજ વેળાએ જેમ ઉંઘમાંથી ઉઠી બેઠી થાય, તેમ તે કન્યા ઉઠી બેઠી થઇ ! અને જેટલામાં જુએ છે, તેટલામાં તો તેણીએ હરિબળને દીઠો; ત્યારે પ્રણામ કરી સ્નેહને વધારતી એવી વાણીએ કરીને બોલી કે:— હે ઉત્તમ ! તારા ઉત્તમપણાનો મેં નિશ્ચય કર્યો, જે તેં મને ઉપગાર કર્યો, તેથી હું જાણું છું કે તું ઉત્તમ છું; તોપણ તું કોણ છું ! ઇહાં કેમ આવ્યો છું ! ક્યાં રહે છે ! તે સર્વ કહે.

હવે હરિબળ કહે છે કે, વિશાળાનગરીનો મદનવેગ રાજા છે, તેનો હું સેવક છું, મારૂં નામ હરિબળ છે, રાજાને અતિ વલ્લભ છું લંકાનગરીનો રાજા બિભિષણ છે, તેને નોતરવાને અર્થે મને મોકલ્યો છે, અહિંસા ધર્મના પ્રભાવે દેવતાએ મંત્સ્ય રૂપં ધારણ કરીને મને ઇહાં મુકયો છે, હવે યથાસ્થિત તું તારૂ વૃત્તાંત કહે. તે સાંભળી હર્ષ પામતી થકી કુંવરી પોતાનું વૃત્તાંત કહેવા લાગી.—

બિભીષણ રાજાનો પુષ્પબટુક નામે જે માળી છે, તે મ્હારો પિતા છે, પરિણામે હીણો છે, હીણા કામનો કરનારો છે, મ્હારૂ નામ કુસુમશ્રી છે. વિદ્યાધરના વિષયની હરનાર એવીવિષધરના મણી જેવી મને જોઇને અન્યદા મારા પિતાયે કાંઇક સામુદ્રિક શાસ્ત્રના જાણને મ્હારાં લક્ષણને મેળે પુછયું કે, આને કેવો ભરતાર મળશે ! ત્યારે તેણે કહ્યું કે, એનો ભરતાર રાજા થવો જોઇએ. તે સાંભળીને રાક્ષસનો લોભી થકો બોકડા સરખો

તે મુર્ખ મને પરણવા ઉજમાળ થયો. લોભે કરી અંધ જીવ શું અનર્થ ન કરે ?

કહ્યું છે કેઃ—

रत्तिंधादीहंधा । जच्चंधामायमाणकोवंधा ॥
कामंधालोहंधा । इमेक्कमेणंविसेसंधा ॥१॥

ભાવાર્થઃ—રાત્રિઅંધ, દિવસઅંધ, જાતિ અંધ ક્રોધ અંધ, માયાઅંધ, માનઅંધ, એ છ અંધથી પણ કામાંધ અને લોભાંધ, તે વિશેષાંધ જાણવા.

માટે તેનું એવું દુષ્ટ કર્મ જાણી મ્હારી મા વિગેરે સર્વ સ્વજન પરિજન આકરો ઉદ્વેગ પામ્યાં છે, તે સર્વ જનોયે મ્હારા પિતાનો જેમ પથિક સ્મશાન વૃક્ષને વેગળો કરે, તેમ તેનો ત્યાગ કર્યો છે. તે ચંડાળ કર્મનો કરનાર ચંડાળની પેઠે નિત્ય મને દુઃખ દે છે અતિ પાપકારી એવો તે વિદ્યાયે કરી ઈહાં ઘર કરીને રહો છે. જ્યારે તે અનાર્ય કોઇ કાર્યને અર્થે બહાર જાય છે ત્યારે મને મુઆ સરખી કરીને જાય છે, અને આવ્યા પછી અમૃત છાંટીને સાજી કરે છે; એ દુઃખે કરીને હું મરવાને ઉજમાળ થઇ છું. એ અકાર્યથી મરવું રૂડું !

હવે તને હું એક પ્રાર્થના કરૂં છું કે, તું નિશ્ચય વાંછિત આપવાને કલ્પવૃક્ષ સમાન સમર્થ છે. એટલા માટે તું, હું અનુરાગિણીનું (મારૂં) પાણિગ્રહણ કર. મારા પુર્વ પુન્યને ઉદયે તું ઈહાં આવ્યો છે, મને જીવાડવાનો એ સાર છે, હમણાં લગ્નની વેળા છે માટે વિલંબ ન કર એવું તે કન્યાનું વચન સાંભળીને હરિબળ સમ્યક પ્રકારે વિચારવા લાગ્યો કે,'એ મોટો મહિમા એક જીવ ઉગારવાનો છે. જેણે દેવાંગનાને પણ હેઠી કરી છે તથા રૂપે કરી વિદ્યાધરી અને ઈંદ્રાણીને તિરસ્કાર કરની એવી આ કન્યા છે, તે વિદ્યાધરને છાંડીને મને અંગિકાર કરે છે માટે મારૂં મોહોટું ભાગ્ય છે? મને દેવતા પ્રસન્ન છે! એમ વિચારી તેનું વચન માનીને તેનું પાણિગ્રહણ કર્યું.

ત્યાર પછી સ્નેહે કરીને તે કન્યા કહેવા લાગી કે:—હે પ્રાણેશ ! જો જીવવાની ઇચ્છા હોય, તો આ પાપસ્થાનક મકાનને હમણાંજ મુકો, ઇહાં રહેવું યુક્ત નથી. જો પુષ્પબટુક જાણશે તો કોપે કરીને અનર્થ કરશે. એવું જાણીને આ સ્થાનકથી શીઘ્રપણે આપણે અળગા જઇએ. ભિક્ષુકને નોતરવાનું બંધ રાખો; કેમકે તે વિદ્યાધરના ઇંદ્રની પેઠે ક્યાંહિ પોતાનું ઠેકાણું મુકીને નહિ આવે. તમે ઇહાં આવ્યા એટલે તેને નોતયોજ ! પછી નિશાનીને માટે તે કન્યાયે જઇને રાજાનું ચંદ્રહાસ્ય ખડગ લાવીને હરિબળને આપ્યું. આપીને કહ્યું કે, એ ખડગથી બળવંત વૈરી સાધ્ય થાય તેની બુદ્ધિયે કરીને આશ્ચર્ય પામ્યો થકો તે હરિબળ ખડગ લેઇ કુસુમશ્રીને તથા ઘરની સાર સાર વસ્તુ તથા અમૃતનુ તુંબડું લેઇને યોગનિંદ્રાની પેઠે અતિ અદ્ભુત શક્તિયે તે નગરથી નિકળીને અનિમિષ દ્રષ્ટિયે વૃષભ ઉપર જેમ ગૌરી ને શિવ શોભે, તેમ બેઠો. દેવતાયે વૃષભ રૂપ ધરી બેહુને વાંસા ઉપર બેસાડી માર્ગનાં કુતુહળ દેખાડતાં વિશાળાનગરીના વનને વિષે આવી ઉતાર્યાં. તે સ્ત્રી પુરૂષ જાણે નવાં પ્રગટ થયાં એમ સાૈયે જાણ્યું.

હવે હરિબળ પોતાને ઘેરથી લંકાંયે ગયા, તે પછી તેમને ઘેર જે કાંઇ થયું તે કહે છે.

રાજા વિકાર સહિત હરિબળની સ્ત્રી સેવાને અર્થે પ્રભાતે દાસી પ્રમુખ સાથે હરિબળને ઘેર ખબર મોકલતો હવો તેને પ્રસન્ન કરવાને માટે નવ નવી વસ્તુ મોકલ્યા કરે તે જોઇ એકદા હરિબળની સ્ત્રી રાજા શા માટે મારે ઘેર નવનવી વસ્તુ મોકલે છે ?, તેનુ કારણ દાસ દાસીને પુછવા લાગી, તે દાસ દાસી પણ રાજાએ પુર્વે શીખવી મુક્યું છે તેથી કહેવા લાગી કે:—હે ભદ્રે ! તું નથી જાણતી કે, તારો ભરથાર રાજાનું પ્રસાદ પાત્ર છે રાજાયે પોતાને કાર્યે મોકલ્યો છે, તે માટે તારા ઘરનું જે ઉચિત કાર્ય તે રાજાજ કરે છે; અને તેથીજ સારાસાર વસ્તુ મોકલે છે. ત્યારે વસંતશ્રીએ વિચાર્યું કે, રાજાનો અભિ-

પ્રાપ્ત દુષ્ટ છે, તોપણ રાજાની મોકલેલી સર્વ વસ્તુ લેઇને દાસી ને મીઠે વચને કહે કે, અમારીપર રાજાનો મોટો પ્રસાદ છે; કામાંધ રાજા પણ નવનવી વસ્તુ મોકલાવે, એમ ચાર સંસાળ લેતાં કેટલાક દિવસ ગયા.

એકદા રાજા કામને વશ થયો થકો દાસીને મોઢે વસંતશ્રી ને કહેવરાવતો હવો કે, મેં તારા સ્વામીને કપટે કરીને લંકાએ મોકલેલો છે, માટે તું મને ભજ. અહો! વૃદ્ધિ પામ્યું એવું જે કામનું પુર તે શું અનર્થ ન કરે? દુતીના મુખથી તેવાં વચન સાંભળીને કાનને વિષે જાણે દાહ થયો હોય નહિ તેમ તેના થી સહેવાણું નહીં, તોપણ બુદ્ધિને બળે કરી તે કષ્ટરૂપ સમુદ્રને તરવા માટે દુતીને કાંઇ પણ ના હા કહી નહીં, ત્યારે દુતી પાછી આવી રાજા આગળ સર્વ હકીકત કહેવા લાગી; તે સાંભળી રાજાએ વિચાર્યું કે, તેણે નાકારો ના કર્યો, તે ઉપરથી સમજાયછે કે, એ વાતમાં તે રાજી હશે એમ વિચારી પ્રમુદિતથકો કામીજનને કામદેવના ધનુષની સમાન એવી રાત્રિને વિષે રાજા ચોરની પેરે હરિબળના ભુવનને વિષે આવ્યો; અત્યંત કામાંધ એવો રાજા તે વસંતશ્રીને દેખીને પરમ હર્ષ ધરતો હવો. હવે તે સતી પણ પોતાનો વિષાદ અંતઃકરણમાં ગોઠવી રાજાને દેખીને યુક્તાયુક્ત કરતી હવી, અને સસંભ્રમપણે આસનાદિક રાજાનું સર્વ ઉચિત સાચવતી હવી. વળી કહેતી હવી કે, હે રાજન્! તમારા પધારવાથી મને મોટો હર્ષ થયો છે.

તે વચન સાંભળીને રાજા મનમાં અત્યંત ખુશી થયો. હવે જગતમાં એવી રીત છે કે, સતી સ્ત્રી મન, વચન, કાયાયે કરીને પોતાનું શીળ રાખવાને અસતીની પેઠે આચરણ દેખાડે, તે પ્રમાણે વસંતશ્રી અસતીની પેઠે આચરણ કરવા લાગી. રાજા કૃતાર્થતાને માનતો થકો કહે છે કે, હે વસંતશ્રી! હું તને તેડવા માટે અહિં આવ્યો છું, તેથી તું જલદી ચાલ. કાંચન વિના જેમ રત્ન શોભે નહિ, તેમ તારા વિના મારું અંતઃપુર શોભતું નથી. તે સાંભળીને ડાહી એવી વસંતશ્રી યુક્તિએ કરી

રાજાને સમજાવે છે કે.—હે દેવ! તમે મનેજ કહ્યું તે પ્રિય છે. રૂડું છે, હિતકારી છે, અને સાચું છે, પણ તમે મારા ભરતારના સ્વામિ અને અમારા ઘરની ચિંતા કરનાર હોઇને તમને આવું બોલવું ઘટે નહીં. જુઓ: જ્યાં સુધી સુર્યનો ઉદય હોય, ત્યાં સુધી કોઇ ચંદ્રમાને વાંછે નહીં તે વાત સાંભળી રાજા હસીને કહેવા લાગ્યો કે, તારે અર્થે તારા સ્વામીને મારવા માટે વિષમ સંકટને વિષે મેં મોકલ્યો છે; ત્યાંથી તે કેમ જીવતો આવશે? સમુદ્રમાં પડેલું મનુષ્ય કેમ જીવતું આવે? કદાચિત્ જો પ્રતિજ્ઞા ભ્રષ્ટ કરીને જીવતો આવ્યો તોપણ હું તેને હણીશ! કવિ કહે છે કે, ધિઃક્કાર છે કામાંધને કે, જે પોતાનો ગોપ્ય અભિપ્રાય હોય તે પણ કહી દે છે.

કહ્યું છે કેઃ—

कुवियस्सआउरस्सय । वसणासत्तस्सआयरत्तस्स ॥
मंत्तस्समरंतस्सय । सप्ताबापापडाहुंति ॥

ભાવાર્થઃ—કોપાયમાન થએલાનો, આતુરનો વ્યસનમાં અતિ આશક્ત હોય તેનો, રાગે રાતો હોય તેનો, તથા ઉન્નમતનો, મરણ પામતાનો, એટલાનો સ્વભાવ સ્વતઃ પ્રગટ થાય.

હે ચંદ્રમુખી! જે દિવસે હું તમારે ત્યાં જમવાને આવ્યો અને તમારૂં સુંદર રૂપ, યોવન અને ગુણ નિહાળ્યા તે દિવસથી મને કામજવર પેદા થયો છે. સુંદરી! મારાં સર્વ ગાત્ર ધગધગે છે; શરીરના અવયવ તોડાય છે, હૃદય ફુટે છે, શ્વાસ ઉનો નિકળે છે, જીભ સુકાય છે, કંઠે પાણીનો શોષ પડે છે, હું નિરૂત્સાહી થયો છું, નાના પ્રકારની ક્રીડા હવે મને ગમતી નથી, મારા વસ્ત્રાભુષણનો ભાર હવે મને અસહ્ય થઇ પડયો છે, બંધીજન સાથે કોઈ પ્રકારની ગોષ્ટી મને રૂચતી નથી, મારી બુદ્ધિ મંદ પડી છે, હું એક વસ્તુ સંભારૂં છું તો ઘડી કેરૂ બીજી વિસારૂં છું, રાત્રી દિવસ મને કાળ જેવા લાગે છે, નીંદ્રાએ મારો ત્યાગ કર્યો છે, હું મારા રાજનગરમાં

ફરું કે પારેના ઉપવનોમાં જઉં, જ્યાં જઉં ત્યાં તારી દીવ્ય આકૃતિ મારા મન આગળ ખડી થાય છે; હે વલ્લભા ! રાત્રે તારા મનહર નામનું સ્મરણ કરતો કરતો પથારીમાં હું પછાડા મારૂં છું; વખતે, વસંતશ્રી ! કોણ વસંતશ્રી ! ! શું ! વસંતશ્રી તમેજ કે ! ! ! એમ મારી અપૂર્ણ નીંદ્રામાંથી અચાનક ઝબકી ઉઠું છું; આમ ઘડી ઘડી તારા નામના સ્મરણથી હું બાવરો બન્યો છું; મારી રાણીઓને મશ્કરીરૂપ થયો છું; 'પ્યારી ! મારી આ સ્થીતિ થવાનું કારણ તમેજછો હવે કૃપા કરો, કામજ્વરથી પીડાએલા મજ જેવા રંક રોગીના વઇદ થઇ, પ્રેમ ઔષધી પાઇ, મને જીવાડો; તમારા શીતલ અંગનું આલીંગન આપી મારા હૃદયને ટાઢું કરો.

કમલવદની ! આજે મારો ને તમારો બન્નેનો ભાગ્યોદય તમારાજ હાથમાં છે. પ્રિયા ! તમારૂં એક મધુર વચન ને આ રાજ્યપાટ સર્વ તમારાંજ છે. મારાં દીવ્ય ભુવન અમુલ્ય વસ્ત્રાભુષણ નાના પ્રકારનાં રત્ન, સુવર્ણ, હાથી, રથ ઘોડા તથા અનેક તરેહના સુખપાલ ઇત્યાદિ સર્વ તમારાં છે. મારા પ્રધાનાદિ રાજ પુરૂષો, દાસ દાસીઓ, સીપાઈ મહેરા તમારી ઇચ્છાને આધીન છે. પ્યારી ! હું તમને આજથી પટરાણીપદ આપું છું; તમે કદાચ એમ ધારી અચકાતાં હશો કે આજે રાજા મારાપર પ્રસન્ન છે, પણ કાલે કોણ જાણે તે આમ હોય નો આ ખરખરો ખરે તમારા મનમાંથી કાઢી નાંખજો. આજથી આ મારૂં વચન છે કે આ દેહમાં જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી આ તમારો આસ્તીક માનપેચ એક ક્ષણ પણ ઓછો ટળી શકવાનો નથી.

વચન આપવા આમ એકદમ રાજાને હાથ પ્રસારતો દેખી વિચારમાં ખિન્ન થએલી હરિબળની ભાર્યા ચમકે છે; રાજાને વશ પડેલી પોતાની સ્થીતિનો જરા વિચાર કરી નિચું જુવે છે; નિશ્વાસ નાંખે છે; તેનું ચંદ્રવદન કરમાય છે; તેનું હૈયું બળાય છે; તેની આંખમાં પાણી આવે છે; બિચારી વસંતશ્રી કરૂણા-

મન સ્તરે ગદગદ કંઠે પરદેશ ગએલા પોતાના પ્રિતમને સંભારી રડે છે.—હે પ્રાણનાથ ! તમને પરદેશ મોકલવામાં આ નરાધમ રાજાના આવા દુષ્ટ સંકેત વિના બીજું શું હોય ? હું પરદેશી છું. અહીં મારૂં કોઇ નથી. હે દુષ્ટ રાજા ! મારા જેવી રંક અબળાને આવી કપટ જાળમાં સપડાવી જુલમ ગુજારતાં તને શરમ નથી આવતી ? ધિક્કાર છે તને ને તારા રાજ્યપાટને. મારે તે શા અર્થના છે. હું તારી પટરાણી થવાને ઇચ્છતી નથી. મારે તારા વસ્ત્રાભુષણ ને રત્નાદિ સુવર્ણને શું કરવું છે. આવા ક્ષણભંગુર ધનનો મને જરાએ લોભ નથી, મારૂં શિયલ વ્રત અખંડિત રહે એજ મારી ઇચ્છા છે. પાપી ! હવે હું આ તારી દુષ્ટ વાણી વધારે સાંભળવા ઇચ્છતી નથી, તું તારે રસ્તે પડ, અને અહીંથી જેમ આવ્યો હોય તેમ ચાલ્યો જા; હું ક્ષત્રીયાણી છું, તારૂં આવું અપમાન હું એક ક્ષણ પણ સાંખી ન શકું, પણ શું કરૂં ? લાચારીથી ડરૂં છું. એવું સાંભળી રાજા બોલ્યો:-

એ બધું ખરૂં. પણ અમારા જેવા રાજા જો તારા જેવી રંક અબળાથીજ બીતા હોત તો રાજ કેમ કરત? પ્યારી! પ્યારી! કહી બોલાવી ત્યાં સુધી. હવે વીલંબનો વખત નથી, ચાલ જલદી હા કહે કે ના કહે. તારી શી મરજી છે ? તું જાણતી નથી કે તું અહીં એકલી છે, તારો પતી હવે શું છુટવાનો આવવાનો છે ? તે તો કોણ જાણે ક્યાં મહાસાગરમાં ડુબકી ડુબકી મચ્છ પેટે હશે. એવી કોણ અનાથ સુંદરી હશે કે જે મારા જેવા ભૂપતિને પતિ સ્વીકારી સનાથ ન થાય. ભગવતની નાની ચાર દિવસમાં આ યુવાન પ્રતિ આંસુ ભરવાં ઉચીત છે ? કડવી વાતો કરવા આવે ત્યારે શું લેવા જાય, એવા મુર્ખ માણસ જેવી તું નથી બસ બસ, ચાલો, માગો રથ બહાર ઉભો થાય છે. આજથી મારા ભવનપદમાં આવી મનમાન્યા વિલાસ કરો. ખુશીથી આવશો તો પણ ઠીક છે, ને નાખુશીથી આવશો તો પણ જરૂર છે; એવો હુકમ એવો કે તમારા પતીને પ્રપંચથી પરદેશ મોકલ્યો, નહીં તો ભલી રાણીએ ઘ-

મારા પતિનો શીરચ્છેદ કરાવી તમને મારા શયનગૃહમાં રાખત તો મને કોણ રોકનાર હતું ? ધણીનો કોણ ધણી છે ? માટે મારૂં કહ્યું માનો, મારી જોડે ઝાઝી જકમાં કંઇ સાર નથી, તમે સમજુ છો, ડાહ્યાં છો, તમારૂં શ્રેય શું છે, તે વિચારો. હરિબળ કરતાં શું હું રૂપ ગુણમાં કોઇ પ્રકારે ઉતરતો છું ? મદોન્મત્ત મહેલાઓના કામવિકાર પારખવામાં શું હું અજાણ છું ? તમારા પતિ કરતાં કામશાસ્ત્રના અભ્યાસમાં હું કાચો છું ? મારે મંદિર પ્યારી ! ચાલો. તમારા સર્વ મનોર્થ પુરા થશે. મારા શયનમહેલની શોભા જોઇ દેવાલયને તમે તુચ્છ ગણશો. વસંતશ્રી વસંત ઋતુમાં મારા જેવા મદનવેગને ત્યાંજ શોભે ! વિધાતા નીંદવાજ લાયક છે, જ્યાં જોઇએ ત્યાં તેની મુરખાઇતો મોજુદજ છે. દરેક કામમાં તેની બેદરકારી ! તેની અપુર્ણતા કેટલી ! નહીં તો હરિબળ જેવા રંકને ત્યાં વસંતશ્રી જેવું રત્ન મુકે ? રત્નતો લોઢામાં શોભેજ નહીં. રત્નની બેઠક તો સુવર્ણેજ છાજે કોઇ મુર્ખ માણસ અમુલ્ય રત્નને લોઢામાં જડશે તો શું સુજ્ઞ માણસ ત્યાંથી કાઢી ઉચીત સ્થાને ન મુકે ?

પોતાના પ્રાણનાથની આવી અપોગ્ય નીંદા ન સહેવાયાથી વસંતશ્રીએ જરા ઉંચું જોયું, તેના મોંપર લોહીની સુરખી ચડી આવી, તેનાં લોચન રક્ત થયાં, ડોળા બહાર નિકળ્યા, તેનું હૃદય કંપવા લાગ્યું, તેનું ગાત્ર ગરમ થયું, ને ત્રાસ સાથે કેહેવા લાગી:–હે રાજાજી ! તમારે બોલવું જે કંઇ બોલવું હોય તે ભલે બોલો, પણ હું તમને સાફ કહું છું કે મારા પ્રાણપતીને મારી પાસે નાહરો નહીં. તે સુરૂપ છે કે કુરૂપ છે, ગુણવાન છે કે મુર્ખ છે, ધનવાન છે કે દરિદ્ર છે, ગમે તેવો છે તો પણ આ ક્ષણભંગુર જગતમાં મારૂં સર્વસ્વ તેજ છે.

રાજા કહે છે:—એ તેજ તારૂં સર્વસ્વ છે તો તે ક્યાં છે ? તેતો ક્યારનોએ મરણ પામ્યો. જે વસ્તુ દુનિઆપાર થઇ છે તે વસ્તુપર મમત્વ રાખી ખાલી મોહ કરવાથી શું ફાયદો છે ? ડાહ્યા પુરૂષો થએલા સુખનો શોચ કરતા નથી, તેમ ચાલતા

સુભગ ઝાડતા નથી. સુંદરી ! હવે મીથ્યાવાદ મુકી દઈ મારે શરણ થવું એજ તારૂં કર્તવ્ય છે. નહીં તો અહીંથી પકડી અહર્નિશ ઉભા રહેલા મારા સુભટ સાથે હું તને મારા રાજમહેલમાં પહોંચતી કરીશ, ત્યાં તારૂં કોઈ નથી. ત્યાં તારે મારે - આધીન થવું પડશે, માટે તારૂં અભિષ્ટ જેમ સુઝે તેમ તું કર.

આવાં નિષ્ઠુર વીરવચનોમાં આવી પડેલી અનાથ અબળા ને મુગ્ધાસમ ભોળી બાળા પોતાના પ્રાણાધારનું શું થયું હશે તેની ચિંતા, આ દુષ્ટ રાજાના સપાટામાંથી શી રીતે પોતાનું શીયળ બચાવવું તેની ચિંતામાં ને ચિંતામાં પ્રસંગને અનુસરી જરા હેતુ જોઈ. રાજા સામી દ્રષ્ટિ કરી જરા મલકાવ્યું, અને મંદ મંદ હસી. આથી કરીને રાજાનું મન પ્રફુલ્લ થયું, તેના રોમ વિકસ્વર થયા, ઘણા દિવસની ધારેલી ઇચ્છા પુર્ણ થશે એ આશાએ તેનું હૃદય ધબકવા માંડ્યું અને અધીરો થઈ કહેવા લાગ્યો —શ્રી મત હસતાં ને હસતાંજ. ચાલો હવે મારી સાથે રથમાં એમ કહી હાથ પકડવા જાય છે એટલે વસંતશ્રી પ્રેમ વચનથી બોલી:-રાજાજી હજુ ઉતાવળા ન થાઓ, હાલ અજોડ હું હજુ એવી અધમ થઈ નથી કે મારૂં પતિવ્રત છોડું. આજથી માસ પર્યંત મારા સ્વામીની ખબર નહીં મળે તો હું રાજ તમને મળીશ.

કામાંધ રાજાએ વિચાર્યું કે એના પતીનો ક્યાં પત્તો છે? તે તો જરૂર મરણ પામ્યો હશે; હવે તે ક્યાંથી ફરી આવવાનો છે? એક માસની અવધી તો એકેજમાં પુરી થશે. માસ પછી મને મળવાનું વચન આપે છે, તો તેને મારે નાહક પીડા કરી મારે શા માટે દુભવવી જોઈએ. ચાલ, એમ કહી પોતાનું કામ સિદ્ધ થયું જાણી હર્ષભેર ઘેર ગયો.

હવે કામાંધ મદનસેનના ગયા પછી આપણી ચિંતાતુર બિચારી વસંતશ્રીએ કેટલોક કાળ જેમ તેમ વ્યતિત કર્યો. એક માસની અવધિ પુરી થઈ એટલે વસંતશ્રી વિમાસવા લાગી:—

અરે! આ મેં કેવું અનુચિત કામ કર્યું. એક માસ તો સેહે. જમાં જતો રહ્યો; કાલ સવારે ચંડાળ રાજા તેના કામાગ્નિમાં હોમવા મારા શ્રેષ્ટ શિયળવ્રતનું બળિદાન કરવા આવી ઉભો રહેશે. અહો! ધિક્કાર છે મને, મારા રૂપને, મારા યૌવનને, જેણે મારા ઉત્તમ રત્નનું હરણ કરવા આ નરાધમને પ્રેર્યો. હવે રત્નનું જતન કરવું એજ મારો ધર્મ છે.

વસંતશ્રી વળી જરા વધારે વિચાર કરી ધીરે મોઢે બોલીઃ—પણ રત્નનું જતન હું અબળા નારી સબળ નર આગળ શી રીતે કરૂં? કહેવત છે કે, સત્તા આગળ શાણપણ શા કામનું? મદનવેગ મદનના કટક સાથે કાલ સવારે પોતાનું સબળ સૈન્ય લેઇ મારે આંગણે આવી ઉભો રહેશે, અને મને કહેશે કે, ચાલ મારે ઘેર, હું કહીશ કે, ના; એમ તો કેમ બને? તત્કાળ તે તેના સુભટોને આજ્ઞા આપશે કે, પકડો આ ઠગારીને. બાંધો આ દુષ્ટાને, અને જાઓ મુકો એને મારા શયનમહેલમાં. અરે! હાય! આ વખત પ્રાણપતિ વિના કોણ મારી રક્ષા કરે! શયનગ્રહમાં આણી એ દુષ્ટ, મને ખાત્રી છે કે, મારશે તો નહિ; પણ ખરે, મને જીવતી મુઇ કરશે ચોર મારૂં શિયળવ્રત ચોરશે, મને ભીખ માગતી કરશે, અરે! હાય! હું પાપણી શા માટે જન્મી? જન્મી તો જન્મી, પણ આવું દુઃખદાયક રૂપ. અરે! પણ હજુ હું નાઉમેદ નથી, શા સારૂં ગભરાઉં છું. નિરાધાર સતોસ્ત્રીનું શિલ ખંડન કરવા પ્રમત બળાત્કાર કરે, ત્યારે રાજાનું શરણ; જ્યારે રાજા તેની સાથે પરાણે પ્રિત બાંધવા તૈયાર થાય, ત્યારે કૃપાણ યમરાજનું શરણ. હું મુર્ખી શા માટે તે શરણ ચુકું છું! આવે ટાંણે આત્મઘાતનાં પાતિકથી બીજું એ ઠીક નથી. ચાલ ઉઠઃ—

હવે ડાહ્યો એવો હરિબળમચ્છી પોતાની નવિન પરણેલી કુસુમશ્રીને ઉદ્યાનને વિષે મુકીને પોતાના ઘરનું સ્વરૂપ જોવાને અર્થે છાનોમાનો આવીને પોતાના ઘરઆગળ ડુકડો એકાંતમાં રહ્યો થકો સાંભળે છે, તેથી સતીનું સાહસ જોઇ એકદમ બોલી ઉઠયોઃ—

[illegible]

[illegible] ? [illegible] !

[illegible] !

[illegible] ત્યાં [illegible].

[illegible]

હવે પોતાના સ્વામિને [illegible] તેમનાં [illegible] પોતાના સ્વામીની [illegible] ? ”

કુસુમશ્રીનાં [illegible] વૃત્તાંત સાંભળી [illegible] સ્વામીનાથ સાથે ઉદ્યાને ગઈ, ત્યાં [illegible] પાછી [illegible] બેઠી. [illegible] તોપણ [illegible] શું ! [illegible] પોતાના [illegible]

હમેશાં તત્પર રહેતી. હાલની મુર્ખ બાયડી ક્યાં, અને તે કાળની વિદ્વાન. સદ્ગુણી ભાર્યા ક્યાં ? સ્ત્રી અને સંતતિનું સુખ વાંચ્છનાર દરેક ડાહ્યા પુરૂષે પોતાની પ્રિયાને કેળવવી જોઇએ.

હવે હરિબળે પોતાની સુજ્ઞ પ્રિયા સાથે કંઇક મસલત કરી મોટે પરોઢીએ રાજાને કેહેણ મોકલ્યું. હરિબળના આવ્યાના સમાચાર સાંભળી દુષ્ટ મદનવેગ ખચ્ચટ પડ્યો, પ્રથમ તો તેણે તે વાતનો અનાદર કર્યો, પણ પછી ભાગ્યને નિંદવા લાગ્યો આજે તેનો મોંઢે આવ્યો કોળીયો જતો રહ્યો. વાયુના વેગથી જેમ પાકાં પાંદડાં ખરી પડે છે, તેમ આજે તેની પરિપક્વ થએલી સર્વ આશાઓ જમીનદોસ્ત થઇ ગઇ. સોનીનું જેમ ધમ્યું સોનું ધુળ મળે છે, તેમ આજે તેની સર્વ મેહેનત વ્યર્થ ગઇ. વર્ષાકાળમાં જેમ ધનપટલ વાયુના વેગથી ઘડીમાં વિખરાઇ જાય છે, તેમ આજે તેના સઘળા મનોરથ ઘડીમાં વિખરાઇ ગયા. ટુંકામાં કહીએ તો આજ તેને ભાગ્યદેવીએ મેરૂ ગઢાની નિચે પાડ્યો. આજ તેનાં સર્વ સુખનો નાશ થયો. ક્ષણમાં સ્વસ્થ થઇ મદનવેગ પરિજનને કહેવા લાગ્યો:—આજ મારે આનંદની વધાઇ આવી, રાજભુવનને શણગારો, બારણે તોરણ બાંધો, હાથી ઘોડા રથાદિ નાના પ્રકારનાં સકલ વાહનો સાજ બિછાવી તૈયાર કરો, રાજ પુરૂષોને આજ્ઞા કરો કે, સુંદર વસ્ત્રાભુષણ પેહેરી દરબારમાં પધારે; આજ મારા પરમપ્રિય હિતસ્વી હરિબળ, સોંપેલું કામ સત્વર કરી અત્ર પધારે છે, આજ મારે ઘણા દિવસનો વિયોગ ટુટ્યો, આપણ સર્વ સામૈયું કરી ચાલો, આજ તેમને નગર પ્રવેશ કરાવીએ.

રાજાની આજ્ઞા થઇ કે તરતજ મોહનવાજાં વાગ્યાં, સકળ નગરમાં આણુંદ આણુંદ વર્તી રહ્યો, નગરમાં પ્રવેશ કરતાં મદનવેગે હરિબળને વધાવી દરબારમાં પધારવા આમંત્રણ કર્યું, પોતાની પ્રિયાને પેલું અક્ષતપાત્ર લઇ ઘેર જવાની આજ્ઞા આપી હરિબળ વિશાળાપની સાથે રાજ્યભુવનમાં ગયો, રાજાએ સન્માન સાથે ઉચિત સ્થાને બેસાડી કુશલ પુછી કાર્ય સિદ્ધ શી રીતે કર્યું તે પુછ્યું. તે સાંભળી હરિબળ કહે છે:—.

હે રાજા ! લંકાપતિ બિભીષણને તેડવા અત્રેથી નિકળ્યા પછી ઘણો વિકટ રસ્તો ખેડ ખેડ કરતો હું આખરે સમુદ્ર કિનારે આવી પહોંચ્યો. નાંખી નજર ન પોહોચે એવા અગાધ સમુદ્રનાં કાળાંદવ જેવાં પાણી ઉપર નજર કરતાં લંકાપુરી શી રીતે પોહોંચવું, તેનો હું વિચાર કરવા લાગ્યો; એટલામાં એક મોટો રાક્ષસ ખાઉં ખાઉં કરતો મારા સમીપ આવી ઉભો રહ્યો. રાક્ષસનો વિકાળ સ્વભાવ અને વિચિત્ર આકૃતિ દેખી હું કરગરી કહેવા લાગ્યો:—હે મહાભાગ ! મને ખાવાથી તું તૃપ્ત થાય એમાં હું મોટો પરોપકાર માનું છું. મને મારા જીવની ફીકર નથી, પરંતુ ફીકર એટલીજ છે કે, હું મારી પ્રતિજ્ઞા પરિપુર્ણ કર્યા વગર મૃત્યુ પામીશ. એ શાંભળી આકુળ વ્યાકુળ થએલો રાક્ષસ ગુસ્સે થઇ બોલ્યો:—હે માનવી ! એવી તે તેં શી પ્રતિજ્ઞા કરી છે કે મરણ સમયે પણ પ્રતિજ્ઞા પ્રતિજ્ઞા કરી રહ્યો છે. ચાલ, તારી પ્રતિજ્ઞા મને જલદી કહે, હું તે પુર્ણ કરવા તને મદદ કરૂં. 'હું તને મદદ કરૂં ' આવું રાક્ષસનું આશાયુકત વચન સાંભળી મેં જરા ધીરજ પકડી, અને પ્રસન ચિત્તથી કહેવા લાગ્યો:—હે મહાભાગ્ય ! વિશાળાપતિ મદનવેગનો હું આજ્ઞાંકિત સેવક છું, મદનવેગ વિવાહ મહોત્સવ માંડે છે, તેમાં પધારવા લંકાપતિ બિભીષણને નિમંત્રણ કરવા હું લંકાં જાઉં છું. આ વિકટ કામ કરવાનું ભરી રાજસભા વચ્ચે મેં માથે લીધું છે, આ કામ જો મારાથી ન થાય તો મારી પ્રતિજ્ઞા ભાગે. રાક્ષસ આંખો ફેરવી મોટેથી બોલ્યો:—અલ્યા માનવી! આ પ્રતિજ્ઞા પુર્ણ કરવી સેહેલ નથી, આવો મોટો મહાસાગર તરવો એ માનવીનાં કામ નથી, તોપણ હું તને એક યુક્તિ બતાવું છું, એમાં મારૂંએ કામ થશે, ને તારૂંએ થશે. હું બે હાથ જોડી કહેવા લાગ્યો:—તે યુક્તિ મને જલદી બતાવો. મારા સ્વામીનું કામ કરવા તમે જે યુકિત બતાવશો, તે કરવા હું તૈયાર છું ક્ષુધાતુર રાક્ષસ ખુશી થઇને અનેક પ્રકારના વિચિત્ર ચાળા કરતો કહેવા લાગ્યો:—હે માનવી ! જો લં

કાંપુરી જવું હોય, એ બિભીષણને નોતરવો હોય, અને જો તારી પ્રતિજ્ઞા પાળવી હોય તો અત્યારેજ આ જંગલનાં લાકડાંની ચિતા ખડકી તેમાં પડ. ચિતામાં પડી બળી મરવા શિવાય લંકામાં જવાનો બીજો રસ્તો નથી રાક્ષસની આ યુક્તિ પ્રથમ તો મને વ્યાજબી લાગી નહીં, પરંતુ સ્વામીનું કાર્ય કરવા તત્પર સેવક પોતાનો પ્રાણ પણ અર્પણ કરે; એમ વિચારી પ્રતિજ્ઞાએ બંધાએલો હું રાક્ષસનાં વચન ઉપર વિશ્વાસ કરી અગ્નિમાં પડ્યો. રાક્ષસે પણ મારો રાખનો પોટલો બાંધી બિભીષણ પાસે મુકી, મારું સર્વ વૃતાંત કહ્યું મારી સ્વામીભક્તિ જોઇ બિભીષણ મારાપર તુષ્ટ થયો, તેણે મારી રાખ ઉપર અમૃત છાંટી અને સજીવન કર્યો. મારું અદ્ભુત રૂપ જોઇ તેણે મને કન્યાદાન દીધું, કન્યા સાથે ઘણાં કિંમતી વસ્ત્રાભુષણ, હાથી, ઘોડા સુખપાલાદી અનેક વસ્તુઓ મને આપી, પરંતુ તે સર્વે લઇ અત્રે આવવું કઠણ થઇ પડે એમ ધારી મેં તે અંગિકાર કરી નહીં; ત્યારે તેણે મને ઘણો આગ્રહ કરી કહ્યું કે, તમે અહીંજ રહો, મન માની રીદ્ધિ સિદ્ધિ ભોગવો, અને નવનવી રૂપવંતી યૌવનાઓ સાથે અમન ચમન કરો; મેં કહ્યું કે એ કામ મારાથી બને નહીં, કારણ કે હું મારા સ્વામી વિશાળાપતિ મદનવેગની આજ્ઞાથી તમને નોતરવા આવ્યો છું. મદનવેગ મોટો વિવાહમહોત્સવ માંડે છે, માટે કૃપા કરી તમે પધારો. બિભીષણે જરા વિચાર કરી મને કહ્યું કે, હરિબળ! અમારી પુત્રી સાથે હાથમાં તો તમે પધારો, વિવાહના બે દિવસ રહેશે ત્યારે હું આવીશ. આ સાંભળી હું ઘણો દિલગીર થયો. તો પણ બિભીષણે, હું આવ્યો તેની ખાત્રી માટે નિશાની તરીકે આ ચંદ્રહાસ નામનું તેનું દિવ્ય ખડગ આપ્યું, અને આ રી પ્રિયા સાથે એક ક્ષણમાં ઉડાવી પાછો અહીંઆં લાવી મુકયો તે રાજા! તારું આવું દુષ્કર કામ કરવા આ પ્રમાણે મેં સંકટ સહન કર્યું કારણ કે સ્વામી સેવામાં હું મોટું પુન્ય સમજું છું.

પુન્યના પ્રભાવે હરિબળની આ બનાવટી વાત મદનવેગ સાચી માનો તેનો આભારી થયો, રાજસભા સૌ વિસ્મય થઇ તેની પ્રસંસા કરવા લાગી. સઘળા માંહો માંહે કહેવા લાગ્યા કે, હરિબળ મહા પ્રતાપી છે, નહીંતો આવું મુસ્કેલ કામ કોણ કરે? આમ છતાં હરિબળની વાતમાં પ્રધાનને અદેશો રહ્યો. તેણે વિચાર્યું કે, આ ખડગ તથા કન્યા કોઇ સાથે કપટ કરી હરિબળ લાવ્યો છે.

પણ હવે તો એથી અધિક એ થયું કે તેનો ઇર્ષાગ્નિ પ્રજ્વલિત થયો, રાજસભામાં હરિબળની ખ્યાતિ અને રાજાના મોં આગળ તેનું અધિક અધિક માન થતું જોઇ આ અદેખા પ્રધાનનું હૃદય ચિંતાતુર થયું. રાત દિવસ વિચાર કરતાં કરતાં તેણે એક દિવસ હરિબળને ત્યાં રાજાનું જમવાનું ઠરાવ્યું. પોતાની સુજ્ઞ પ્રિયાઓના શિયલરૂપી સોનાને તપાવવા આ વળી નવિન ભઠ્ઠી સળગતી જોઇ હરિબળને ઘણો સંતાપ થયો. તોપણ શું કરે? સભા વચ્ચે નાછૂટકે તેણે રાજાનું વચન કબુલ કર્યું.

હવે ઠરાવેલા દિવસે વિશાળાપતિ મદનવેગ, પ્રધાન પ્રમુખ સર્વ સબંધીઓને તેડી હરિબળને ત્યાં ભોજન કરવા પધાર્યો, હરિબળે પણ રાજાને મનપસંદ નાના પ્રકારની સામગ્રી તૈયાર કરાવી. રાજા ભોજનશાળામાં પધાર્યા કે તરતજ વસંતશ્રી તથા કુસુમશ્રી સુંદર વસ્ત્રાભુષણ પહેરી આકાશની વિદ્યુતની માફક ઝળઝળાટ કરતી સોના રૂપાના વરખ ચોઢેલા પકવાન સુવર્ણ થાળમાં લેઇ પિરસવા નિકળી પડી. ચંપકવર્ણી ચતુર ચપળા ઓનાં સુંદર ગાત્ર નિહાળી, તેમની મનહર મધુર વાણી સાંભળી, મદનવેગ દિગમુઢ થઇ ગયો. ભોજનમાંથી તેનું ચિત્ત ઉડી ગયું, મદનવેગમાં પાછું મદનનું ભુત ભરાયું, તેનો દાઢો પડેલો કામાગ્નિ પાછો સતેજ થયો, અવસર જોઇ અદેખા અમાત્યે આ અગ્નિમાં પાછું અદેખાઇનું ડાળીડું લોમ્યું એટલે તાત્કાળ સળગી ઉઠ્યો. હવે ગમે તેમ થાય, તોપણ મદનવેગને વસંતશ્રી ને કુસુમશ્રી જોઇએજ.

મદનવેગ મંદિરે આવ્યો, દાસ દાસીઓએ તેની આસના વાસના કરી; પણ શા કામની ? પરસ્ત્રીરૂપી દીવાસળીનો વિષયરૂપી ગંધક મદનવેગની મનરૂપી પેટી સાથે ઘસાયો, કામાગ્નિ પ્રગટ થયો. તે પ્રદિપ્ત થવા અદેખાઇ રૂપી ડાળીઓ હોમાયું. હવે ઓ પ્રિય વાંચનાર ! કહો કે સદાચારરૂપી વૃક્ષને વળગેલા ગુણરૂપી ફુલને આ અગ્નિની જવાળા દઝાડયા વગર રહેશે ? આ અગ્નિથી રાજાના અંતઃકરણનું લોહી ઉકળ્યું,લોહી શરીરની રગે રગ પ્રસર્યું, અને શરીર ધગધગવા માંડયું; આ રોગનું નિવારણ કરવા મદનવેગે પ્રધાનને તેડયો. રાજનીતીમાં પ્રવિણ પ્રધાનને અવસર વિચારી પોતાના પ્રતિસ્પર્ધી હરિબળનું કાસળ કાઢવાનો લાગ સાધ્યો. રાજા સન્મુખ બે કર જોડી દિન વચને પ્રધાન બોલ્યો:—હે રાજા! તમારો મદનજ્વર શાંત થાય એવું કયું ઔષધ મળે ? કુસુમશ્રીને વસંતશ્રી નામે બે ઔષધિ હરિબળ પાસે છે, એ ઔષધી વિચિત્ર ગુણવાળી છે. માત્ર દ્રષ્ટિગોચર થવાથી ઈંદ્ર સરખાને પરિતાપ કરવાને સમર્થ છે, તેમ તેના સ્પર્શ માત્રથી મહાવિષમ કામજ્વરનું નિવારણ કરે એવીછે.

વળી એ ઔષધિ સદા પાસે રાખવા યોગ્ય છે, પુજ્ય છે, મનોવિકાર શાંત કરે છે. હૃદયને આનંદકારી છે, આંખને ઠારનારી છે, રિધ્ધિસિધ્ધિ વિસ્તારનારી છે, આ લોક ને પરલોકને વિષે સુખ આપનારી છે. માટે હે નરાધિપ ! એ ઉત્તમ, માંગલ્યકારી ઔષધિનું શીઘ્ર ગ્રહણ કરો.

પ્રધાનનાં આવાં વચનથી મદનવેગ ઘણો આકુળ વ્યાકુળ થઇ લાચારી ધારી કહેવા લાગ્યો:—હે પ્રધાન! મારા જેવા કમનસીબને એ ઔષધિ કયાંથી મળે. એ ઔષધ દુર્લભ છે, વળી હરિબળ મહા પ્રતાપી છે, તે મારો હિતકારી મિત્ર છે, મારા ફુપર કામ કરે છે. એને મારાથી. ... ...

પ્રધાને કહ્યું—અરે! રાજ : એમાં કંઇ કહેવાનું નથી. તમે તેને જે કામ બતાવશો તે કરવા ને ના નહીં કહે. આપણી કુંવરીનો વિવાહ આદર્યો છે માટે તેમાં પધારવા યમ રાજાને

નિમંત્રણ કરવાનું કામ તેને સોંપો. તેમાં તેનું મૃત્યુ થશે, અને પછી તેની બન્ને સ્ત્રીઓ આપણીજ છે.

મદનપીડાથી પરિતાપ પામેલા મુર્ખ મદનવેગને આ દુર્ગતિ પ્રધાનની દુષ્ટ સલાહ ગમી તેથી તેણે તેનો તાકીદે અમલ કર્યો. પરિચારકને બોલાવી આજ્ઞા આપી કે હરિબળને બોલાવો હરિબળ આવતાને વાર રાજાએ ઘણી મિષ્ટ વાણીએ તેનો સત્કાર કર્યો. તેના ગુણનું વર્ણન કરી કહ્યું કે: હે હરિબળ! મારા ખરા મિત્ર તમેજ છો, નહીં તો બિભીષણને નોતર્યા જેવું કઠણ કામ કોણ કરે ? હાલ પણ એક એવુંજ કામ આવી પડયું છે. હું ધારૂં છું કે તમે મારા હિતને અર્થે તત્કાર તે કરવા તૈયાર થશો. તમારે મારૂં વચન પ્રમાણ કરવુંજ જોઇએ. એમ કહી ધારેલી મસલત નિવેદન કરી.

હરિબળે તે માથે ચડાવી ઘણા અસંતુષ્ટ થઇ ઘેર ગયો, પોતાની પ્રિયાઓને સર્વ વૃત્તાંત નિવેદન કર્યું, દુષ્ટ રાજાનો દુષ્ટ સંકલ્પ તરતજ ચતુરાઓ ચેતી ગઇ, પણ ધિરજ ધરી હરિબળને કહેવા લાગીઃ—સ્વામિ! તમે નિશંક રહો, તમારા પુન્યના પ્રભાવે નિર્વીઘ્ને તમારૂં કામ સફળ થશે. અમારૂં શિયળ ભલે સરણે ચડે.

પછી રાજાએ તત્કાળ પુર બહાર ઘણાં ભારે સુકાં લાકડાંની એક કાળસ્વરૂપ મોટી ચિંતા ખડકાવી અગ્નિએ પ્રજ્વલિત કરી; હરિબળ નગરવાસીઓ સમક્ષ તેમાં બળી ખાખ થઇ ગયો; નાગરિકો બિચારા હાહાકાર કરી છાતીફાટ રડવા લાગ્યા; સઘળા એકજ સ્વરે રાજાને ને પ્રધાનને નિંદવા લાગ્યા. અરેરે! રાજાએ હરિબળ જેવા પ્રતાપી પુરૂષને કપટથી માર્યો, બહુજ ખોટું કર્યું, આપણા રાજા જેવો અધર્મી કોઇ નથી.

હવે નગરવાસી સર્વ લોકો રાજા તથા પ્રધાનની નિંદા કરે છે, અને હરિબળની પ્રસંસા કરે છે, અને કહે છે કે હરિબળ એટલે સિંહના સરખુ બળ તથા વિષ્ણુના સરખુ બળ તથા ઇંદ્રના સરખા તેજને ધારણ કરનાર એવા પ્રતાપી પુરૂ-

ધને રાજાએ તથા પ્રધાને અતિ સ્વરૂપવાન એવી લલનારૂપ લક્ષ્મીની લાલચે કપટથી માર્યો એ બહુજ ખોટું કામ કર્યું !!! માટે એના સરખો બીજો કોઇ અધર્મી નથી. એવી રીતે જેમ સડી ગયેલા કલેવરમાંથી દુર્ગંધ વિસ્તારે, તેમ રાજાના અધર્મનો અપકીર્તિરૂપ દુર્ગંધ વિસ્તર્યો.

હરિબળે અગ્નિ માંહે પડતાંઘિકાંજ ગુરિયત દેવતાને સંભાર્યો, તેના સાન્નિધ્ય થકી શરીરે જરાસમાત્ર પણ પીડા ન થતાં જેમ સોનું તપાવ્યાથી દીપિ ઉઠે તેમ હરિબળ પણ કાંન્તિએ કરી દીપી ઉઠયો. અંજનસિદ્ધની પેઠે તત્કાળ ચિતામાંથી નિકળીને અદૃષ્ય થકો એકાંતે રહ્યો, અને રાત પડી એટલે પોતાને ઘેર આવ્યો, હરિબળને દેખીને તેની બંન્ને સ્ત્રીઓ હર્ષવંત થઇ; અને વિસ્મય પામી પોતાના આત્માને ધન્ય માની અમૃતના તુંબડામાંહીથી અમૃત છાંટયું, તેના પ્રભાવે કરી હરિબળનું શરીર ઇંદ્રના સરખું થયું. પુન્યના ઉદયથી શું ન બને ? પુન્યવંત પુરૂષને દુર્જન લોક દુઃખના સમુદ્રમાં નાંખે તેજ સુખનો સમુદ્ર થાય. જેમ અગરને દેવતામાં નાંખીએ તો ઉલટી સુગંધના પ્રસરે, તેમ પુન્યવંતને આપદા તે સંપદારૂપ થાય.

હવે હરિબળ પોતાની બે પ્રિયા સાથે પ્રેમઆલાપ કરે છે, તેવામાં રાજા કંદર્પજ્વરે પીડયો થકો અત્યંત મદોન્મત થઇને હરિબળના ઘરને વિષે આવ્યો; રાજાને આવતો જોઇને બંન્ને સ્ત્રીઓ હરિબળને કેહેવા લાગી કેઃ—હે સ્વામિ ! તમે ઘરમાં ગુપ્ત રહીને અમારી બંન્ને જણની ચતુરાઇ તથા કળા પણ જુવો કે સ્ત્રીઓ શું કરે છે ? સ્ત્રીઓનું બોલવું સાંભળી હરિબળે પણ તેમ કર્યું. જેવારે રાજા આવ્યો એટલે તે બંન્ને સ્ત્રીઓએ રાજાને આદર સન્માન તથા આસન આપવાદિક સર્વ કાર્ય સાચવી રાજાને પુછયું:—હે સ્વામિ ! આ અવસરે આપને આંહિ આવવાનું શું પ્રયોજન હતું ? સ્ત્રીઓનું બોલવું સાંભળી રાજા ગાંડાની પેઠે હર્ષનો અતિશય ઉલ્લાસ

પામતો કહેવા લાગ્યો:—હે કામનિયો ! તમેશું નથી જાણતીયો જે હું તમને મારે ઘેર તેડી જવા આવ્યો છું? માટે ચાલો પધારો. રાજાનું વચન સાંભળીને બંન્ને સ્ત્રીઓ કહેવા લાગી:—હે રાજન્ ! એ તારૂં બોલવું ઉચિત નથી, તું સેવકજનનો બાપ સરખો છે, જે લોક અનર્થ કરતા હોય તેને તું વારી રાખે, તો તું પોતેજ અનર્થ કરે છે તો તુજને કોણ વારે ? પરસ્ત્રી દેવતાની સ્ત્રી સરખી સ્વરૂપવાન હોય તોપણ શીઘ્ર પરહરવી ! તેમાં વળી સેવકની સ્ત્રી તો પુત્રીની પેઠે તથા પુત્રવહુની પેઠે ગણીને વિશેષે છાંડવી જોઇએ, રાજા જે છે તે પ્રજાને અન્યાય કરતાં દેખી દંડ કરીને વારી રાખે, પણ જેવારે રાજા પોતેજ અન્યાય કરે તે વારે તેને કોણ વારવા સમર્થ થાય ? જે ચોકી કરે તેજ ચોરી કરે; જે વળાવીઆ હોય તેજ ધાડી થઈને સંઘને લુટે; પાણી થકી જેવારે અગ્નિ ઉઠે, સુર્ય થકી જેવારે અંધકાર વ્યાપે, તેવારે શો ઉપાય થાય ? તે માટે તુજને આ શી ઘેલછા થઇ છે જે તું અમારી વાંન્છના કરે છે ? આ તારી વર્તણુંકથી અમારા પ્રાણ જશે તો જવા દેઇશું, પણ અમે અમારા શિળને મલિન કરવા દેઇશું નહીં.

કહ્યું છે કે:—

वरंशृंगोत्तुंगाद्गुरु शिखरिणःक्वापिविषमे ।
पतित्वायंकायःकठिनदृषदंतर्विदलितः ॥
वरंन्यस्तोहस्तःफणिपतिमुखेतीक्ष्णदशने ।
वरंवह्नौपातस्तदपिनकृतःशीलविलयः ॥१॥

ભાવાર્થ:—ઉંચાં છે શિખર તે જેનાં એવા મોટા જે પર્વત તેના વિષમ પ્રદેશને વિષે પડીને આ કાયાને કઠિણ પાષાણ માંહે ફાડી નાંખવી તે શ્રેષ્ટ છે; વળી તીખા દાંતવાળા સર્પના મુખમાં હાથ ઘાલવો તે શ્રેષ્ટ છે, તથા અગ્નિને વિષે પડવું તે શ્રેષ્ટ છે, પણ શિળનો ભંગ કરવો તે શ્રેષ્ટ નથી.

તે કારણ માટે હે રાજન્! અત્યંત કટુક વિપાક છે જેના, એવા પરસ્ત્રી સંભોગના પાપ થકી તું વિરામ પામ.

વળી કહ્યું છે કે:--

सुकृतेमत्यपिकर्मणि, दुर्गतिरेवांतरोभियं ॥
हरतिरैश्चर्यमुक्तोऽपिहि, दीपशिखांहरविवातात्री ॥१॥

ભાવાર્થ:--જેમ દીવાની શિખાને તેલ પહોંચે છે તોપણ તેને વાયરો હણી નાંખે છે, તેમ મનુષ્યને સુકૃતરૂપ કર્મ છતાં પણ વચમાં અન્યાય આવીને તેની લક્ષ્મીને હણી નાંખે છે.

માટે હે રાજન્! માંગલિકને અર્થે અન્યાયમાર્ગ છાંડવો ને ન્યાય માર્ગે વર્તવું, કારણ કે જે ન્યાયમાર્ગ છે તે સર્વ સંપદાનું મૂળ છે.

કહ્યું છે કે:--

द्रुमेषुपानीयमपि, नरेषुमदनेमनः ॥
विद्याभ्यासमनन्यायः, श्रियामायुःसकीर्तिनम् ॥१॥
श्रुतेनतु बुद्धिःसुकृतेनविज्ञता, मदेननारीसलिलेननिम्नगा ॥
निशाशशांकेनधृतिःसमाधिना, नयेनचालंक्रियतेनरेंद्रता॥२॥

ભાવાર્થ:--વૃક્ષને વિષે પાણી, પુરુષને વિષે શૂર, કામને વિષે મન, વિદ્યાભ્યાસમાં ન્યાયનું જાણવું, લક્ષ્મીને વિષે પુણ્ય આયુ શોભાકારી છે જ્ઞાને કરી બુદ્ધિ શોભે છે. સુકૃતપણે નિપુણતા શોભે છે, કંદર્પે કરી સ્ત્રી શોભે છે, જળે કરી નદી શોભે છે, ચંદ્રમાએ કરી રાત્રી શોભે છે, સમાધિપણે સંતોષ શોભે છે, અને ન્યાયે કરી રાજા શોભે છે.

એવી રીતે હરિબળની સ્ત્રીઓએ નવનવી યુક્તિયોએ કરીને રાજાને સમજાવ્યો, પણ જેમ અનિદ્ર તાવમાં ઔષધ મિથ્યા જાય તેમ રાજા સમજ્યો નહિ. હવે રાજા કંદર્પની પીડાએ પીડાણો થકો કહેવા લાગ્યો:--હે પ્રિયાઓ! હું "રાંક છું" તમને આદરથી જાચી પ્રાર્થના કરૂં છું તોપણ તમે નથી આનંદી

યો; પણ હવે તમારો ભરથાર જીવતો આવે એવી આશા તમારે કરવીજ નહીં. તમારે વાસ્તે મેં તેને બાળી ભસ્મ કર્યો છે; એટલા માટે તમે મુજને જલદીથી સ્વામિરૂપ માનો. તમારા સુખ દુઃખનો હેતુ હવે હું છું, અને તમે મારે વશ છો; જો તમે મારૂં કહ્યું નહીં માનો તો બળાત્કારે પણ તમને ગ્રહણ કરીશ. હું તમારા ઉપર આશક થયો છું, માટે તમો તમારી ઇચ્છાએ મારી પાસે આવો તો બહુજ સારૂં છે, જેથી તમારે ને મારે મોટો સ્નેહ થશે.

એવાં રાજાનાં વચનો સાંભળી શ્રીમતી ક્રોધ કરી કહેવાલાગી: ધિક્કાર હો તને કે જે મારે બાપની પેઠે કડવાં વચનો નિર્લજ્જ થઈ પણ કામમાં નિપુણ થઈ આમ બોલે છે? માટે એ પાપી! અમારાથી દૂર રહે! નહીં તો તું તારા એવા પાપનું ફળ તુરતજ પામીશ!!

શ્રીમતીનાં એવાં કડવાં વચનો સાંભળીને જેવામાં રાજા બળાત્કાર કરવા જાય છે, તેવામાં તો કુસુમશ્રીએ તરત વિદ્યાના બળે કરીને રાજાને ચોરની પેઠે આકાશ ભણી ઉછાળી ફરીને બાંધીને જેમ તેના દાંત તૂટી પડે તેવી રીતે ધરતી ઉપર તેને પાછો નાંખ્યો, તેથી તેજ વખત રાજાના દાંત પણ પડી ગયા. આકાશ પાતનું જીવન તથા દાંતનું પડવું તે બે બાબતથી જે પોતે દિલગીર થઈ તેવું કરીને દુઃખની અવસ્થાને પ્રાપ્ત થયો, એવો રાજા અત્યંત મૂર્ખની પેઠે હાયે હાયે આક્રંદ કરવા લાગ્યો. તે વખતે રાજાના મુખમાંથી લોહીનું પડવું, આક્રંદ કરવું, દાંતનું પડવું, ઇત્યાદિક અવસ્થાએ કરી તરૂણ છતાં પણ અનુક્રમે વૃદ્ધપણુંજ પામ્યો હોય નહિ એવો દેખાવા લાગ્યો. વળી કરી જેમ કોઈ સાપ ખેરવવાને કરડતો છતાં પોતાની મૂછ પૂંછડી પણ નાશ કરી નાખે તેમ રાજાને થયું.

હવે દીનદશાપણું પામે કરીને આક્રંદ કરતા એવા રાજાને દેખીને દયાના સ્વરૂપ શ્રીમતીને દયા ઉપની, તેથી તે એમાંથી કુસુમશ્રીએ રાજાને કહ્યું કે:—હે પાપી! તું પાપને વિષે

તત્પર છે, તોપણ અમે અપાર દયાયે કરીને કોમળ છીએ તેથી આ લોકના દુઃખથી મુક્ત કરવા માટે અમે તને બંધનથી મુકીએ છીએ, પણ પરભવને વિષે એ પાપકર્મે કરીને વારંવાર તું નરકાદિકમાં જઇશ તે દુઃખથી અમે મુકાવવાને સમર્થ નથી; માટે હવે ફરીથી તું એવું કામ કરીશ નહીં. એમ કહી જલદીથી કુસુમશ્રીએ વિદ્યાને બળે કરીને રાજાને બંધનથી મુક્ત કર્યો. રાજા શીઘ્રપણે સ્વસ્થ અંગ કરી સાવધાન થઇ પૃથ્વી ઉપર બેઠો થકો કહેવા લાગ્યો કેઃ—હરિબળની સ્ત્રીઓના પ્રસાદ થકી શું દુષ્પ્રાપ્ય થાય છે! અર્થાત્ સર્વ પ્રાપ્ત થાયજ, અને દુઃખ પણ હણે. એમ કહી અતિશયપણે બહુ શોચ કરતો થકો કાંઇક પોતાની આંખો ઢાંકીને મંદમંદ ગતિએ રાજા તિહાંથી નિકળ્યો, અને માર્ગમાં ઘણો પશ્ચાતાપ કરવા લાગ્યો કેઃ-અરે! હું ઘણો વગોવાણો! એમ વિચારતો ગુપ્તપણે પોતાને ઘેર આવ્યો. ઘેર આવી બાહ્યસુખના આપનારા એવા અનેક ઉપાય કરીને રાત્રિ નિર્ગમન કરી. પ્રભાતે દાંત જવાથી લજ્જા પામતો થકો કાંઇક મિષ કરી મુખ ઢાંકી રાજસભામાં આવી બેઠો, અને છાની રીતે પોતાની સર્વ હકીકત મંત્રીને કહી; તેથી મંત્રીએ પણ સર્વ સમાચાર જાણ્યા; તેવારે એમ તત્વનો જાણ પુરૂષ સંસારનું સ્વરૂપ વિચારે, તેમ મંત્રી પણ વિચારતો થકો કાંઇક ભય, કાંઇક કૌતુક, અને કાંઇક કરૂણા એ ત્રણ વાનાં સમકાળે પામ્યો.

હવે હરિબળે પોતાની સ્ત્રીઓનું કરેલું અત્યંત વિચિત્ર ચરિત્ર જોયું, તેથી પોતાના ઘેરથી રાજાના ગયા પછી સ્ત્રીઓ પ્રત્યે કહેવા લાગ્યો કેઃ—તમારે અઘટિત કાર્યના કરનાર રાજાને એમજ કરવું ઉચિત હતું; કારણ કે મુર્ખ હોય તે આસ્ફાલ્યા વિના અને અરહો પરહો કર્યા વિના પાધરો થાયજ નહિં! એમ હીણો સારથી રથને કુમાર્ગે ચલાવે તેમ કપટી મંત્રીએજ રાજાને દુર્બુદ્ધિ દેઇને કુરસ્તે ચલાવ્યો.

કહ્યું છે કેઃ—

नृपतिर्नरश्चनारी,तुरंगहंत्रीचशास्त्रमथशस्त्रं ॥
पात्रस्यापात्रस्ये. स्यातामेवांपरायत्ते ॥१॥
वल्लीनरिंदचित्तं, वक्खाणंपाणियंचमहिलाओ ॥
तच्छयंतिजंतिपवा, वच्छयधुत्तेहिंनिज्जंति ॥२॥

ભાવાર્થઃ--રાજા, પુરૂષ, સ્ત્રી, અશ્વ, વીણા, શાસ્ત્ર તથા શસ્ત્ર એટલાનું સુંદરપણું અને હીનપણું તે સઘળું પરને વશ હોયછે, એટલે જેવા તેને સામગ્રી મળે તેવી તે શોભા પામે વળી વેલડી, રાજા, મન, વ્યાખ્યાન, પાણી અને સ્ત્રીઓ એટલા જન જ્યાં સુધી ધુર્ત નથી મળ્યા ત્યાં સુધી પોતાને માર્ગે ચાલે અર્થાત્ તે સર્વ નિચ જનની સોબતે હિનપણાને પામે છે, તથા ઉત્તમની સંગતિથી ઉત્તમપણું ભજે છે. તેમ દુષ્ટ મંત્રીએ એ રાજાને કષ્ટમાં નાંખ્યો છે; માટે પ્રથમ તે પ્રધાનનો કાંઇક ઉપાય કરવો યુક્ત છે. જ્યાં સુધી એ દુષ્ટ પરિણામી મંત્રી જીવતો હશે ત્યાં સુધી તે પોતાની પ્રકૃતિ મુકશે નહીં. માટે અન્યાયકારક એ પ્રધાન હણવા યોગ્ય છે. કહ્યું છે કે:--દુષ્ટને દમવો અને ભલા જનની પ્રતિપાલના કરવી એ ન્યાય માર્ગ છે. એટલા માટે તે પ્રધાનનો નિગ્રહ કરવાને કાંઇક કપટ રચના કરવી. એ મંત્રીનું કરેલું કપટ છે, તેજ માર્ગે આપણને ચાલવું યોગ્ય છે; કારણ કે કપટીને તો કપટથીજ વશ કરવો.

કવિ પણ કહે છે કે:—

व्रजंतितेमूढधियःपराभवं, भवंतिमायाविषुयेनमायिनः ॥
प्रविश्यहिघ्नंतिशठास्तथाविधा,नसंवृतांगान्निशिताइवेषवः॥१॥

ભાવાર્થઃ—જે કપટી પુરૂષને વિષે કપટપણું નથી કરતા, તે મુર્ખ બુદ્ધિના ધણી પરાભવ પ્રત્યે પામે છે, અને તે પુરૂષના હૃદયમાં પ્રવેશ કરીને તેને હણે છે, તેની ઉપર દ્રષ્ટાંત કહે છે:-

જેમ તીક્ષ્ણ બાણો, જેણે બખતર પ્રમુખ પહેર્યું નથી એવા પુરૂષના હૃદયમાંહે પેશીને પ્રાણ લે છે. વિચાર કરનારાનો

વિચાર ચાર કાનથી થાય છે, તો સઘળે પ્રશંસવા યોગ્ય થાયછે; અને જો છ કાને થાય તો વળી ખરાબ પ્રશંસનીય થાય છે. સિદ્ધપણાને આપે છે.

પછી તે છ કાનનો મંત્ર કરવાને અર્થે હરિબળે સમુદ્ર દેવતાને સંભાર્યો; એટલે દેવતાને સંભાર્યા કે તરતજ દેવે આવીને હરિબળનો અદ્ભુત વેષ બનાવ્યો, અને દેવતા સંબંધી વસ્ત્રાભરણ પેહેરાવીને દિવ્ય સ્વરૂપવાન કર્યો. તેમજ પોતે એક ભયંકર રૂપવાળો યમરાજનો છડિદાર બનાવ્યો, તેને સાથે લેઇને પ્રભાતે હરિબળ રાજસભાને વિષે ગયો; ત્યાં હર્ષસહિત રાજાને નમસ્કાર કરી ઉભો રહ્યો. ઇંદ્રસરખા એવા હરિબળને સ્વર્ગથી આવ્યો દેખીને રાજા તથા સર્વ સભાના લોકો વિસ્મય પામ્યા. રાજા પોતાના અંતઃકરણમાં વિચાર કરવા લાગ્યો કેઃ—

ધિક્કાર છે પાપસહિત મંત્રીના વચનને કે જે મારે મેં આ હરિબળને સાક્ષાત્ બાળીને રાખ કર્યો હતો તે કયાંથી આવી ઉભો રહ્યો.

હવે રાજા હરિબળને પુછે છે જે તું યમરાજાના ઘરથી આંહીં કેમ આવ્યો? અને તારી સાથે આ પુરૂષ કોણ છે? એમ પુછવાથી હરિબળ કહેવા લાગ્યો કેઃ—હે રાજન! જેવો હું ચિતામાં પડીને બળી ભસ્મ થયો, તેવોજ યમરાજાના દરબારમાં ગયો; ત્યાં યમરાજાના કિંકરે મારો સર્વ વૃત્તાંત યમરાજાને કહ્યો. કિંકરના મુખથી મારો વૃત્તાંત સાંભળી યમરાજાએ મારી ઉપર તુષ્ટમાન થઇને મને તરત જીવતો કર્યો, તે યમરાજાના પ્રભાવથી મારૂં અતિ અદ્ભુત રૂપ થયું એક [illegible] સત્ય તે એ થકી શું દુર્લભ છે? સત્યવંતના [illegible] થયેલા દેવતા થકી સત્પુરૂષને મનોવાંછિત [illegible] યજ. હવે યમરાજાએ મારાથી કહેવાય [illegible] મનને પણ અગોચર એવી 'બાત' બાતની [illegible] પણ હું કંઇ લેઉં ને કંઇ ના લેઉં [illegible]

ભુલી જઉં, બીજી જોઉં ત્યાં ત્રીજી ભુલી જઉં, ને ત્રીજી જોઉં ત્યાં તો વળી ચોથી ભુલી જઉં ! એવો હું થઇ ગયો. વળી હે રાજન ! અંહંકારે કરીને ઇંદ્રની નગરીને છતે એવી સંયમની નામે યમરાજાની નગરી છે, ત્યાં ધર્મરાજા રાજ્ય કરે છે, તેમાં પુન્યવંત લોક વસે છે, તેની તેજસ્વી એવે નામે શુભકારી સભા છે, તે સભામાં તામ્રચુડ એવે નામે કડવર છે, તે લેખણ શાહી, અને પુસ્તકને ચાર હાથને વિષે ધરે છે, ઇંદ્રાદિક સકળ દેવતાઓ પણ તે ધર્મરાજાની સેવામાં સાવધાન રહે છે, વિષ્ણું બ્રહ્મા અને મહેશ તે પણ યમરાજાને સંતોષ રાખવા માટે ઘણું કષ્ટ સહે છે, પરમયોગીંદ્ર સરખા પણ એની બીકથી યોગાભ્યાસને ભજે છે, ત્રણ લોક જે છે તે તેનો વનની પેરે સત્કાળ કરે છે, મોહા અંધકારના નાશનો પ્રસવનાર એવો સુર્ય તેનો પિતા છે, તથા સંજ્ઞાવંત જે જીવમાં મુખ્ય એવી સંજ્ઞાવતી નામે તેમની માતા છે, ને શનિશ્ચર એવે નામે ભાઇ છે, જે યમની પેઠે જગતને વિષે અતિ દુઃસહ છે, તથા શ્યામ છે તોપણ ભુલોકને પવિત્ર કરનારી એવી યમુના નામે તેની એક બેન છે સર્વને દ્વેષકારી ધુમ્રમુખી એવી કુપાર્શ્વા નામે તેની પટરાણી છે, મરણ પામેલાને ઉપાડવાને ઉત્તમ અને ધીર પુરૂષોને ખધને વિષે યોગ્ય (એટલે જગતમાં જેને લોકો ઠાઠડી કહે છે તે) તેનું વાહન છે, ત્રણ જગતના લોક જેને ઘણો આદર આપે છે એવો વૈદ્યુત એવે નામે તેનો પરોણીયો છે, ચંડ અને મહાચંડ એવે નામે બે તેના દાસ છે, ચિત્રગુપ્ત નામે તેને લેખક છે, જે ત્રણ લોકના જનનું રૂડું તથા માઠું કર્મ બેઠો બેઠો લખે છે, એવી ઋધ્ધિનો ધણી યમરાજા રૂઠયો થકો કલ્પવૃક્ષ સરખો છે, તે રૂઠયો તો યમ તે યમજ છે. એમ લોક પણ કહે છે.

કહ્યું છે કેઃ—

यस्मिन्दृष्टे भयं नास्ति, तुष्टे नास्ति धनागमः ॥
निग्रहानुग्रहो नास्ति, स मानः किं करिष्यति ॥१॥

ભાવાર્થ—જેને રૂઠે થકે ભય ન હોય, અને જેને તુઠે થકે ધનનું આગમન ન થાય, જેને નિગ્રહ અને અનુગ્રહ એ બેઉ નથી તે ઉત્પન્ન થઈને શું કરશે ? તેથી કાંઇ ન થાય.

એવી યમરાજાની ઋદ્ધિ દેખીને મેં મારી દૃષ્ટિને સફળ કરી માની. લોક પણ એમ કહે છે કે ઘણું જીવીએ તો ઘણું દેખીએ,

હવે હે રાજન્! મેં યમરાજાને ઘણી યુક્તિએ કરીને આપના નોતરાની નિમંત્રણા કરી, તેવારે યમરાજા મારા ઉપરપ્રિતી લાવી કહેવા લાગ્યા કેઃ—રાજાનો અતિ આદર છે, તો હું આવીશ; પણ એક વાત તને કહું છું જે તારો રાજા મારો મિત્ર છે, મારો સુરક્ષી છે, મારે તે ઘણી વાત છે, માટે તે જો તેના કુટુંબ પરિવાર તથા મંત્રી પ્રમુખ સકળ સેનાસહિત મારી પાસે આવે તો હું તેની ભક્તિ કરૂં! એવી મને હોંશ છે. તે માટે યમરાજાએ મને વારંવાર ઘણું કરીને કહ્યું છે કે, તું એક વાર મારા મિત્રને કુટુંબસહિત મારી પાસે જરૂર મોકલ જે. એમ કહીને મને દિવ્ય અલંકાર તથા વસ્ત્રાદિક આપીને ઘણા આદરસહિત ઘણી દિવ્યરૂપની ધરનારી એવી અનેક દેવાંગનાઓ પરણાવવા માંડી, પણ તે પરણવા મેં ના કહ્યું; તેવારે યમરાજાએ છેવટે કહ્યું કે, એમાંથી એક કન્યાનું તમે પાણિગ્રહણ કરો કે જેથી હું કૃતાર્થ થાઉં. તોપણ મેં તેમને કહ્યું કે, મારે એકેનો પણ ખપ નથી. માત્ર મારા સ્વામિનું વિવાહ સંબંધી કારણ છે માટે તમને તેડવા સારૂ આવ્યો છું; તમે તે દેવાંગનાઓ રાજા તથા પ્રધાનને દેશો એટલે મારે સંતોષ છે; કારણ કે એ કન્યા તેમનેજ યોગ્ય છે. વળી શત્રુએ કરેલા બંધનને વિષે, વધને વિષે, યુદ્ધને વિષે, દોડ લેવાને વિષે, ઘરને વિષે, ઉત્સવને વિષે, જ્યાં જ્યાં સેવક કષ્ટ ભોગવે તે કષ્ટનું સઘળું ફળ સ્વામીને હોય. એવું મેં કહ્યું. ત્યારે યમરાજા બોલ્યા જે તું રાજા પ્રમુખને અહીંઆં ઉતાવળો મોકલ; એમ કહી ઘણું માન દેઇ મને વિદાય કર્યો, અને તમને તેડવાને માટે તથા મને માર્ગ દેખાડવાને તથા તમારા બહુ માનને અર્થે વૈદુત નામે

રતો થકો તે પ્રધાને છડીદાર દેવતાની સાથે વિકાળ એવી અગ્નિમાં ઝંપાપાત કર્યો, પડતવેંતજ બળી ભસ્મ થઇ ગયો. એવી રીતે તે પાપબુધ્ધિનો ધણી પ્રધાન પોતાના મનોરથે યમરાજાના ઘરને વિષે મોટે કષ્ટે ગયો.

હવે રાજા પણ રંગ સહિત પતંગની પેઠે અગ્નિમાં પડવા જતો હતો, તેટલામાં કરૂણાવંત જે હરિબળ તેણે રાજાનો હાથ ઝાલી રાખી પડવા ન દીધો; તેવારે રાજા કહે છે જે તું કાં મુજને અંતરાય કરે છે? એવું સાંભળી હરિબળ રાજાને કહેવા લાગ્યો કે: –હે રાજન્! હું જે તમને કહું તે સ્વસ્થ થઇને સાંભળો. જે અણવિચાર્યું કાર્ય કરે છે તેને આ લોકે અને પરલોકે અત્યંત અનર્થ થાય છે, માટે જે નિપુણ હોય તેણે રૂડી રીતે જોઇ વિચારીને કામ કરવું. હે સ્વામી! યમને ભળવાની વાત સાચી ના જાણો. તમે કયાંઇ પણ મુવા જીવતા થયા, એવું સાંભળ્યું છે? મૃત્યુ પામ્યો તેને દેવતા પણ જીવાડવાને સમર્થ નથી તો વળી બીજા તો કયાંથીજ હોય! આ સઘળું મેં નિપુણતાનું કપટ પ્રગટ કીધું છે, કારણ કે કુબુધ્ધિ એવો મંત્રી તેણે કુડો પ્રપંચ રચના કરીને વારંવાર પ્રાણાંતકષ્ટમાંહે મુજને નાંખ્યો હતો, તેમજ તમને પણ દુઃખમાંહિ નાંખ્યા, તમારા દાંત પડાવ્યા, તેની તમોને મોટી વેદના થઇ. ઇત્યાદિક હે રાજન્! તે પાપીએ મહા દુઃખ દીધું, તુમ સરખા પ્રાણીને દુર્બુધ્ધિ દીધી, તમ જેવા સજ્જનને પરદ્રોહ, પરસ્ત્રીના લાલચી કર્યા; કારણ કે દુષ્ટ મંત્રીથી રાજા દુઃખ પામે, સુમંત્રીથી રાજા સુખ પામે, એટલા માટે કપટરચના કરીને દુષ્ટ પ્રધાનને મેં અગ્નિમાંહે નાંખી ભસ્મ કર્યો છે. કહ્યું છે કે,—વ્યાધિ અને વૈરી એ બે નાના હોય ત્યાંથીજ છેદવા પણ વધવા દેવા નહીં. તમે તો મારા સ્વામિ છો, માટે હું તમને અગ્નિ માંહે કેમ પડવા દઉં! જે માટે કહ્યું કે:—સ્વામીનો દ્રોહ કરવો તે મોટું પાપ છે. બીજાનો પણ કરેલો દ્રોહ દુઃખના સમુદ્રને પમાડે છે; તો મિત્ર, સ્વામી અને ગુરૂનો દ્રોહ કર્યાથી મહા દુઃખ પામી-

એ, એમાં તો શું આશ્ચર્ય છે ? એવી વાણી હરિબળના મુખ થકી સાંભળીને રાજા અત્યંત શંકા પામ્યો, અને લાજ્યો. પછી વિચાર કરવા લાગ્યો કેઃ—અહા ! એ હરિબળ મારૂં સઘળું દુચેષ્ટિત જાણે છે ! એમ વિચારી રાજા તેજ વેળાએ ઘણી લજ્જાથી નિચું મુખ કરી શુંન્ય મન થકો ઉભો રહ્યો. જાણે મુડો આવી હોય નહીં ! એવો થઇ ગયો.

પછી હરિબળે મીઠા વચનરૂપ ઔષધે કરી રાજાને સમજાવી તેનું દુઃખ કાપ્યું, રાજા પણ હરિબળના મુખ થકી દેવતાનું સાનિધ્ય અને તેનું અદ્‌ભુત ચરિત્ર સાંભળીને વિસ્મય પામ્યો થકો મસ્તક ધુણાવતો હવો, અને મનમાં વિચારવા લાગ્યો કે એવો મોટો અપરાધ કરનાર જે હું તેને આ મોટી શક્તિના ધણીએ બળવા દીધો નહિ ! વળી એ મહા સામર્થવાન છતાં એણે મારૂં રાજ્ય પણ ના લીધું ! ને હું અસમર્થ તે એની લક્ષ્મી લેવાને ઉજમાલ થયો; એટલા માટે હું અધમમાં અધમ છું. આ પરમઉપગારીના ઋણમાંથી હું કયારે છુટીશ ! ઇત્યાદિક તે હરિબળની પ્રશંસા તથા પશ્ચાતાપ અને પોતાના આત્માની નિંદા કરતો ભવથી ઉદ્વેગ પામ્યો થકો પછી ચારે અને પણ રૂપે રાજા પોતાને ઘેર આવ્યો. તથા યમરાજાને ઘેર જવાની નિઃસ્પૃહતાએ કરી વિસ્તાર પામ્યો છે શોક તે જેને એવા થયા લોકો તે સર્વે કૌતકવંત એવું જે હરિબળનું ચરિત્ર તેનું વર્ણન કરતા થકા પોતાને ઘેર ગયા; ત્યાં તેજ અકસ્માત નિમિત્ત કારણ, પામે થકે તે રાજાને વૈરાગ્ય ઉપન્યો.

હવે રાજાએ પોતાનું દેવું વાળવા માટે હરિબળને પોતાની બેટી પરણાવી અને પોતાનું રાજ્ય શુભમુહુર્તે આપી પોતે પુર્વેના દુષ્કૃત ક્ષય કરવાને કાજે સદ્‌ગુરૂ પાસે જઇ દીક્ષા લીધી, દીક્ષા લઇ, મોક્ષ પ્રત્યે ગયો.

હવે કંચનપુરના રાજાએ પોતાની પુત્રી નાશી ગયાનું વૃત્તાંત જાણી ચોતરફ દેશોદેશ ખબર કરાવી; તેવારે પથી જનના મુખથકી હરિબળનું વૃત્તાંત સાંભળ્યું, તેથી અતિ

રતો થકો તે પ્રધાને છડીદાર દેવતાની સાથે વિકાળ એવી અગ્નિમાં ઝંપાપાત કર્યો, પડતાંવેંતજ બળી ભસ્મ થઇ ગયો. એવી રીતે તે પાપબુધ્ધિનો ધણી પ્રધાન પોતાના મનોરથે યમરાજાના ઘરને વિષે મોટે કષ્ટે ગયો.

હવે રાજા પણ રંગ સહિત પતંગની પેઠે અગ્નિમાં પડવા જતો હતો, તેટલામાં કરૂણાવંત જે હરિબળ તેણે રાજાનો હાથ ઝાલી રાખી પડવા ન દીધો; તેવારે રાજા કહે છે જે તું કાં મુજને અંતરાય કરે છે? એવું સાંભળી હરિબળ રાજાને કહેવા લાગ્યો કેઃ –હે રાજન્! હું જે તમને કહું તે સ્વસ્થ થઇને સાંભળો. જે અણવિચાર્યું કાર્ય કરે છે તેને આ લોકે અને પરલોકે અત્યંત અનર્થ થાય છે, માટે જે નિપુણ હોય તેણે રૂડી રીતે જોઇ વિચારીને કામ કરવું. હે સ્વામી! અમને મળવાની વાત સાચી ના જાણો. તમે કયાંઇ પણ મુવા જીવતા થયા, એવું સાંભળ્યું છે? મૃત્યુ પામ્યો તેને દેવતા પણ જીવાડવાને સમર્થ નથી તો વળી બીજા તો કયાંથીજ હોય! આ સઘળું મેં નિપુણતાનું કપટ પ્રગટ કીધું છે, કારણ કે કુબુધ્ધિ એવો મંત્રી તેણે કુડાં પ્રપંચ રચના કરીને વારંવાર પ્રાણાંતકષ્ટમાંહે મુજને નાંખ્યો હતો, તેમજ તમને પણ દુઃખમાંહિ નાંખવા, તમારા દાંત પડાવ્યા, તેની તમોને મોટી વેદના થઇ. ઇત્યાદિક હે રાજન્! તે પાપીએ મહા દુઃખ દીધું, તુમ સરખા પ્રાણીને દુર્બુધ્ધિ દીધી, તમ જેવા સજ્જનને પરદ્રોહ, પરસ્ત્રીના લાલચી કર્યા; કારણ કે દુષ્ટ મંત્રીથી રાજા દુઃખ પામે, સુમંત્રીથી રાજા સુખ પામે, એટલા માટે કપટરચના કરીને દુષ્ટ પ્રધાનને મેં અગ્નિમાંહે નાંખી ભસ્મ કીધો છે. કહ્યું છે કે,–વ્યાધિ અને વૈરી એ બે નાના હોય ત્યાંથીજ છેદવા પણ વધવા દેવા નહીં. તમે તો મારા સ્વામિ છો, માટે હું તમને અગ્નિ માંહે કેમ પડવા દઉં! જે માટે કહ્યું કેઃ–સ્વામીનો દ્રોહ કરવો તે મોટું પાપ છે. બીજાનો પણ કરેલો દ્રોહ દુઃખના સમુદ્રને પમાડે છે; તો મિત્ર, સ્વામી અને ગુરૂનો દ્રોહ કર્યાથી મહા દુઃખ પામી-

એમ નિરંતર નિયમની અનુમોદના કરતો થકો નિયમને વિસારતો નથી.

એક દિવસ હરિબળ પોતાના હૃદયમાં વિચારે છે કે, જે ગુરૂની દેશનારૂપ અમૃતથકી જાણું છું જે મુજને દેવતા સરિખી લક્ષ્મી પણ દાસી જેથ રહી છે, તેવા ગુરૂ જો અહિંઆં પધારે તો પુછું, ને વળી કૃતાર્થ થાઉં! જન્મ સફળ કરી માનું! એવું જ્યાં વિચારે છે તેવામાં જાણે હરિબળના ધ્યાનના આકર્ષ્યા વકાજ આવ્યા ન હોય! તેમ તે ગુરૂજી પધાર્યાની વનપાળકે આવીને વધામણી આપી તે સાંભળી રાજા હર્ષવંત થયો થકો વનપાળકને વધામણી આપી મોટા આડંબરે કરી ગુરૂ પાસે જઈ વાંદીને તેમના મુખથી ધર્મ દેશના સાંભળવા લાગ્યો:—

ગુરૂની દેશના સાંભળીને મુદિત થકો વિનતી કરવા લાગ્યો કે:—હે પુન્યનિધિ! તમારા પ્રસાદથકી હું તત્કાળપણે અદ્ભુત લક્ષ્મીનો ભોગવનાર થયો; પણ હે મહારાજ! હું તો નિંદા કરવા યોગ્ય છું, અને પાપી છુ, માટે મુજ ઉપર કરૂણા કરો. હે કરૂણાનિધિ! હે દયાના નિધાન! મુજને મોક્ષ પ્રતિ પમાડો. મારૂં હિતપણું તમારા ચિત્તને વિષે ધારો, મુજ ઉપર સંતોષિત કરો, એમ કહેતો હરિબળ ગુરૂને પ્રણામ કરવા લાગ્યો. પછી સુકૃતને વિષે એકાગ્ર રાખતો એવા હરિબળને જોઇ વિચારીને સત્ય વાણીએ કરી ગુરૂ કહેવા લાગ્યા કે:—હે રાજન! તને સત્ય છે, જે તારી બુધ્ધિ એક ધર્મને વિષેજ દૃઢ છે.

કહ્યું છે કે:—

केचिद्रोजनभंगिनिर्भरधियःकेचित्पुरंध्रीपराः ।
केचिन्माल्यविलेपनैकरसिकाःकेचिच्चगीतोत्सुकाः ॥
केचिद्द्यूतकथामृगव्यपादिरात्रृत्यादिचादराः ।
केचिद्वाजिगजोत्सपानरामिकाधन्यास्तुधर्मेरताः ॥१॥

ભાવાર્થ:—કેટલાક અનેક પ્રકારના ભોજનમાં તત્પર છે, કેટલાક સ્ત્રીના ભોગને વિષે તત્પર છે, કેટલાક ફુલની માળા-

ઓમાં તથા શરીરે ચંદન વિલેપન કરવું તેમાં રસીયા છે, કેટલાએક ગીત ગાન સાંભળવાને ઉત્સાહવંત છે, કેટલાએક જુગટું રમવું, આહેડો, મદિરા, નાટક ઇત્યાદિકને વિષે બાંધ્યો છે આદર જેણે એવા છે, કેટલાએક તો ઘોડા, હસ્તી, વૃષભ, મુખપાલ તેના રસિયા છે, પણ ધન્ય છે તેને કે જે ધર્મને વિષે રાતા છે.

હવે તે ધર્મ બે પ્રકારનો છે. તેમાં એક સાધુનો ધર્મ, ને બીજો શ્રાવકનો ધર્મ, તેમાં નિશ્ચે ધર્મનું મૂળ તો જીવદયા જ છે. બાકી જે ધર્મ તે તો સઘળો જીવદયાના વિસ્તાર છે, તે જીવદયાને પાળવાને નિપુણ જે છે, તે સર્વવિરતિ સાધુપણું ભજવાને રતિ કરે છે, તે ચારિત્રવિના દયાનું પાળવું રૂડી રીતે ન થાય; અને જે મનુષ્ય સાધુનો ધર્મ પાળવા સમર્થ નથી, તે ગૃહસ્થ ધર્મ પાળવાને પ્રવિણતા રાખે, તેને સમકિતસહિત શ્રાવકનો દયાધર્મ બારવ્રતરૂપ જીવને રાખવા માટે વીતરાગે કહ્યા છે. લોક પણ લક્ષ્મીને વિષે વિવિધ પ્રકારના ભલા ઉપાય મત્યે શું નથી કરતા? જેમ નાગરવેલથી પાન વેગળાં છે, પણ નાગરવેલ છેદવાથી પાન તુરત સુકાઇ જાય છે, તેમ દયાવિના સઘળો ધર્મ અવશ્ય થોડા કાળમાંહી નાશ પામે છે. એટલા માટે હો! ભવ્યો! બીજું સર્વ છાંડીને દયાધર્મનું જ આરાધન કરો; પ્રમાદ મુકીને દયા ધર્મ આરાધો, એવી ગુરૂની દેશના સાંભળીને હરિબળે પોતાના ગુરૂ પાસેથી સમકિત સહીત શ્રાવકનાં અણુવ્રત આદર્યાં, તેમજ શેષ બીજાં વ્રત પણ યથાશક્તિએ લેઇને પોતાની સ્ત્રીઓ સહિત ઘેર ગયો; જેમ દરિદ્રી કલ્પવૃક્ષને પામે ને હર્ષવંત થાય તેમ હરિબળ શ્રાવકના ધર્મની પ્રાપ્તિ થવાથી હર્ષવંત થયો. પોતાના દેશને વિષે અમારીનો પડહ વજડાવ્યો, ને સાત વ્યસનને છાંડયાં. તે સાત વ્યસન કહેવાં છે? તો કે જે વ્યસનોમાં જગત સર્વ રચી રહ્યું છે, એવાં સાત વ્યસન તે સાત નરકનાં આપનારાં છે, તેને પોતાના દેશમાંથી બહાર કાઢ્યાં. વળી અમ્રતના તુંબડે કરીને ઘણા જગતના જીવના રોગ ટાળીને ઉપગાર કર્યો. ઇત્યાદિક અગણિત પુન્યે કરી, ન્યાય નિ-

પુણ્યનામે કરી ધર્મનું જે એક છત્ર રાજ્ય તેને હરિબળ પાળનો હવો. એવી રીતે જાતથી, કરણીથી, સંગતિથી, કુળમધંદાથી જો પણ એ હરિબળ હલકો હતો, તોપણ જુવો એક દયાધર્મના પ્રતાપથી રાજા થયો; માટે કુળ, જાત વિગેરેનું કાંઇ પણ કારણ નથી.

હવે હરિબળે પોતાની પહેલી સ્ત્રી માછણને તેઓથી શિખામણ દઇને પ્રતિબોધી; પછી સંસારના સુખ ભોગવતાં ઘણો કાળ ગયો, એટલે વળી ગુરૂ સાંભર્યા, તેથી સુસમસમય સરિખો એવો ઘણો ઉત્તમ સમય એ હરિબળને થયે થકે તે અવસરને જાણીને આગમના જાણ એ ગુરૂ તે પણ તે વખતે નગરમાં આવ્યા, તે મોટા પુજનીયનું આગમન સાંભળીને હરિબળ ઘણો ખુસી થતો થકો ચતુરંગિણીસેના લેઇને ગુરૂને વાંદવા ગયો; ત્યાં ગુરૂને વાંદી યથાસ્થિત સ્થાનકે ઉપદેશ સાંભળવા બેઠો. હવે ગુરૂ કહે છે કે:—હે રાજન ! તું જીવદયાથકી આ સર્વ ઋદ્ધિ પામ્યો; એમ એક જીવ ઉગાર્યાથી એટલું ફળ તને થયું; તો જો સર્વ જીવને ઉગારે તો તું મોક્ષનું સુખ પામે. તે સર્વ થકી જીવદયા તો કેવરે પળે ? તો કે જ્યારે ચારિત્ર લીયે ત્યારે પળે. શ્રાવક ધર્મને વિષે તો માત્ર સવાવિશાની દયા કહી છે, પરંતુ સાધુને વીસવસાની દયા કહી છે, તે અધિકાર પુર્વે કહો છે. એટલા માટે તું હવે યતિધર્મ અંગીકાર કર, કે જે થકી દુઃખે જીતીયે એવો જે મોહ તેને હણીને પોતાનું આત્મીક રાજ્ય લે. એવો ગુરૂનો ઉપદેશ સાંભળીને પરમ વૈરાગ્યવંત એવો હરિબળ ઘેર આવીને વડા પુત્રને રાજ્યપાટે સ્થાપી પોતે ત્રણ રાણી સઘાતે દીક્ષા લેઇને સદાકાળ જયણાને વિષે મન જોડીને દુઃકર તપ તપી કર્મ ક્ષય કરીને શાશ્વતાં જીહાં સુખ છે એવા મોક્ષ પ્રત્યે ગયો. એટલા માટે ભો ભવ્યો ! એ જીવદયાને વિષે હરિબળનું ચરિત્ર સાંભળીને વિશેષ પ્રકારે જીવદયા પાળવાને ઉજમાળ થશો તો પરમાત્મિક સુખ પામશો.

ઇતિ શ્રી જીવદયા ઉપર હરિબળમચ્છીની કથા સંપૂર્ણ.

અદત્તાદાન વિરમણવૃત્ત ઉપર.

सुमित्रशेठनी कथा.

મગધદેશના રાજ્યધાની રાજગ્રહી નગરીમાં પ્રસન્નજીત નામે રાજા રાજ્ય કરતો હતો; તેજ નગરમાં સુવ્રતનામા એક વેહેપારી વસ્તો હતો, તેને સુમિત્રા નામની પતિવ્રતા સ્ત્રી હતી, તેને પેટે એક સુમિત્ર નામનો છોકરો હતો, સુમિત્રને દસ બાર વરસનો મુકી તેનો બાપ મ્રત્યુ પામ્યો; પછી દહાડે દહાડે તેમની ભાગતી ચાલી, તેથી સુમિત્રે પરદેશ જઇ નશીબ અજમાવવાનો ઠરાવ કરી પોતાની માતાને આવી પગે લાગી કહેવા લાગ્યો:—હે માતાજી! પરદેશ વેઠયાવિના. નશીબ ખુલતું નથી, માટે પરદેશ જઇ નશીબ અજમાવવા મને આજ્ઞા આપો. તેવારે સુમિત્રા ગળગળી થઇ ગદ્ગદ કંઠે બોલી:—બેટા! તું પરદેશ જાય ત્યારે મારે કોનો આશરો. દીકરીમાં ગણું કે દીકરામાં ગણું તોએ મારે તો તુંનો તુંજ છું. તારા ગયા પછી મારી નજર કોણ ઠારશે. હશે! આપણા નશીબમાં થોડું લખ્યું હશે તો થોડું. પણ મારી આંખ આગળથી મારાથી તને અળગો કરાય નહીં. બેને! આપણા વાડી વજીફા વેચીએ તોએ આપણું પેટ સુખે સુખે પુરાય. માટે બેટા! તું એ ગાંડો વિચાર મુકી દે. ટાઢા લોહીના જે પાંચ પૈસા આપણા નશીબમાં હશે તે મળશે. એવું સાંભળી સુમિત્ર બોલ્યો:—મા! ઘરમાં બેશી રહે કાંઇ સિદ્ધિ નથી. તું કહે છે કે નશીબમાં હશે તે મળશે, પણ નશીબ તે ક્યાંથી આવે? ઉદ્યમ તો પેહેલો જોઇએ. વળી સારી જગ્યાએ ગયા વિના નશીબ ઉઘડતું નથી. તે ઉપર સેહેજ દાખલો બતાવું છું કે:—

એક વખત એક ભિલડી જંગલમાં ગઇ, ત્યાં આગળ તેણે સિંહથી ઘવાએલા હાથીના લમણામાંથી પડેલું લોહીનું ભરેલું મોતી દીઠું; તે મોતી તેણે પાકું બોર ધારી ઉપાડી લી

છું, પણ ત્યારથી એનાં કાળજી લાગવાથી દુઃખી થઈ ગઈ. હવે તાની તો મરજીમાં સારું હતું. પણ મારાથી જવાએ પછી કહું તેથી તેની એ દશા થઇ: એની પેઠે આદરથી તેના ઘણા દુરાચાર હોય પણ મરણ જવાબથી કરે તો તેની દુર્ગતિવાળી જવાય જાય છે. માટે હે માતાજી! નાહક હઠ મૂકી દે, અને પરદેશ જવાની રજા આપો. વળી જ્યારે નસીબમાં ઉદય હશે ત્યારે મળીશું. આવી રીતે કહી સુમિત્ર પોતાની માતા સામું એકી નજરે જોવા લાગ્યો; સુમિત્રા બોર બોર જેવડાં આંસુ પાડતી બોલી:—બેટા! તારો અભય વિચાર છે ત્યારે હું શું વધારે કહું. સુમિત્ર વચમાં બોલી ઉઠ્યો:—માતાજી! તમારે દિલમાં સંપ પણ કરવું આવશ્યક નહીં, હું જે પરદેશ જઉં છું તે સુખની આશાઓથી; માટે દશ ખમાવવા વખતે આશીર્વાદ આપો કે જેથી પ્રવાસ સફળ થાય. ! ! પછી સુમિત્રા ઘરમાં ગઈ, અને એક પોટકી તથા શ્રીફળ, કંકુ અને અક્ષત લાવી કંકુનો ચાંલ્લો કરી ચોખા ચોડી હાથમાં શ્રીફળ આપ્યું. પોટકી આપતી વખતે સુમિત્રને સુમિત્રાએ કહ્યું:—બેટા! તારા બાપ મરતી વખતે કહેતા ગયા હતા કે આ પોટકી તું સુમિત્ર જ્યારે કામકાજના ઘરમાં આવે ત્યારે, અથવા તેને માથે કાંઇ સંકટ આવી પડે ત્યારે આપજો. હવે તું તો પરદેશ જાય છે, માટે મારે તારા બાપનું વચન લોપવું ન જોઇએ, તેથી તું તે સાથે લેતો જા; તારા દિલમાં આવે તેમ તું એનો ઉપયોગ કરજે. પછી સુમિત્ર મળવાવાળાઓને તથા પોતાના આડોશીપાડોશી દોસ્તદારોને વિનય સહિત પ્રણામ કરી તથા પોતાની માતાની સંભાળ લેવા ભલામણ કરી રસ્તે પડ્યો. ચાલતાં ચાલતાં સુમિત્ર એક વડના ઝાડ તળે બપોરી ગાળવા બેઠો, ત્યાં તેને પેલી પોટકી સાંભરી આવી તેથી તેણે તે પોટકી છોડી માંહે શું છે તે જોવાનો વિચાર કર્યો. પોટકીના ઉપર મજબૂત બંધન બાંધેલાં હતાં તે તેણે છોડયાં; અને અંદર જોતાંવેંતજ તે એકદમ સ્તબ્ધ બની ગયો. તેના હર્ષનો પાર રહ્યો નહીં. તેથી તે કહેવા લાગ્યો:—

અદત્તાદાન વિરમણવ્રત ઉપર.

सुमित्रशेठनी कथा.

મગધદેશના રાજ્યધાની રાજગ્રહી નગરીમાં પ્રસન્નજીત નામે રાજા રાજ્ય કરતો હતો; તેજ નગરમાં સુવ્રતનામા એક વેપારી વસ્તો હતો, તેને સુમિત્રા નામની પતિવ્રતા સ્ત્રી હતી, તેને પેટ એક સુમિત્ર નામનો છોકરો હતો, સુમિત્રને દસ બાર વરસનો મુકી તેનો બાપ મ્રત્યુ પામ્યો; પછી દહાડે દહાડે તેમની ભાગતી ચાલી, તેથી સુમિત્રે પરદેશ જઇ નશીબ અજમાવવાનો ઠરાવ કરી પોતાની માતાને આવી પગે લાગી કહેવા લાગ્યો:—હે માતાજી! પરદેશ વેઠયાવિના, નશીબ ખુલતું નથી, માટે પરદેશ જઇ નશીબ અજમાવવા મને આજ્ઞા આપો. તેવારે સુમિત્રા ગળગળી થઇ ગદ્દગદ્દ કંઠે બોલી:—બેટા! તું પરદેશ જાય ત્યારે મારે કોનો આશરો. દીકરીમાં ગણું કે દીકરામાં ગણું તોએ મારે તો તુંનો તુંજ છું. તારા ગયા પછી મારી નજર કોણ ઠારશે. હશે! આપણા નશીબમાં થોડું લખ્યું હશે તો થોડું. પણ મારી આંખ આગળથી મારાથી તને અળગો કરાય નહીં. બીને! આપણા વાડી વજીફા વેચીએ તોએ આપણું પેટ સુખે સુખે પુરાય. માટે બેટા! તું એ ગાંડો વિચાર મુકી દે. દાદા લોહીના બે પાંચ પૈસા આપણા નશીબમાં હશે તે મળશે. એવું સાંભળી સુમિત્ર બોલ્યો:—બા! ઘરમાં બેશી રહે કાંઇ સિદ્ધિ નથી. તું કહે છે કે નશીબમાં હશે તે મળશે, પણ નશીબ તે ક્યાંથી આવે? ઉદ્યમ તો પહેલો જોઇએ. વળી સારી જગ્યાએ ગયા વિના નશીબ ઉઘડતું નથી. તે ઉપર સહેજ દાખલો બતાવું છું કે:—

એક વખત એક ભિલડી જંગલમાં ગઇ, ત્યાં આગળ તેણે સિંહથી મરાએલા હાથીના લમણામાંથી પડેલું મોતીનું ભરેલું મોતી દીઠું, તે મોતી તેણે પાકું બોર ધારી ઉપાડી લી

છું, 'એક અમાત્ય તેના કરવું સાચવાથી દૂર કરી દીધું.' હવે તેની તે મહાદેવ માટે હતું. પણ અજાણ જગ્યાએ પછી કર્યું તેથી તેની એ દશા થઇ; એની પછી આદમી તે ઘણું દુઃખિયાર હોય પણ અજાણ જગ્યાએ રહે તો તેની દુઃખવાની અવધિ થાય છે. માટે હે માતાજી! તમારા હાથ મુકી દો ને મને પરદેશ જવાની રજા આપો. જ્યારે નમીઆ ઘણું હઠ ત્યારે અર્થિયું. આવી રીતે કહી સુમિત્ર પોતાની માતા સામું જોઇ નજરે જોવા લાગ્યો; સુમિત્રા બોલ બોલ જોવાં આંસુ પાડતી બોલી:—બેટા! તારો એમજ વિચાર છે ત્યારે હું શું વધારે કહું. સુમિત્ર વચમાં બોલી ઉઠે:—માજી! તમારે હિમ્મતમાં કંઇ પણ ઓછું આણવું નહીં. હું જે પરદેશ વેઠું છું તે શુભની આશાએજ; માટે હવે દેશ કરવાના વખતે આશીર્વાદ આપો કે જેથી પ્રયાણ સફળ થાય.' ' પછી સુમિત્રા ઘરમાં ગઇ, અને એક પોટકી તથા શ્રીફળ, કંકુ અને અક્ષત લાવી કંકુનો ચાંલ્લો કરી શિખા ધારી હાથમાં શ્રીફળ આપ્યું. પોટકી આપતી વખતે સુમિત્રને સુમિત્રાએ કહ્યું:—બેટા! તારા બાપ મરતી વખતે કહેતા ગયા હતા કે આ પોટકી તું સુમિત્ર જ્યારે સમજણો થાય ત્યારે, અથવા તેને માથે કાંઇ સંકટ આવી પડે ત્યારે આપજે. હવે તું તો પરદેશ જાય છે, માટે મારે તારા બાપનું વચન પાળવું ન જોઇએ, તેથી તું તે સાથે લેતો જા; તારા દિલમાં આવે તેમ તું એનો ઉપયોગ કરજે. પછી સુમિત્ર સગાંવહાલાંને તથા પોતાના આપ્તજન સ્નેહીઓને વિનય સહિત પ્રણામ કરી તથા પોતાની માતાની સંભાળ લેવા ભલામણ કરી રસ્તે પડ્યો. ચાલતાં ચાલતાં સુમિત્ર એક વડના ઝાડ તળે બપોરી ગાળવા બેઠો, ત્યાં તેને પેલી પોટકી સાંભરી આવી તેથી તેણે તે પોટકી છોડી માંહે શું છે તે જોવાનો વિચાર કર્યો. પોટકીના ઉપર અજાયબ બંધન બાંધેલાં હતાં તે તેણે છોડ્યાં; અને અંદર જોતાંવેંત તે એકદમ સ્તબ્ધ બની ગયો. તેના હર્ષનો પાર રહ્યો નહીં. તેથી તે કહેવા લાગ્યો:—

"મારે તો ભાવતું હતું ને વૈદે કહ્યું" એમ થયું. હું પૈસાની ખોળમાંજ હતો, અને વળી આ જવાહીરની સહાયતાથી જોઇતો પૈસો હું મેળવી શકીશ; વળી મોટા વેપારી થઈ ઝાઝ મુકવાની મારી મુરાદ પણ હાંસલ થશે; આવો વિચાર કરતો કરતો તે ઉઠયો, અને ચાલતાં ચાલતાં એક નગરની નજદિક આવી પોહોચ્યો.

રસ્તે જતા આવતા લોકોને પુછવાથી તેને ખબર મળી કે આ શ્રી વેણાતટ નામે બંદર છે, ત્યાં તેણે પેલી પોટકીમાંનાં નાનાં નાનાં જવાહીરો વેચી એક ઝાઝ તૈયાર કર્યું અને બાકીનાં સાત રત્નો કોઇક સારૂં ઠેકાણું જોઈ મુકવાનો વિચાર કર્યો.

શ્રી વેણાતટ નગરમાં ઇંદ્રિદત્ત નામે પુરોહિતની કિર્તી સારી રીતે ઝામી હતી, તે લેવડદેવડમાં ચોખ્ખો તેમજ પ્રમાણિક ગણાતો હતો, તેથી સુમિત્ર પોતાનાં રત્નો તેને ઘેર મુકવાનો વિચાર કરી તેની પાસે આવ્યો, અને કહેવા લાગ્યો:—મહારાજ! આપ લક્ષાધીપતી ગણાઓ છો, અને પાંચ લોકમાં સારા કહેવાઓ છો, હું પણ એક પરદેશી આબરૂદાર શાહુકાર છું, પણ મારે ઝાઝ જોડી પરદેશ જવાનો વિચાર છે, તેથી આપ મારાં આ સાત રત્નો આપને ત્યાં અનામત રાખશો; આવું સાંભળી મહારાજ મલકાતા બોલ્યા:—અમે અમારે ત્યાં કોઇનો અવેજ રાખતા નથી, પણ તમારો આટલો બધા આગ્રહ છે તેથી હું તમને ના કહી શકતો નથી. ભલે મુકી જાઓ. જ્યારે તમે પાછા આવશો ત્યારે હું તમને તમારાં રત્ન પાછાં સ્વાધિન કરીશ; તમારે એ વિશે કાંઇ પણ ફિકર ચિંતા રાખવી નહીં. અમારે અન્યાયની પાઇ પણ હરામ છે. આવું કહી પુરોહિતે સુમિત્રનાં સાત રત્ન લેઇ ઘરમાં મુકયાં અને પોતે તેને વિદાય કરવા ગયો.

બંદર ઉપર બીજા શાહુકારો સુમિત્રની વાટ જોઇ રહ્યા હતા, એટલામાં સુમિત્ર આવી પોહોચ્યો, અને પોતે માહારાજને નમસ્કાર કરી વાહાણમાં ચડી બેઠો, એટલે વાહાણ ચા-

લવા માંડયું. પવન અનુકૂળ હોવાથી તેઓ ક્ષેમ કુશળ સુખ ક્ષુદ્ધિપ આવી પોહોચ્યા, ત્યાં સઘળા શાહુકારોએ પોત પોતાનો માલ વેચી બીજો માલ ખરીદ કરી ચાલવા માંડયું; પણ સુમિત્ર તો ત્યાંજ દુકાન માંડી અને વેપાર ધમધોકાર ચલાવવા માંડયો. વાત કરતાં વખત વહી ગયો, અને ત્રણ ચાર વર્ષ થઇ ગયાં. હવે તેણે વેણાતટ નગર પાછા જવાનો વિચાર કર્યો. તેણે વેપારમાં પાંચ પૈસા સારા પેદા કર્યા હતા, તેથી તેની આબરૂ પણ પુર્ણ રીતે જામી ગઇ હતી. તેણે એક મોટું વાહાણ ભરીને તૈયાર કર્યું, અને વેણાતટ બંદર તરફ હંકાર્યું.

વેણાતટ બંદર હવે નજીકમાં હતું, એટલામાં તો સુમિત્રને "તાડનું પડવું અને ડાળીનું મરવું" એવો ઘાટ થયો; વાહાણ ભાગ્યું અને તેનું સર્વસ્વ ગયું; સારા નશીબે તેના હાથમાં એક પાટીયું આવી ગયું, તેથી તે તરીને તેડે આવ્યો.

હવે સુમિત્ર પાસે કાંઇ રહ્યું નહીં, તેથી તેણે પોતાનાં મુકેલાં સાત રત્ન પાછા લાવી વેચી ખુરદા કરી વેપાર કરી ગુજરાન ચલાવવાનું ધાર્યું. આ વિચારથી તે ઇંદ્રદતને ઘેર જવા નિકળ્યો; આઘેથી ઇંદ્રદતને ગોખમાં બેઠેલા જોઇ તેણે તેને નમસ્કાર કર્યો; પણ ઇંદ્રદત તો તેના સામું જુએજ શાનો. બારણા આગળ જઇ ચોપદારને ખબર આપી કેઃ—"માહારાજને કહો કે પેલો રત્નવાળો વાણીયો આવ્યો છે તે આપનાં દર્શન કરવા ઇચ્છે છે." ચોપદારે જઇ માહારાજને ખબર આપી અને વળતી ખબર લાવ્યો કેઃ—" હાલ માહારાજ કામમાં છે માટે કાલે બપોરે આવજો." બીજે દીવસે ઠેરવેલે વખતે વાણીઓ હાજર થયો અને આવી જેવો દાદર ઉપર ચડવા જાય છે કે તરતજ ચેતાવી રાખેલા ચોપદારે હાથ પકડી હેઠે ઉતારી બે ચાર આડીઅવળી લપડાકો ઉતારી દીધી, અને કહેવા લાગ્યોઃ—"અલ્યા ! મુરખા ! સમજતો નથી કે એકદમ આમ ઉપરચડવા મંડી જાય છે. માહારાજ હાલ પોઢયા છે તે કદાચ જાગે તો અમારી ને તારી બધાની કેવી ફજેતી ?" આમ કેહેતાં

વાંત તો વાદળામાંથી વીજળીની માફક માહારાજ એકદમ દાદર ઉપરથી ઉતરી પેલા બિચારા ગરીબ વાણીઆને ખુબ મારી કહેવા લાગ્યોઃ—"રે નાદાન! તારા બાપનું અહીં શું બાકી છે કે અહીં આવી આવો ગડબડાટ કરી મુકયો છે? વાણીઓ ગળગળો થઇ બોલ્યોઃ--માહારાજ! માહારાજ! "હું તો પેલો રતનવાળો વાણીઓ રતન લેવા આવ્યો છું બાઇશાબ." આ સાંભળી માહારાજને મિજાજ તો છેકજ ગયો, અને એકદમ આંખ ફેરવીને કહેવા લાગ્યોઃ—"અરે! રતન લેવા રતન, જા ગળેપડુ જા, કાળા મોંના જા અહીંથી તારૂં કાણુ કરે, અહીં તારાં રતન કેવાં, જા ઘર ભુલતો દઇશ, સીપાઇ મારી કાઢો આ લુચ્ચાને! આટલું કહીને માહારાજ તો પાછા આવ્યાતા તેમજ વેગથી ચડી ગયા, અને સીપાઇઓએ પેલા બિચારાને મારી કાઢી મુકયો.

સુમિત્ર કરોડો ગમે કાલાવાલા કર્યા, પણ સઘળું પથ્થર ઉપર પાણી. છેવટે તેણે બેચાર દયાળુને મળીને કહ્યુંઃ—ભાઇશાબ! "હું ગરીબ માર્યો જાઉં છું, મારે તો આમની વાત આમ બની છે." પેલા માણસો પંચાતી થઇ માહારાજને કહેવા ગયા, પણ તે તો મોંજ માંડે નહીં. ફકત એજ જવાબ કેઃ—રતન શાં ને વાત શી." એતો એ રાંકડો છે તેથી મુએલાને મારવામાં શું? કદી કોઇ બીજો હોય તો જોયા જેવું કરૂં શકત. પંચાતી આવું સાંભળી વીલે મોડે પાછા ફર્યા. સુમિત્ર તો ઠેર ઠેર એની એ વાત કરવા લાગ્યો. આખરે લોકોએ તેને ગાંડો ઠરાવી બેસાડયો. છોકરાંઓ હુર્યો! હુર્યો!! કહી ધુળ નાંખે, બજારમાં રતનવાળો! રતનવાળો! કહી લોકો ખીજવે. છેવટે તેણે થાકી એ વાત કરવીજ પડતી મુકી; પણ હમેશાં રાત્રે રાજાના મોહોલ તળે જઇ મોટેથી કહે કે, 'માહારાજ! હું ગરીબ માર્યો જાઉં છું મારે મારાં સાત રતન પુરોહિત પાસેથી અપાવો.' એમ કહેતાં કહેતાં છ માસ વિતી ગયા.

એક દિવસ રાત્રીએ રાજા ઉંચા આસન ઉપર બેઠા છે,

પાસે વિવિધ પ્રકારના મેવા મીઠાઇ પડયા છે. એક બાજુએ ગાનતાનનાં સાહિત્યો તૈયાર છે, રાણી હાથમાં પંખો લઇ વા ઢાળી રહી છે, એવામાં પેલાએ આવી રોજની પેઠે બુમ પાડી તેથી રાણી રાજાને હાથ જોડી કહેવા લાગી:—“ મહારાજ ! આપ ન્યાયી છો તો આ ગરીબનાં રત્ન કેમ અપાવતા નથી?” રાજાએ પ્રત્યુત્તર વાળ્યો: ‘પ્રિયે ! એની તો ડાગળી છટકી ગઇ છે તેથી એમ બકે છે.’ રાણીએ જવાબ વાળ્યો:—‘ સ્વામીનાથ ! કહો ના કહો પણ મને તો આમાં કાંઇ ભેદ ભાસે છે; એનાં રત્ન નક્કી પુરોહિત પાસે છે એમ મને લાગે છે, અને તે પુરોહિતે ઓળવ્યાં તે પણ વાંધો પડતું લાગતું નથી. જો આ દાસીને આજ્ઞા હોય તો આપને ખાતરી કરી પ્રભુ પ્રસાદે રત્ન કઢાવી આપની હજુરમાં આણવા મહેનત કરૂં. રાજાએ કહ્યું:—ભલે ! એમાં શું.

બીજે દિવસે રાણીએ પુરોહિતને તેડવા મોકલ્યું. દાસીએ જઇ કહ્યું કે:—“માહારાજ ! બાઇ સાહેબ આપને બોલાવે છે.” માહારાજે કહ્યું:—“ ઘણું સારૂં આ આવ્યો. ” કહી મહારાજ ઉઠયા, અને બગલમાં મોટો શાલ જોટો મારી ઠકારી મહારીરાણી પાસે આવ્યા, અને કહેવા લાગ્યા:—“બાઇ ! આજ મને કેમ બોલાવ્યો. રાણીએ કહ્યું—મહારાજ ! સહેજ, આવોને. ઘણા દિવસથી આવ્યા ન્હોતા તેથી તેડું કર્યું. પછી માહારાજને આદરસતકાર કરી એક આસન આપ્યું. દાશીને આજ્ઞા કરી કે લાવ સારી પાટ ! માહારાજ આજ તો ઘણે દિવસે આવ્યા છે. પછી દાસીએ એક મોટો ગલીચો બિછાવી ઉપર મોતીની ચોસર માંડી. એક બાજુએ માહારાજ લાબી ચોટી લટકતી મુકી બેઠા છે અને બીજી બાજુએ ચંદ્રવદની કમલનયની રાણી મર્યાદા સાચવી દાસીને સાથે લઇ બેઠી છો બાજી રંગપર આવીછે ! સોના રૂપાની સોગટીઓ આ પાટેથી પેલે પાટે મુમી રહી છો એટલામાં રાણી વાંતપર વાત કરી પુછેછે:—‘મહારાજ ! આજ શું જમ્યા, સાચે સાચું કેહેજો, માહારાજે તો ભોળેભાવે જે

જમ્યાતા તે કહી દીધું, તેથી આગળથી ચેતાવી રાખેલી દાશી કાંક બાનું કાઢી ઉઠી અને પુરોહિતને ઘેર આવી કહેવા લાગી:—ગોરાણી! ક્યાં સાંભળો છો ? તમારા ભટજીને મારવા લીધા છે માટે જુઓ આજ એ જમ્યાતા એ નીશાની અને પેલા વાણીઆવાળાં સાત રત્ન આપો; તમે જાણોને તે જાણે. ગોરાણી બોલ્યાં:—મને તો કાંઇ ખબર નથી. દાશી પાછી આવી અને આંખને અણુસારે રાણીને ચેતાવી કે:—"કામ સિદ્ધ થયું નથી." ફરી રાણી માહારાજને કેહેછેકે, આમાં તે શું પણ આવો આપણે સરત કરી રમીએ. જુઓ તમે હારો તો તમારી વીંટી આપો, અને હું હારૂં તો મારો હાર આપું. એવી રીતે સરત કરી રમવા લાગ્યાં, તેમાં પુરોહિત હાર્યો તેથી રાણીએ વીંટી લઇ દાસીને આપી, તે લેઇ પુરોહિતને ઘેર ગઇ. થોડાક વખતમાં દાસીએ પાછાં આવી પેહેલાંની પેઠે રાણીને સાનમાં ચેતાવી. ફરી બીજી બાજી માંડી, અને સરત કરી કે હું હારૂં તો મારૂં કંકણ મુકું અને તમે હારો તો તમારે જનોઇ મુકવી. વારૂ કહી બાજી શરૂ કરી. કર્મ સુંયોગે પુરોહિત હાર્યો, અને કરાર પ્રમાણે જનોઇ ઉતારી આપવી પડી. દાસી જનોઇ લેઇ પુરોહિતને ઘેર દોડી ગઇ અને ગોરાણીને કહેવા લાગી કે:—ગોરાણી! હવે જુઓ આ છેલ્લી જનોઇ આપી છે, કાંતો રતન આપો નિકર ભટજીનું મડદુ લેવા માણસ મોકલો. બાહ્યા લોકો તો તમને હેડને પેટ ઘાલે છે. માહારાજ તો કહેછે કે આ નીશાની લઇને જાઓ કે તરત રતન આપશે, પણ તમેતો સાતરમાંએ આણતાં નથી. હો! હો! કહી ગોરાણી તો વિચારમાં પડયાં; ગોરાણીને વિચારમાં ગરક થયેલાં જોઇ ચતુર દાસી કેહેવા લાગી:—જુઓને સ્ત્રીને સંપત્તિમાં ગણો કે ગમે તેમાં પણ સઘળું ધણી. ધણી હોય તો સૌથી આવી મળે. ધણી વિનાની વિનતાનું જીવતર પણ ધુળધાણી કહેલું છે; માટે રતન આપો. તમારાં રાખ્યાં રેહેવાનાં છે? તમે નહિ આપો તો ઘરબાર લુટાશે ને ઉલટા ફજેતીના ફાળકા થશે રાજા નાક કાન કાપી ચુનો ચોપડી ગધેડે બેસારી

ગામ બહાર કાઢી મુકે કે શુળીએ ચઢાવે એતો વધારેમાં. મારે મમજને આપો. આવું સાંભળી ગોરાણીએ રતન કાઢી આપ્યાં તે લઇ દાસી રાણી પાસે સપાટામાં આવી પહોચી અને કામ સિદ્ધ થયાની ચેષ્ટા ચાળવી બતાવી. પછીથી રાણીએ વીંટી અને જનોઇ પાછાં મંગાવી માહારાજને આપ્યાં, અને કહેવા લાગી કે:—માહારાજ! અમે તે તમને આપવા યોગ્ય કે તમારૂં લેવા યોગ્ય ઇત્યાદિ કહી એક દુશાલો માહારાજને દક્ષણામાં આપી વિદાય કર્યો. માહારાજ આશિર્વાદ દઇ દરબાર ભણી ચાલ્યા.

હવે રાણીએ દાસીને મોકલી રાજાને અંત:પુરમાં તાકીદે આવવા વિનંતી કરી. રાજા તરતજ ઉઠી મંદિરમાં આવ્યા. રાણીએ રતન આગળ મુકી કહ્યું:—માહારાજ ! પ્રભુના પ્રસાદે તથા આપની અનુકૃપાથી દાશીએ વાણીઆનાં રતન આણ્યાં છે. રાજા અચંબો પામી પુછે છે:—હે પ્રિયે ! તેં આ રતન શી રીતે કઢાવ્યાં. રાણીએ બનેલી વાત કહી બતાવી. પછીથી રાજા અત્યંત પ્રસંન થઇ દરબારમાં ગયો, અને સીપાઇને હુકમ કર્યો કે:-રોપેલા ગાંડા વાણીઆને પકડી લાવો. થોડીકવારમાં સીપાઇઓએ સુમિત્રને પકડી લાવી રાજા આગળ ઉભો કર્યો. પુરોહિત, મંત્રી, પંડિતો વિગેરે જોઇ રહ્યા છે; એટલામાં રાજા બોલ્યો:—અલ્યા રોજ રાતે મેહેલ નિચે આવી શું બુમ પાડી જાય છે ? સુમિત્ર આંખમાં આંસુ આણી બોલ્યો:—પાર્થિવ નરપતિ ! "મારાં સાત રતન આ પુરોહિતે ઓળવ્યાં છે તે પાછાં અપાવો." રાજાએ રતનનો ભરેલો થાળ મંગાવી સુમિત્રના મોં આગળ મુકયો અને કહ્યું કે આમાંથી તારાં રતન કાઢી લે. સુમિત્ર બોલ્યો:–'રાજન!' મારે અદત્ત (નહિ અપાએલું) લેવાનાં પચ્ચખાંણ (પ્રત્યાખ્યાન) છે. માટે (હાથે બતાવી) આ મારાં સાત રતન રહ્યાં. રાજાએ તેની સત્યવાદીથી પ્રસંન્ન થઇ-તેનાં સાત રતન પાછાં અપાવ્યાં એટલુંજ નહિ પણ બીજો ઘણો શિરપાવ કરી એક ભવ્ય મોહોલ રહેવા આપ્યો, અને પુરોહિતને દેશનિકાલ કર્યો.


પછી સુમિત્ર પોતાના નગરથી સગાં સંબંધીને તેડાવી સુખે દિવસ નિર્ગમન કરવા લાગ્યો. અંતે અદત્તાદાન વિરમણ (નહિ આપાએલી વસ્તુનું ગ્રહણ કરવાથી પાછા હઠવું) વ્રત પાળી સ્વર્ગે ગયો.

માટે વાંચનાર !

દોહરો.

અનુપમ વ્રત આરાધી આ, પામી ગતિ પવિત્ર;
અવર એ દેવી સંપાવીઆ, સ્વર્ગે શેઠ સુમિત્ર.

ઇતિ સુમિત્રશેઠની કથા.



अभयकुमारनी कथा.

ઉત્પાતિકી બુદ્ધિના પોગથી સર્વ મંત્રીઓમાં મોટા એવા અભયકુમાર, પ્રથમ નિર્મળ એવી સંયમ લક્ષ્મી પામીને (દીક્ષા લઇને) પછી મુક્તિરમણીને વર્યા. એટલા માટે એ અભયકુમાર મંત્રીશ્વરની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ મુક્તિ પ્રાપ્તિ સુધી કહીએ છીએ.

લાખયોજન પ્રમાણવાળા "જંબુદ્વિપને વિષે દક્ષિણ દિશાએ ભરતક્ષેત્રના મધ્યભાગમાં મગધ નામનો દેશ શોભી રહ્યો છે; ત્યાં બાર યોજન લાંબું. નવ યોજન પહોળું તથા નાના પ્રકારના મણિ, મુક્તાફળ, પરવાળાં અને વસ્ત્રાદિકે કરીને શોભી રહેલું રાજગૃહ નામે નગર છે; તેની પાસેનાજ મેદાનમાં દક્ષિણ ભાગે ગંગા નદી વહે છે; ત્યાં વૈભારગિરિ નામનો પર્વત આવેલો છે. આવા નગરને વિષે ઘણાજ વ્યવહારિઆ વસે છે. તેમના મહાન્ પ્રાસાદ અને જિનમંદિર જોઇને સર્વ કોઇને હર્ષ થાય છે; ત્યાં પ્રબળ વૈરીરૂપી હસ્તીને હણવામાં કેશરીસિંહ સમાન અને ન્યાયરૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવાને ચંદ્ર સમાન એવો પ્રસેનજિત મહિપાળ રાજ્ય કરતો હતો. નગરીને ફરતો મ્હોટો કોટ હતો, તે ચોફેર કુંડળની પેઠે દીપતો હતો. રાજાને એકસો રાણી હતી, તેમાં મુખ્ય કળાવતી હતી. વળી શ્રેણિક કુમાર આદિ એકસો પુત્રો હતા. એ સર્વ પુત્રોને શસ્ત્ર તથા શાસ્ત્રકળાનો સારો અભ્યાસ કરાવ્યો હતો. કહ્યું છે કે:— જેણે પ્રથમ અવસ્થામાં વિદ્યા ઉપાર્જિ નથી, બીજી અવસ્થામાં ધન ઉપાર્જ્યું નથી અને ત્રીજી અવસ્થામાં ધર્મ ઉપાર્જ્યો નથી; તે ચોથી અવસ્થામાં શું કરશે ? વળી મનુષ્ય જન્મ પામીને માણસને બે કળાઓ ખરી શીખવાની છે, જેણે કરીને સુખેથી જીવાય અને જેણે કરી મૃત્યુ પછી સુગતિ પ્રાપ્ત થાય.

એકદા પ્રસેનજિત રાજા ચિંતવવા લાગ્યો કે, આ સર્વ

ત્રે વિદ્યા અને બળમાં સરખા છે, પણ પરિક્ષા વિના પુત્ર રાજ્ય યોગ્ય ગણાય નહીં; માટે જે પ્રજાને વલ્લભ હોય. બુદ્ધિમાન હોય અને વિનયવાળો હોય, તેજ રાજ્યયોગ્ય કહેવાય, તેથી તેમની પરિક્ષા કરવી. કારણ કે, જો પિતા પોતાની હયાતીમાં પોતાના પુત્રોને પરિક્ષા કરીને મર્યાદા ન બાંધી આપે તો, તેના મૃત્યુ પછી તેઓ પરસ્પર યુદ્ધમાં લડીને મૃત્યુ પામે અને રાજ્ય બીજાઓ લઇ જાય. કહ્યું છે કે:—દેહ નાશ પામ્યા પછી બુદ્ધિ ક્યાંથી ? બુદ્ધિ વિના સ્મૃતિ ક્યાંથી? સ્મૃતિ વિના જ્ઞાન ક્યાંથી? અને જ્ઞાન વિના સદ્‌ગતિ ક્યાંથી ? એમ વિચારીને રાજાએ ઉત્તમ પકવાન (ખાજાં) બનાવરાવી તેને વાંસના કંડીઆમાં ભર્યાં, ને તે કંડીઆ ઓરડામાં મુકયા; એજ પ્રમાણે કોરા ઘડામાં પાણી ભરીને તે પણ ઓરડામાં મુકયા. પછી પુત્રોને બોલાવીને કહ્યું. "તમે આ ઓરડામાં રહો. કંડીઆનાં કે ઘડાનાં મોં ઉઘાડવાં નહીં ને ભુખ્યા કે તરસ્યા પણ રહેવું નહીં. "

હવે શ્રેણિકાદિક કુમાર પોત પોતાની બુદ્ધિવડે વિચારવા લાગ્યા કે, આપણે આમાંથી કેવી રીતે અન્ન જળ લેવું? ને પિતાની આજ્ઞા અખંડ રાખવી. " પણ કોઇની બુદ્ધિ પહોંચી નહીં. એટલે શ્રેણિક કુમારે ભાઇઓને ભુખ તરસથી પીડાતા જોઇને કહ્યું. "જો તમે મ્હારી બુદ્ધિ પ્રમાણે વર્તો તો તમારી પીડા મટે. " સર્વેએ હા કહી એટલે શ્રેણિક કુમારે વસ્ત્રના કકડા કરીને પ્રત્યેક ઘડાની આસપાસ વીંટયા અને કંડીઆને હલાવી હલાવીને તે અંદરનું પકવાન ચુર્ણ કર્યું. અર્થાત્ તે (ખાજાં) નો ભુકો કરી નાંખ્યો; તેથી બહાર ભોંય ઉપર ભુકો પડવા લાગ્યો. તે તેઓ ખાવા લાગ્યા અને કોરા ઘડાનું પાણી વીંટેલા વસ્ત્ર ઉપર ઝમવા લાગ્યું, તે વસ્ત્ર નીચોવીને તેઓ પાણી પીવા લાગ્યા. આમ શ્રેણિકની બુદ્ધિથી સર્વે કુમારો તૃપ્ત થયા. પછી તે પ્રસેનજિત્ રાજા પાસે આવ્યા, ત્યારે રાજાએ પુત્રોને પુછ્યું કે, " કેમ તમે તૃપ્ત થયા?" ત્યારે એક પુત્ર બોલ્યો. "શ્રેણિકની બુદ્ધિથી. " ત્યારે વિચાર્યું કે, "જેને એવી ખાવાનો ભુકો કરવાની બુદ્ધિ ઉપજી તેને રાંક જાણ્યો.

ત્યાર પછી વળી પિતાએ બીજી રીતે પરિક્ષા કરવાનું પ્રારંભ્યું, ને એમ કહ્યું કે, "ખાંડ ખીર ઘેબરાદિને અર્થે પુત્રો પાસે પાત્રો મુકી તેમાં તે ખીર પિરસાવી અને ભુખ્યા ભુખ્યા કુતરાઓને છોડી મુક્યા; જેટલામાં તે કુમારો જમવા લાગ્યા, તેટલામાં કુતરાઓ ઘુઘુ શબ્દ કરતા, આવ્યા કે, તુરત જ શ્રેણિક વિના બીજા સઘળા કુમારો ભયને લીધે ખાવું પડતું મુકી ખસી ગયા; પણ શ્રેણિકે તો નિર્ભય રહીને પોતાના ભાણાઓનાં ભાજનો પેલા કુતરાઓની સન્મુખ થોડે થોડે ખસેડી મુક્યાં, એટલે કુતરાઓ તે ભાજનમાંથી ખાવા લાગ્યા અને પુંછડી હલાવતા હલાવતા શ્રેણિકના દાસ જેવા થયા; એટલા વખતમાં શ્રેણિક પોતાના ભાજનમાંથી સ્વસ્થ ચિત્તે ખીર ખાઈને તૃપ્ત થયો અને હાથ મોઢું ધોઈ પાણી પીને રાજા પાસે આવ્યો. ત્યાં બીજા કુમારો પણ આવ્યા એટલે તે શ્રેણિકને તૃપ્ત અને બીજાઓને ભુખ્યા જોઈને કૃત્રિમ (ખોટી) ભ્રકુટી ચડાવીને બોલ્યો-"શ્રેણિક કુતરાઓની પંક્તિમાં જમ્યો, માટે એ તમારા સરખો કહેવાય નહીં; એ ગામડાના લોક જેવો છે, શ્વાનજ જેવો જાણજો; કે જેણે આવા પ્રકારનું ભોજન કર્યું? જે એની પંક્તિમાં જમે. તે તેના જેવા જાણવો, આ બીજા કેવા છે, શુચિ છે અને પવિત્ર છે" આ સાંભળીને તેઓ હર્ષ પામ્યા, પરંતુ શ્રેણિકના મનમાં જરા પણ ખેદ થયો નહીં.

પછી રાજાએ શ્રેણિકને કહ્યું, "મેં પૂર્વે ત્હારી પરિક્ષા કરી છે ને હજુ પણ કરવી છે; માટે આ ધવળ ઘર બળે છે, તેમાંથી જે તને ઉત્તમ વસ્તુ લાગે તે લઈ આવ." શ્રેણિક તો ત્યાં જઈ હીરા, મોતી, માણેક આદિ છોડી દઈને ભંભા નામના વાજિંત્રને લઈને આવ્યો. એમ દેખીને રાજાએ તેને કહ્યું કે, "તું તે વાજિંત્ર પર ઘેર વગાડીને ઉદ્‌ઘોષણા કર. કારણ કે તું પરવારો છે. વળી કુમારો જે જે વસ્તુ મુકે, તે તે વસ્તુનું રક્ષણ કર. જો તું મેં કહ્યું તે પ્રમાણે કરીશ, તો જાણજે કે, તું ડાહ્યો છે અને ત્હારીજ આજ્ઞા......આ પ્રમાણે રા-

ળ્ડકપટે કરીને તેને રાજ્ય સોંપ્યું એમ જણાવ્યું. પછી રાજાએ સર્વ પુત્રોને યથાયોગ્ય ગામો ભાગ પાડીને વહેંચી દીધાં. પછી શ્રેણિક સિવાય બીજા કુમારો હસ્તિ, ઘોડા, પાયદળ આદિનો સંગ્રહ કરવા લાગ્યા; પરંતુ શ્રેણિકે તો અર્થાનો પણ સંગ્રહ કર્યો નહીં! પિતાએ કહ્યું કે, "આ શ્રેણિક કુતરાઓની સાથે જમ્યો, પરમાન્ન એવું જે પકવાન તેનું ચુર્ણ કરયું, બળતા ઘરમાંથી ફક્ત ભંભાજ લાવ્યો; માટે હાલમાં એ રાજ્યને યોગ્ય નથી. વળી વણિકની પેઠે તે મુષ્ટિબદ્ધ થઇ કાંઇ ખરચ પણ કરતો નથી."

પિતાએ આ પ્રમાણે કહ્યું. તે ઉપરથી એક રાત્રીએ શ્રેણિક એકલો ખભે ખડ્ગ ધારણ કરીને વિદેશ તરફ ચાલી નિકળ્યો; તે ઔષધ, મંત્ર, તંત્રાદિ પ્રયોગને જાણતો હતો. છત્રીશ દંડાયુધ (દંડ ખીલવાની કળા) માં પ્રવીણ હતો. હવે તેનાં અદ્દભુત કર્મ ઉદય આવવાનાં હતાં, એટલે નિર્ભય એવો તે સિંહની પેઠે વનમાં ફરવા લાગ્યો. ઘણી ભુમિ ઉપર ભમતાં ભમતાં અનુક્રમે તેણે વજ્રકર નામે મ્હોટા પર્વતને દીઠો, તે વખતેતે ઘણો હર્ષીત થયો. ત્યાં તે પર્વતનો આધષ્ટાયિક દેવતા તેનું મંહતભાગ્ય જાણીને તેને સ્વપ્નમે છઠે રાત્રીએ આ પ્રમાણે કહેવા લાગ્યો:—"હે કુમાર! અહિંથી બે કોસઉપર નદીને કાંઠે હસ્તમેળાપક આકારે પીંપળાના બે વૃક્ષનું જોડલું છે, તે વૃક્ષમાં એક શાખાને વિષે એક પાષાણ છે, તેના ગુણ મેરૂપર્વત તુલ્યછે અને તેમાં અઢાર મહાપ્રભાવવાળાં રત્નો છે; તે અઢારે એક એકથી અધિયાતાં છે. પહેલા રત્નના પ્રભાવથી અઢાર જાતિના સર્વ માણસો વશ્ય થાય છે, બીજા રત્નના પ્રભાવથી સર્વ પ્રકારનાં વિષ ઉતરે છે, ત્રીજા રત્નના પ્રભાવથીક્ષુદ્ર ઉપદ્રવો થનાજનથી, ચોથા રત્નના પ્રભાવથી રાજા, પ્રધાન અને શેઠીયા પ્રમુખ માનઆપે. પાંચમા રત્નના પ્રભાવથી ઋધ્ધિ સહિત પુત્ર મળે, છઠ્ઠા રત્નના પ્રભાવથી દીવ્યભોગ પ્રાપ્ત થાય, સાતમા રત્નના પ્રભાવથી પાણીનું પુર તરી જવાય, આઠમા રત્નના પ્રભાવથી મહા વિવેકી

થવાય, નવમા રત્નના પ્રભાવથી શરીર ઉપર ઘા ન લાગે, દશમા રત્નના પ્રભાવથી ભણાવનાર ગુરૂ વિના પણ વિદ્યા આવડે, અગીઆરમા રત્નના પ્રભાવથી શસ્ત્રો વાગતાં નથી, બારમા રત્નના પ્રભાવથી જાતિઅંધ મનુષ્યો દેખતા થાય, તેરમા રત્નના પ્રભાવથી અગ્નિ દેહને બાળી શકતો નથી, ચૌદમા રત્નના પ્રભાવથી વસ્તુ પરિક્ષા આવડે, પંદરમા રત્નના પ્રભાવથી ભુખ કે તૃષા લાગે નહીં, સોળમા રત્નના પ્રભાવથી માણસને માર્ગે જતાં વાઘ સિંહાદિ દુષ્ટ પ્રાણીઓ મળે નહીં, સત્તરમા રત્નના પ્રભાવથી રૂપ પરાવર્તન (ફેરફાર) થઇ શકે અને અઢારમા રત્નના પ્રભાવથી શરીરના સર્વ રોગ નાશ પામે તથા સર્વે લોકો આવીને નમે. હે કુમાર! તું ડાહ્યો છે તે પાષાણનું જોજે, એ અઢારે રત્નો લઇને નામ લખીને તે રત્નો ત્હારી પાસે રાખજે; તે રત્નોની હમ્મેશાં પુજા કરજે. મ્હારૂ નામ હમેશાં ચિત્તને વિષે ધારી રાખજે; તું ત્યાં જઇને છાયામાં વિશામો લઇશ કે, તુરત તે પાષાણ પ્રગટ થઇ આકાશમાં જતો રહેશે. તે તે રત્નોનો જે જે પ્રભાવ મેં કહેલો છે, તે સત્યજ માનજે. હે કુમાર! તારૂં ભાગ્ય વધતું જોઇને એ સઘળું મેં તને કહેલું છે; આ રત્નોનો પ્રભાવ વીશ વર્ષ સુધી વધ્યા કરશે, ત્યારપછી તો તેનો પ્રભાવ અથાગ વધી જશે. ”

આવું સ્વપ્ન દેખીને કુમાર જાગ્યો કે, સવારે તુરતજ ત્રણ્યે પંચપરમેષ્ટિ નમસ્કાર (નવકાર) ગણીને સ્વપ્ન સ્વરૂપને હૃદયમાં ચિંતવન કરતો કરતો દેવતાએ કહેલે અનુસારે ચાલ્યો. ત્યાં તેણે નદી તીરે હસ્તમેળાપક આકારે વૃક્ષ જોયું, તેમાં તેણે મહાન ધવળ પાષાણ જોયો. તે જોઇને તેને પુજી તે તેના ઉપર બેઠો; એટલામાં તે વૃક્ષમાંથી પાષાણ પડયો. તે એણિકે લીધો. તેમાંથી અઢાર રત્નો નિકળ્યાં;તે સર્વે રત્નોને પ્રભાવનાં ચિન્હો કરીને ધીમે ધીમે આગળ ચાલ્યો. કહ્યુછે કેઃ—રાજ્ય સંપત્તિ, ભોગ, ઉત્તમ કુળમાં જન્મ, સારૂં રૂપ, પંડિતપણું, લાંબું આયુષ્ય અને શરીરે આરોગ્ય એ સર્વ ધર્મનાં ફળ જાણવાં.

હવે માર્ગને વિષે ચાલતા એવા શ્રેણિકે નદી તીરે ચંપક, અશોક, પુન્નાગ, માકંદ, અને રાયણ પ્રમુખનાં વૃક્ષો દીઠાં. તે વૃક્ષો ફળફુલથી શોભી રહ્યાં હતાં, તેઓમાંથી જે ઉત્તમવૃક્ષો જાણીતાં હતાં, તે તે વૃક્ષોનાં મધુર ફળ આસ્વાદન કરી (ખાઇ) પ્રગલાં સાથે ક્રિડા કરતો, નદીના નિર્મળ જળનું પાન કરતો આગળ ચાલ્યો. મૃદુ એવાં પત્રાની શય્યા કરીને તેમાં તે રાત્રિને અવસરે શયન કરતો, પર્વતના શિખરો ઉપરથી પડતાં ઝરણાંને જોઇને અને નૃત્ય કરતા એવા મયુરોને જોઇને તે બહુ હર્ષ પામ્યો; એટલે તે આપારે પલ્લીમાં ચાલતો થકો પણ રાજાના ઘરના સુખથી અધિક સુખ માનવા લાગ્યો.

એકદા રસ્તે ચાલતાં અકસ્માત્ એક ભિલ્લપુત્રી કુમારિકા તેની દૃષ્ટિએ પડી, તે ભિલ્લપુત્રી પણ દેવકુમાર તુલ્ય શ્રેણિક કુમારને આવતો જોઇને નેપુરના નાદથી દિશાઓને પુરી દેતી, મોરપીંછાના અલંકારથી શોભાવ્યું છે ગાત્ર જેણીએ એવી તથા હર્ષના ઉત્કર્ષથી જેના અંત્ય અને મધ્ય પુર્ણ થઇ ગયાં છે એવી ચંદ્રને જોઇને જેમ ચકોરી પ્રમોદ પામે, તેમ પ્રમોદ પામતી હાથણીની પેઠે ધીમે ધીમે પવત ઉપરથી ઉતરી શ્રેણિક કુમારની સમીપે આવીને કહેવા લાગી. " આજ મ્હારો જન્મ સફળ થયો કે, આપના સમાન તરૂણ રૂપવાન પુરૂષ મને પ્રાપ્ત થયા, હું આપને શરણે આવી છું, ઉભા રહો સ્વામિન! ઉભા રહો. મ્હારા ઉપર સ્નેહ કરો. આ પલ્લીમાં મ્હારો પિતા રાજા છે. જો આપ મને પરણશો તો, તે તમને દેશના અધિપતિ કરીને સ્થાપશે અને જો મ્હારૂં કહ્યું આપ નહીં કરોતો અકાળ મૃત્યુ પામશો. જે જે ઔષધિ અને મણિ, મંત્ર, તંત્ર, પ્રભાવ વિદ્યમાન છે, તે તે હું જાણું છું. મ્હારી પાસે એક એવી ઔષધિ છે કે જેથી મનુષ્ય પશુ થાય છે અને પશુ મનુષ્ય થાય છે. બીજી એક એવી ઔષધિ છે કે, મનુષ્ય વાંદરો થઇને પગલે પગલે ઉછળતો ચાલે છે, ત્રીજી એક એવી ઔષધિ છે કે, જેથી વાંદરો મનુષ્ય પણ થાય છે. વળી હું વૃક્ષો ઉપર પગ

મુનિને કામદેવની ઇચ્છા કરનારા મનુષ્યોના હાથ પગ બેડી શકું છું, હું વાઘ કે સિંહથી ક્ષય પામતી નથી, વનમાં ચાલવાથી બ્હીતી નથી, અને ભુત, પ્રેત, પિશાચ, ચોર કે સર્પથી પણ હું ડરતી નથી ! કારણ કે, મ્હારી પાસે ઉત્તમ ઉપાયો છે; વળી હું પાણીના પુરથી પણ બ્હીતી નથી, હસ્તિને કાન પકડીને ઉભો રાખું છું, ફક્ત એક અગ્નિથી હું દુર નાસું છું. આ સઘળું માનીને મને પરણીને મ્હારા પતિ થાઓ; મ્હારા પિતાના રાજ્યની સીમા સો કોશ સુધી છે, માટે આપ અહિંથી ક્યાંહિ પણ જઇ શકો એમ નથી. મને અંગીકાર કર્યા વિના ઉપાય નથી. ઘેર પરોણો આવ્યો છે તેને સહન કરો કે ન કરો, તેમ મરજી હોય કે ન હોય, પણ મને પરણો.”

ધેણિકે વિચાર્યું કે:-“આ શાકિનીને હું કેમ પરણું? એ આવી મલીન છે. નીચ જાતિની છે, તે કામદેવના વશથી બોલે છે, વળી બળિષ્ટ પણ છે અને ધુતારી પણ છે, મેં પહેલાં ધુતારાઓની સાથે ભોજન કર્યું, તેથીજ મને પિતાએ સ્વદેશથી કાઢી મુક્યો છે; જો હું એને પરણું તો મ્હારી જાતિને માથે આર પડે, ન જવાની જગ્યાએ જવાથી અધમપુરૂષો કુળ ખુએ છે. જો હું એને પરણ્યો તો મ્હારૂં ક્ષત્રિયકુળ ભિલ્લકુળ સમાન થયું જાણવું; વળી જો એને પરણીશ તો મ્હારે એના હાથનું ભોજન લેવું પડશે તથા એના પિતાને નમવું પડશે, મ્હારા માંત પિતા લાજશે, માટે એને ન વરવું પડે એવું કાંઇ કરૂં. ત્યારે શું એની આગળથી નાસી જઉં કે, મરણ અંગીકાર કરૂં? ઉત્તમ કુળ પામીને જે માણસો અધમની સાથે મૈત્રી કરે છે, તેને પણ અધમ જાણવા. કહ્યું છે કે:-“વિધાતાએ આ સંસારમાં સ્ત્રીરૂપી પાશલો માંડયો છે, તેમાં જાણ અને અજાણ પુરૂષો બંધાય છે; કારણ કે, જુઠ, સાહસ, માયા, મુર્ખાઈ, અતિલોભ, નિઃસ્નેહ અને નિર્દયપણું એ સાત દોષ સ્ત્રીઓમાં સ્વભાવથીજ હોય છે; જો તેનાં દર્શન થયાં હોય તો ચિત્ત હરી લે છે, સ્પર્શ બળને હરે છે અને તેનો સંગમ વીર્યને હરેછે, આ પ્રમાણે સ્ત્રીને પ્રત્યક્ષ રાક્ષસી કહી છે.”

એ પ્રકાર મૌન ધારણ કરીને કુમાર તો ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યો, એટલે તે સ્ત્રી પણ પાછળ પાછળ ચાલી; આગળ ચાલતાં અગ્નિકે એક દાવાનળ બળતો જોયો. એટલે હૃદયમાં અભિસંધાનમણિનું સ્મરણ કરીને તેમાં પોતે ઝંપાપાત ખાવા પડી ને કહેવા લાગ્યો.—" હે સ્ત્રી ! જો ત્હારે મને પરણવું હોય તો આવી જાવ." એ સાંભળી સ્ત્રી તો હાથ ઘસવા લાગી ને બોલી કે "મેં ઘણું ઉતાવળ કરી, જો સ્થિર થઇ હોત તો જરૂર મને પરણત. એણે મને છળ (કપટ) કરીને છેતરી; તોપણ ઠીક થયું. હવે હું દુનિયામાં વિનય શીખીશ, ભાગ્યે ઉતાવળ કરનાર એવું એક પણ વચન નહીં બોલું; જો હું મીઠાં મીઠાં વચન બોલીને તેની દાસી થઇ હોત તો જરૂર તે મ્હારા પાશમાં આવી જાત; હું જે જે બોલી, તેને મ્હારે ભોગવવું આવી પડયું, કારણ કે, નિશ્ચે એ અસંખ્ય મંત્ર તંત્રાદિ જાણતો હતો, પણ કોઇને હાથ આવેલું જાય તે કેમ સહે! મેં જ મુર્ખાઇ કરીને મ્હારૂં જ્ઞાન જણાવી દીધું" એવું તો મને છેતરીને દાવાગ્નિમાં પ્રવેશ કર્યો. હવે હું શું કરૂં ! ક્યાં જાઉં ! કોની પાસે એ કહું" ઉંચે પર્વત ઉપર ચડેલી કુમારિકા કુમારને જતો દેખીને ધા: ધરતી આ પ્રમાણે કહેવા લાગી અને છાતી કુટવા લાગી, પણ અનુસાર વિચાર કર્યો તો તેણીને જણાયું કે એને શોધવાને કોઇ સમર્થ નથી, હું વૃથા પોક કરૂં છું"ભાગ્ય વિના ચિંતામણિ રત્ન હાથે ચઢે જ નહીં, એવું વિચારી તે અદૃશ્ય થઇ ગઇ.

હવે એ રિપુ કુમાર તો મુઠી વાળીને દોડ્યો તે સંગાનદીના પ્રવાહ પાસે પહોંચ્યો ત્યાં જઇ પાણી પીઇને ચારે દિશાએ ફરીફરીને જોવા લાગ્યો; એવામાં તે નદીને કાંઠે મહું એવું શંખપુર એક હતું તે પાસે ગયો, અને તે વૃક્ષ ઉપર બેઠો. જેવો તે તે વૃક્ષ ઉપર બેઠો કે, તુરતજ કોઇક રૂદન કરતું તે શંખપુર નગરની [illegible] તેણે તેજ તુરતજ [illegible] રૂદન [illegible] એટલે તે વૃક્ષ ઉપર બેઠેલો છતાં વિમાનમાં બેઠેલ [illegible] અનુકંપાએ [illegible] રૂદનના પ્રકારે

વીશ દિવસ પુર્ણ થયા ત્યારે તે બેનાતટ નગર સમીપે આવ્યો.

જેવામાં તેણે તે ચંદનવૃક્ષ ત્યાં રાખ્યું, તેવામાંજ નગરમાં તેનો ગંધ સર્વ સ્થળે પ્રસરી રહ્યો, તેથી જેમ ઉત્તમ પુષ્પો પાસે ભમરાઓ જાય, તેમ બહુ શેઠીઓ તે ચંદનની ગંધથી આકર્ષાઇને ત્યાં આવ્યા, અને કુંવરને પુછ્યું. "હે કુમાર સાર્થવાહ! આ વૃક્ષનું મુલ્ય શું?" ત્યારે તેણે કહ્યું. "એનું મુલ્ય ન કહી શકાય તેટલું છે. તે મણિ, માણિક્યની બરાબર તોળીને વેચવું છે. આવું ચંદન કોઇ રાજાના ભંડારમાં પણ નથી, માટે તે શુકું ચંદન સુવર્ણની બરોબર તોળીને તમને આપીશ. કારણ કે, ઉત્તમ કરીયાણું સર્વ ખપી જાય છે." એટલામાં તો ઘણુ લોક એકઠા થઇ ગયા, ત્યારે શેઠીઓએ કહ્યું. "અરે લોકો! દુર જાઓ. જાણતા નથી કે, એ એકલો છે અને આપણે ઘણા છીએ. જો તેનું જરા પણ ચંદન જશે, તો તે આપણુંજ ગયું. કારણ કે, તે આપણો સાધર્મિક છે; માટે કોઇએ તેમાં હાથ નાંખવો નહીં. નાંખશે તે ચોર ગણાશે, ને તે અન્યાયીનો રાજા નિગ્રહ કરશે. કારણ કે, તે ન્યાયીનીજ રક્ષા કરે છે. પછી ચારે દિશાઓથી ચંદનને કાપવાનાં આજારો—વાંસલા, કુહાડા, પ્રમુખ ત્યાં ઘણા આવ્યા, તેણે ઘણી કાપો કાપીને તે ચંદન કપાવી (કાંટે) ચડાવીને સુવર્ણ બરાબર તોળીને તેણે વેચ્યું, અને તેના ઉપજેલા સુવર્ણનાં તેણે રત્નો લીધાં. શેઠીઓ પણ સુવર્ણ આપી લીધેલું ચંદન લેઇ હાજરમાં પોત પોતાના સ્થાનકે ગયા.

હવે શ્રેણિક કુમારે પણ હર્ષ પામી સઘળાં રત્નો ગાંઠે બાંધી વેષ ફેરવી એ બેનાતટ શહેરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાંજ પ્રથમ ધનાવહ શેઠની દુકાને ગયો, ત્યાં તે હજુવાર બેઠો; ત્યાં તો તે શેઠને ઘણાં ગ્રાહકો આવવાથી મ્હોટો લાભ થવા માંડ્યો. એટલે તેણે કુમારને કહ્યું. "આ એક ભાજનમાં મીંઢળનાં ફળ છે, બીજામાં રોહિણી વૃક્ષની છાલ છે અને ત્રીજા રાખડામાં જવ છે. એ સર્વ મેં હાલે આણ્યાં છે. વળી આ ગોળ, કપુર, ચાદલાદિ ચીજો રાખડામાં છે. વળી આ ત્રિફલા, ત્રિકુટાં, ત્રિ-

धव, गिरिमाळी तथा सुंठ विगेरे छे तेमांथी त्हारे जे जोइए ते ले." एम सांभळी श्रेणिक कुमार बोल्यो. "हाथ तो घणो मोकळो छे, पण तमे म्हारा उपर शा कारणे एम करो छो? ए तो तमारो स्वभावज एवो हशे." शेठ हसीने बोल्या. "संसारमां पोतानो अर्थ सर्व कोइने व्हालो होय छे पारको अर्थ कांइ व्हालो नथी." त्यारे कुमार बोल्यो. "तमारे पोतानुं शुं कार्य छे? (शो स्वार्थ छे?)" त्यारे शेठे कह्युं. "आजरात्रीए कोइ देवताए मने स्वप्न विषे कह्युं हतुं के:—

"प्रभाते सात घडि सुर्य उग्या पछी आठमी घडिए पुर्व दिशाएथी कोइ वीश वर्षनी वयवाळो श्वेतवस्त्रधारी पुरुष त्हारी दुकाने आवशे, ते त्हारी सर्व आपत्ति दुर करशे." एवुं स्वप्न आपीने ते देव वीजळीनी पेठे अंतर्धान थइ गयो. पछी प्रभाते उठीने में विचार्युं के, आ स्वप्न तो उत्तम छे; कारण के, स्वप्नशास्त्रमां कह्या प्रमाणे देवता, ब्राह्मण, गाय, मा बाप, साधु अने राजा एटला स्वप्नने विषे जे कहे ते सत्यज जाणवुं, गाय, अश्व, हस्ति अने देव एटला शिवायनी बीजी सघळी काळी वस्तुओ खराब कही छे, अने कपास, छाश अने लवण शिवायनी बीजी सघळी श्वेत वस्तुओ सारी कही छे; गीत गातां रूदन करवुं पडे, नृत्य करतां बंधनमां पडवुं पडे, हसवाथी रूदन करवुं पडे, तथा भणवाथी कलेश थाय. हवे प्रभाते हुं आवीने जेवो दुकान उपर बेठो, तेवाज में आपने ते प्रमाणेनाज लक्षण गुणवाळा जोया."

कुमार विचारवा लाग्यो के:—"आ शेठ मुग्ध (भोळो) छे, ते कांइ पण छानुं राखतो नथी" पछी ते जेम जेम स्वप्ननुं स्वरूप कहेतो गयो, तेम तेम कुमार चित्तने विषे कौतुक धरवा लाग्यो; एटलामां ते कुमारनी द्रष्टि दुकानमां एक वस्तु उपर पडी. ते जोइने तेणे शेठने पुछ्युं. "आ शुं छे?" शेठे कह्युं. "परद्वीप संबंधी ते वहाण छे, चोर लोकोए तेने समुद्रमां जतुं पकड्युं अने अहिं लावीने शीघ्र ते तेमणे अति द्रव्ये

ભરેલું અને મોંઘું; એ થોડાના ગયા પછી રાજાને ખબર પડી એટલે તેનું મ્હારૂં અતિશય ધન, ઘણ, ઢાબર, સુવર્ણ, રૂપું વિગેરે દંડમાં લઇ લીધું, ઘાની પદી પણ લઇ લીધી, વહાણમાં ભરેલું કરિયાણું પણ લઇ લીધું. તેમાં કુળ બચેલી હતી તે એણે તેડું કર્યું. એવું કુળ એને બળે બચાવેલા (એને આપેલા) છે, જેથી હવે પછી તે આવું કામ કરે નહીં." ચ્હાતા એવા શેઠીઆને આપે પણ રાજાએ આ પ્રમાણે કર્યું. પછી મેં વિચાર્યું કે, મ્હારૂં ધન તો ગયું. હવે એ બધા કુળ પણ દૂર નાંખી દઇશ, તો લોકો મ્હારી હાંસી કરશે; તેથી મેં વિચાર્યું કે, ધોળકામાં દુકાન પાસે ઘણા કચરા થાય છે, તેથી કેટલીક કુળ મેં દુકાન આગળ નાંખી અને કેટલીક દુકાનમાંજ રહેવા દીધી. જે વહાણ મેં દીધું છે, તે પણ પાંચ સાત દિવસમાં ગંગા નદીના પુરમાં અદૃશ્ય થયું. મ્હારૂં નામ ધન છે પણ હવે હું નિર્ધન થયો છું." શ્રેણિક બોલ્યો.—"અહો ! જે આપણ વસ્તુનું સ્વરૂપ જાણતો નથી, તે શા વાસ્તે ક્રય વિક્રય (લેવું વેચવું) કરે છે?" ત્યારે શેઠે કહ્યું. "લોકો તો મ્હારી હાંસી કરે છે અને આપ પણ મ્હારી હાંસી કરશો. ત્યારે હવે મ્હારી શી ગતિ ! લોકો કહે છે કે, 'હજુ અહિં કેમ રહ્યા છો?' તેઓ મારે મ્હારૂં એવું ઘર અને દુકાન લઇ લેવાનો વિચાર કરે છે. મ્હારે દુકાન પણ વેચવી પડશે અને નગર પણ છોડવું પડશે; જે નગરને વિષે મેં નાના પ્રકારના આહાર, ઉત્તમ વસ્ત્ર અને વાહનાદિ કર્યા છે, તેજ નગરને વિષે આજ મ્હારે જેવા તેવા આહાર અને વસ્ત્રથી નિર્વાહ કરવો પડે છે! હું તે કુવામાં પડીને કે, અગ્નિમાં પડીને મરું સારું? કારણ કે, લક્ષ્મી વિનાનો માણસ શોભતો નથી. કહ્યું છે કે:—વાઘોના સમુદાયથી સેવાએલા, જળ રહિત, બહુ કાંટાવાળા, તૃણની શય્યાવાળા અને જેમાં વૃક્ષની છાલનાં વસ્ત્ર મળે એવા વનમાં રહેવું સારું; પણ બંધુઓમાં ધન વિનાનું જીવવું સારું નહિં.""

કરુણાસાગર એવો શ્રેણિક કુમાર શેઠને દુઃખી જોઇને પોતે

મ્હારા શોળને મેરૂપર્વત સમાન નિશ્ચળ જાણજો. તારે તારા મનમાં બીજો કાંઇ પણ વિચાર ન લાવવો; કારણ કે, હું તારી પુત્રી છું, પણ મેં મનમાં જે પતિ ધાર્યો છે, તેજ મ્હારે આ જન્મમાં પતિ થાઓ; નહિંતર મારે સંયમ એજ શરણ છે."

આ દીકરી રસોઇ કરતાં કરતાં આ પ્રમાણે વાતચિત કરતાં હતાં, તેવામાંજ આંગણામાં તે પરોણો (શ્રેણિક કુમાર) આવ્યો. આ વખતે ધનશેઠ, સ્ત્રી અને પુત્રિની વાતચિતનો બનાવ સાંભળીને ઘરમાં આવીને બોલ્યો, "આ શ્રેષ્ઠ વર આવ્યો છે અને આ પુત્રી પણ વિવાહ યોગ્ય થઇ છે, જો એ બેનાં લગ્ન થાય તો, લગ્ન સમાગમ ચંદ્ર અને રોહિણીના સમાન, સુર્ય અને રત્નાદેવીના સમાન, કામદેવ અને રતિના સમાન, કૃષ્ણ અને રાધાના સમાન તથા શચેંદ્ર અને ઈંદ્રાણીના સમાગમ સમાન શોભાવંત થશે; જો કાંઇ અંતરાય ન થાય તો યોગ ઘણોજ શ્રેષ્ઠ છે. જીવોને લાખોગમે પુન્ય કરતાં ઘણાં વિઘ્નો નડે છે, પ્રગટ વિઘ્નો ઉપજે છે; માટે સત્પુરૂષોએ હમેશાં સાહસ કરવું, એ પુરૂષને તમારે ગામ, નામ ઠામ અને ગોત્રાદિ ન પુછવું; કારણ કે, એ વિષે તેણે મારી પાસે નિયમ કરાવ્યો છે, ત્યારેજ તે આપણે ઘેર આવ્યો છે."

તે ઉપરથી સુનંદાએ કહયું–"હે તાત! એનાં નામ, ઠામ, ગોત્રાદિની ભલે પૃચ્છા કરશો નહિ, પણ જો મને તે અંગીકાર કરે, તો તેની સાથે મ્હારાં લગ્ન કરો; એમ નહિ તો મને દીક્ષા અપાવો." પુત્રીનો આવો નિશ્ચય જોઇને પિતા હર્ષ પામ્યો પછી બન્ને જણ સ્નાન કરી, દેવ પુજા કરી ઉત્તમ રસવતી જમ્યા, ત્યાં સુધી ધનશ્રેષ્ઠીની સ્ત્રીએ તે બંન્નેની ભકિત કરી; પછી તે બન્ને જણ ચિત્રશાળામાં જઇને બેઠા, ત્યાં ધનશ્રેષ્ઠીએ કુમારને કહ્યું:–"જો આપને અરૂચિકર ન લાગે તો કાંઈક કહેવું છે." ત્યારે કુમારે કહ્યું:–"જે મને રૂચે તે તમારે બોલવું." ત્યારે શ્રેષ્ઠિએ કહ્યું.–"હે પથિક! આ મારી પુત્રીને આપ પરણો. અંતઃકરણમાં દ્રવ્યલોભ કરીને જે માણસ પુત્રીને વેચે છે, તેને બહુ પાપ લાગે છે. વળી જે માણસ પુત્રી-

એને વેચે છે, તે પરલોકમાં ઉત્કૃષ્ટ દુઃખને પામે છે. એ તમનેજ વરી ચુકી છે; તમે નહિં અંગીકાર કરો તો, તે ચારિત્ર લેશે. બીજા પુરૂષને નહીં વરે."

આ સાંભળીને 'એ કન્યા ધર્મીષ્ટ છે' એમ જોઇ તે મન ગોઠવીને બોલ્યો.—"એ તો ઘેલી છે, જેને જેને દેખશે, તેને તેને વરશે તો તેની મુર્ખોની પંક્તિ (ઓળ) માં ગણત્રી થશે. નામ, ઠામ, કુળ, ગોત્રાદિક જાણ્યા વિના વરને વરવાની વાત કરે છે, તો સમજવું કે, એ ઘેલી થઇ છે." કુમારિકા બોલી. "ભલે એમને જે કહેવું હોય તે કહે, પણ હું તો એનેજ વરીશ. રાજહંસનું કુળ કોણ પુછે? તેમનું કુળ તો ઉત્તમજ હોય, તેમની વાણી (વચન)જ કુળાચાર જણાવે છે." કુમારે જાણ્યું કે, રાજહંસી માનસ (માનસરોવર) ઉપરજ અભિરૂચિ ધરાવે છે, બીજે નહિં; તેમ આ કુમારિકા પણ મ્હારે વિષેજ આશક્ત છે. આમ ધારીને તે પ્રગટપણે બોલ્યો.—"હે કુમારિકા! હું તને વરૂં, તેમાં તને શો લાભ છે? હું વિદેશી (પરદેશી) છું, ઘડિમાં અહિં ને ઘડિમાં બીજે. મારો મેળાપ વાદળની છાયા જેવો છે." ત્યારે સુનંદાએ કહ્યું.—"આપનું વચન સત્ય છે, વાદળને આધારે ચંદ્ર અને સુર્ય છે, વાદળને આધારે વર્ષાદનું પુર છે, વાદળને આધારે સર્વ તારા છે, અને સર્વ લોક પણ વાદળને આધારે છે, તેમ હું પણ આપને આધારે છું; માટે કૃપા કરીને મ્હારો પાણિ (હાથ) ગ્રહણ કરો, અને આપ પુત્ર, પુત્રીઓ વિગેરેનો વિસ્તાર કરો." ત્યારે શ્રેણિક કુમાર કહેવા લાગ્યો.—"હે સુનંદા! મ્હારી સાથે ત્હારો વિવાહ સ્વપ્નતુલ્ય થશે; કારણ કે પાણિગ્રહણને પાંચ દશ દિવસ થશે, ત્યાં તો હું પરદેશી એટલે પરદેશ પ્રત્યે ચાલી નિકળીશ. કારણ કે પરદેશી તો યોગીની પેઠે ચાલી નિકળેજ, જેની સાથે લગ્ન થયાં હોય, તે ચાલી નિકળે ત્યારે પરણેલીની શી ગતિ થાય?" ફરી સુનંદાએ કહ્યું.—"હું દીક્ષાજ લેવાની હતી, ત્યાંજ તમે આવ્યા અને તમને જોઇને મ્હારૂં મન આવું થયું કે, કાં તો આપનો હાથ ગ્રહણ કરવો

અથવા તો સંયમ અંગિકાર કરજો. જો આપ મને પરણીને જતા રહેશો, તો હું શીળવ્રત પાળીશ; માટે નિઃશંકને પરણીને આપ સુખે દેશાંતર જજો."

આ સાંભળીને કુમારે ગાંઠ બાંધીને કહ્યું.-" આજ રૂડી લગ્નની વેળા છે, આપને જે રૂચે તે કરો." એટલે શેઠીએ પોતાની પુત્રી સુનંદાને મહોત્સવ પુર્વક પરણાવી.

એકદા શ્રેણિક દુકાન ઉપર બેઠેલો છે, તેવામાં તેણે નગરમાં પડહ વગડાતો સાંભળ્યો, તેથી તેણે શેઠીને તેનું કારણ પુછ્યું; ત્યારે તેણે ઉત્તર આપ્યો કે:-"સવાલાખ પોઠીઆ ઉપર નાના પ્રકારની વસ્તુઓનો સમુચ્ચય ભરીને દેવનંદિ નામનો સાર્થવાહ અહિં આવેલો છે, તેની પાસે એક પોપટ છે, તે પોપટ છ છ મહિનાને છેડે બોલે છે, અને પુછીએ છીએ ત્યારે તે પોપટ સાચુંજ બોલે છે. એકદા દેવનંદિ સાર્થવાહે તે પોપટને પુછ્યું.—"હે પોપટ! તેજમતુરી ક્યાં છે?" ત્યારે પોપટે કહ્યું.-"તે હાલ બેનાતટમાં છે." તે ઉપરથી તે ઘણાં કરિયાણાંની પોઠો લેઇને ગઇ કાલે અહિં આવેલો છે; તેણે રાજાને મળીને રૂડું ભેટણું કર્યું. પછી રાજાએ આવવાનું કારણ પુછ્યું,ત્યારે દેવનંદિએ કહ્યું.-"હે રાજન! તેજમતુરી જોઇએ છીએ" તે ઉપરથી રાજાએ મંત્રીઓને પુછ્યું, ત્યારે મંત્રીઓએ કહ્યું.-"અહિંતો તેજમતુરી ક્યાંય હોય એમ લાગતું નથી." તેવારે રાજાએ કહ્યું.-" જ્યાં સર્વ વસ્તુઓ મળે છે અને જ્યાં બહુ દ્રવ્યવાન્ વ્યવહારિયા આવે છે. તેનેજ શ્રેષ્ઠ નગર કહેવું; પણ જ્યાં આવેલી વસ્તુઓ વ્યાપારીઓ લે નહિ અને જ્યાં સર્વ વસ્તુઓ મળે નહિ, તે નગર નહિ પણ ગામડું કહેવાય." એમ કહી રાજા ખેદ ધરવા લાગ્યો; ત્યારે મંત્રીએ કહ્યું.-આ નગર મોટું છે, કોઇકના ઘરમાં કદાપિ તે હોય પણ ખરી; માટે પડહ વજડાવો." આવો વિચાર કરી રાજાના આદેશથી મંત્રીઓ આ પડહ વગડાવે છે."

શેઠનાં આવાં વચન સાંભળીને શ્રેણિક કુમાર બોલ્યો:—"શેઠ! તમે જઇને પડહને સ્પર્શ કરો (હાથ અડાડો)." તે ઉ-

પરથી શ્રેષ્ઠીએ જઇને પડહને સ્પર્શ કર્યો, એટલે રાજાના સેવકોએ રાજા પાસે જઇને કહ્યું.-"ધનશેઠે પડહને સ્પર્શ કર્યો છે." તે સાંભળીને રાજા પ્રમુખ સર્વ હસવા લાગ્યાકે, "એના ઘરમાં તો ધુરજ રહી છે, બીજું કાંઇ પણ ધન તો નથી; માટે એ ગાંડો થયો જણાય છે. કાંતો તે ઉંઘમાંથી ઉઠયો હશે એટલે આવીને તુરતજ પડહનો સ્પર્શ કર્યો હશે! માટે જો તે કુળ દેખાડશે તો આપણા નગરનું માહાત્મ્ય જશે." પછી રાજાએ ધનશ્રેષ્ઠીને તેડાવ્યો. રાજાના સેવકોને આવતા જોઇને શ્રેષ્ઠીએ કુમારને કહ્યું.-"શું કરવું છે? આ રાજાના સેવકો આવ્યા." તે ઉપરથી કુમારે કહ્યું.-"શેઠ, તમારે લગાર પણ ખેદ ન કરવો. આ રાજવશીકરણ મણિ છે, તે ગાંઠે બાંધીને ત્યાં જાઓ, ને તેનુંજ મનમાં સ્મરણ કરતાં રાજાને જઇને મળો. એ મણિના પ્રભાવથી જ્યારે રાજા તુષ્ટમાન થાય, ત્યારે તમારે પુષ્કળ દ્રવ્યે કરીને પણ માંડવી માગવી, તેજ તમને તેજમતુરી આપશે."

આ પ્રમાણે સાંભળીને તે શ્રેષ્ઠી રત્ન લેઇ રાજા પાસે ગયો ને ત્યાં તેને પ્રણામ કર્યો. રાજાએ બીજાં રત્નો લઇ પ્રસન્ન થઇને મંત્રીને કહ્યું. "આપણે આ ધનશેઠને માંડવીનું કામ સોંપવું છે, વધારે ધન મળે તોપણ એ કામ એમના હાથમાંથી લઇને બીજાને સોંપવું નહીં." આ પ્રમાણે શેઠને માંડવી તો મળી. પછી રાજાએ કહ્યું,-'શેઠ! આ સાર્થવાહને જે જોઇએ તે અપાવજો." ત્યારે શેઠે કહ્યું-"આ સાર્થવાહને જુની તેજમતુરી જોઇએ છીએ કે નવી?" એ સાંભળીને રાજા હર્ષિત થયો ને ધન શેઠને દીવ્ય વસ્ત્રાદિકથી સન્માન કરી તેની સાથે દેવનંદિ સાર્થવાહને મોકલ્યો; ત્યાં તે ગયો એટલે શેઠ પાસે દેવનંદિ સાર્થવાહે સુવર્ણનું બીજોરૂં ભેટ મુકયું. ત્યારે શેઠે કહ્યું.-"આ શ્રેણિક કુમાર પાસે મુકો, એ સર્વ જાણે છે" એટલે તે સાર્થવાહે બન્નેને ભેટણું કરીને કહ્યું.-"અહો! ધનશેઠને ધન્ય છે કે, આવો વૈભવ છતાં પણ તેનો આવો શેઠનો વિનય છે! જ્યાં આવા આવા શ્રેષ્ઠ લોકો વસે છે, તે દેશને ધન્ય !" પછી શ્રેણિકને

જોઇને સાર્થવાહ બોલ્યો.–" અહો કુમાર ! મેં તમને રાજગૃહ નગરમાં જોયા હતા" ત્યારે કુમારે કહ્યું.–"રાજ–ગૃહ (રાજા તરફથી બંધન) મ્હારા વેરિઓને પણ ન હો. જો તમારે અહિં આવા અરુચિકર શબ્દો બોલવા હોય તો બીજાને ઘેર જઇને વસ્તુ લ્યો; અમારી વસ્તુના લેનારા ઘણા આવશે." એ ઉપરથી સાર્થવાહ શ્રેણિકને પગે પડીને બોલ્યો. હું મુર્ખ ઠર્યો કે, આવા શબ્દો હું અહિં બોલ્યો. મને ક્ષમા કરો."

પછી કુમારે કહ્યું.–"એક ગદિયાણો તેજમતુરી અગ્નિમાં નાંખીને તેમાં જો એક ભાર* ત્રાંબુ નાંખીએ, તો તે સર્વ સુવર્ણ થાય છે." આ સાંભળી નાયક (સાર્થવાહ) હર્ષ પામ્યો; ને "તેજમતુરીની વાનકી (નમુનો) દેખાડો." એમ કહેવા લાગ્યો. તે ઉપરથી ધનશેઠે વાનકી દેખાડી. તે જોઇને સાર્થવાહ વિચારવા લાગ્યો –"અહો! ધન્ય છે આ શેઠને કે, એના ઘરમાં આવા આવા વૈભવ છતાં પણ એનામાં દાક્ષિણ્યાદિ ગુણો છે ! આ રાજાના નગરને અને રાજાને પણ ધન્ય છે કે, એમાં આવા વ્યવહારિઆ વસે છે!" પછી દેવનંદિ સાર્થવાહ પોતાની સવાલાખ પોઠ, જેમાં રત્ન, સુવર્ણ, રૂપું, વસ્ત્ર, પંચ વર્ણીવસ્ત્ર, ચંદન, કપુર, કસ્તુરી વિગેરે બહુ મુલ્યવાળાં કરિયાણાં ભરેલાં હતાં, તે ધનશેઠના આંગણામાં લઇ આવ્યો. ધનશેઠ અને શ્રેણિક કુમાર આવા આવા પોઠીયા ભરેલા જોઇને ચમત્કાર પામ્યા પછી પરસ્પર વસ્તુઓ દેખીને માંહોમાંહે બોલતા ધનશેઠ એને દેવનંદિ પોત પોતાની વસ્તુઓ આપ લે કરી હર્ષ પામ્યા.

પછી ધનશેઠ, સાર્થવાહ અને શ્રેણિક એ ત્રણે જણ જિન મંદિરે ગયા, ત્યાં જઇને તેમણે સો પાંખડીવાળાં તથા હજારો પાંખડીવાળાં એવાં જાઇ જુઇનાં પુષ્પોએ કરીને શ્રી ભગવંતની પુજા કરી; પછી નૃત્ય, ગાન; ગીત વિગેરેથી ભાવપુજા કરી; વ્યવહારિઆને માંહોમાંહે બહુ પ્રીતિ થઇ; પછી વસ્તુ લઇને દેવ-

*પાંચ ચણોઠીભારનો એક માષ, સોળ માષનો એક કર્ષ, ચાર કર્ષનો એક પળ, સોળ પળનો એક તોલો અને વીસ તોલાનો એક ભાર.

નંદિ સાર્થવાહ, ધનશેઠસહિત રાજા પાસે ગયો ને કહેવા લાગ્યો.-"હે રાજન્ ! આપ પુણ્યવાન્ છો; આપને ધન્ય છે કે આપની પાસે આવા વ્યવહારિઆ છે' જેઓ ઉત્તમધર્મી છે. મને આપના નગરમાં સાત ધાતુ, નવ નિધાન, અને બાર અલંકારનો મળ્યાં છે. હવે આપે આ ધનવ્યવહારિઆને બીજા જેવો ન ગણવો. હું ઘણા નગરમાં ભમ્યો છું, પણ આવો વ્યવહારીઓ મેં ક્યાંય પણ દીઠો નથી." પછી રાજાએ સાર્થવાહનું વસ્ત્રાલંકારવડે સન્માન કર્યું.

હવે દેવનંદિ સાર્થવાહ પાછો શેઠને ઘેર આવ્યો, ને તેને બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો અને શ્વશુર (ધનશેઠ) તથા જમાઇ (શ્રેણિક કુમાર) પ્રત્યે કહેવા લાગ્યો:-"તમારે મને ચિત્તમાંથી વિસારવો નહીં; મને રાત્રિ દિવસ યાદ કરજો. ઉત્તમ પ્રીતિરૂપી વેલડીને હૃદયરૂપી ક્યારામાં બાલ્યાવસ્થાથીજ સ્થાપીને તેને હમેશાં પત્ર સંદેશા વિગેરે પાણીવડે વધારવી." એમ કહીને તે ચાલ્યો. તેવારે ધનશેઠ અને શ્રેણિક કહેવા લાગ્યા.-"માર્ગમાં તેમને કલ્યાણ થાઓ, ફરી પણ આપણો સમાગમ થાઓ. તમારા મનના મનોરથ પુર્ણ કરો અને અવસરે અમને સંભાળજો." હવેથી તો ધનસેઠને ઘેર નવાં નવાં પાત્રો નૃત્ય ગાનાદિ કરવાને આવવા લાગ્યાં! યાચકો ધન માગવાને આવવા લાગ્યા! જેઓ એને મુર્ખ અને અભાગ્યવાન કેહેતા હતા, તેઓજ તેના પગતળે લોટવા લાગ્યા' શ્રેણિકે પોતાનું ગોપાળ એવું નામ રાખ્યું; શેઠ પણ ધન ધાન્યે પુર્ણ થયો; સુનંદાનો પતિ શ્રેણિક નિત્ય ભગવંતને મંદિરે પુજા વિગેરે સાત ક્ષેત્રોમાં ધન વાવરવા લાગ્યો; તે જે જે કરિયાણાં ખરીદતો, તેમાં તેને અનર્ગળ (ઘણોજ) લાભ થવા લાગ્યો; અશ્વાદિ બહુ ખરીધા અને ધનસેઠે કૈલાસ સમાન પ્રાસાદ (મહેલ) ચણાવ્યા; અશ્વશાળામાં અશ્વ બાંધીને તેમની રક્ષા માટે ઘણા ચાકરો રાખ્યા; બીજા વ્યવહારિઆ પણ તેના કંકર (દાસ) હોયની તેમ તેની સેવા કરવા લાગ્યા; કારણ કે, જેની પાસે લક્ષ્મી હોય

જોઈને સાર્થવાહ બોલ્યો.–"અહો કુમાર ! મેં તમને રાજગૃહ નગરમાં જોયા હતા" ત્યારે કુમારે કહ્યું.–"રાજ-ગૃહ (રાજા તરફથી બંધન) મ્હારા વૈરિઓને પણ ન હો. જો તમારે અહિં આવા અરુચિકર શબ્દો બોલવા હોય તો બીજાને ઘેર જઈને વસ્તુ લ્યો; અમારી વસ્તુના લેનારા ઘણા આવશે." એ ઉપરથી સાર્થવાહ શ્રેણિકને પગે પડીને બોલ્યો. હું મુર્ખ ઠર્યો કે, આવા શબ્દો હું અહિં બોલ્યો. મને ક્ષમા કરો."

પછી કુમારે કહ્યું.–"એક ગદિયાણો તેજમતુરી અગ્નિમાં નાંખીને તેમાં જો એક ભાર* ત્રાંબુ નાંખીએ, તો તે સર્વ સુવર્ણ થાય છે." આ સાંભળી નાયક (સાર્થવાહ) હર્ષ પામ્યો; ને "તેજમતુરીની વાનકી (નમુનો) દેખાડો." એમ કહેવા લાગ્યો. તે ઉપરથી ધનશેઠે વાનકી દેખાડી. તે જોઈને સાર્થવાહ વિચારવા લાગ્યો –"અહો! ધન્ય છે આ શેઠને કે, એના ઘરમાં આવા આવા વૈભવ છતાં પણ એનામાં દાક્ષિણ્યાદિ ગુણો છે ! આ રાજાના નગરને અને રાજાને પણ ધન્ય છે કે, એમાં આવા વ્યવહારિઆ વસે છે!" પછી દેવનંદિ સાર્થવાહ પોતાની સવાલાખ પોઠ, જેમાં રત્ન, સુવર્ણ, રૂપું, વસ્ત્ર, પંચ વર્ણીવસ્ત્ર, ચંદન, કપુર, કસ્તુરી વિગેરે બહુ મુલ્યવાળાં કરિયાણાં ભરેલાં હતાં, તે ધનશેઠના આંગણામાં લઈ આવ્યો. ધનશેઠ અને શ્રેણિક કુમાર આવા આવા પોઠીયા ભરેલા જોઈને ચમત્કાર પામ્યા પછી પરસ્પર વસ્તુઓ દેખીને માંહોમાંહે બોલતા ધનશેઠ અને દેવનંદિ પોત પોતાની વસ્તુઓ આપ લે કરી હર્ષ પામ્યા.

પછી ધનશેઠ, સાર્થવાહ અને શ્રેણિક એ ત્રણે જણ જિન મંદિરે ગયા, ત્યાં જઈને તેમણે સો પાંખડીવાળાં તથા હજારો પાંખડીવાળાં એવાં અતિ સુગંધી પુષ્પોએ કરીને શ્રી ભગવંતની પુજા કરી; પછી નૃત્ય, આનંદ ગીત વિગેરેથી ભાવપુજા કરી; વ્યવહારિઆને માંહોમાંહે બહુ પ્રીતિ થઈ; પછી વસ્તુ લઈને દેવ

*પાંચ ચણોઠીઓનો એક માષ, સોળ માષનો એક કર્ષ, ચાર કર્ષનો એક પલ, સો પલનો એક તુલા અને વીશ તુલાનો એક ભાર

નંદિ સાર્થવાહ, ધનશેઠસહિત રાજા પાસે ગયો ને કહેવા લાગ્યો.-"હે રાજન્ ! આપ પુણ્યવાન્ છો; આપને ધન્ય છે કે આપની પાસે આવા વ્યવહારિઆ છે: જેઓ જૈનધર્મી છે. મને આપના નગરમાં સાત ધાતુ, નવ નિધાન, અને ચૌદ મહારત્નો મળ્યાં છે. હવે આપે આ ધનવ્યવહારિઆને બીજા જેવો ન ગણવો. હું ઘણા નગરમાં ભમ્યો છુ, પણ આવો વ્યવહારીઓ મેં કયાંય પણ દીઠો નથી." પછી રાજાએ સાર્થવાહનું વસ્ત્રાલંકારવડે સન્માન કર્યું.

હવે દેવનંદિ સાર્થવાહ પાછો શેઠને ઘેર આવ્યો, ને તેને બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યાં અને શ્વસુર (ધનશેઠ) તથા જમાઇ (શ્રેણિક કુમાર) પ્રત્યે કહેવા લાગ્યો:-"તમારે મને ચિત્તમાંથી વિસારવો નહીં; મને રાત્રિ દિવસ યાદ કરજો. ઉત્તમ પ્રીતિરૂપી વેલડીને હૃદયરૂપી કયારામાં બાલ્યાવસ્થાથીજ સ્થાપીને તેને હમેશાં પત્ર સંદેશા વિગેરે પાણીવડે વધારવી." એમ કહીને તે ચાલ્યો. તેવારે ધનશેઠ અને શ્રેણિક કહેવા લાગ્યા.-"માર્ગમાં તેમને કલ્યાણ થાઓ. ફરી પણ આપણો સમાગમ થાઓ. તમારા મનના મનોરથ પૂર્ણ કરો અને અવસરે અમને સંભારજો." હવેથી તો ધનશેઠને ઘેર નવાં નવાં પાત્રો નૃત્ય ગાનાદિ કરવાને આવવા લાગ્યાં! યાચકો ધન માગવાને આવવા લાગ્યા! જેઓ એને મુર્ખ અને અભાગ્યવાન્ કહેતા હતા, તેઓજ તેના પગતળે લોટવા લાગ્યા! શ્રેણિકે પોતાનું ગોપાળ એવું નામ રાખ્યું; એથી પણ ધન ધાન્યે પુર્ણ થયો; સુનંદાનો પતિ શ્રેણિક નિત્ય ભગવંતને મંદિરે પુજા વિગેરે સાત ક્ષેત્રોમાં ધન વાવરવા લાગ્યો; તે જે જે કરિયાણું ખરીદ તો, તેમાં તેને અનર્ગળ (ઘણોજ) લાભ થવા લાગ્યો; અશ્વાદિ બહુ ખરીદ્યા અને ધનશેઠે કૈલાસ સમાન પ્રાસાદ (મહેલ) ચણાવ્યા; અશ્વશાળામાં અશ્વ બાંધીને તેમની રક્ષા માટે ઘણા ચાકરો રાખ્યા; બીજા વ્યવહારિઆ પણ તેના કંકર (દાસ) હોયની! તેમ તેની સેવા કરવા લાગ્યા; કારણ કે, જેની પાસે લક્ષ્મી હોય

છે, તેની સર્વે લોક સેવા કરે છે. વળી આવ, બેસ, આગળ ચાલ, બોલ, બોલશો નહીં એમ કહી કહીને દ્રવ્યવાન પુરૂષો આશાબદ્ધ અર્થિઓની સાથે ક્રીડા કરે છે.

હવે શ્રેણિકને સુનંદા સાથે બહુજ પ્રીતિ વધતી ગઇ, તે પણ પોતાના ભર્તારના મનને અનુસરતી ચાલતી; અનુક્રમે બે વર્ષ વિતી ગયાં અને સુનંદાને ગર્ભ રહ્યો. જેમ જેમ ગર્ભ વધતો ગયો, તેમ તેમ સુનંદાને ભૂખ ઘટતી ગઇ. કોઇ કોઇ વાર તો બે ત્રણ કોળિયા આહાર લે. વળી કોઇ કોઇ વાર તો વમન (બકારી) પણ થાય; આમ તે અનુક્રમે દુર્બળ થઇ ગઇ. ચાલતાં ચાલતાં શ્વાસ ચઢી જાય, તેથી તે પિતાને પગે પડીને કહેવા લાગી.–"હું ક્યાં સુધી જીવીશ કે ક્યારે મરીશ ? તે જણાતું નથી. વળી વારંવાર પાણી માગે ને કહે કે, મને બહુ તૃષા લાગે છે."

પ્રિયાને આ પ્રમાણે દુઃખી જોઇને શ્રેણિકે બીજે દિવસે પોતાની સાસુને પુછ્યું.–"તમારી પુત્રી કેમ આમ દુર્બળ થઇ ગઇ છે ? એને પુછો કે, એને કાંઇ દોહદ (ડાહોળો) ઉત્પન્ન થયો છે? એને જે દોહદ ઉત્પન્ન થયો હસે, તે પુર્ણ કરવો પડસે; નહિં તો એનું મૃત્યુ થસે." તે ઉપરથી માતાએ સુનંદા પાસે જઇને કહ્યું.–"પુત્રી! ત્હારૂં અંગ કેમ ક્ષીણ થઇ ગયું છે ? તને કોઇ વિષયની વાંછા થઇ છે?" પુત્રીએ કહ્યું.–"દોહદની ઉત્પત્તિનું સ્વરૂપ જો તને કહીશ તો, તે કોઇના ચિત્તમાં આવે તેમ નથી. મ્હારો દોહદ પુરવો કઠણ છે, તેથી અવશ્ય મ્હારૂં મૃત્યુ થસે." તેની માએ કહ્યું:–"હે પુત્રી ! એ તારે તારી માને તો અવશ્ય કહેવું જોઇસે." ત્યારે સુનંદા બોલી –" હું જાણે એમ જાણું છું કે, હું હસ્તિ ઉપર બેસી, રોજ રાજમાર્ગે દાન દેતી થકી જઉં, તે વખતે રાજા પણ પરિવાર સહિત જાણે મ્હારી આગળ ચાલે. હું જિનાલય (દેરાસર) ને વિષે જઇને શ્રેષ્ઠ પુષ્પોથી દ્રવ્યપુજા કરૂં અને સ્તવનાદિએ ભાવપુજા કરૂં. હું એમ જાણું છું કે, રાજાનાં વાજિત્રો મ્હારી આગળ વાગે અને પાત્રો

નૃત્ય કરે. વળી હું પંચપરમેષ્ઠિ મંત્ર ભણું, વળી બીજા પાસે મસ્તક છત્ર ધરાવું, મનવાંછિત દાન આપું, સાધર્મિકોને ભોજન જમાડી વસ્ત્રાદિ આપું, દેશમાં અમારિ પળાવું, શીળ પાળું અને ચૈત્યપરિપાટી કરી ઘેર પાછી આવું. વળી એમ ઇચ્છા થાય છે કે, સાધુઓને ઘૃતાદિ શુદ્ધ આહાર વહોરાવું. હે માતા ! આ સઘળી વાત મેં ત્હારી આગળ કહી. અભયદાન શિવાય હવે મ્હારૂં જીવીત નથી."

આ સઘળી વાત પુત્રીની માતાએ સાંભળીને પછી પોતાના જમાઇને કહી. શ્રીનઃ મનોરથ જોઇને એભિક તો હર્ષ પામ્યો. "જેને આવો ઉત્તમ દોહદ ઉત્પન્ન થયો છે, તેના ગર્ભમાં અવશ્ય કોઇ પુણ્યવાન જીવજ આવ્યો હશે. કહ્યું છે કેઃ-ધર્મ કાર્યના મનોરથ મહા ભાગ્યના યોગે થાય છે અને વળી જો તે પુર્ણ થાય તો તો "સોનું અને સુગંધ" જેવું થાય. પુર્વે જે જીવે જે શુભાશુભ કર્મ કર્યું હોય, અથવા અભ્યાસ્યું હોય; તેજ અભ્યાસને યોગે ફરી પણ તેજ અભ્યાસ છે." પછી કુમારે કહ્યું:-"શેઠ તમારા રાજાની પુત્રી જે જન્મથીજ અંધ હતી, તે હજુ જીવે છે કે નહીં ?" શેઠે કહ્યું:-"હજુ સુધી તે અતિઅંધજ છે, ને જીવે છે. બાલ્યાવસ્થાથીજ તેણી દીક્ષા લેવાની ઇચ્છાવાળી હતી, તેથી તે પ્રચંડ તપ કરે છે; તેનાં વિસ્તારવાળાં લોચન (આંખો) દેખીને લોકો જાણે છે કે, એ દેખતી છે અને તેને સુલોચના કહે છે. રાજાને તે અતિ વલ્લભ છે, તેથી જો કોઈ તેણીને આંધળી કહેછે તો તેને તે ઉપશિક્ષા કરે છે." રાજાની પુત્રી અંધ છે, એવું જાણવાથી એભિકે કહ્યું કેઃ-"આપની પુત્રીનો દોહદ દુઃખે કરીને પુર્ણ થાય તેવો છતાં પણ તે પુર્ણ કરવાનો ખરેખરો ઉપાય છે. શ્રીએ પુછ્યું.-"શો ઉપાય છે?" એભિકે કહ્યું:-"આ રત્ન લઇને રાજા પાસે જઇને આમ કરવું કે, આ રત્નને પાણીમાં બોળીને તેણીની (પુત્રીની) આંખે તે પાણી છાટવું; તેમ કરવાથી તેના મનોહર નેત્ર થસે. એમ થવાથી રાજા તુષ્ટમાન થઇ વચન માગવાનું કહે, ત્યારે તમે તમારી પુત્રીનો દોહદ પુરવાનું માગજો.

પછી ધનશેઠ રત્ન લઈને રાજા પાસે ગયો. એટલે રાજાએ તેને સન્માન દીધું અને પરસ્પર પ્રીતિમાં વૃદ્ધિ થઈ. પછી શેઠે એકાંતે કહ્યું—આપની પાસે કહેવા યોગ્ય નથી. તોપણ કહું છું કે, આપની પુત્રીને અહીં બોલાવો. રાજાએ પુત્રીને બોલાવી એટલે ધનશેઠે રત્નનું પાણી છાંટીને તેને દેખતી કરી. (કુમારીકાએ દિવ્ય નેત્ર જોયા) તેથી રાજાએ ધનશેઠને અર્ધ રાજ્ય આપવા માંડ્યું; ત્યારે શેઠે કહ્યું—રાજ્યને અમે શું કરીએ? પણ હે રાજન્ મારા પુત્રને રોગ ઉત્પન્ન થયો છે તેને પૂર્ણ કરો." પછી રાજા પોતાની પુત્રીને તથા ગુણસારને હસ્તિ ઉપર બેસાડી ઘેર આનંદ આપ્યો. નૃત્ય થાય છે, છત્ર ચામર વિંઝાય છે અને વાજિંત્રના નાદ થઈ રહ્યા છે; એવી રીતે રાજા હર્ષે ભર-દરા હાલ્યો. ગુણસારે ત્યાં જિનમંદિરોમાં પૂજા કરી; પછી પોતાને ઘેર આવી સાધુઓને બોલાવી તેમને પ્રાસુક એવા અન્ન પાનથી પ્રતિલાભ્યા અને સમગ્ર દેશમાં અમારિપટહ વગડાવ્યો. પછી રાજાએ અને ધનશેઠે તથા ગુણસુંદરીના અને ગુણસારને ચાર પ્રીતિ થઈ. રાજાએ ઘેર ઘેર પુણ્ય કરાવ્યું હતું, અને નગરમાં તળિયાતોરણ બંધાવ્યાં. એકદા શેઠે પોતાની સ્ત્રી ગુણસારને કહ્યું કે—આપણો પુત્ર થયો તેનું નામ અમરકુમાર પાડીશું. કારણ કે તેને આવતી પ્રવર્તન પ્રમુખ રોગ થયો હતો."

હવે કોઈ દેવનટિ અર્થવાહ વૃષ્ટિ ઉપર ફરતો ફરતો પુષ્કળ દ્રવ્ય મેળવીને રાજગૃહિ નગરીએ ગયો; ત્યાં પ્રસેનજિત રાજાના નવાડું પુત્રો પરસ્પર વિવાદ કરતા, તેથી તે રાજ વિનીત એવા શ્રેણિક કુમારને મંભાની મંભાનીને પિતા પાસે કહેવા લાગ્યો—કે અપમાન કર્યું તેથી તે પુત્ર ગામ છોડીને ગયો હોય છે. તેનું શું થયું હશે! અને તેના પિતા પ્રસેનજિત્ત ચિંતા આવતી નથી; હું મુનિ પાસે પણ કોઈ નથી ત્યારથી તેનો વિયોગ થયો ત્યારથી સુખ નથી; મેં પણ અનુચિત આવું કર્યું છે કે તે છોકરો છે કે નહીં ? તે પણ હું જાણતો નથી. વળી તે રાજ ઘરે કલંક જેવા હતો; અત્યારમાં

પણ તેને ઘેર ઘેર ભિક્ષા માગવી પડતી હશે; ભૂખ અને તૃષા થી પીડાતો હશે; ચોમાસામાં સ્થાનક ન હોવાને લીધે તેના મસ્તક ઉપર વર્ષાદ પડતો હશે; શિયાળામાં ટાઢ અને ઉનાળામાં તાપ વિગેરે દુઃખ તેને સહન કરવું પડતું હશે." આવું આવું સંભારીને તે પ્રસેનજીત રાજા દુઃખી થવા લાગ્યો.

એકદા વળી તેને વિચાર થયો કે, "પુત્ર કોનો ? પિતા કોનો? માતા કોની ? અને સ્ત્રી પણ કોની ? એ સર્વે સ્વપ્નજાળ સરખું દેખાય છે. આ સર્વે જીવો અનંતા ભવમાં સર્વના સંબંધીઓ થઇ ગયા છે, થાય છે અને થશે." આમ વિચારી તે પોતાના ચિત્તને સ્થિર કરીને બેઠો છે, તેવામાં પેલો દેવનંદિ સાર્થવાહ આવીને કહેવા લાગ્યો "હે દેવ આપને તો સો પુત્ર છે અહિં નવાઇ કેમ દેખાય છે?" ત્યારે રાજાએ શ્રેણિક ગયાનું સ્વરૂપ કહી બતાવ્યું. તે ઉપરથી સાર્થવાહ કહેવા લાગ્યો. "હે રાજન ! મેં આપના કુમાર જેવો બેન્નાતટ નગરને વિષે ધનશેઠને ઘેર મહાબુદ્ધિમાન જોયો છે; તેને મેં કહ્યું કે,-"તમને મેં રાજગૃહ નગરે જોયા હતા." ત્યારે તેણે કહ્યું કે, "રાજગૃહ મ્હારા દુશ્મનને પણ ન હો."

સાર્થવાહનું આ કહેવું સાંભળીને તો વળી પ્રસેનજીત રાજાને મહાશલ્ય પ્રગટ થયું, તેથી તે કહેવા લાગ્યો, "આશ્ચર્ય છે કે, તે પુત્રે પોતાની સ્થિતિ એકવાર પણ મને જણાવી નહીં, તેથી હવે એની સ્થિતિ બીજા પુત્રો આગળ કહેવી નહીં." એમ મનમાં ગુપ્ત વિચાર રાખીને તેણે સાર્થવાહને કહ્યું. "તમે કેમ અસત્ય બોલો છો? તે પુત્ર તો અભાગી, અધમ અને મૂર્ખ હતો. તે અહિંથી નિકળી રઝળીને મૃત્યુ પામ્યો હશે. એમ જે પોતાની ઇચ્છાએ ઘેરથી જતો રહે, તે મૃત્યુજ પામે. રાંકની પેઠે ઘેર ઘેર ફરનો એવો તે મૃત્યુજ પામશે. કર્મ પ્રગટ થઇને કાંઇ બનાવતું નથી, પણ તેને કોઇક બુદ્ધિ આપે છે, જેને આધારે લોક રાંકની પેઠે રહે છે. વિરંચી જે બ્રહ્મા, તે કાંઇ પ્રગટ થઇને ગમાઆવરે ભારનો નથી, પણ તે તો તેને બુદ્ધિ આપે છે કે, જે બુદ્ધિની મદદથી તે પ્રાણી

રંકની પેઠે રહે છે. વળી જે માણસ થાપણ ઓળવે છે તથા બીજાને ઠગે છે તેમની પેઠે એવો ત્રીજો તું જો અસત્ય બોલતો હોય તો!" ત્યારે દેવદત્ત સાર્થવાહે રાજાને એકાંતમાં બોલાવીને કહ્યું. "જો ત્યાં શ્રેણિક કુમાર ન હોય અને જો હું અસત્ય ભાષણ કરતો હોઉં, તો મને થાપણ ઓળવવાનું, વિશ્વાસઘાત કર્યાનું, કન્યાવિક્રયનું, કુડાંતોલમાપનું અને વળી સ્ત્રી હત્યા, ગૌહત્યા અને બાળહત્યા તેમજ મુનિહત્યાનું પાપ લાગો. મેં બેન્નાતટ નગરમાં ધનશેઠની દુકાને તે રાજહંસ જેવા કુમારને બેઠેલો જોયો છે, તે શેઠ કુમારની આજ્ઞાને દેવતાની આજ્ઞાની પેઠે સર્વ કાર્યમાં પાળે છે. તેજ કુમારના સ્નેહના વચને કરીને હું ધનશેઠને ઘેર ગયો અને તેજમતુરી લીધી; જેથી મ્હારે ઘેર સુવર્ણની તો કોટિ થઇ ગઇ છે! વળી હું એમ પણ જાણું છું કે, તે કુમાર ધનશેઠની પુત્રી વેરે પરણ્યો છે."

હવે તે નાયક (સાર્થવાહ)ની આપેલી આ ખબરથી પ્રસેનજીત રાજા હર્ષ પામ્યો અને પુત્રને તેડાવવાને ઉત્સાહવાન થયો, અને તેણે વિચાર્યું કે, "જો તે જરૂર ત્યાંજ હશે તો, હું મ્હારા કોઇ વિચક્ષણ સેવકને એક સમસ્યા સહિત ત્યાં મોકલીશ અને જો તે મ્હારો પુત્ર હશે તો તે મારી સમસ્યા સાંભળીને તુરત અહિં આવશે."

પછી તેણે એક પોતાના હુશિયાર સેવકને તેની પાસે મોકલ્યો. તે સેવકે બેન્નાતટ નગરમાં ધનશેઠને ઘેર જઇને ગોપાળ કુમારના હાથમાં સમસ્યા આપી. તે તેણે વાંચી. તે આ પ્રમાણેઃ- પકવાન ભરીને મુખ બાંધી લીધેલા એવા કંડીઆમાંથી પણ ખાધું અને ભાઇઓને ખવરાવ્યું; વળી મુખ બાંધેલા પાણીના ઘડામાંથી પણ પાણી પીધું અને ભાઇઓને પાયું; વળી કુતરાઓએ અભડાવેલ એવાં ખીરનાં ભાજન તેમને ફેંકતાં ફેંકતાં પોતે પણ ત્યાં તે ખીરનું ભોજન કર્યું. આ પ્રમાણે જેની હકીકત છે તેને કેમ છે! તે બેન્નાતટપુરમાં ધનશેઠની પુત્રીને પરણીને ઘરજમાઇ થઇને રહ્યા, છે! તેણે પોતાના માતા, પિતા, ભાઇને ત્યજી દીધા છે તે કેમ ઘટે છે? જેનાં માત પિતા હમણાં દુઃખી થઇને રહેલાં છે; તે માણસ રાંકની પેઠે કેમ દૂર રહે છે!"

પ્રસેનજીત રાજાએ શ્રેણિક કુમારને લખેલી સમસ્યા:—

કુક્કર કહેતાં કોપે ચઢિયો, ઘર ઘર જમાઇ થાય ॥
હૈયા હર્ડવાળી કો કહે, કવણ ભલો બિહું માંય ॥૧॥

કુતરા જેવો કહેવાથી કોપે ચડયો, અને ઘરજમાઇ થઇને રહ્યો; એ હરિયાળી મનમાં વિચારીને કહો કે, એ બેમાં કયું કૃત્ય સારૂં કર્યું ? (૧)

આ પ્રકારની સમસ્યા વાંચી તેનો અર્થ જાણીને ગોપાળ (શ્રેણિક)ની આંખોમાંથી વારંવાર આંસુ પડવા લાગ્યાં. તેણે વિચાર્યું કે:—

મારણ તાડણ જે કરે, જેવા તેવા લહુલિ ॥
અમ સરીખા બેટડા, તે બોલે ન રહંતિ ॥૨॥

જેવા તેવા દીકરાઓ તો (તેમનામાં કશી શક્તિ ન હોય તેથી) મારણ તાડન પણ સહન કરે, પરંતુ મ્હારા જેવા પુત્રો તો એક વચન પણ નહિં સહન કરતાં ત્યાં રહે નહીં. (૨)

અમિય રસાયણ અગ્ગલી, માય તાય ગુરૂ શીશ ॥
જે નવિ માને બાપડા, તે રુળિયા સવિ દીશ ॥૩॥

અમૃતરસથી પણ અધિક એવી જે માતા, પિતા કે ગુરૂની વાણીરૂપ શિખામણ, તેને જે ભાગ્યહીન જનો નથી માનતા, તે નિરંતર સર્વ દિશાઓમાં રઝળના ફરે છે. (૩)

એમ ચિંતવીને તેણે (શ્રેણિકે) લેખ લખીને તેજ અનુચર (સેવક) સાથે મોકલાવ્યો. તે પત્ર પ્રસેનજીત રાજાએ વાંચ્યો. તેમાં શ્રેણિકે આ પ્રમાણે લખ્યું હતું.

મમ ઉપહરા બોલડા, લહુસે રાયકુમાર ॥
હું તુમ્હ ભણિઓ વાણિઓ, તેહ વયણ ફળ સાર ॥૪॥

મને આપે જે ઠપકાનાં વચન લખ્યાં, તે જો બીજા રાજકુમારો જાણશે તો......

જિણે અવસરે જોઇએ, સ્વામિનણો પસાઉ ॥
તિણે નીચ ઉતારણો; કિમ સેવીજે રાઉ ॥૫॥

જે અવસરે સ્વામિનો પ્રસાદ જોઇએ, તેજ વખતે પ્રસાદને બદલે ઉલટો ઠપકો મળે તો તે રાજાને કેમ સેવાય? (૫)

ઘર જમાઇ ઘર સુણહ, તે કુણ હુંશ ધરંતિ ॥
પણ અપમાન્યા છોરડા, ન રહે દૂર ફરંતિ ॥૬॥

ઘરના કુતરાની પેઠે ઘરજમાઇ થઇને રહેવાને કોને હોંશ થતી હશે? પરંતુ જ્યારે પિતા તરફથી પુત્રને અપમાન થાય, ત્યારે વેગળો ન રહે તો શું કરે ? (૬)

આ પ્રમાણે લેખ વાંચી તેનો અર્થ મનમાં વિચારીને ફરીથી પ્રસેનજીત રાજાએ લેખ લખીને મોકલ્યો. શ્રેણિકે તે લેખ છાનો વાંચ્યો, તેમાં આ પ્રમાણે લખ્યું હતું.

જે મેં સભામાંહી બોલીઓ, તે અપમાન કે માન ॥
સો જિ સંભારિ વિચાર કરી, તો આરોગો ધાન ॥૭॥

જે મેં તને સભામાં બોલાવ્યો હતો, તે માન દીધું કે, અપમાન? હે પુત્ર! તું આ વાતનો વિચાર કરીને પછી અન્ન જમજે. (૭)

મોર ભણે અમ્હ પીંછડાં, મેં મ્હેલિશાં વણેહિ ॥
આજીય અગાસઉ તેહ વિણ, તે સિરિરાય વહેઈ ॥૮॥

જેમનાં પીંછાં વનમાં રહેલાં છે, તેવાં મોર જેમ આકાશની પેઠે ખાલી દેખાય છે, તેમ પીંછાં રૂપ ત્હારા વિના આ રાજગૃહિ પણ આકાશમય દેખું છું. (૮)

પિતાનો આવો લેખ વાંચીને શ્રેણિકે તેને અમૃતની પેઠે પરિણમાવ્યો. વળી શ્રેણિકે એવો લેખ લખી મોકલ્યો કેઃ—

જાતે એકજ પીંછડે, મોર દોહિલો કાંઈ ॥
તેહ નવાણું પીંછડાં, ભરી પુરિ રહિઆઇ ॥૯॥

એક પીંછું જવાથી જેમ મોર ખરાબ દેખાતો નથી, તેમ એક પીંછારૂપ મ્હારા વિના નવાણું પુત્રોવાળા તમે ખરાબ દેખાતા નથી. અર્થાત્ હું નવાણું ભાઇઓને રાજગૃહિ નગરીમાં મુકીને આવ્યો છું. (૯)

પ્રસેનજીત રાજાએ આ લેખ વાંચી ફરી બીજો લેખ મો-કલ્યો કે,—

બેડી કેરાં પાટીઆં, બાંધ્યા બહુઅ ગુણેહિં ॥
પડાણુ છાંડે રહણુ, તુ તારીજે કેણુ ॥૧૦॥

જેમ વહાણનાં પાટીયાં પાણીમાં તરતી વખતે બાંધ્યાં થકાં બહુ ગુણ કરે છે, પણ તે છોડીને જતાં રહે તો માણસ શી રીતે તરી શકે? અર્થાત વહાણનાં પાટીયાં સમાન તું અમને છોડીને ચાલ્યો ગયો, તેથી અમે શી રીતે તરી શકીએ? (૧૦)

કલ્પતરૂનું પાનડું, ઉડિયું વાય વસેણ ॥
તો તિહાં સોળી છાંહડી જે સીયળા તે સીઅ ॥૧૧॥

જેમ કલ્પવૃક્ષનું પાનડું વાયરેથી ઉડીને બીજે ઠેકાણે પડયું, તો ત્યાં પણ તે શીતળને શીતળજ હોય છે, તેમ તું પણ જ્યાં જાય છે ત્યાં સુખ પામે છે. (૧૧)

આ લેખ વાંચી વળી શ્રેણિકે લખ્યુ કે, "હું જ્યાં સુધી અહિં હયાત છું, ત્યાં સુધી આપે નિરંતર પત્ર લખવા કરવો." આ પ્રમાણે શ્રેણિકે છેવટે પોતાના પિતા પ્રસેનજીત રાજા ઉપ-ર લખ્યું.

પછી શ્રેણિક કુમારે પોતાના નવાણું ભાઇઓને માટે આ-ભુષણો તથા પોતાની માતા અને બ્હેનો સારૂ સુવર્ણ તથા ર-ત્નાદિકના શૃંગાર ઘડાવ્યા; તથા પિતા અને ભાઇઓને માટે ઉ-ત્તમ જાતિના ઘોડાઓ લીધા. આ સર્વે એક એવી જે પેટી તેને નામાંકિત કરીને શ્રેણિકે ગુપ્ત રીતે પિતાને મોકલાવી. પિતાએ હર્ષ પામીને પુત્રને પેટી ભંભા (વાજિંત્ર) મોકલાવી, અને પત્ર લખીને જણાવ્યું કે.—" તેં જે વનને વિષે ભિલ્લકુમારીનો તિર-સ્કાર ન કર્યો તે ઘણું એક અને કુળને શોભા મળે એવું કર્યું છે; પણ તેં અહિંથી જતાં તે પલ્લિનું ઉલ્લંઘન કર્યું, તે વખતે ત્યાંના ભિલ્લ લોકો ત્હારા ઉપર કોપાયમાન થયા છે."

પિતાનાં આવાં વચનો વાંચીને તેણે ધીમે ધીમે ઘોડા તથા સૈનિકોને નગર બહાર આણવા અને પોતાની સ્ત્રીને કહ્યું કે:—

"હું પિતાની પાસે જઉં છું." ત્યારે સુનંદાએ કહ્યું. "હું પણ આપની સાથે આવીશ, આપના વિના ક્ષણમાત્ર પણ રહી શકીશ નહીં." પણ શ્રેણિકે તે વખતે "મ્હારાથી તને સાથે લઇ જવાશે નહીં" એવું કહ્યું. તે ઉપરથી સુનંદાએ તેને "પુત્રનું શું નામ પાડવું?" તે પુછ્યું. ત્યારે તેણે કહ્યું:-"મ્હારે દોહદ થયો હતો, તેને અનુસારે અભય એવું નામ પાડવું." વળી સુનંદાએ પુછ્યું. "જ્યારે એ પુત્ર જ્યારે નવેક વર્ષનો સમજણો થઇ ને તેના પિતાનું નામ ઠામ વિગેરે મને પુછે, ત્યારે મ્હારે શું કહેવું?" આ ઉપરથી શ્રેણિક કુમારે ચિત્રશાળાના ભારવટિઆ (પાટડા) ઉપર ખડીથી અક્ષર લખ્યા. "રાજગૃહ ગામ, ગોપાળ નામ અને ધવળરાટ ઘર" આ પ્રમાણે લખ્યું.

એકદા તે છાનોમાનો બહાર જઇને પોતે પૂર્વે આગળ મોકલેલી સેનાની ભેગો થઇ ગયો; સૈન્ય આગળ ચાલ્યું; કુમારે ભિલ્લની રાજધાની પાસે આવીને ભંભા વગાડી, તે સાંભળી ભિલ્લરાજ તૈયાર થઇને ભિલ્લસેના સહિત આવ્યો. તેણે શિંગો વગાડી એટલે ભિલ્લો કિલકિલાટ શબ્દ કરતા પાળ ઉપર ભેગા થઇ ગયા અને ક્રોધથી લાલચોળ આંખો કરી બોલવા લાગ્યા કે, "શત્રુઓને હણો, હણો." શ્રેણિક કુમારે અંગરક્ષક રત્નનું સ્મરણ કર્યું એટલે ભિલ્લ લોકોએ ફેંકેલાં શસ્ત્રો શ્રેણિક ઉપર નિષ્ફળ જવા લાગ્યાં. એટલે તેઓએ આવીને શ્રેણિકને નમસ્કાર કર્યો, નાસતા એવા ભિલ્લ સેનાપતિને શ્રેણિક કુમારે રણક્ષેત્રને વિષે બાંધી લીધો અને તેને બંધનયુક્ત વિષમ સ્થાનક પ્રત્યે લઇ ગયો. કહ્યું છે કે-લક્ષ્મી કાંઇ કુળક્રમથી ચાલી આવતી નથી, દસ્તાવેજને વિષે પણ તેને લખી આપી નથી; પણ તે તો ખડગની સહાયથી વિજય મેળવીને ભોગવવાની છે. કારણ કે, વસુંધરા જે પૃથ્વી, તે વીર પુરૂષોથીજ ભોગવવા યોગ્ય છે. વળી હરિણોએ સિંહને નથી કર્યો રાજ્યાભિષેક કે નથી કર્યો સંસ્કાર, પણ તે સિંહે જે મૃગેંદ્રતા (મૃગ ઉપર સ્વામીપણું) મેળવ્યું છે, તે પોતાના પરાક્રમને લીધેજ.

પછી શ્રેણિકે ભિલ્લપતિને કહ્યું "રે ભિલ્લ આગળ થા અને

રાજગૃહિનો માર્ગ બતાવ. વળી જે પાર આવે તે પણ મને ઉતરાવ, નહિતો મ્હારે હાથે મૃત્યુ પામીશ." તે ઉપરથી બિકથી આગળ થઇને રાજગૃહિનો માર્ગ બતાવ્યો. અનુક્રમે સર્વ પાર પણ ઉતરીને સવા લાખ બિલ્લ લોકોને પરિવારયુક્ત પુષ્કળ અશ્વ સહિત જઇને માતપિતાને અત્યંત ભક્તિવડે પગે લાગ્યો. શ્રેણિકને આવ્યો જાણીને સર્વ ભાઇઓએ પણ આવીને તેને વિનય સહિત વંદન કર્યું. પિતાએ અને પુત્રએ મળીને શ્રેણિકને રાજ્ય સોંપ્યું. પ્રસેનજીત રાજાએ તપ અંગિકાર કર્યો. પરાજય પામેલો (હારી ગએલો) તે બિલ્લ પણ લજ્જાયમાન થઇ તાપસ થઇને કોટીમાં પ્રવેશ કરીને ઉત્તમાર્થ અંગીકાર કરવા લાગ્યો, એટલે તેના પુત્રને બોલાવીને તેને પોતાનો સેવક કરી તેનો દેશ શ્રેણિકે તેને સોંપ્યો, પછી શ્રેણિકે પોતાના સર્વ ભાઇઓને તેડાવ્યા અને જે જે વૈરિયો પોતાના પિતાની આજ્ઞા નહોતા પાળતા, તેમને પોતાના પગ પાસે આણીને તેડૂ નમાવ્યા."

પછી શ્રેણિકે બીજે દિવસે પરિક્ષા કરી કરીને ચારસોને નવાણું પ્રધાન નિમ્યા. તેમનામાંથી એકને સર્વોત્તમ પદ આપવાનો વિચાર કર્યો, કારણ કે, સારા મંત્રિ વિના રાજ્યતંત્ર નભે નહીં. જે જે મંત્રીઓને મેં અધિકાર આપ્યો છે, તે તે સર્વે ઉદ્ધત છે, ઇર્ષ્યાળુ છે. માટે જ્યાં સુધી મને એવો એક, નિરહંકાર, વિનયી, ધર્મિષ્ટ અને વિશુદ્ધમતિ વાળો પ્રધાન ન મળે, ત્યાં સુધી હું પ્રધાનજ રહીશ. રાજા નહીં. વિશિષ્ટમંત્રી વિના રાજ્યતંત્ર સ્થિર રહે નહીં. કહ્યું છે કે-ઉત્તમ કુળમાં જન્મેલો, શીળગુણે અલંકૃત, સત્ય બોલનારો, ધર્મમાં પ્રીતિવાળો, રૂપવાન અને સુપ્રસન્ન એવો પ્રધાન હમેશાં રાજાએ કરવો. આચારમાં વૃદ્ધિ કરનારો, ધૈર્યવાન, સર્વ રત્નની પરીક્ષાવાળો, શુદ્ધ અને અવ્યભિચારી એવો ભંડારી કરવો જોઇએ. તેમજ બીજાના મનની ઇંગિત જે ચેષ્ટાઓ તથા આકારને જાણનારો, તત્વના જ્ઞાનવાળો, પ્રિયવચન બોલનારો, સૌને પ્રિય અને એકજવાર કહેલું હોય તે ગ્રહણ કરી લેવામાં ડાહ્યો આવો મંત્રીશ્વર પ્રશંસાપાત્ર છે."

આવો વિચાર કરીને શ્રેણિકે એક સુકાઇ ગયેલા કુવામાં પોતાની વીંટી ફેંકીને કહ્યું,–"જે પુરૂષ આ કુવાના કાંઠા ઉપર રહીને પોતાની બુદ્ધિની સહાયથી આ વીંટીને ગ્રહણ કરીને પહેરે તેને હું અડધું રાજ્ય અને મુખમંત્રિની મુદ્રિકા (પદ્વી) આપીશ." આમ કહીને કુવા ઉપર પોતાના સેવકોને બેસારીને તેમને કહી ગયો કે, "જે માણસ કાંઠા ઉપર રહીને એ વીંટીને કાઢીને પહેરે તેને મ્હારી પાસે જાહેર કરવો. (તેડી લાવવો) કોઇ મંત્રી પ્રમુખ પણ એમ કરી શકે તો તે પણ મને કહેવું." સર્વ મંત્રીઓ કુવા ઉપર રહ્યા થકા મુદ્રા જોઇ જોઇને ખેદ પામ્યા અને કહેવા લાગ્યા કે "રાજાએ આપણને કષ્ટ દેવાને અર્થે આ એક કોહેડો માંડયો છે." પછી ગામના લોકો પણ આવ્યા, તેઓએ પણ વીંટી પહેરવા માટે વૃથા મેહેનત કરી.

હવે શ્રેણિક કુમાર સુનંદાને મુકીને અહિં આવ્યો, ત્યાં પાછળ તેણીને પુત્ર અવતર્યો, તેનું અભયકુમાર એવું નામ પાડયુ. તે મ્હોટો થયો ત્યારે તેને નિશાળે મુકયો, અનુંક્રમે તે પંડિત પાસે બહુ શાસ્ત્ર શિખ્યો. એક વખત નિશાળમાં નિશાળીઆઓ વચ્ચે તકરાર થતાં કોઇએ તેને કહ્યું.–"તું તો નબાપો (બાપ વગરનો) છે." તે ઉપરથી ઘેર આવીને અભયે વીલે મોઢે માતાને પોતાના પિતાનું સ્વરૂપ પૂછયું; ત્યારે માતાએ કહ્યું, "હું કંઇ જાણતી નથી. અહિં આવી મને પરણીને તું મ્હારા ગર્ભમાં આવ્યા પછી ઓચિંતા વિદેશ ગયા છે." એ સાંભળીને અભયકુમારે પુછયું. "જ્યારે એ ગયા, ત્યારે તને કંઇ કહી ગયા છે? કંઇ બતાવી ગયા છે? કે, તને કંઇ અક્ષર પ્રમુખ લખી આપી ગયા છે? માતાએ ઉત્તર આપ્યો કે, "ગયા ત્યારે આ ચિત્રશાળાના બારવટિઆ ઉપર અક્ષરો લખી ગયા છે," તે ઉપરથી એ અક્ષરો કુમારે જઇને વાંચ્યા. પિતાના સ્વરૂપથી તે જાણીતો થયો અને હર્ષિત મને માતા પાસે આવી કહેવા લાગ્યો.–"મેં મારા પિતાનું સ્વરૂપ જાણ્યું છે, જ્યાં તે છે ત્યાં હું જઉં છું." માતાએ પણ સાથે આવવાનું કહ્યું. તે ઉપરથી પુષ્કળ માલમત્ર

(સાદી) તથા પિતામહ (દાદા) ના રજા લઈને તે પોતાની માતાની સાથે રાજગૃહિ નગરીએ ચાલ્યો. કેટલીક ભૂમિ ઉલ્લંઘન કરીને રાજગૃહિના ઉદ્યાનમાં આવીને પોતાની માતાને ત્યાં મુકીને તે પોતે કુવા પાસે આવ્યો.

ત્યાં લોકોએ તેને કહ્યું.-"કુવા ઉપર ઉભા રહીને જે એની અંદર રહેલી મુદ્રાનું ગ્રહણ કરે, તેને રાજા અર્ધ રાજ્ય અને પ્રધાનની પદ્દી આપવાનો છે." એ સાંભળીને અભયકુમારે કહ્યું.-"જેની શક્તિ હોય તે અજમાવી દેખો અને મુદ્રિકા પકડો; પાછળથી વળી કહેશો કે એમ તો અમે પણ કરત." ત્યારે સર્વ લોકોએ કહ્યું.-"તુંજ પકડ." તે ઉપરથી અભયકુમારે લીલું છાણ લાવીને તે મુદ્રિકા ઉપર નાંખ્યું, અને તેની ઉપર પણ અગ્નિ ફેંક્યો. એમ કરીને પેલું છાણ ચાર ઘડિમાં સુકવી નાંખ્યું. (જેમાં મુદ્રિકા પણ ચોંટી ગઇ) પછી પાસેના કુવામાંથી નીકવારે આ કુવામાં પાણી આણ્યું. તે પાણીથી કુવો કાંઠા સુધી ભરાઈ ગયો; એટલે છાણું (સુકાઇ ગયેલું છાણ) ઉપર તરી આવ્યું, તેમાં મુદ્રિકા હતી તે કાઢીને તેણે પહેરી. આ વાત શ્રેણિક રાજાએ જાણી ત્યારે તે બહુ હર્ષ પામ્યો અને ત્યાં આવ્યો; એવા આકૃતિમાન કુમારને દેખીને પ્રમોદ પામ્યો. તેને પુછયું-"તું ક્યાંથી આવ્યો ?" ત્યારે તેણે કહ્યું-"હું બેનાતટ નગરથી આવું છું." "તું કોનો પુત્ર છે?" "હું પ્રજાપાળ (રાજા નો) પુત્ર છું." રાજાએ પુછયું-" તે નગરને વિષે ધનશેઠની પુત્રી વિષે તું કંઇ જાણે છે?" ત્યારે કુમારે કહ્યું.-તેણીને એક પુત્ર થયો છે, તેનું અભયકુમાર એવું નામ રાખ્યું છે. " " તે કેટલા વર્ષનો હશે?" "ઉમરે મ્હારા જેવડોજ અને રૂપમાં પણ મ્હારા તુલ્યજ છે." "ત્હારે તેનો આવો પરિચય ક્યાંથી?" "મ્હારે અને તેને બહુ મૈત્રી થઇ છે તેથી તેના વિના હું ક્ષણ પણ રહી શકતો નથી." "ત્યારે તું તેને મુકી અહિં કેમ આવ્યો ?" "હું તેની સાથેજ અહિં આવ્યો છું." "ત્યારે તે ક્યાં છે?" "તે અને તેની માતા આ પાસેનાજ ઉદ્યાનમાં છે." આ ઉપરથી

રાજા તેને આગળ કરીને પાછળ પાછળ ચાલ્યો. ત્યારે લોકો કહેવા લાગ્યા.–"ન્હાનો છતાં પણ એ રાજાને લઇ જાય છે."

હવે રાજા ત્યાં જઇને પ્રિયાને હર્ષ સહિત ભેટ્યો; ભેટીને કહ્યું.–"હે પ્રિયે! આપણો પુત્ર ક્યાં છે?" ત્યારે તેણીએ કહ્યું.–"આ રહો આ પુત્ર!" એમ કહીને તેને બતાવ્યો. એટલે રાજાએ કહ્યું.–"હે પુત્ર! તું અત્યાર સુધી આવું જુઠું કેમ બોલ્યો?" અભયે કહ્યું–"હું તો સદા માતાના હૃદયમાં વસુ છું તેથી એવું બોલ્યો." પછી રાજાએ તેને ખોળામાં બેસાર્યો; પછી નગરમાંથી પટ્ટહસ્તિ મંગાવીને તેના ઉપર સ્ત્રી તથા પુત્રને બેસારીને મહોત્સવ પુર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો અને પોતાના આવાસ પ્રત્યે લઇ ગયો. પછી રાજાએ સર્વ બુધ્ધિનિધાન એવા પોતાના પુત્ર અભયકુમારને મુખ્ય મંત્રીની પદ્વી આપી. પછી તેણે તેની બુધ્ધિને યોગે બહુ દેશ ઉપર વિજય મેળવ્યો.

એકદા દેવ, સાધુ અને સાધ્વીઓએ યુક્ત એવા શ્રી મહાવીર પ્રભુના સમવસરણમાં એક શાંત, કૃશ અંગવાળા અને ઇંદ્રિયો ઉપર નિમહવાળા એવા મહરષિને જોઇને અભયકુમારે પ્રશ્ન કર્યો કે, "હે પ્રભુ! આ સાક્ષાત્ દેખાય છે તે કોણ સાધુ છે?" વીર પ્રભુએ કહ્યુ–"પુર્વ દિશામાં વીતભય નામનું સ્વર્ગ સમાન નગર છે, તેમાં ઉદાયન નામનો રાજા હતો; તે પ્રજાને ન્યાય માર્ગે પાળતો હતો. એકદા અમે ત્યાં વિહાર કરતા કરતા સમવર્યા, એટલે, દેવોએ સમવસરણ રચ્યું; ત્યાં એ નગરનો રાજા અમારો ઉપદેશ સાંભળવાને આવ્યો. કહ્યું છે કે,–"જેઓને શાશ્વત ધર્મ અને દર્શન રહેલુંછે, તેઓનું મંદિર લક્ષ્મી કદિ પણ ત્યજી દેતી નથી. અર્થાત્ લક્ષ્મી ત્યાં સદા વાસ કરે છે. હે નિશાધિપતિ! ધર્મના પ્રસાદથી મનુષ્ય ઉત્તરોત્તર સુખ પામે છે; પણ જે મોહાંધ પ્રાણી કદાપિ ધર્મને સંભારતો નથી, તે કૃતઘ્ન જાણવો. ધર્મ સાંભળીએ અથવા દ્રષ્ટિએ દેખીએ, કરીએ અથવા કરાવીએ અથવા અનુમોદીએ તો હે રાજેંદ્ર! તે સાત કુળ સુધી પવિત્ર કરે છે. પંડિત પુરૂષે એક ધર્મ સદા આચરવો; કાર

મુકે, તે પરમ બાંધવસમાન છે, અને હમેશાં લક્ષ્મીયુક્ત વાંછિત સિધ્ધિઓ આપે છે. વળી સંસારમાં સર્વ ઠેકાણે દુઃખજ છે. તે ઉપર કહ્યું છે કેઃ-માણસને સ્ત્રીની કુક્ષિને વિષે પણ દુઃખજ છે, ગર્ભાવાસમાં પણ દુઃખ છે, બાળપણમાં પણ મલીન શરીર તથા સ્ત્રીના સ્તનનું દુધ પીવું એ આદિ દુઃખ છે, તરૂણ અવસ્થામાં પણ વિરહ વિગેરેનું દુઃખ છે, વૃધ્ધાવસ્થા પણ અસાર છે; આ પ્રમાણે હે મનુષ્યો ! સંસારમાં દુઃખજ છે. કંઈ પણ સુખ હોય તો કહો ? વળી સંધ્યાસમયના રંગ, પાણીના પરપોટા અને ડાભના અગ્ર ભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપિષ્ટો તું બોધ પામતો નથી એ શું?”

આવાં આવાં અમારા મુખથી ઉપદેશનાં વચનો સાંભળવાથી જેનું મન પ્રથમથીજ વૈરાગ્યની વાસનાવાળું હતું, એવા ઉદાયન રાજાને વધારે વૈરાગ્ય થયો, તેથી તેણે પ્રભાવતિ સ્ત્રીની કુક્ષિએ જન્મ પામેલો પોતાના કેશવ નામના પુત્રને રાજ્યગાદી સોંપીને દીક્ષા ગ્રહણ કરી. તે આજ ભવને વિષે કર્મ ક્ષય કરીને મોક્ષ પામશે.” એ સાંભળીને અભયકુમારે કહ્યું.-“હે પ્રભો ! છેલ્લો કયો રાજર્ષિ મુક્તિ પ્રાપ્ત કરશે?” ત્યારે પ્રભુએ કહ્યું.-“છેલ્લો રાજર્ષિ કેવળી ઉદાયનજ.”

આ સાંભળીને પ્રભુને વંદન કરીને અભયકુમારે ઘેર જઇ શ્રેણિક રાજાને કહ્યું.-“હે પિતા ! મને દીક્ષા લેવાને રજા આપો કે, હું સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષ પામું.” ત્યારે શ્રેણિકે કહ્યું.-દીક્ષા લેવાનો અવસર તો મ્હારે છે, ત્હારે તો હમણાં રાજ્ય કરવાનો વખત છે; તને આવો વિચાર ક્યાંથી થયો ? તુંજ મ્હારૂં રાજ્ય વધારવાને સમર્થ છે.” અભયકુમારે કહ્યું.—“હે પિતા ! આપનો પુત્ર થઇને જો દીક્ષા ન ગ્રહણ કરૂં, તો તો હું દુર્ભાગ્યવાન કહેવાઉં; માટે કૃપા કરીને મને દીક્ષા અપાવો.” ભૂપતિએ કહ્યું.-“હે વત્સ! જ્યારે હું કોપે કરીને તને એમ કહું કે, “જતો રહે, ત્હારૂં મુખ મને બતાવીશ નહીં.” ત્યારે તું

ભલે વ્રત આદરજે.” પિતાના આ વચન સાથે સમ્મત થઇ અર્થાત્ પિતાનું આ વચન કબુલ રાખી અભયકુમાર પિતાને નમીને પોતાને સ્થાનકે ગયો; ત્યાં જઇ તે વિચારવા લાગ્યો. “ જેવી રીતે વજ્રથી વજ્ર વીંધાય, તેવી રીતે મ્હારી બુદ્ધિવડે મ્હારે રાજાની બુદ્ધિ વીંધવી છે. જેમ વજ્ર વજ્રથી વીંધી શકાય છે, તેમ આ રાજાની બુદ્ધિ મ્હારી બુદ્ધિવડેજ વીંધી શકાશે.” આમ વિચાર કરીને બુધ્ધિમાન એવો અભયકુમાર નિરંતર ,અત્યંત ભક્તિવડે પિતાની સેવા કરવા લાગ્યો.

એકાદા અત્યંત સીત (તાઢ) પડવા લાગી, ત્યારે લોકો બહુ દુઃખી થવા લાગ્યા. જે માટે રાત્રીને વિષે મનુષ્ય થકી, સંધ્યા સમયે અગ્નિ થકી અને દિવસને વખતે સુર્ય (તડકા) થી શીત નાશ પામે છે, “તાઢ આવી” એમ માણસો બોલતાં છતાં અગ્નિ અતિસય વલ્લભ લાગ્યો, બાળકોનું માન્યપણું થવા લાગ્યુ, મસ્તકના દોપો (રોગ) વૃધ્ધિ પામવા લાગ્યા, બાગમાં નિરંતર સુગંધદાર પુષ્પો પાંચ છની સંખ્યામાં અર્થાત થોડાં દેખાવા લાગ્યાં. અથવા બીજો અર્થ—કળિયુગને વિષે મનુષ્યોને જાડ્ય પણું (મુર્ખાઇ) પ્રગટ થએ છતે ચાડીઆઓ અત્યંત વલ્લભ થવા લાગ્યા, ખેદ થાય છે કે, અજ્ઞાનીઓનું માન્યપણું થવા લાગ્યું] ઉંચ માણસોમાં દોપો વૃધ્ધિ પામવા લાગ્યા અને પૃથ્વીમાં નિરંતર આનંદ આપનારા સજ્જનો પાંચ છ અર્થાત થોડા દેખાવા લાગ્યા. એ પ્રકારે હમણાં આ કળિયુગ શિયાળાની તુલ્યતાને પામ્યો છે; તેવામાં શ્રીવીર પ્રભુ રાજગૃહી નગરીની સમીપે આવીને સમવસર્યા શ્રેણિક રાજા ચિલ્લણા રાણી સહિત ત્યાં જઇને તેમને નમસ્કાર કરીને ધર્મ સાંભળી પાછા વળ્યો. રસ્તે નદીને તીરે તેમણે એક શાંત અને દાંત (ઇંદ્રિય દમન) એવા એક સાધુને કાયોત્સર્ગે રહેલા જોયા, ;તેમને તેમણે વાંદ્યા અને સ્તુતી કરી; પછી ઘેર આવ્યા. રાજાએ જીનપુજા કરીને ભોજન કર્યું, રાત્રીએ શ્રેણિકને નિંદ્રા આવી ગઇ. ચેલણા રાણી જાગી તેથી તે પેલા સાધુને સંભારી સંભારીને બોલવા

લાગી. "આવી આવી ટાઢ જીવિતને અને પ્રાણને હરનારી એવી ટાઢ પડે છે. તો અત્યારે એનું શું થતું હશે?" પ્રિયાનાં આવાં વચનો શ્રેણિકે અચાનક જાગી જઇને સાંભળ્યાં તેથી તેણે વિચાર્યું કે, " આ મ્હારી સ્ત્રી જરૂર વ્યભિચારિણી છે. મ્હારા કરતાં કોઇ બીજો પુરુષ તેણીને વધારે વ્હાલો છે, તેમાં કાંઇ સંદેહ જેવું નથી."

રાજા આમ ચિંતવન કરે છે. એટલામાં સૂર્ય ઉદય પામ્યો. પ્રભાતે અભયકુમારને રાજાએ તેડાવ્યો ને તેને કહ્યું. " મ્હારું અંતઃપુર દુરાચારી છે, માટે તેને તુરત બાળી નાંખો. એ કાર્યમાં (અંતઃપુર નાશ પામશે, એમ વિચારી) વિલંબ ન કરવો." અભયકુમારે વિચાર્યું કે. "રાજાનો અભિપ્રાય શો છે? તે બરોબર રીતે સમજાતો નથી" તો પણ તેણે પિતાને "આપનું વચન પ્રમાણ કરું છું." એમ કહ્યું.


પછી શ્રેણિક તો સવારે વીર પ્રભુ પાસે ગયો, ત્યાં ઉપદેશ સાંભળ્યા પછી પુછ્યું કે " હે પ્રભો! મ્હારી સર્વ ગોપી સતી હશે કે અસતી?" ભગવાને ઉત્તર આપ્યો કે, " ચિલ્લણા વિગેરે સર્વ રાણીયો સતી છે. " આ સાંભળીને તે તુરતજ પ્રભુ પાસેથી પાછો વળ્યો.

અહિં અભયકુમારે વિચાર્યું કે, " મ્હારા પિતાએ મને આદેશ તો કર્યો છે, પણ સહસા કરેલું કાર્ય ખેદ પમાડે છે." એમ ધારીને કેટલાક ઘરમાંથી વસ્તુ પ્રમુખ કાઢી લઇને તે ઘરો બાળી નાંખ્યાં. ત્યાંથી તે સમવસરણ જવા નિકળ્યો. માર્ગમાં શ્રેણિક મળ્યા. તેમણે પુછ્યું." તેં શું કર્યું?" ત્યારે અભયકુમારે કહ્યું. "મેં આપના કહેવા પ્રમાણે કર્યું છે." તે ઉપરથી શ્રેણિકે તેને કહ્યું. "અહિંથી જતો રહે, ત્હારું મુખ ન બતાવ. એમ વગર વિચાર્યું કાર્ય કોણ કરે?" પણ અભયકુમારે તો "પિતાનું વચન પ્રમાણ" એમ કહીને શ્રી વીર પ્રભુની પાસે જઇને દિક્ષા અંગીકાર કરી.

હવે શ્રેણિકે ઘેર જઇને ઉજડ ઘર બળતાં દેખીને વિચાર્યું કે,

"તેણે મને છળ કપટથી છેતર્યો છે, ને તેણે જરૂર દીક્ષા લીધી હશે." એટલે તે તુરત મુઠીવાળીને દોડતો દોડતો સમવસરણમાં ગયો. ત્યાં તેણે જોયું તો અભયકુમારે દીક્ષા ગ્રહણ કરી હતી તેથી તેણે કહ્યું. "તમે મને છેતર્યો છે." એમ કહીને તેને ચરણે નમીને તથા ખમાવીને ઘરપ્રત્યે પાછો આવ્યો ત્યાર પછી અભયકુમાર વીર પ્રભુ પાસે બહુ તપશ્ચર્યા કરી કર્મને છેદી અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરને આઉખે દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમકુળે અવતાર પામી સુગુરુ સમીપે દીક્ષા અંગિકાર કરી આઠ કર્મને ખમાવીને મોક્ષગતિને પામશે.

ઇતિ અભયકુમારની કથા સમાપ્ત.



નિયમ પાળવા વિષે.

कानकठीयारानी कथा.

સૂર્ય ખરેખરો તપ્યો હતો, ચારે તરફથી ઉની નાશકારક લુ આવતી હતી, તૃષાતુર પ્રાણી પાણી વિના તરફડીયાં મારતા હતા, ધરતી ધખી જતી હતી, અને લોકો તાપથી બુમો પાડી ઘર બહાર નિકળતા નહોતા.

એવા સમયમાં એક દુઃખી માણસ રણ વગડામાં લાકડાં કાપતો હતો; આ માણસને પેહેરવા અંગરખું પણ નહોતું, વેંજાનો ચોડ ઠેકાણેથી ચીરાએલો ચોરણો પેહેરેલો હતો, માથે બાંધવાની ચાર હાથના ચાદરડાની મોવાળી હતી હાથમાં કુહાડો લઇ પોતાનું જેટલું બળ હતું તેટલું લાકડાં કાપવામાં અજમાવતો હતો, શરીરમાંથી પરસેવાનાં ટીપાં પડતાં હતાં, તેનું શરીર કાળું પડી ચામડી કઠણ થઇ ગયેલી હતી, માથાપર તાળ પડેલી હતી, અને જોડા વગર પગતો પથ્થર જેવા બની ગયા હતા.

થોડી વાર લાકડાં કાપ્યા પછી તેની ભારી બાંધી પોતાના માથે મુકી ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં ઉંડા નિસાસા સાથે બોલ્યો:—"અરે! ભગવાન્! જો આ ભારીના સાત પૈસા નહીં ઉપજે તો રાંડ ઘરમાં ઠરવા દેશે નહીં, અને આજે અપવાસ કરવો પડશે. માટે લાવ બે લાકડાં વધારે લેતો જાઉં." એમ બોલી વળી તે પાછો વળ્યો, અને ભારી નિચે નાંખી વળી બીજાં લાકડાં કાપ્યાં, અને ભારી બાંધી આ દુઃખી માણસ ખરેબપોરે ધખધખની ધરતી ઉપર પોતાનાં પગલાં મુકતો ઉતાવળે પોતાના શેહેરની ભાગોળ તરફ ચાલ્યો.

અહો! પુન્યનો પ્રભાવ કેવો સુખદ છે, પુન્યવંત પુરૂષો આ પૃથ્વીમાં કેવું સુખ ભોગવે છે, ત્યારે અપુન્યાના દુઃખનો આરો નથી. એક માણસ પુન્યના પ્રભાવે કરી અનંત સાહેબી

અને સુખ ભોગવે છે, ત્યારે બીજો પુન્ય વગરનો પ્રાણી મહા કષ્ટે પણ પોતાની ઓઝરી ભરી શકતો નથી. કહ્યું છે કે:'પુન્યનાં ફળ મોટાં છે.' એ વાકય ખરેખરૂં છે.

વાંચનાર ! આ દુઃખી કઠીયારાને પોતાના ઉદર અર્થે અતિ કષ્ટ સહન કરવું પડતું હતું, પણ તેણે એક અચ્છો નિયમ પકડયો હતો કે, હમેશાં પોતાના ભારાના સાત પૈસા ઉપજતા, તેમાંથી ત્રણ પૈસા ધરમાદામાં વાપરી, બાકી રહેલા ચાર પૈસાની જાર બાજરીની જાડી પાતળી રાબડી ઉકાળી પોતાના કુટુંબનો નિરવાહ ચલાવતો હતો; પોતે ભુખ્યો રહે તે ભલે. પણ પોતાના ઠરાવ મુજબ ધરમાદા કરવા કદિ પણ ચુકતો નહોતો. ગરીબ અપંગ અને ભુખ્યાં જીવડાંઓને તે બે પૈસાનું ખવરાવી સંતોષ તથા આનંદ પામતો હતો.

આમ કેટલોક કાળ વિત્યા પછી એક દિવસ તે કઠિયારો લાકડાં કાપવા જતો હતો, એવામાં એક મુનિરાજ વગડાની ધખધખતી રેતીપર ઉઘાડા શરીરે તપશ્ચર્યા કરતા હતા; આ મુનિની મહાન તપશ્ચર્યા જોઈ તે કઠિયારો મુનિરાજ આગળ ગયો, તેમને બે હાથ જોડી પગે લાગ્યો, અને તેમની આગળ બેઠો; તે વખતે મુનિરાજે તે કઠિયારાની હાલત પુછી. તે સાંભળી તેને મુનિરાજે ઉપદેશ દીધો કે:—"હે કઠિયારા ! આ ભવ આવી રીતે દુઃખમાં કાઢવો પડે છે, તેનું કારણ માત્ર પરભવનાં કરેલાં પાપ છે. જો પરભવ સારી કરણી નથી કરી તો આ ભવ દુઃખ ભોગવવાં પડે છે, અને જ્યારે આ ભવ પણ સારી કરણી નથી થતી ત્યારે પરભવ એથી પણ વિશેષ સંકટ ભોગવવાં પડશે એમાં જરા પણ સંશય નથી. 'કરણી એવી પાર ઉતરણી' એ કહેવત ખરેખરી છે. માટે રે ભવ્ય જીવ ! મારે કહેવાનું કે તમે લીલાં લાકડાં કાપો છો તે મહા પાપ બાંધો છો, લીલોતરીમાં અનંતા જીવ હોય છે, માટે તે કાર્ય નહીં કરવું. પોતાના પેટ પણ અર્થે મેહેનત અને યત્ન કરવું પડે છે એ વાત ખરી, પણ તે મેહેનત અને યત્ન પાપ ન થાય તેવી રીતે કરવું, જેથી ક-

રી આપણા આત્માનું કલ્યાણ થાય." મુનિરાજનો ઉપદેશ પેલા કઠિયારાને ખરેખરો લાગ્યો. તેજ વખત તેણે મુનિ મહારાજ આગળ લીલાં લાકડાં નહીં કાપવા માટે બાધા લીધી, ને મુનિ મહારાજને પગે પડી પોતાને કામે પરવર્યો.

હવે પેલા કઠિયારાને આગળ જે થોડી મહેનતે લાકડાં મળતાં હતાં, તે હવે મોટી મહેનતે મળવા લાગ્યાં; કેમકે સુકાં લાકડાં શોધવા માટે વગડામાં ઠાર ઠાર રખડવાનું થયું. એમ અપાર પરિશ્રમ વેઠી પોતે લીધેલા નિયમ પ્રમાણે સુકાં લાકડાં વેચી તેમાંથી પણ ધરમાદો કરવા ચુકે નહીં.

એક દિવસને સમે સ્વર્ગમાં ઇંદ્ર મહારાજ કચેરી ભરી બિરાજ્યા છે, તેમની આગળ નાના મોટા દેવો પોતાની યોગ્યતા પ્રમાણે બેઠેલા છે; તે વખતે મૃત્યુલોકના માનવીની વાત ચાલે છે, તેમાં એક દેવે કહ્યું કે:—"હાલમાં મૃત્યુલોકમાં એક કઠિયારો મહા દુઃખ સહન કરી જે નિયમ પાળે છે, તેવો નિયમ બીજો કોઇ પાળનો નથી. જેને લીલાં લાકડાં કાપવાની બાધા છે, અને સુકાં લાકડાં કાપી તેમાંથી હમેશાં ત્રણ પૈસા ધરમાદા ખાતે વાપરે છે. પોતાના માથે ગમે તેટલું સંકટ પડે તો ખમીને પણ ધરમાદો કરવા ચુકતો નથી. તેમ કદિપણ લીલાં લાકડાં કાપનો નથી." આવાં એક કઠિયારાનાં વખાણ સાંભળી બીજા દેવને તેની અદેખાઇ આવી, તેથી તેણે તે દુઃખી કઠિયારાની શક્તિ જોવા ઇંદ્ર મહારાજની રજા લીધી.

હવે કઠિયારો લાકડાં કાપવા વગડામાં ગયો છે, તે વખત પેલા દેવે એવી લીલા કરી કે સઘળાં લાકડાં લીલાં બનાવી દીધાં. કઠિયારો બહુ રખડ્યો-રઝળ્યો અને અંતે થાકીને એક જગ્યા પર બેઠો. કોઇ જગ્યાએથી એક કકડો પણ સુકું લાકડું તેને મળ્યું નહીં, તેથી તે દિવસ તે બાપડો ભૂખ્યો, તરસ્યો વગડામાં પડી રહ્યો. વળી બીજે દિવસ પાછું મથન કરવા માંડ્યું, પણ પેલો ક્યાંથી ખાય? આમ ત્રણ દિવસ તેણે મહા કષ્ટે કાઢ્યા. પણ એવા બારીક વખતે અનેક દુઃખ તન, મનપર આવી પડવા છ

તાં તેણે પોતાના નિયમમાં રજમાત્ર પણ ફેરફાર કીધો નહીં. લાંઘણો કરી પણ લીલાં લાકડાં કાપ્યાં નહીં. વાહ! કઠિયારા! ભલે તું અત્યારે ગરીબાઇથી દુઃખ ભોગવે છે, પણ તારો સદ્‌ગતિમાં આગમીકકાળે વાસ થયો; એમ તે વખત ખાત્રી થઇ ચુકતી હતી. પ્રિય વાંચનાર! ભુખ બહુ ભુંડી વસ્તુ છે, પેટ માટે લોકો બહુ અઘોર પાપ કરે છે, ઓઝરી ભરવાને અર્થે અનેક જાતની ચોરી, ચુગલી અને કપટ કરે છે, તે એટલે સુધી કે અનાર્ય દેશમાં ભુખના દુઃખે મનુષ્ય જેવી ઉત્તમ જાત પણ પોતાના પ્યારા પુત્રનો ભક્ષ કરે છે!! આહા! ભુંડી ભુખથી કેવી રીતનાં અઘટિત કાર્યો બને છે; ભુખથી માણસો માટી ખાય છે, પાંદડાં કરડે છે, અને અડબાઉ વનસ્પતીનો અહાર કરે છે, તો રંગ છે આ કઠિયારાને કે જેના હાથમાં એક સબળ ઉપાય હતો, જો તેણે સુકાંને બદલે લીલાં લાકડાં કાપ્યાં હોત તો કદિ પણ તે ત્રણ લાંઘણ ખેંચત નહીં, પણ જે માણસ ધર્મી અને દૃઢ શ્રદ્ધાવાળો છે, તે સેંકડો સંકટો સહન કરીને પણ પોતાનો નિયમ પાળે છે.

હવે પેલો દેવ પૃથ્વીપર કઠિયારા આગળ આવી ઉભો રહ્યો. તેણે કઠિયારાને કહ્યું:-"હે માણસ! તું આ વગડામાં જરા બપોરના કેમ રખડે છે?" કઠિયારે ઉત્તર આપ્યો:-"ભાઇ! હું સુકાં લાકડાં કાપવા ત્રણ દિવસ થયાં આ વનમાં ભટકુંછું, પણ ક્યાંઇ પત્તો ખાતો નથી." એ વાક્ય સાંભળી દેવે પોતાની લીલા જુદી કરી, તેણે કઠિયારાને બીજી તરફ આંગળી કરી કહ્યું:-'જો પેલું ઝાડ સુકું છે.' કઠિયારે નજર કરી તો તેને સુકું માલમ પડયું, એટલે તુરત તેમાંથી લાકડાં કાપવાં શરૂ કર્યાં. આ વખતે દેવે કહ્યું:-'હે કઠિયારા! માગ, માગ.' કઠિયારો કહે:-મારે કાંઇ જોઇતું નથી. માત્ર મારો નિયમ હમેશ પળાય એવો આશિર્વાદ જોઇએ છીએ. પછી તે દેવે પોતાના હાથમાં કુહાડો લઇ તે કઠિયારાને થોડા લાકડાના કકડા કાપી આપી કહ્યું કેઃ-"આ લાકડાનો એક ઢોલીઓ ઘડજે, અને તેને

ચાર પાયે ચાર શોભાયમાન પુતળીઓ મુકજે. પછી તે ઢોલીયો વેચવા જજે, અને જે સવાલાખ રૂપિઆ આપે તેને આપજે."

દેવનાં આ વાકયો સાંભળી કઠિયારો ખુશી થયો. તેણે સઘળાં લાકડાં ઉપાડી ઘર તરફ લીધાં, જ્યાં ઘરના ઉમરામાં પગ મુકે છે, ત્યાં તો તેની વિફરએલી વહુએ ફુંફરાટો કીધો. " આજ ત્રણ દિવસ સુધી કયાં પધાર્યા હતા ? ખાવાને ખોરી જાર ન મળે અને પીરયાના પકારનો પાર નહીં. રાંડતો લાકડાં એ-મ્યાજ કરે, પણ રડવાને તેની પીડા છે?" આવી રીતે બે ચાર પ્રભાતિયાં સંભળાવ્યાં, પણ શાંત કઠિયારો કાંઇપણ બોલ્યો નહીં, તેણે ધિરજથી સઘળું સહન કરી લીધુ. ને જરા પાણી પી ઢોલીયાનાં લાકડાં મુકી બાકીનાં લાકડાં લઈ વેચવા ચા-લ્યો. ધારા મુજબ ત્રણ પૈસા ઘરખરચમાં વાપરી બાકીના ચાર પૈસાની જાર લાવી પોતાની સ્રીને આપીને જે મળ્યું તે ખાઇ લીધું.

હવે કઠિયારો હમેશાં નવરાશને વખતે પેલાં લાકડાંનો ઢોલીયો ઘડે, તેને જેટલી બને તેટલી કારીગરીથી શોભાયમાન કરવા માંડયો. લગભગ એક માસે તે ઢોલીયો તૈયાર કર્યો.

ઢોલીયો તૈયાર થઇ રહ્યો એટલે તેણે તેની બાયડીને નમ્રતાથી જણાવ્યું કે તમારે આ ઢોલીયો લઇ બજારમાં વેચવા જવુ, અને જે સવાલાખ રૂપિયા આપે તેને આપવો. આ વાત સાંભળી તેની સ્રી હસી, અને પોતાના પતિને અજ્ઞાન ઠરાવી મશ્કરી કરી કે તારા કપાળમાં સવાલાખ દામ પણ નહીં તાણે. કઠિયારે આજીજીથી ફરી કહ્યું કે:-ભલી થઇને મારૂં કહ્યું માન, અને તું વેચવા જા. તેનો સવાલાખ રૂપિયા આપે એવો ગ્રાહક મળી આવશે.

પછી કઠિયારાની સ્રી હમેશાં તે ઢોલીયો લઇ બજારમાં જવા લાગી, અને જે માગે તેની આગળ સવાલાખ રૂપિયાની કીંમત કરવા મંડી, તેથી કરી લોકોમાં આશ્ચર્ય વધ્યું. ઠાર ઠાર તે વાત ચરચાવા લાગી, અને અંતે તે વાતની શેહેરના ગુણવંત રાજાને

ખબર પડી; ત્યારે રાજાએ વિચાર કર્યો કે જે ઢોલીયાની સવા લાખ રૂપિયાની કિંમત થાય છે, તે ઢોલીયો તેટલા ફાયદાવાળો હોવો જોઇએ; કેમકે એવા ફાયદા વગર વેચનારના મ્હોડામાંથી સવાલાખનો આંકડો નિકળે નહીં.

હવે અધિરાજે અનુચરને વરધી આપી કે અમાત્યને કહો કે સવાલાખ રૂપિયા આપી ઢોલીયો ખરીદ કરે. આશ્ચર્ય પામતા અનુચરે અધિરાજનો હુકમ આમાત્યને કહી સંભળાવ્યો. આમાત્યે માણેકચોકની ગુજરીમાં જઇ તે બાઇને કહ્યું:-"બાઇ! તારો ઢોલીયો સવાલાખ રૂપિએ રાજાએ ખરીદ્યો છે, માટે ઢોલીયો અમારે સ્વાધીન કર; અને રૂપિયા તારે ત્યાં આપવા રાજાના સેવકો હમણાં આવે છે, માટે તું તારા ઘરે હાજર રહે." કઠિયારીએ ઢોલીયો અમાત્યને સોંપ્યો, ને હરખાતી હરખાતી ઉતાવળે પોતાના ઘર ભણી ચાલી.

ઘરે જઇ પોતાના ધણી પ્રતે બોલી:-"મારા વાહાલા! વારી જાઉં તારા નામ ઉપરથી!! રૂપીયા સવાલાખ આપવા રાજ સેવકો હમણાં આવે છે, મારા ધણી! તમારૂં કહેવું સાચું પડયું, તમારો ગુણ હવે કદી પણ નહીં ભુલું! આ પ્રમાણે બોલી હાવભાવ કરવા મંડી ગઇ, સ્વામી માટે ઉનું પાણી મુકી નાવણની તૈયારી કરવા માંડી. આડોશી પાડોશીને ત્યાંથી માગી લાવી મીષ્ટાન કરવાના કામકાજમાં રોકાઇ.

અહો! લક્ષ્મી શી ચીજ છે! પૈસા માટે માણસ શું નથી કરતા! જે સ્ત્રી તે કઠિયારાને તેનો રળેલો સુકો રોટલો ખાવા આપવા સો સો વિટંબણા પાડતી, જે સ્ત્રી પોતાના ધણીને ગાળોનાં પ્રભાતિયાં સંભળાવ્યા વિના કોઇ પ્રભાત કાઢવા દેતી નહોતી, જે સ્ત્રી માડા મહેનતથી થાકેલા પાકેલા ધણીને કપાંન કરી અનેક કષ્ટ આપતી તેજ સ્ત્રી અત્યારે તેજ ધણીને વહાલામાં વહાલો ગણી ઉપકાર માની ઓશીંગણ થવા લાગી! ખરેખર પૈસાની બલીહારી છે! કવિએ કહ્યું છે કે:-પૈસો એજ પરમેશ્વર એ કાંઇ ખોટું નથી. જો કે આગ-

બીક લાગે તેથી અસદ્ગતિ થાય છે ખરી, પણ આલના ભવમાં તો તે પરમેશ્વરરૂપ થઇ પડે છે તેમાં નવાઇ નથી.

ઘડી બેઘડી થઇ એટલામાં રાજસેવકોએ આવી કઠીયારાની સન્મુખ સવાલાખ રૂપિયાની થેલીયો હાજર કરી. કઠિયારી ગાંડી ઘેલી બની ગઇ, તેના મનમાં અનેક તરંગો કરવા લાગી. પણ સુજ્ઞ કઠિયારો આ સઘળી માયા સમજી ગયો. તેણે વિચાર કીધો કે મારે એવો નિયમ છે કે રળી લાવેલામાંથી અર્ધું ધરમાદા ખાતે વાપરવું. પણ હવે તે નિયમ અમલમાં લાવવો મુશ્કેલ પડશે. 'પૈસો પૈસાને વધારે.' તેમ હમેશ મારી આ વક વધતી જશે, અને જો એમ થશે તો વધારે આવકે વધારે ધરમાદો મારાથી થશે નહીં, તેમ આ જે સવાલાખ રૂપિયા મળ્યા છે તે પણ મારી પેદાશ કહેવાય, તો તેમાંથી અરધું ધરમાદામાં વાપરવું જોઇએ. એમ વિચાર બાંધી તેણે અરધી મિલકત ગરીબ ગરબાને દાનમાં દઇ દીધી. તેની કુભાર્યા કળકળવા લાગી ને સ્વામીને શાણી થઇ શિખામણ દેવા લાગી; પણ નિયમિત કઠિયારાએ કાને ધર્યું નહીં, ને પોતાનું મન સાચવ્યું.

હવે કઠિયારાને મુનિરાજનો ઉપદેશ યાદ આવ્યો, મુનિ મહારાજની તપશ્ચર્યા, તેમનો ઉપદેશ, લીલાં લાકડાં કાપવાની બાધા, વગડાની હેરાનગતી, ત્રણ દિવસની લાંઘણ, દેવની લીલા, તેમણે હોલીયો કરવાની આપેલી સુચના, તેનું વેચાણ, અને સવાલાખની આવક, એ સઘળા વિચાર તેની સમક્ષ આવી હાજર થયા. તેનું મન જ્ઞાનપર ચડ્યું. તેણે સઘળો સાર ખેંચી મનમાં નક્કી કીધું કે ખાસ કરી સ્થિતિ સુધારવાનું મુખ્ય કારણ મહા મુનિરાજનો અમુલ્ય ઉપદેશ.--મેં એક વ્રત પાળ્યું તેમાં આવડો લાભ થયો, તો ધન છે તે મુનિરાજને! કે જે અનેક વ્રતો પાળે છે!! વાહ! મુનિરાજ વાહ!! એમ વિચારતાં છેવટ તેનું મન આ સંસારપરથી પાણીના પરપોટાની પેઠે ઉઠી ગયું, તેણે આ સંસાર ખોટો ધારી લીધો, અને પોતાની બાયડીને મિલકત સોંપી પોતે વગડામાં નિકળી

પડયો; કેટલેક દહાડે ધર્મઘોષગુરૂનો તેને સમાગમ થયો. ત્યાં મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો અને વૈરાગ્યવંત થયો. સાધુપણા માં કેટલાંક કર્મ ખપાવી, આળોવી, પડકમો, નિંદી નિશળ થઈ સંથારે કરી દેવલોકને વિષે ગયો.

અહો ભવ્ય જીવો ! જુઓ કઠિયારાની કહાણી. એક વૃતમાં તેને કેટલો ફાયદો ! જે સંસારમાં લાકડાં કાપી માંડ માંડ પોતાની ઓઝરીનું પુરૂ કરતો હતો, તે દેવલોકમાં અનંત સાહેબી ભોગવવા લાગ્યો. તેને ખમા ખમા કરતી અપ્સરાઓ આસના વાસના કરવા લાગી ! તેની આગળ દેવો ચાકર રૂપે થઇ ગયા ! ! માટે ભાઇઓ ધર્મનો પ્રભાવ સાચો છે.

હવે રાજાએ ઢોલીયો ખરીદ કીધો, ને પોતાના દીવ્ય મેહેલમાં મુકાવ્યો. સારૂ મુહુર્ત જેવરાવી દાસીને ઢોલીયો પાથરવા હુકમ કીધો, દાસીએ મહારાજાના મેહેલમાં ઢોલીયો પાથર્યો, અને તેનાપર દશ મણ રૂથી ભરેલ રેશમી ગાદલું પાથરી સફેદ રેશમી ઓછાડ બીછાવી મથાળે તકીઆ ગોઠવ્યા.

વાત એવી બની કે જે દિવસે ઢોલીયો પાથર્યો તે દિવસે રાણી કાંઇ કામ કાજે દાસીઓ સાથે વાતમાં વળગી, વાત કરતાં કરતાં મોડી રાત વહી ગઇ, અને તેને નિંદ્રા આવવાથી ત્યાંજ સુઇ ગઇ; અને રાજાની દિકરી જેની ઉમ્મર ૧૬ વર્ષની હતી, જેને થોડા દિવસ પહેલાં પરણાવી આંણું કરવા પોતાને ત્યાં તેડી હતી, જે ભરજોબનમાં ખીલી જોબનનો નમુનો બની હતી, જે મહા મનોહર હતી, જેની કાન્તિ ચંદ્રના બિંબની પેઠે પ્રકાશ મારતી હતી, તે કુંવરી પોતાના પિતાના ઓરડામાં કાંઇ કારણસર ગઇ; ત્યાં માહારાજાએ ખરીદેલો શોભાયમાન ઢાલીયો જેઇ ઘડીકવાર પોઢવાની તેની વૃત્તી થઈ, એ વૃત્તિએ તેની આંખ ભારે કીધી, ને ઢાલીયાપર આડે પડખે પડી. પડતાવેંત પોઢી ગઇ. અને મંદમંદ પવનની સુગંધી આવતી લેહેરમાં તેની ઉંઘ અઘોર થઇ પડી.

વખત થયો ત્યારે રાજા તે ઓરડામાં સુવા આવ્યો, તેણે કુંવરીને પોતાની સ્ત્રી ધારી તેની સાથે સુવાની તૈયારી કીધી;

સત્યમાં અસત્ય જોડાવાની જરા પણ વાર ન્હોતી, નિર્દોષ ચંદ્રપર કાળો પડદો થવાને કાંઇ પણ વિલંબ ન્હોતી; કોમળ હરણી અને શુદ્ધ સિંહને અઘોર અરણ્યમાં પડવાની તૈયારી હતી; હવે તો માત્ર પરમેશ્વરની સહાયતા જોઇતી હતી, હમણાં તો માત્ર તેની લાજ સાચવનાર તેનો ધર્મ હતો, અગરતો કોઇ દેવ હતો. અત્યારે સવાલાખના દોલીયાની કિંમત અંકાઇ. આ અકાર્ય, અપવિત્ર અને અંતઃકરણમાં ભયોભર સાલે એવું પાપી કામ કરતાં પહેલાં તે ઢોલીયામાંની એક પુતળી ફરફર ફરી— કેટલીકવાર ફરી ખુબ હસી. અને હસ્યા પછી તેને મનુષ્યના જેવી વાચા થઇ, અને તે રાજા પ્રત્યે બોલી.

“હે રાજા ! આજની રાત્રી તને બહુ કઠણ છે, હમણાં તારા ખજાનામાં ચાર ચોર ખાતર પાડવા લાગ્યા છે, અને જો તેની અટકાયત હાલ તુરત નહીં થાય તો તારા ખજાનાની અમુલ્ય ચીજો તે ઉપાડી જશે.” આટલું બોલી તે પુતળી એકદમ ખરરર કરતી ઉડી ગઇ. રાજા આશ્ચર્ય પામ્યો, પુતળીને થયેલી વાચા અને તેનું ઉડી જવું જોઇ સાંદાશ્ચર્ય થયો. તુરત પોતાની માનાહી તરવાર હાથ ધરી કટકાર કરતાં નિચે ઉતર્યો, અને ખજાનાના પાછલા ભાગમાં ખાતર પાડતાં એક ચોરને ઠેર કર્યો અને બીજા ત્રણને પકડી ચોકીદારને જગાડી ચોરોને તેમના હવાલામાં સોંપી રાજા પોતાને બંગલે ચાલ્યો.

પાછી રાજાની નજર પલંગમાં સુતેલી સુંદરી પર ગઇ, તેની આંખમાં કામદેવ પ્રદિપ્ત થયો, તેની રગોમાં કામનો ભુત ભરાયો, તેથી લુગડાં ઝટપટ ઉતારી એકદમ સુવાની તૈયારી કરવા માંડી; અને જ્યાં પગ ઉપાડી પલંગપર મુકવા જાય છે, ત્યાં બીજી પુતળી ખુબ ફરી, ફર્યા પછી રડી અને રડયા પછી રાજા પ્રત્યે બોલી:—હે રાજન્ ! તારાપર વધારે વિઘન છે, માટે સાવચેત રહેજે. તું ચોરને પકડી આ બંગલાપર આવતો હતો તે વખત તેં ઉદ્દેશે પગથીએ તારાં પગરખાં ઉતાર્યાં છે, તે પગરખામાં તંબોળી નાગ ભરાયો છે; હમણાં તારો માનીતો

ખાસદાર જાગશે અને તારાં પગરખાં ઉપાડશે તેવો તે નાગ તેને ડસશે અને તેનો પળવારમાં પ્રાણ જશે. માટે હે પ્રજાપ્રતિપાળ ! તારો ધર્મ છે કે પ્રજાની પાળના કરવી. તેમાં આનો તારો માનીતો ખાસદાર માજીસ છે માટે ઝટ સારવાર કર.” એમ બોલી બીજી પુતળી ઉડી ગઇ. આ વચન સાંભળી પાછાં રાજાએ કપડાં પહેર્યાં, તેજ કરતી તરવાર હાથમાં લીધી, અને છરકે માળ ઉતર્યાં; ઉતરી પોતાના ખાસદારને જગાડયો, અને પોતાનાં પગરખાં લાકડીવતી ઉંધાં કર્યાં તો તેમાંથી તંબોળી નાગ નિકળ્યો. આ તમાસો જોઇ રાજાને અચરતી ઉપજી, નાગને ઠેકાણે મુકાવી પાછો કામથી પીડાતો રાજા રસ્તામાંજ પોતાનાં લુગડાં ઉતારતો તાકીદે મહાલયમાં દાખલ થયો.

જેવો પોતાની બદઇચ્છા પાર પાડવાને સંકલ્પ કરે છે, તેવી ત્રીજી પુતળી ખુશ ફરી, ફર્યા પછી કુણી, અને કુદયા પછી બોલી:—“હે રાજન્ ! તારી એક વખત સેવા બજાવવા હું અહિં આવી છું, અને તે સેવા બજાવવાનો અવસર અત્યારેજ પુરો થયો છે. તારી ઘોડાજશાળાના છેલ્લા ખંડમાં તારી રેવંત ઘોડી બાંધેલી છે, તે તબેલો હમણાં તુટી પડશે, અને તેથી તારી ઘોડી મરણ પામશે; માટે સારવાર કરવી હોય તો કર.” આટલું બોલી તે ત્રીજી પુતળી ઉડી ગઇ. રાજા પાછો પોતાના નશીબપર હાથ મુકતો અશ્વશાળામાં ગયો, ત્યાં અશ્વપાળને જગાડી ઘોડી છોડાવી પોતે તેનાપર હાથ ફેરવ્યો તેવોજ તબેલો તુટી પડયો. વહાલી ઘોડીને બીજા તબેલામાં બંધાવી રાજા પાછો પોતાના બંગલામાં દાખલ થયો. આવી રીતે ત્રણ ભયંકર બનાવ બનવાથી રાજા દિગ્મૂઢ ખાઇ ગયો હતો, અને ચોથી તરફ તેની કામવૃત્ત નિષ્ફળ નિવડવાથી ચિંતાતુર બની જતો હતો. પાછો મહાલયમાં દાખલ થયો કે તુરત ચોથી પુતળી ખુશ ફરી, ફરીને ઉડી બીજી સાથે પછડાઇ; પછડાયા પછી પોતાના સ્થાનકે બેઠી અને બેઠા પછી બોલી:—“રાજન્ ! તારી પુત્રીની તપાસ કર.” આટલું બોલી તે ચોથી પુતળી પણ ઉડી ગઇ. પુત્રીનું નામ સાંભળી

રાજા દિલગીર થયો, અને નસોનું લોહી ગરમ થઇ ગયું; તેથી મનમાં આવ્યું કે મારી પુત્રીપર અનીતિ થઇ હશે, હમણાં તેણે પોતાની સમશેર ગુસ્સાથી પકડી લીધી, આંખો લાલ ચોળ થઇ ગઇ અને પોતાની પુત્રીના ઓરડા તરફ ચાલ્યો; ઓરડામાં જુએ છે તો પુત્રી મળે નહીં. આ દેખાવ જોઇ તેના મનમાં અતિ અફસોસ સાથે ગુસ્સો આવ્યો, તેથી હાંક મારી દાસીને હાકલ કરી, ત્યાં સઘળી દાસીઓ જાગી ઉઠી. આ વખત રાણી જે દાસીના સાથમાં ત્યાંજ સુઇ રહ્યાં હતાં તે પણ જાગી ઉઠ્યાં, અને પોતાના પ્રાણનાથ આગળ આવી બોલ્યાં:— "મહારાજ! કેમ અત્યારે અંધારી રાત્રે આપ આવી હાલતમાં કુંવરીના મહેલમાં પધાર્યા છો. મહારાજ કહે:-તમે અહીંયાં ક્યાંથી? રાણી બોલી:-'પ્રાણનાથ! હું આંહીજ સુતી છું' રાજા કહે:—ત્યારે મારા મહાલયમાં કોણ સુતું છે?' રાણી કહે.- "મને ખબર નથી." પછી રાજા તથા રાણી ત્યાં આવ્યાં, અને તપાસીને જોયું તો કુંવરી દેખાઇ. રાણીએ કુંવરીને જગાડી. કુંવરી જાગી ઉઠી, અને પોતાને ઉંઘ આવી ગયાનું જણાવ્યું. પછી તે પોતાને બંગલે ગઇ. (રાજાએ રાણીને સઘળી હકીકત કહી અને ખરીદ કરેલ ડાબીઆની એક લાખ રૂપિઆની ખરી કિંમત આજે થઇ.

આ કથાનો સાર એ છે કે માણસે હરકોઇ જાતનો નિયમ પાળી ધર્મમાં દ્રઢ રાખવો. એક કઠિયારા જેવો ગરીબ માણસ પોતાના નિયમથી અનંત સાહેબી પામ્યો. માટે આ સંસારના સુખ સંકટમાં નહીં લપટાતાં ધર્મ લાગણી હમેશાં ધ્યાનમાં રાખવી.

ઇતિ કાનકાઠિયારાની કથા.

મુનિને દાન દેવા ઉપર.

આંબિકાની કથા.

જેના બે મહિધર એટલે શેત્રુંજય ને ગિરનાર એ બે પર્વત મસ્તકરૂપ છે, જેની પવિત્ર પૃથ્વિ એ સુરાલયની સુંદરતાનો પરાજય કરી દેવાને પાતાળમાં પલાયન કરાવ્યું છે, ને જેનાતેજસ્વી તીર્થરૂપી માહાત્મ્યનાં નિર્મળ મુક્તાફળ સદા વિજયવંત વર્તે છે, એવા સૌરાષ્ટ્ર દેશના પર્વતઇંદ્ર શ્રી રૈવતાચળની દક્ષિણ દિશાએ ઋદ્ધિમાં કુબેરપુર કલ્પ અને ન્યાયવાન નરનારીયોથી નિવાસીત કુબેરનગર (કોડીનાર) છે. તેની યક્ષા નામની સરિતાના પાણીના બિંદુઓને તથા ફુલની સુગંધના પરમાણુંઓને પ્રસારનાર પવન કદલીપત્રોને પ્રતિદિન કંપાયમાન કરી રહ્યો છે, તેથી નાગરિક નિતંબિનીને પુરૂષોના શરીરનો પ્રસ્વેદ નાશ પામે છે; તે ઉત્તમનગરમાં વિચિત્ર ચિત્ર જોનારાં મનુજોનાં ચક્ષુરૂપી ચંચળ કમળને રહેવાને માટે પ્રાસાદરૂપી પુષ્પવાટિકાઓ છે. ફરતો પ્રદક્ષિણા દેતો ઉંચો સુંદરાકાર કિલ્લો પરિવેષ્ટન કરી રહ્યો છે; ચૈત્યોમાં ઠામ ઠામ પુજાઓ થઇ રહી છે; ચિત્રમયી લક્ષ્મીના ચિત્તાકર્ષક પ્રતિમાઓ પ્રત્યેક સ્થાને પ્રકાશી રહી છે, સર્વ પ્રજા ષટકર્મમાં ઉદ્યોગી તથા કર્મનિકંદન કરવામાં નિશદિન ગુંથાએલી છે, એવી નગરીને વિષે હરિની કીર્તિને હરનાર, જેના ગુણરૂપી સિંહે અરિરૂપી હાથીને વિદાર્યો છે એવો, કૃષ્ણના વંશમાં રત્ન જેવો ભગવંતના પાદારવિંદનો ભ્રમર, દ્વાદશવ્રતપાળક, તત્વત્રયના ચિન્હરૂપ ત્રણ તંતુની યુક્તાઇ યજ્ઞોપવીત ધારક, ને અંબરમાં સયુંક્ત, સાધુની સ્યાદ્વાદ સિદ્ધાંતસુધાથી સિંચિત એવો સોમભટ્ટ નામે બુદ્ધિશાળી બ્રાહ્મણ રાજા છે, તેને અંબિકા નામની ઇંદુવદના, સંસ્કારવતી, સતિશિરોમણી ને પતિવૃતા એવી સ્ત્રી છે, તેનામાં લક્ષ્મીની ચંચળતા, રંભાનું રૂપ, સરસ્વતીની ભાષા, ચંદ્રની કળાની વક્રતા ને સુરેંદ્રાણી-

નો સપત્નીભાવ છે. સોમભટના પિતા પરલોકમાં ગયો ત્યારે તેની સાથે જૈનધર્મનો પણ લોપ થયો એમ લાગતું હતું, એકદા મધ્યાન વખતે માસ ક્ષમણના ઉપવાસી બે ક્ષમાશ્રમણ મુનિઓ સોમભટના મહેલ પાસે ગોચરી લેવા નિકળ્યા. સુતપશ્ચર્યાએ કરીને શશાંક સૂર્ય સદૃશ, અને કર્મરૂપી રોગને ચકચુર કરવામાં ચતુર વૈદ્ય તુલ્ય, એવા તે બે સંવેગી સાધુઓને જોઇ ભદ્રભાવથી ભરેલી ઉદાર અંબિકા અત્યાનંદની ઉર્મિમાં નિમગ્ન થઇ વિચારે છે કેઃ—

આ મહા પ્રાજ્ઞ મુનિઓ ક્ષમાગુણ ધારણ કરનાર મહા પર્વ તો છે, સુકર્મના ઉદયે કરીને મારે આંગણે પધાર્યા છે, તેથી આજ અપૂર્વ પર્વની તિથિ છે. ખરે ! મેં પ્રચુર પુન્ય ઉપાર્જન કર્યું છે. જેથી મને સર્વ સુખનું સાધન મળ્યું. જેમ દુધથી ધોવાએલી વસ્તુ વિશુદ્ધ થાય છે, તેમ આ અનુત્તર અતિથિના પ્રિય દર્શનથી મારાં નયન પવિત્ર થયાં છે. અનાર્ય સાસુ પણ અત્રે નથી. રસોડામાં ઉત્તમ પદાર્થ છે, માટે તેનું દાન આપું. આવા અંતરંગના તરંગમાં અતિ હર્ષનાં આંસુથી ભીંજાએલી ને રોમવિકાસિત એવી હંસગામિની અંબિકા ઉઠી, અને અન્ન લઈ અનગાર સાધુ મુનિરાજને વિનવે છેઃ—

આપ આહ્લાદજનક આકૃતિવાળા ને અતિ પુણ્યવંત છો, મારાપર પરમ પ્રસાદ કરી ખાવાનું ગ્રહણ કરો, જેથી હું પાવન થાઉં. ત્યાગી મુનિઓએ પણ અન્ન અને અન્નની પ્રસન્નતા જોઇ પાત્ર ધર્યું, તેમાં અંબિકાએ સુપાત્રદાન દીધું, તે જાણે શ્રેષ્ઠ ગતિનું બીજ રોપ્યું એમ દેખાયું. શાંત, દાંતને મહંત મુનીઓએ પણ દાન સ્વીકારી ધર્મ લાભ દીધો; ધર્મના લાભથી મુક્તિના અલૌકિક લાભનું અર્પણ કરનારા તે પરરૂપી ગુરૂ સિંહથી પાપરૂપી હઠીલા હાથી હણ્યા. સફુરીને ગુપ્તની યતિઓ ૪૨ દોષ નિવારી આહાર વોહોરી અંબિકાના આસ્થાનસ્થળથી નિકળ્યા, પણ આશ્ચર્ય એ હતું કે તેના અંતર્ગત હૃદયકમળમાંથી નિસર્યા નહીં.

હવે અંબિકાએ ગીતાર્થ ગુરૂને ભોજનદાન દીધું, તે દેખીને મુર્તિમતી પિશાચની ભયાનક સર્પણી, કલહપ્રિયા, પ્રપંચી ને પ્રચંડ પાડોશણ ઉંચા હાથ કરી, નેત્ર, નાશિકા ને મોંને વક્ર કરી કઠોરને કટુ વાગ્બાણ કટાક્ષથી કાઢી, સર્વને તીવ્રત્રાસ પમાડતી ને પગ પછાડતી ઝટ પોતાના ઘરની બહાર દોડી આવીને આર્યઅંબિકા સામું જોઈ કહેવા લાગી:-હે સ્વછંદાનુચારિણી ! તને ધિક્કાર છે! યજ્ઞ ને હત્યા કર્યા વિના વગર વિચારે તેં શ્રમણને ભિક્ષા કેમ આપી ? તારી સાસુ ઘેર નથી, ને વિવેકહીન વેશ્યાનું આ અયુક્ત આચરણ તેં કેમ આચર્યું ? પુર્વજ ને બ્રાહ્મણોને પિંડ પહોંચ્યા પહેલાં આ શું કર્યું ? એમ ગધેડીની માફક ભુંકતી ને કુતરીની માફક ભસતી, બકબકાટ કરતી તે અંબિકાની સાસુ પાસે ગઇ, ને તેને સર્વે વાત કહી દીધી.

પછી વાયુ જેમ ધુમાડાની વિવૃધી કરે છે, તેવી રીતે તે સાસુ પણ તે વાતને વિસ્તારીને બોલી:—હે વહુ ! તેં આ કામ બહુ કલેશનું કર્યું, તેમાં લેશમાત્ર પણ સંદેહ નથી. હુંતો જીવતી છું તે છતાં તારૂં મારા ઘરમાં કેમ ચાલે ? ક્રોધી સાસુ ને પાપી પાડોસણની અંતરાલે ઉભી રહેલી ઉદાસ અંબિકા વાદળને રાહુની વચ્ચે સપડાએલી ચંદ્રકળાની પેઠે નિસ્તેજ થઇ ધ્રુજવા લાગી; એટલામાં સોમભટ વિપ્રાને તેડીને આવ્યો. પોતાની માતા તથા પેલી નિર્લજ ને દુષ્ટ કર્કસાનાં પાપિષ્ટ કુશબ્દો સાંભળી તેનો મિજાસ ગયો, ને કોપાતુર થઇ નાજુક અંબિકાનો અસહ્ય તિરસ્કાર કરવા લાગ્યો, તેથી અધોમુખીને કુલીન તેની સુંદર સ્ત્રી કાંઇપણ બોલ્યા ચાલ્યા શિવાય પોતાના અંબર ને સંબર નામના બે બાળકને સાથે લઇ સર્વ વિરતિ સંયમની સત્ય વાચા સભારતી જલદી સાસરાનું ઘર મુકીને ચાલી નિકળી. ચાલતાં ચાલતાં માર્ગમાં વિચારે છે કે:—

અરે મેં કોઇ સમયે સાસુજીની આજ્ઞા ઉથાપી નથી ધણીની ઘણી ભક્તિ યથાશક્તિ કરી છે, ઘર ધણિઆણીનાં કાર્ય કષ્ટ વેઠીને સારી રીતે કર્યાં છે, કનક કામિનીના ત્યાગી ગુણવંત

ગુરૂને પુન્યોપાદક પ્રદાન દીધું તે કલ્યાણકારી થયું છે; તે છતાં પણ વિના કારણ ઉલટી મારી અવગણના કરી છે. પુત્રથી પામેલા પિંડસુખથી જો મેત પુરૂષને તૃપ્તિની પ્રાપ્તિ થાય તો પાણી પાવાથી સુકું ઝાડ નવીન પલ્લવ કેમ ન થાય? અહો મિથ્યાત્વ' એમ આંધળો માણસ સુર્યનો તિરસ્કાર કરે, ને રતાંધળો માણસ ચંદ્રની નિર્ભત્સના કરે, તેમ ક્ષુદ્ર ને મુઢ માણસોએ સુપાત્ર ત્યાગની નિંદાનો વરસાદ વરસાવ્યો છે, અરે! પણ એમનો દોષ કાઢવો વૃથા છે. મારાં પુર્વકૃત્યનાં અંકુર ઉગી નિકળ્યાં છે એમ મારે માનવું જોઇએ. આજથી ગૃહવાસના દાસત્વનો સદૈવ ત્યાગ છે. હવે તો તે બે સુશીલ સાધુનું શરણ સેવું યોગ્ય છે. ગુણકીર્ણ ગિરનાર ગિરિપર જઇ સંસારસમુદ્રના ઝાઝ સમાન ને સકળ સુરાસુરેંદ્રે સેવિત એવા શ્રી નેમિનાથને નમી તેમનું ધ્યાન ધરી તપ તપી દુષ્કૃતને દળી નાંખીશ. એમ વિચારી એક પુત્રને કેડે લીધો. અને બીજાને હાથની આંગળીએ વળગાડયો, અને શોકને દુર કરી ગુણાભિરામ ગિરિવર ગુરૂનું તેમજ રૈવતાદ્રિનું મનમાં સ્મરણ કરતી અચળ ચિત્તથી આગળ ચાલી. અધાનક જંગલની મધ્યે તડકામાં નવધ્રેકોડે ને ઉઘાડે પગે અધરાતાં બાળ જેવા તિક્ષ્ણ કાંટા વાગે છે, એવી દશાની પરાકાષ્ટમાં કેડે બેસાડેલો કુમાર તરસ્યો થયો, લાગવાળા મુખવાળું, આંસુથી ભરેલા ભીના ગાલવાળું ને માતાના ગમરાટમાં વધારો કરનારૂં બિચારૂં બાળક અરકુળાટે કરૂણાજનક રૂદન કરતું પાણી: પાણી! ઝંખી રહ્યું છે; અડકામાં વળી કમળની નાળ જેવી કોમળ આંગળીએ દોરેલો કીકરો ભુખ્યો થયો; તેથી હે અંબ! હે માતા!! મને ખાવા આપ. એમ કહી રડાફુટ કરી રહ્યાં છે. બન્ને બાળકોએ અંતઃકરણમાં પ્રવેશ કરી અશ્રુપાત કરવાની જાણે પ્રેરણા કરતાં હોય એમ અંબિકાની એક આંખમાંથી શ્રાવણ અને બીજીમાંથી ભાદરવો ભરપુર વરસ્યા જાય છે. તુટેલા હારમાંથી એક પછી એક સરિ પડતાં મોતીની સમાન ધારા બંન્ને છેડે તુટયા વગર ચાલે છે, તેમ બંન્ને

ચક્ષુમાંથી બોર બોર જેવાં ઉષ્ણ આંસુનાં ટપોટપ ટપકાં પાડતી, ઘર, આભુષણ, સુખ, સેવક, શરિર ઇત્યાદિક સંબંધી ઇચ્છાને અલગ કરતી, જંગમ તીર્થરૂપી તપસ્વી સાધુનાં સુવચનથી અપાર શોક વિસારતી અનાથ અબળા નેમીશ્ર્વર ભગવાનના ચરણકમળની ભક્તિ કરૂં, એવી ભાવના ભાવતી ચાલી જાય છે.

ભુખ તરસથી પીડાએલાં અણુસમજુ બાળકો સમય ઓળખતાં નથી. આવા દુઃખ દરિઆમાં ડુબેલી અંબિકાએ ધાર્યું કે, આ પુત્રો પ્રથમ મારા પ્રાણનો અંત આણશે, માટે આત્મહત્યા કરૂં. વળી ચિંતવન કરે છે કેઃ—ધિક્ક ! ધિક્ક ! આ બે બાળકોની પણ વાંછના હું પુરી પાડવા સમર્થ નથી. અરે ! હું ઘણાં અશુભકર્મની કરનારી છું. હે વસુધામાતા ! મારા ઉપર કૃપા કરી મને માર્ગ આપ કે તેમાં હું સમાઇ જાઉં. ને આ અગાધ શોકસાગરમાંથી નિવૃત્ત થાઉં. હે વિધાતા ! તેં મને કેમ ઘડી? અહો દુઃખો! તમને બીજા કોઇ સ્થળમાં રહેવાનું ન મળ્યું કે આવી રીતે અકસ્માત મારા ઉપર એકદમ આવી અડયાં છો ? અરેરે દૈવના વજ્રમય હૃદયમાં વિલાપ કરવાથી કંઇ વળવાનું નથી. હવે તો પાપ પ્રજાળનાર પ્રભુના ચરણકમળને શેવીને સર્વ સંકટ સહન કરીશ ! એમ કહી એક ઠેકાણે બેઠી; તેના નિઃશ્વાસવાયુથી સર્વ વૃક્ષ ડોલતાં હોય એમ દીસતું હતું એવામાં નિર્મળ શીતળ જળને ખીલેલાં કમળવાળું આંબાના ઝાડથી વિંટાએલું, અને જેની બેય બાજુઓએ ભમરાઓ ઝંકારવ કરી રહ્યા છે, ને કોકિલ પક્ષિ ટોકારવ કરી રહ્યાં છે, એવું એક મનોહર સરોવર તેની દૃષ્ટિએ પડયું; તે સરોવરમાંથી અતિ દુઃખિ તે દિનમુખિ અંબિકાએ અંજલિ ભરિને પોતાના પુત્રોને પાણિ પાયું, અને તેમને રસાફળ (આંબાનાં ફળ) ખાવા આપ્યાં.

હવે જેમ લોઢાના વાસણને પારસમણિનો સ્પર્શ થવાથિ તરતજ તે સુવર્ણમય થાય, તેમ તે સ્થિર, વિર, ગંભિર ને મોક્ષ ઇચ્છનાર મુનિઓના પ્રબળ, મોટા ને પરોપકારિ પ્રભાવથિ સોમ

ભરનાં અન્ન ને વાસણ કાંચનમય થઇ ગયાં, એ જોઇ અંબિકા ની સાસુ પશ્ચાતાપ કરી પુત્રપત્ની પ્રત્યે પ્રિતિપુર્વક કહે છે: અ હો! ધિક્કાર છે મને મિથ્યાકોપ કરનારીને! અંશમાત્ર અપરાધ વિના શ્રેષ્ટ અંબિકાને મેં કાઢી મેલી! એટલામાં આકાશવાણી થઇ કે, એનો દાનના અમોઘ ફળનો અંશમાત્ર છે. અંબિકા તો દેવને પુજનિય થશે. તે સાંભળી સોમભટની માતા સ્તુત્યવધુની પ્રસંશા કરતી સાનંદાશ્ચર્યથી સોમભટને કહે છે:-હે પુત્ર! જો તો ખરો! શો ચમત્કાર! પુન્ય પરાક્રમની કેવી પરિસીમા! એ રડાઓમાં ધન ધાન્યના ભંડાર ભરાઈ ગયા છે, તે દાનનું દિ-વ્યફળ છે. માટે જલદી જા, ને વિનીત વહુને તેડી લાવ. તેના વગર મારૂં ઘર તે હ્રદયશુન્ય છે. તે સાંભળી ચંદ્રની કાંતિની પછવાડે જેમ સમુદ્રનું પુર વેગથી દોડેછે, તેમ અંબિકાને પગલે પગલે પોતાની માએ મોકલેલો સોમભટ સપાટાબંધ ચાલ્યો.

હવે શુન્ય વનમાં કિશોરવયનાં બાળકો સહાને અંબિકાને દુરથી જોઇ સોમભટ બોલે છે:-હે ભયવિભ્રાંત ભામિની! પલ માત્ર સ્થિરતા રાખી ઉભી રહે. આ વાકયનો અવાજ કાને પડ તાં અંબિકાએ પોતાની મુખમુદ્રા ફેરવી તો પતિને ઉતાવળો આવતો જોયો, તેથી જોતાંવારનેજ કહે છે:-અહો! કયા અકારણ રિપુએ રોપે કરીને આને મોકલ્યો છે? ખરે! મને મારવા આવે છે. હવે હું કોનો આશ્રય લઉ? એ ક્રૂર છે તેથી આ ઘોર વ-નમાં પકડીને મારો ઘાત કરશે. અહીં મારૂં કોઇ નથી. હા દૈવ હું શું કરૂં! હું નિરાધાર આકાશથી પડી છું, ને ધરતીએ મને ઝીલી લીધાં છે. હવે મારે જીવીને શું કરવું? કોપનાં આ વેશમાં ફજેતી કરી ક્રૂરતાથી મારૂં કાટલું કરશે તે પહેલાં હુંજ પ્રાણ કાઢું. એમ અવધારણા કરી વિલાપ કરતી એક કુવા કાંઠે આવી તેમાં પડિ મરવાનિ ઇચ્છા કરતિ બોલે છે:-

અરિહંત, સિધ્ધ ને સાધુનું મારે શરણ છે; દયામય ધર્મ ને દાનનું માહાત્મ્ય મારિ ગતિ છે; બ્રાહ્મણ, દરિદ્રિ, કૃપણ, ભિલ ને મલેચ્છના વંશમાં તેમજ કલંકિત ને અધમ કુળમાં મારો

સંસારમાં સાર નથી તે ઉપર.
एक वाणीयानी कथा.

હે ભગવાન! પૈસા વગર બળ્યો આ સંસાર, દમડા વગર દુનિયામાં જીવવું વૃથા છે, વસુ વગરના નર પશુ એ કાંઇ ખોટું નથી. કવિઓ કહે છે કે 'પૈસો એજ પરમેશ્વર' તેમાં કાંઇ અતિશયોક્તિ નથી. અહોહો! જ્યાં જુઓ ત્યાં પૈસાનો ખમા ખમા થાય છે, પૈસાદાર પુજાય છે, લક્ષ્મીવાળો લહેર કરે છે, અને મારા જેવા વિત્ત વિનાના રખડતા ઢોરની પેઠે રખડે છે.

આમ વિચાર કરતો એક વીસ વર્ષનો જુવાન પોતાના ઓરડાના પગથીયાંપર બેઠો હતો, ત્યાં ઘરનું કમાડ ઉઘડ્યું, માથું ખજવાળતી તેની કુભાર્યા તેની સામા આવી ડોળા કાઢી ડાકણના વેશમાં ઉભી રહી કઠોર શબ્દ કહેવા લાગી:–"ઘરમાં બાજરો બળ્યો નથી. છોકરાઓ રોકી ખાય છે, અને આ રડ્યો આંધો મરેલાના જેવો બેઠો છે." પિટયાને પૈસા પેદા કરવાની જરા પણ પરવાહ છે! રાંડ ભસે ને લવે, તેમાં એના બાપનું શું જવાનું હતું; રડ્યા માત પિતાએ આ મુરતીઓ ક્યાંથી ખોળી કાઢ્યો, આ કરતાં કુવામાં કાં ન હડસેલી! અને પિટયા કુવો અવાડો હોય કે જેથી તારો અભાગીઓ મને મરે, અને હાશ પણે હળવી થાઉં, ઘરમાં માણસને ખાવા મુકે એટલા દાણા નથી, રાંધે ખાય એટલી ખીચડી નથી, અને એક વખત ખાય એટલું અનાજ નથી; તોપણ કાંઇ ફીકર રાખ્યા વગર આળ-સાવર બેઠો છે. ફટ! ફટ' તને'" આ વજ્ર સમાન આકરાં વેણ તે જુવાનને લાગ્યાં, આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં, ને એક પણ શબ્દ બોલ્યા વિના ઘરબારને રામરામ કરી અટ-વીનો રસ્તો લીધો. એક જગ્યા સારી આવી, ત્યાં પોતે આસન કીધું, અને અંતઃકરણમાં એક દેવની આરાધના કરવા માંડી, જેના તે જાપ એ અને તપ સાંભળ્યા થઇ ને વખતે દેવ ત્યાં આવ્યો, અને

પેલા પુરૂષને પુણ્યુન્દે માનવો ! તું મારી આરાધના કેમ કરે છે ? અને શા માટે સંભારે છે ? જે જોઈએ તે માગ. હું આપવા બંધાઈ છું.

દેવની વાણી સાંભળી પેલા વાણીયાને વિચાર ઉત્પન્ન થયો કે ફરી ફરીને આવો પ્રસંગ નહીં આવે. માટે આજે એવું વચન માગવું કે આખી ઉમ્મર ધ્યાનમાં રહે. વળી હું વાણિયો, તો મારે આગળ પાછળનો સઘળો વિચાર કરી વરદાન માગવું. એમ વિચારી તે વણિક દેવપ્રતે વિનયપને બોલ્યો:—

અહો દેવતા ! તમે મને નાખ્યા આદરો એમ લીધો તેથી હું આપને વારંવાર વંદના કરું છું, માટે માત્ર એક વસ્તુ આપના આગળ માગવી છે, પણ તેને માટે ત્રણ દિવસની મેહેતલ જોઈએ છીએ; માટે આજથી ત્રીજા દહાડાપર આ વેળાએ આવી આપ આગળથી વરદાન માગી લઈશ; માટે કૃપા કરી ત્રણ દિવસની મુદત આપો. દેવતાએ ખુશીથી હા પાડી અને પોતે અદૃશ્ય થઈ ગયો.

હવે પેલો વાણિયો વરદાન માગવાના વિચારમાં પડ્યો, કોરેરમાં સઘળે ભમવા મંડ્યો. મોટા મોટા શેઠ શાહુકાર અને રાજમહેલમાં પુરુષોનાં સુખ અને વૈભવ તપાસવા લાગ્યો તો કોઈને પૈસા છે ત્યારે પુત્ર નથી. કોઈને પુત્ર છે તો પૈસા નથી; કોઈને પૈસા અને પુત્ર બન્ને છે, તો સ્ત્રી કુભારજા છે; કોઈને પૈસા, પુત્ર, ને સ્ત્રી સઘળું સારૂં છે ત્યારે પોતે રોગમાં પીડાયેલો છે; કોઈ પુન્યવંતને ઉપરની સઘળી વસ્તુનું સુખ છે ત્યારે ઘરમાં ભાગ્યપુત્રી વંઠેલાં છે. ત્યાથી વળી કાંઈ નહીં તો કાંઈ, પણ દુઃખ સહુને લાગી રહેલું પેલા વાણિયાના જોવામાં આવ્યું. શું માગવું ? અને કેના જેવો વૈભવ માગવો ? તેને માટે તેણે બહુ મનન કરવા માંડ્યું, પણ સઘળી વાતે સુખી એક માણસ પણ તેની દૃષ્ટિએ પડ્યો નહીં. એમ કરતાં બે દિવસ નિકળી ગયા, એટલે વાણિયાને ચિંતા ઉત્પન્ન થઈ. તેણે વિચાર કીધો કે આજે સવારના વરદાન માગવું છે. તો હવે કેમ કરવું ? આમ વિચાર

તાં ચોટામાં સુખી માણસનાં સુખ જોવાની ઉત્કંઠા ધરી ચા લ્યો જાય છે; ત્યાં તેણે એક ઉંચી દુકાન દીઠી, તે દુકાન સામે એક ઓટલો હતો તેપર બેઠો. દુકાનપર ગાદી તકીઆ પાથરી અનુંક્રમે એક પછી એક મુનમો બેઠેલા છે, એક તરફ તે દુકાનનો માલીક શેઠ બેઠેલો છે, અને બીજી તરફ તેનો મહાકાંતિવાન અને ચાલાક પુત્ર બેઠેલો છે, એક માણસ શેઠને પંખાવતી પવન નાંખે છે, બીજો માણસ પાનપટી વાળી આપે છે, ત્રીજો માણસ ટપાલમાં આવેલા કાગળ શેઠને વાંચી સંભળાવે છે, ચોથો માણસ શેઠ આગળ વિનંતી કરવા હાથ જોડીને ઉભો છે, શેઠ કાગળોના યોગ્ય જવાબ લખવાની સુચના આપે છે, વળી પાનપટી ચાવી રૂપાની પીકદાનીમાં પીચકારી મારે છે. આવો વૈભવ જોઇ પેલા વાણિયાને વિચાર થયો કે આ માણસ સઘળી વાતે સુખી છે, માટે મારે એ શેઠના જેવું સુખ માગવું. વળી પાછો તેના વિચારે ઉછાળો માર્યો કે મેં અહીં દુકાનનું સુખ જોયું પણ ઘરનું સુખ જોયું નથી, માટે સેઠને ઘરે કેવી સા હેબી છે તે જોવી. એમ વિચાર કરે છે, ત્યાં શેઠ અને તેનો પુત્ર દુકાનેથી ઉઠયા, સારથી સરસ બળદવાળો શિઘરામ લઇ હાજર થયો, તેમાં બેશી બાપ દીકરો ઘરે ચાલ્યા; પેલો વાણિયો પણ તેમની પાછળ ઉતાવળો ચાલ્યો.

શિઘરામ ઘર આગળ આવી ઉભો રહ્યો એટલે અનુચરે આવી શિઘરામનું બાર ઉઘાડયું, અને બાપ દીકરો ઘરમાં દાખલ થયા. તે વખતે પેલો વાણિયો પણ સામેના ઓટલાપર તેમની ચર્ચા જોવા બેઠો, ઘરની પરસાળમાં પડેલા કોચપર શેઠ બેઠા અને તેમનો છોકરો માળપર ગયો, શેઠે પાઘડી નિચે મુકી કપડાં ઉતાર્યાં, એવામાં અનુચરે આવી શેઠના પગ ચાંપવા માંડયા, ગરમ પાણી તૈયાર થએલું હતું તેથી શેઠ નાવા ઉઠયા, હજામે પેહેલાં જાત જાતના મર્દન કરી શેઠને નવરાવ્યા, રૂમાલ વતી ડીલ લુછ્યું, અને રૂપેરી પાવરા લાવી હાજર કર્યા; પાવલા પહેરી શેઠ રસોડામાં ગયા, ત્યાં તેમની મહા કાંતિવંત

પદ્મની જેવી સ્રીએ ભાત ભાતનાં ભોજન અને જાત જાતનાં શાક પિરસવા માંડયાં. સ્વામીને આગ્રહ કરી કરીને ખવરાવવા લાગી. આ સઘળો બનાવ જોઇ પેલા વાણિયાની ખાત્રી થઈ કે આ શેઠ જેવું સુખ બીજા કોઇને નથી. માટે મારે તેના જેવો વૈભવ વરદાનમાં માગી લેવો. એમ વિચાર કરતાં ઉઠવાની તૈયારી કરે છે ત્યાં શેઠ પણ જમીને ઉઠયા ને પાછા પરશાળના કોચપર બેઠા, ત્યાં તેમની નજર પેલા વાણિયાપર ગઇ, શેઠે વાણિયાને નોકરને કહી બોલાવ્યો, વાણિયો આવી હાજર થયો એટલે શેઠે પુછવા માંડયું:—

હે ભાઇ! તું કોણ છું? તું મારા ઘર સામે આવી કેમ બેઠો છે? મારી દુકાન સામે પણ મેં તને આજે જોયો હતો, શું ચોર તો નથીજ કે? અથવા દુઃખી છું, દિન છું, તું કોણ છે? અને શા કારણથી આંહી બેઠો છે? તે સાચે સાચુ કહે.

વાણીયો બોલ્યો:—'શેઠ સાહેબ! હું ચોર નથી, તેમ આ વખતે દુઃખી કે દીનપણું રહે તેવું નથી. હું આપના ઘર સામે તથા દુકાન સામે શા માટે બેઠો હતો તેની હકીકત સંભળાવું છું. હું ઘનો બહુ દુઃખી હોવાથી મેં એક દેવની આરાધના કીધી, દેવ મને પ્રસંન થયા અને તેમણે મને જે માગે તે આપવા વરદાન આપ્યું. મેં ત્રણ દિવસનો મોહેતલ માગી કેના જેવું સુખ માગવું તે બાબત આખા શેહેરની ચરચા જોઇ, પણ કોઇપણ ઠેકાણે મારૂં મન માન્યું નહીં છેવટે તમારૂં સુખ, તમારી સાહેબી અને તમારા ઘરની રીતભાત જોઇ મને પુરણ સંતોષ ઉપજ્યોછે, અને હું આજ બપોરે દેવ આગળ જઇ આપના જેવું સુખ માગી લઇશ.

શેઠ આ હકીકત સાંભળી જરાવાર ઘીલ્યા, પછી દિલગીરી ભરેલા અવાજે શાંત થઇ બોલ્યા.—"ભાઇ! તારી બહુ ભુલ થાત! તું પુરો પસ્તાત! તારા દુઃખનો એકે આરો રહેત નહીં! મારા જેવો દુઃખી આ દુનિયામાં કોઈ નથી, મેં પુરાં પાપ કર્યાં છે; મારા કરતાં એક ભીખ માગનારને સુખ વધારે છે; એમ

હું સમજું છું. મેં આજ સુધી મારા દુઃખની વાત કોઇને કહી નથી; પણ આજ તને ડુબતો બચાવવા મારૂં સંકટ કહી સંભળાવું છું. તે સાંભળ્યા પછી તું પછી કહીશ કે શેઠ જેવા દુઃખી દુનિયાની સપાટીપર કોઇજ હશે !

સાંભળ:--હું જ્યારે પરણ્યો ન્હોતો ત્યારે મેં એવો નિયમ કર્યો હતો કે જ્યારે હું પરણીશ ત્યારે મારી સ્ત્રી સાથે સુદી પક્ષમાં સંભોગ કરીશ નહીં. હવે મારી સ્ત્રીએ કુંવારે એવી પ્રતિજ્ઞા કરી હતી કે વદી પક્ષમાં સિયળવ્રત પાળીશ. આમ વ્રત કર્યા પછી અમે બને પરણ્યા. જો હું મારૂં વ્રત મહા મુનિરાજ આગળ લીધેલું તોડું તો સાતમી નર્કમાં જાઉં, અને તે તોડે તો તે પણ નર્કમાં પડે. આથી કરીને અમે સ્ત્રી પુરૂષે બે વર્ષ તો નભાવ્યું; પણ સ્ત્રી જાત નગોડા, તેની જુવાની કેમ જાય ? તેનો કામાગ્નિ શાંન્ત કેમ થાય ? તેની મનોમાં ફેરફાર થવા માંડયો; તેની દ્રષ્ટિ કામાતુર થઇ અને પુરૂષનો સ્પર્શ કરવા તેની ઇચ્છા ઉત્પન્ન થઇ. એક દિવસ તે મને પરાણે વળગી પડી, તે વખત સુદી પક્ષ હતો, તેથી મેં તેને તરછોડી નાંખી, તેજ અવસરમાં મારા ઘરમાં એક મજબુત પુરબીઓ નોકર છે તેને બાઝી પડી તે અનીતિના રસ્તાપર ચડી, અને તેનો કામઅગ્નિ શાંત થયો. શાંત થયા પછી તેણે વદી પક્ષમાં સિયળવ્રત પાળવા માંડયું, અને સુદી પક્ષમાં પુરબીયા સાથે રતિક્રીડા કરવા લાગી. મેં મારા ઘરની આબરૂ ખાતર આંખઆડા કાન કર્યા, અને કેટલેક દહાડે હું જાણું તેવી રીતે તેઓ ભોગવવા લાગ્યા. હવે ખાસ મે તેને માટેજ તે પુરબીયાને રાખ્યો છે. મારી સ્ત્રી તે પુરબીયો ભોગવે છે; પુત્ર પણ તેના વિર્યનો છે. હું ઘણોજ દિલગીર થાઉં છું, મુંઝાઉં છું; પણ મારા વ્રતની ખાતર હવે મન વાળી બેઠો છું, તેનું વ્રત તોડાવવું અને મારૂં વ્રત તોડવું એ બને હું સરખા ગણું છું, અને આ અસાર સંસારમાં શા શા સંસ્કાર બને છે તે જોઇ ધર્મ ધ્યાન કરૂં છું. હે ! દીનબંધુ ! સંસારની અંદર કોઇ સુખી

નથી; રાજાથી રાંક સુધી સર્વને લાગી રહી છે. માટે મારા જિ-વા એટલે, તું મારા જેવું સુખ માગને; તેમ તને ખાતરી થઇ કે મારા જેવા દુઃખી પૃથ્વીના પડપર કોઇજ નથી.

વાણિયો બોલ્યો:-અહો! તમારા જેવું અંતર ગાં-ભીર્યમાં કોઇ નથી; તમે સદા દુઃખી છો તેમાં હું ના પાડી શકું તેમ નથી; પણ તમારો ઉપર ઉપર ભાવ છે, તેથી તમારા જેવા બીજો કોઇ સુખી પણ હું ગણતો નથી. મારી તો ખાત્રી થઇ છે કે દુનિયામાં કોઇ સુખી નથી, માટે દેવ આગળ એવું માગીશ કે મને સ્વર્ગનું સુખ આપ. એમ બોલી શેઠનો ઉપકાર માની ત્યાંથી પોતે ચાલી નિકળ્યો.

અધીર વખતે પાછો જઇ જગાએ દેવ પ્રગટ થવા સારા ને જપરાએ આવ્યો. ધીરીશ્વાર દેવની ભક્તિ કરી, ત્યાં દેવ આવી ખડો થયો. અને બોલ્યો:—માગ, માગ. પેલા વાણીકે હાથ જોડી વિનંતી કીધી કે,—"મહારાજ આ દુનિયાનું સુખ એવું નથ; પણ પેલી દુનિયાનું પરમ સુખ જોઇએ છે." દેવે વરદાન આપ્યું કે:—'તું સંસાર છોડી મુનિમહારાજ આગળ જઇ ચારિત્ર લે; એટલે અક્ષય સુખનો ધણી થઇશ." આમ બોલી દેવ અદ્રશ્ય થયો. અને પેલા વાણિયાએ દિક્ષા લીધી. ચારિત્ર પાળી ધર્મકરણી કરી કર્મ ખપાવી, પાંચમે દેવલોકે ગયો.

વાંચનાર! તમારી ખાત્રી થઇ હશે કે, સંસાર અસાર છે, નાશવંત છે. ક્ષણભંગુર છે, દુઃખી છે, છિન્ન છે, દુષ્ટ છે, પ્રપંચી છે, સ્વાર્થી છે, આંધળો છે, ક્રોધી છે અને અધમ છે. દુનિયામાં એક પણ મનુષ્ય સઘળી વાતે સુખી નથી, એક પણ મનુષ્ય ચિંતાગ્નિથી વિમુખ નથી, એક પણ મનુષ્યના મનમાં શાન્તિ નથી, સઘળા ભ્રમમાં ભરાએલા છે. અજ્ઞાનનો માત્ર વિલાસ છે. માટે વૈરાગ્ય જેવું સુખ અને સાહેબી એક પણ આપનારી નથી કે જે આ ભવ અને પરભવમાં અક્ષય સિદ્ધિ તથા શાન્તિ આપે.

ઇતિ શ્રી વાણીઆની કથા સમાપ્ત.

कामलक्ष्मीनी कथा.

આ ભરતક્ષેત્રમાં વિશાળપુર નગરને વિષે સૂર્યસદૃશ તેજવાળો સુરતેજ નામે રાજા હતો. એ રાજાને સરળ પ્રકૃતિવાળો, સૌમ્ય, કૃતજ્ઞ, દાક્ષિણ્યવંત, ક્ષમાશીલ, ગંભીર, પરદુઃખનો જાણનાર અને કામદેવ સદૃશ રૂપવંત પ્રધાન હતો. નગરના સર્વ બ્રાહ્મણમાં મુખ્ય અને સર્વ વિદ્યામાં કુશળ, વેદવિચક્ષણ નામે બ્રાહ્મણ તે રાજાનો પુરોહિત હતો. એક દિવસ તે પુરોહિત રાજમહેલમાંથી ઘેર જતો હતો, તેવામાં માર્ગને વિષે એક અત્યંત રૂપવંત આભીરીને જોઈ; તે સ્ત્રીએ જાડા કાંબળાના મેલાં વસ્ત્ર પહેર્યા હતા, માથે દૂધ, દહીં અને છાશનાં વાસણ હતાં તેથી તે કોઈ આહીરની સ્ત્રી હોય એવું જણાતું હતું. પુરોહિત તેણીનું તેવું રૂપ, અને તેવો વેશ જોઈ ખેદ પામી મનમાં વિચારવા લાગ્યો કે:—"અહો! અયોગ્ય કર્મ અને અયોગ્ય વેશમાં રહેતા આ સ્ત્રીરત્નને કેવી વિડંબના પમાડે છે! વિધિ રત્નદૂષક છે એ કહેવત આ સ્ત્રીને ખરેખરી લાગુ પડે છે." એમ તે વિચાર કરે છે તેવામાં આલાનસ્તંભને ઉખેડી નાંખી નિરંકુશ બનેલો રાજાનો મદોન્મત્ત હાથી ત્યાં આવ્યો, પ્રલયકાળ જેવા ભયંકર હાથીને જોઈ સર્વ લોકો પોતપોતાના જીવ લઈ નાસવા લાગ્યા. રસ્તામાં સખત કોલાહલ થઈ રહ્યો, તે આહીરણી પણ હાથીને આવતો જોઈ દોડી, પરંતુ કોઈ પાણી ભરીને આવનારી સ્ત્રીની સાથે અથડાવાથી તે બન્ને પડી ગઈ; પડી જવાથી બન્નેનાં વાસણ ભાંગી ગયાં, પરંતુ આહીરણી કાંઈપણ શોક કર્યા વિના જેમની તેમ ઉભી થઈ અને પાણી ભરનારી સ્ત્રી રૂદન કરતી ઉભી રહી. તે પાણી ભરનારી સ્ત્રીને રૂદન કરતી જોઈ પુરોહિતને દયા આવી, તેથી ત્યાં જઈ તેણીને કહ્યું:—"બહેન! તું આમ રૂદન શામાટે કરે છે? અકસ્માત બનવાનું હતું તે બન્યું" ત્યારે એ સ્ત્રી રોતી રોતી બોલી:—બાપ! આવું રૂદન કરવાનું કાર-

ણ સાંભળો:-"મારી સાસુ સ્વભાવથીજ દુષ્ટ પ્રકૃતિવાળી છે તે થી મારી ઉપર કોપાયમાન થશે. આજે આ બે કુંભ ભાગી જ વાથી તે મને ઘરમાં પ્રવેશ કરવા નહીં દે, અને ખાવા પણ ન હીં આપે; વળી કેટલાંએક કડવાં વચન બોલી મને સંતાપ પ- માડશે, અને કહેશે કે આજના તારા ભોજનના મશે બે ઘડા લડશે. એ કારણથી હું રૂદન કરૂં છું" સ્રીને એ પ્રમાણે દુઃખ પામતી અને રૂદન કરતી જોવાથી તે દયાળુ પુરોહિતને દયા આવવાથી તેણે તે સ્રીને બે ઘડાનું મુલ આપ્યું એટલે તે સ્રી ચાલી ગઈ.

પછી પોતાના દહીં, દુધ વગેરેના ભરેલા પાત્રો પડવાથી પણ આહીરસ્રીના મનમાં કાંઇ પણ લાગણી થઇ નથી એવું જો ઇ વિસ્મય પામી પુરોહિતે તે આહીરણીને પુછયુ:-બેહેન! તારાં દહીં, દુધ અને છાશથી ભરેલાં ભાજનો ફુટી ગયાં, તેથી તને તેના કરતાં વધારે હાની થઇ છે તોપણ તારામનમાં કેમ સં તાપ થતો નથી?" પુરોહિતનું બોલવું સાંભળી કાંઇક હસીને આહીરણી બોલી:-કહેવત છે કે "બહુ દુખીયાને દુઃખ નહીં અ ને બહુ રણીયાને રણ નહીં" એ કહેવત મુજબ ઘણા દુઃખથી મારૂં હૃદય વજ્રસમાન થએલું છે તેથી હું રૂદન કરતી નથી.

એવું સાંભળી આ બિચારીને શું એવું દુઃખ પડ્યું હશે, એમ વિચારી કોમળ ચિત્તવાળો પુરોહિત બોલ્યો:-બેહેન તારો વૃત્તાંત સાંભળવાને ઇચ્છું છું. માટે કહે."

આહીરણી બોલી:—પોતાને અને પરને લજ્જા પ્રાપ્ત કરા વનારૂં દુશ્ચરિત્ર જણાની પેઠે ન પ્રગટ કરવામાંજ શોભા છે; તોપણ તમને સર્વ પ્રાણી ઉપર દયાળુ અને દુઃખજ્ઞ જાણી મા- રો વૃત્તાંત નિવેદન કરીશ; માટે તમે એટલા પાસેના ઓટલા ઉપર આવો એટલે હું મારી વાત શરૂ કરૂં."

આહીરસ્રીનાં એવાં વચનથી તેનો વૃત્તાંત સાંભળવાની ઇ- ચ્છાવાળા પુરોહિતે તે પ્રમાણે કર્યું. અને બન્ને એક ઓટલા ઉપર બેઠાં. ત્યાં પિતાની ઉપર અત્યંત સ્નેહવંત અને પોતાને

એવાણી વિકસ્વર પુલકાવળીવાળા પુરોહિત પાસે તે આહીર-
ણીએ પોતાનો સમગ્ર વૃત્તાંત કહેવા માંડયો:-

લક્ષ્મીતિલક નામે નગરમાં સર્વ વિદ્યાવિશારદ વેદસાર નામે નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. તેને સતી, પતિવ્રતા અને રૂપસૌભાગ્યે શોભતી કામલક્ષ્મી નામે સ્ત્રી હતી, તે સ્ત્રીના વિનય અને ઉચિતકાર્ય કરવાની કુશળતા વિગેરે ગુણોથી નિરંતર પ્રસન્ન રહેનારો તે બ્રાહ્મણ દરિદ્રતાને લીધે પ્રાપ્ત થતા દુઃખોને પણ દુઃખરૂપ ગણતો નહોતો; દંપતિની આદ્યવયમાંજ તેઓને શુભ લક્ષણવાળો એક પુત્ર થયો હતો, તેનું વેદવિચક્ષણ એવું નામ પાડ્યું હતું. તે છોકરો અનુક્રમે એક વર્ષનો થયો, તે સમયે એક દિવસ કામલક્ષ્મી પાણી ભરવા નગર બહાર ગઇ; તેવામાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા મકરધ્વજે પોતાના સૈન્ય સહિત અકસ્માત ત્યાં આવી તે નગરને ઘેરો ઘાલ્યો, તેથી દરવાનોએ દરવાજા બંધ કરી દીધા; અંદરના માણસો અંદર રહ્યા અને બહારના માણસો બહાર રહ્યા. તેના સૈન્યનું જોર જાણી બહારના લોકો ભયથી ચોતરફ નાસવા માંડયા. કામલક્ષ્મી પણ નાસતી હતી. તેવામાં ચોતરફ ભટકતા રાજાના સિપાઇઓમાંથી કોઇએ તેણીને પકડી અને અત્યંત રૂપવંત જાણી પોતાના રાજા મકરધ્વજને ભેટ કરી, રાજા પણ તે સ્ત્રીને જોઇ કામવશ થયો તથા તેને પોતાના અંતઃપુરમાં રાખી. પછી તે નગરમાં અન્ન, જળ, ઘાસ, લાકડાં વગેરે આવી શકવાનો અભાવ થયો તેથી નગરના રાજા અને સર્વ લોકો અકળાયા, છેવટે મકરધ્વજ રાજાને માગ્યા પ્રમાણે દંડ આપી ખુશી કર્યો. પછી તે રાજા [illegible] ગયો, ત્યાં જઇ કામલક્ષ્મીના રૂપ અને ગુણથી ખુશી થઇ તેણીને પટરાણીપદે સ્થાપી, કુળવતી અને શીલવતી બીજી રાણીઓની અવગણના કરી કામથી પરાભવ પામેલો તે મકરધ્વજ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. રાજા તેણીને ગર્વપૂર્વક નાના પ્રકારના શૃંગાર, નાના પ્રકારના ભોજન વિગેરે આપી ખુશી કરવા લાગ્યો પરંતુ તે અંતઃ-

રહ્યથી ખુશી થતો નહીં; કારણકે વેદસાર બ્રાહ્મણ ઉપર અત્યંત પ્રીતિ હોવાને લીધે રાજાના સન્માનથી ઉપજ્ઞ થતા સુખને તે વિષપાય ગણતી. એમ વિરક્તચિત્તે પણ આશાજા રાજાની સાથે સુખ ભોગવતાં વાશ વર્ષ નિકળી ગયાં, તે અરસામાં તે નિરંતર એમજ વિચારતી કે " આ રાજાનું ઘર છોડીને ક્યારે મારા તે પતિને તથા તે પુત્રને મળું." એવા આર્તધ્યાનમાં અને પરવશપણામાં તેણે પોતાના શપળા દિવસો ઓરડામાં રહેવાની પેઠે દુઃખે નિર્ગમન કર્યા.

એ દિવસ પુત્રનો સ્નેહ સાંભરી આવવાથી દુઃખિત કામલક્ષ્મી પોતાના મનમાં વિચારવા લાગી કેઃ—" આટલા વર્ષસુધી મારો ભર્તાર કે પુત્ર કોઈ મળ્યું નહિ, માટે હવે હું પરદેશી બ્રાહ્મણોને સુવર્ણદાન આપવા માંડું, જેથી લોભવશે તે મારો ભર્તાર પણ કોઇ દિવસે અત્રે આવશે." એમ વિચારી તે દિવસથી તેણે બ્રાહ્મણોને સુવર્ણદાન દેવું શરૂ કર્યું. થોડા દિવસમાં તે વાત દેશોદેશ પ્રસરી, પણા બ્રાહ્મણો તે દાન લેવાને દુર દેશથી આવવા લાગ્યા, દીન અવસ્થાવાળો વેદસાર બ્રાહ્મણ પણ એ વાત સાંભળી પોતાના પુત્રને લઇને એક દિવસ ત્યાં આવ્યો, અને આશીર્વાદ આપી ઉભો રહ્યો; તેવારે કાંઈક ઓળખીને પુર્વ પ્રેમથી ભરેલી કામલક્ષ્મીએ તેને એકાંતે બેસારી તું કોણ છે? કયાંથી આવ્યો છે? તારી સ્ત્રી કયાં છે? આ લઘુવયવાળો તારી સાથે છે તે તારો પુત્ર છે કે ભાઇ છે? એ રીતે પ્રશ્નો પુછયા રાજાની રાણી ઉપર પોતાની સ્ત્રીનો શક લાવવો તે પણ અસંભવિત, અને ઘણાં વર્ષ થઇ ગયેલાં એટલે તેણીને ન ઓળખતો તે બ્રાહ્મણ પોતાનો વૃત્તાંત મુખથી કહેવા લાગ્યોઃ—

" લક્ષ્મીતિલક નગરનો રહેનારો હું બ્રાહ્મણ છું, મારું નામ વેદસાર છે, મારે અત્યંત ગુણવંતી કામલક્ષ્મી નામે સ્ત્રી હતી, આ વેદવિચક્ષણ મારો પુત્ર છે, જ્યારે આ બાળક એક વર્ષનો થયો હતો, ત્યારે એક દિવસ તેની માતા નગર બાહાર પાણી ભરવા ગઇ હતી, તેવામાં અકસ્માત કોઇ રાજાનું સૈન્ય

અમારા નગરની ઉપર ચઢી આવ્યું તેથી તે નગર બહાર રહી. લશ્કર પાછું ગયા પછી મેં તેણીની ચોતરફ તપાસ કરી, પણ કોઇ ઠેકાણે તેની શોધ લાગી નહીં; પછી મારા સ્વજન કુટુંબીઓએ ઘણો આગ્રહ કર્યો, તોપણ તે સ્રી ઉપરના સ્નેહને લીધે હું બીજી સ્રી પરણ્યો નથી. આ બાળકને મેં મહા કષ્ટે ઉછેર્યો, અને વયે યોગ્ય થયો ત્યારે સર્વ વિદ્યા ભણાવી. પરંતુ હજી સુધી તેને પરણાવ્યો નથી તમે સુવર્ણદાન આપો છો એવી વાત સાંભળીને દારિદ્રથી દીન થયેલો હું આ મારા પુત્રને લઇને અત્ર આવ્યો છું.

વેદસારના મુખથી એ વૃત્તાંત શ્રવણ કરી કામલક્ષ્મી અતિ ખેદ પામી, પછી તેને પોતાનો સર્વ વૃત્તાંત જણાવી ઓળખાણ પાડી પુર્વના સ્નેહથી તેની સાથે જવાની ઇચ્છાવાળી તેણીએ તેને અમુલ્ય રત્નો આપ્યાં, અને પછી એકાંતે કહ્યું કેઃ—આ રાજ્યની હદ બહાર તમારા ઇચ્છિત સંકેતસ્થાને રત્નો સહિત આ પુત્રને તમો મુકી આવો, પછી આપણે પણ ત્યાં જઇશું. આજથી સાતમે દિવસે સમસાનમાં રહેલા ચંડીના દેવળમાં રાત્રે હું આવીશ, તમારે પણ તે દિવસે ત્યાં જરૂર આવવું. એ પ્રમાણે કહી તેને વિસર્જન કર્યો.

પછી તે વેદસાર બ્રાહ્મણ પુત્રને તથા રત્નને ઇષ્ટસ્થાને મુકી સંકેતની રાત્રિએ ચંડીના દેવળમાં આવીને સુતો કામલક્ષ્મીએ રાજાને સમજાવવાનો ઉપાય રચ્યો, રાજાને પોતાની સમીપે બોલાવી તે બોલીઃ-સ્વામિન્! આપને સાંભરે છે કે તે દિવસ આપના મસ્તકમાં આકરી વેદના થઇ આવી હતી, જ્યારે મંત્ર, તંત્ર અને ઔષધથી પણ તે વેદના શાંત ન થઇ, ત્યારે હું અન્ન પાણીનો ત્યાગ કરી અત્યંત દુઃખી થઇ; પછી મેં તે વેદનાની શાંતિને માટે વિખ્યાત મહિમાવાળી ચંડીદેવીની માનતા કરી કેઃ-હે માતા! જો રાજાના મસ્તકની વેદના શાંત થઇ જશે તો હું તેમને સાથે લઇ ત્યાં આવી રાત્રિ સમયે તમારી વિવિધ પ્રકારે પુજા કરીશ. માટે આજે રાત્રે આપણે ચંડીની પુજા કરવા જ-

છએ. રાજા તો તેણીને વશ હતો તેથી તરત જ કબુલ કર્યું. પછી રાત્રિ સમયે અશ્વ ઉપર બેસી પુજાનો સામાન સાથે લઈ તેઓ ચંડીના મંદિર તરફ ચાલ્યાં; તે સમયે ઘોર અંધકાર થઇ ગયો હતો, રસ્તામાં કેટલેક ઠેકાણે સર્પના ફુત્કાર, કેટલેક ઠેકાણે ઘુવડના બિહામણા અવાજ અને કેટલેક ઠેકાણે નસમજાય એવા પશુઓના સ્વર સંભળાતા હતા કેટલીએક જગ્યાએ ડાકિની શાકનીઓ હડીઓ લેતી હતી, કેટલીક જગ્યાએ પિશાચો અટ્ટહાસ કરતા હતા, કેટલીક જગ્યાએ કાપાલિકોએ ગ્રહણ કરેલા મસ્તકો દેખાતા હતા, અને કેટલીક જગ્યાએ નાશિકા દુર્ગંધથી પુરાઇ જતી હતી; તેવા ભયંકર સ્મશાનમાં તેઓ આવ્યા. તે સમયે રાજાએ દામલક્ષ્મીને બીકણ અને કહીકણ જાણી કહ્યું, તું હૃદયમાં બીહીશ નહીં, આ સઘળા બહારથી ભય કરતા દેખાય છે તત્વતાએ તેમાં કાંઇ નથી. પણ તે ભૂત પ્રેત વીગેરે જે બીએ છે તેનેજ છળે છે, માટે તું જરા પણ ડરીશ નહીં

અહો ! મોહની કેવી પ્રબળતા છે ! પોતાની વ્હાલી પ્યારી બીએ નહીં એટલા માટે રાજા તેને ધીરજ આપે છે, પણ જાણતો નથી કે સ્ત્રીચરિત્રનો પાર કોઇ પામ્યું નથી, અને પામવાનું નથી. સ્ત્રીઓનું કપટ અગાધ હોય છે, તેઓ બોલે છે મીઠું મીઠું પણ મનમાં તો કંઇ કંઇ પ્રકારના ઘાટ ઘડે છે. તે રાજા જાણતો નહોતો કે જેને તે બીકણી ગણે છે, તે તો તેને પણ ઠગે છે. જ્યારે મંદિર આવ્યું ત્યારે તેઓ ઘોડા ઉપરથી ઉતર્યા અને અંદર પ્રવેશ કર્યો. રાજાએ પોતાનું ખડ્ગ વિગેરે તેના હાથમાં આપી પ્રથમ પુજા કરવા માંડી, એટલે દુષ્ટાને લાગ મળ્યો, તેણી કુટવા પ્રનાએ ઉછાળા માર્યા, કે તરતજ તે ખડ્ગવડે રાજાનું મસ્તક છેદી નાંખ્યું એટલે જાણે દેવીને સાષ્ટાંગે પ્રણામ કરતો હોય તેમ તે પડયો. સ્ત્રીઓની દુષ્ટતાને ધિક્કાર હો, જે તેણીની ઉપર અત્યંત પ્રેમ બતાવતો, જે તેણીના વચન ઉપર અંધારી રાત્રિએ સ્મશાનભુમિમાં પુજા કરવા આવ્યો, તેનો એક પળ માત્રમાં તે દુષ્ટાએ છેદ કર્યો ! પાપની તો તેને બીકજ રહીજ

નહીં. હું શું કરૂં છું એવો તો વિચારજ આવ્યો નહિ, અને કપટવૃત્તિવાળીએ પોતાની મનકલ્પનાથી ઘોર કુકર્મ કર્યું. પણ માણસનું ધાર્યું શું થાય ! તેમાં પણ એવા પાપીની ધારણા તે કયાંથીજ પાર પડે ! રાજાનાં સર્વ આભરણો મદલ કરી હર્ષ પામી દેવળના મતવારામાં સુતેલા બ્રાહ્મણને તેણીએ તત્કાળ જગાડયો; પરંતુ તે ઉઠીને ભૂમિ ઉપર પગ મુકે છે તેવામાં દુર્દૈવના યોગથી તેને સર્પ કરડયો તેથી તે તત્કાળ ત્યાં મૃત્યુ પામ્યો. જુઓ કર્મની વિચિત્રતા !

હવે કામલક્ષ્મી પસ્તાણી, તેણીએ જાણ્યું કે હું બંન્ને તરફથી ભ્રષ્ટ થઇ, પણ વિચાર કરવાનો વખત નહોતો; જો કોઇને ખબર પડે તો તેનું પણ મૃત્યુ સમીપેજ હતું; તેથી કાંઇ પણ વિચાર કર્યા શિવાય સર્વ આભરણ લેઇ ઘોડા ઉપર બેશી રસ્તે પડી.

અંધારી રાત્રિએ નિર્જન વનમાં તે એકલી ચાલી જતી હતી, પણ કોઇ સ્થળે જરાપણ બીહીતી ન્હોતી. સ્ત્રીઓમાં સાહસ તો જન્મથીજ હોય છે.

કેટલેક દુર ગયા પછી એક નગર આવ્યું, તેમાં પ્રવેશ કરી માળીને ઘેર ઘોડો બાંધી, જાણે બહુ વર્ષે રાજાના ઘરરૂપ બંધીખાનાથી છુટી હોય તેમ સ્વેચ્છાએ ફરવા લાગી; એવામાં પાસેના કોઇ દેવળમાં મરજનો ધ્વનિ સાંભળી ત્યાં નાટક જોવાને ગઇ; ત્યાં તેણીને સર્વ અંગે અલંકૃત દિવ્યરૂપવાળી અને સૌભાગ્યે સૌભાગ્યની જોડ, આ કોઇ નવીન સ્ત્રી છે, એમ ધારી એક ગણિકાએ આદરપૂર્વક પુછયું—"હે શુભે ! તમે કોણ છો ? કયાંથી આવ્યાં છો? અને કોના અતિથિ છો ?" તે બોલી:—"એક દિવસ મારા પિતાને ઘેરથી મારા પતિની સાથે હું મારા શ્વસુર નગર તરફ જતી હતી, તેવામાં રસ્તે ધાડ પડી, અમારો સાથ સર્વે લુંટાણો, અને મારો પતિ લુંટારાને હાથે મરાણો; હું ત્યાંથી ઘોડા ઉપર બેશી એકદમ નાઠી, તે આ નગરમાં આવી છું. અહીં કોઇ મારૂં સગું નથી, તેથી માળીને ઘેર ઘોડો બાંધી હમણાંજ અહીં આવી છું. ..

પછી તેણીને કુલીન રૂપવંતી અને સ્વામી વિનાની જાણી માયા વચને સંતોષ પમાડી તે ગણિકા પોતાને ઘેર લઇ ગઇ; ત્યાં તેણીને નૃત્ય ગિતાદિની કળા સંપૂર્ણ રીતે શીખવી અને અનુક્રમે પોતાના કુળાચારમાં પ્રવર્તાવી એક દિવસ દેશાંતરથી આવેલો કોઇ તરૂણ અને સમૃદ્ધિવાન પુરૂષ કામલક્ષ્મીને ઘેર આવી રહ્યો. તેના સાથે સુખે ઇચ્છિત વિલાસ ભોગવતાં અનુક્રમે તેઓની પરસ્પર નિબિડ પ્રીતિ થઇ. કેટલોક કાળ ગયા પછી એક દિવસ અન્ય સ્થળે જવાની ઇચ્છાવાળા તે યુવાને એકાંતમાં કામલક્ષ્મીની રજા માગી. "જનારને અને મરનારને કોઇ રાખી શકતું નથી, અને પરોણાથી પર વસ્તુ નથી." એ કહેવતને યાદ કરતી કામલક્ષ્મી વિમાસવા લાગી; તેની ઉપર અત્યંત સ્નેહ હતો, તોપણ જવાની તેની ઉત્સુકતા જાણી નિષેધ કરવો એ નિરર્થક માની વીલે મુખે બોલી:—સ્વામિન ! તમે જાઓ છો પણ તમારૂં કુળ, ગોત્ર અને નામ વગેરે મને કહેતા જાઓ કે જેથી તમારા વિયોગે તે મારે અવલંબનરૂપ થાય."

તે સમયે જાણે વિયોગથી થવાની આધિપીડાને સ્નેહવૃષ્ટિથી શાંત કરતો હોય તેમ અશ્રુજળ વરસાવતો તે બોલ્યો:- ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રહેનાર વેસાર નામે બ્રાહ્મણ હતો, તેની કામલક્ષ્મી નામે સ્ત્રીથી વેદવિચક્ષણ નામે પુત્ર થયો; તે પુત્ર જ્યારે એક વર્ષનો થયો ત્યારે કામલક્ષ્મી પાણી ભરવા ગઇ હતી; તેવામાં તે નગર ઉપર પરચક્રનો ભય થયો તેથી તે ઘેર આવી શકી નહીં ત્યાર પછી તે મરી ગઇ કે જીવતી રહી એ જણાયું નહીં. પિતાએ પુત્રને પાળીપોષી મોટો કર્યો, અને સર્વ વિદ્યા ભણાવી. એક દિવસ દારિદ્રથી દિન થયેલ તે બ્રાહ્મણ પુત્રને સાથે લઇ મારવાડ દેશના રાજાની પાસે યાચના કરવા ગયો; ત્યાં તે રાજાની સાથે તેણે કાંઇ એકાંતમાં વિચાર કર્યો, પછી તેણીએ આપેલાં અમુલ્ય રત્ન, કાંચન અને મોતીઓ સહિત પુત્રને બીજા રાજાના દેશમાં એક સંકેતસ્થાને મોકલ્યો, અને હું સાત આઠ દિવસ પછી ત્યાં આવું છું એમ ચિ-

[illegible]

[illegible]

[illegible]

ખેદ પામે છે? તને શું આધિ વ્યાધિ છે? જેથી આ પ્રમાણે પોતાના આત્માને અગ્નિમાં દહન કરવાને ઇચ્છે છે. આ મનુષ્ય જન્મ દુષ્પ્રાપ્ય છે. માટે તેને ફોકટ શા માટે ગુમાવે છે? મારા ઘરનાં રહી મનગમતા સુખાનો ભોગ સ્વેચ્છાએ સુખ ભોગવી મનુષ્ય જન્મને સફળ કર. હે મનસ્વિનિ! નિષ્કલંકિત, રાજા વગેરેને માન્ય અને સર્વાંગસુખના સ્થાનવાળો વેશ્યાનો જન્મ તું ફરી ક્યાંથી પામીશ? માટે શોકનો ત્યાગ કર. હૃદયમાં ખેદ પામતી કામલક્ષ્મી બોલી:—

માતા! મને કાંઈ આધિ વ્યાધિની વ્યથા નથી; પરંતુ આત્માને અગ્નિમાં હોમીને ઘણા કાળથી આચરેલ આ ગર્હિત કામથી પાપકર્મથીજ શુદ્ધ થવાને ઇચ્છું છું. પંડિત પુરૂષોએ પ્રાણીને શ્રીપણું એ ઘણા પાપનું ફળ કહ્યું છે, તેમાં પણ વેશ્યાનો જન્મ તે તેથી પણ કાંઈ હેઠો છે; જો સર્વ પાપને વિષે બીજરૂપ વેશ્યાજન્મ શોભનિક હોય તો સંસારમાં બીજું વિરૂપ શું છે? તે કહે. માટે તારે મને હવે એ વિષે શિક્ષા ન આપવી.

એવી રીતે કામલક્ષ્મીએ તે અક્કાને સમજાવી. પરંતુ ખરે ખરૂં મૃત્યુ પામવાનું કારણ જે સર્વત્ર નિંદનીય પુત્રના સંભોગરૂપ દુષ્કૃત્ય, તે લજ્જાથી પ્રકટ કર્યું નહીં. નગરમાં તો વાત ચોતરફ ફેલાઇ, અને રાજાને પણ ખબર પડી, રાજાએ તેથી તે કુટ્ટિનીએ અને બીજા ઘણા નગરજનોએ તેને સમજાવી, પરંતુ તે કાષ્ઠભક્ષણના અધ્યવસાયથી હઠી નહીં. મરણને વિષે એકાગ્ર ચિત્તવાળી તેણીએ માન લોપણ કરી, એટલે રાજા વિગેરેએ અનુમતિ આપી; પછી પોતાનું સર્વ દ્રવ્ય દીન પુરૂષોને આપી દઇ અશ્વ ઉપર બેઠી. પૌરજનોએ નગરની બહાર નદીના તટ ઉપર રચેલી ચિતા સમીપે તે ગઇ, ત્યાં પોતાના દુષ્કર્મથી દુખાર્ત થએલી તેણીએ નિર્ભયપણે ચિતામાં પ્રવેશ કર્યો, એટલે નગરજનોએ તે ચિતા ચારે તરફથી પ્રજ્વલિત કરી, એવામાં ભવિતવ્યતાને યોગે અકસ્માત્ વરસાદ આવ્યો, તે વરસાદની ધારાથી હણાયેલા સર્વે લોકો નિચું મુખ કરીને જેમ વૃષભ

નાસે તેમ પોત પોતાને ઘેર નાશી ગયા; કારણ કે તેમાં કોઇ તેનું સંબંધી નહતું. કાંઇક ધુંધવાતી ચિત્તામાં તે જરાક દાઝી, તેવામાં નદીએ પુર આવવાથી તે તણાણી, તે કેટલેક દુર કાંઠાના કોઈ વૃક્ષ સાથે અફળાવાથી ત્યાંજ અટકી ગઇ; ત્યાં તેણીને શબમાત્ર કોઈ ગોવાળીઆએ જોઇ જીવતી જાણી પોતાને ઘેર લઇ ગયો, ત્યાં તેની ઉપર દયા લાવી ઓષધઉપચાર કર્યા એટલે કેટલેક વખતે તેનું શરિર સારૂં થયું, એટલુંજ નહીં પણ ઉલટી રૂપમાં વૃદ્ધિ થઇ.

કેટલેક દિવસે તેણીના રૂપ સૌભાગ્ય અને લાવણ્યવડે અતિશય શોભતી જોઇ કામરાગ થયેલ ગોવાળ બોલ્યો:-"હે સુભગે ! જો તું મારૂં વચન માન્ય કરીશ તો આ મારી સર્વ મિલકતની સ્વામિની થઇશ અને હું તારો કિંકર થઇને રહીશ, અને જો તું જઇશ તો મારો પ્રાણ પણ જશે. માટે થોડામાં મારો વિચાર જલ્દી મંજુર પ્રમાણે કર."

ગોવાળનું આવું સાંભળી કામલક્ષ્મી વિચારવા લાગી કે હું ન જાણું, મેં ગત ભવે પાપ ઉપાર્જન કર્યું છે તો હવે નિમિત્ત વગર ઉપકાર કરનાર આ ગોકુલીનું પણ ઇચ્છિત કાર્ય ભલે થાઓ. કારણ કે જગતમાં કહેવત છે કે જેમ દીસે તેમ જવાશે." સર્વનું ભક્ષણ કરનાર અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં પણ ચિતા મને છોડતી નથી તો હું ધારૂં છું કે મારા પાપમાં કાંઇ ન્યુન નહિ હશે તે પુર્ણ થશે, હવે વિનયથી ઉદ્વિગ્ન ચિંતવતી કામલક્ષ્મી એ પ્રમાણે અનેક રીતે વિચારીને તથા કાંઇક ઇંદ્રિયના આવેશથી ગોવાળની સ્ત્રી થઇને રહી. સર્વેને ઘી નાખવા દેવા, દોહન કરવું, વગેરે તેના ઘરને ઉચિત સર્વ ક્રિયાઓ તે ધર્મ ધ્યાન ભુલી કરવા લાગી અને ઘણા પ્રકારના દુઃખથી દગ્ધ થયેલા તે હું કામલક્ષ્મીને હર્ષમાં અને આ માર્ગ ગોકુળ (ગવાડનું નામ) થી દુર રહી વસવાને આવું છું.

પતિ અને પુત્રના વિયોગથી પીડિત છતાં પણ કામની ચાલી થઇ, પુત્રી પતિના તેનો ઘણો તે કામને હણ્યો; પુત્રી પ-

તિને સર્પદંશથી મૃત્યુ પામેલ જાણી ત્યાંથી નાશી દેશાંતરમાં વેશ્યા થઇ, ત્યાં પોતાનાજ પુત્રની સાથે ભોગ ભોગવ્યાં; તે પાપથી પશ્ચાતાપ કરતી અગ્નિમાં બળી મરવા ચિત્તામાં પડી, ત્યાંથી નદી તણાણી અને હમણાં ગોવાળીઆની સ્ત્રી થઇ નિંદ્ય કાર્ય કરૂં છું. હે ભાઇ! એ પ્રમાણે ઉત્તરોત્તર મહત દુઃખને વિષે પડેલી હું હમણાં આ દુધ દહીંનાં વાસણો ભાંગવાથી શું શોચ કરૂં ! ! કહ્યું છે કેઃ-" બહુ દુખીયાને દુઃખ નહી અને બહુ રણીઆને રણ નહીં."

આહીરણીના મુખથી સમગ્ર વૃત્તાંત શ્રવણ કરી તેણીને પોતાની માતા જાણનારો વેદવિચક્ષણ પુરોહિત તત્કાળ માતાની સાથે વિષયસુખ ભોગવવારૂપ પોતાના ચરિત્રથી અનુતાપ પામતો અને આંખમાંથી અશ્રુજળ વરસાવતો તેણીના ચરણમાં પડયો. તેવારે સંભ્રમથી પોતાના પગ સંકોચતી તે બોલી:— હે ભ્રાતા! ઉત્તમવર્ણવાળો તું આ અયુક્ત આચરણ શું આચરે છે? શ્યામ મુખવાળો પુરોહિત ગદ્દગદ સ્વરે બોલ્યો:— માતા! તેજ હું વેદવિચક્ષણ છું.

પછી પરસ્પર સંબંધને જાણવાથી શ્યામ મુખવાળાં તે બંન્ને જાણે ભૂમિમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળાં હોયની! તેમ નિચી દ્રષ્ટી કરીને મૌન રહ્યાં. પોતાના દુરાચારના અનુતાપરૂપ અગ્નિથી પ્રજ્વલિત થતાં તેઓ લાજને લીધે એક બીજાની સન્મુખ જોવાને શક્તિમાન થયાં નહીં પ્રાંતે કામલક્ષ્મીને પોતાના પાપની શુદ્ધિને અર્થે જળ, અગ્નિ અથવા ભૃગુપાત વગેરેથી આત્મઘાત કરવાની ઇચ્છાવાળી જાણી વેદવિચક્ષણ બોલ્યો:-માતા! આત્મઘાત કરવાથી અને ગઇ વાતનો શોચ કરવાથી હવે શું? હવે તો પાપનો નાશ કરવા માટે ઉગ્ર તપસ્યા કરવામાં યત્ન કરો; કારણ કે આત્મઘાત કરવાથી પ્રાણી પુન કર્મથી મુક્ત થતા નથી, પરંતુ તે તે કર્મના વિપાક ભોગવવાથી અથવા તપ કરીને તે કર્મને દહન કર્યાથી પુર્વ કર્મથી મુક્ત થાય છે. માટે હે અંબા! હે માતા! તીવ્ર તપ કરો, જેથી આ

ગ્નિથી કંચનની પેઠે તત્કાળ આત્માની શુદ્ધિ થાય.

કહ્યું છે કે:—

सप्तधातुमयादस्माद सारान्मर्त्यवपुष्मिणः ॥
सारउद्धियेतीवैर्धर्मः शुद्धिकृदात्मन ॥१॥

અર્થ—અસાર અને સપ્ત ધાતુમય આ મનુષ્યદેહ થકી પંડિત જનોએ આત્માની સ્તુતી કરનાર ધર્મ એજ સાર કાઢવો. અર્થાત્ એ દેહથી બને તેટલા ધર્મકાર્યો કરી લાભ મેળવવો.

એ પ્રમાણે શાસ્ત્રોક્ત વચનવડે પોતાની માતાને આત્મઘાત કરતી નિવારી પાપની શુદ્ધિને ઇચ્છનાર વેદવિચક્ષણ માતાને સાથે લેઇ ઉદ્યાનમાં રહેલા શ્રુતસમુદ્રના પારગામી, શ્રી ગુણાકરસુરિને વંદન કરવા ગયો; વંદન કરીને તેઓ યથાસ્થાને બેઠા, એટલે તે કૃપાળુ સુરીશ્વરે નિચે પ્રમાણે ધર્મોપદેશ આપવા માંડયો:—

"પ્રાણિને કર્મના વશથી પિતા પુત્ર થાય, શત્રુ મિત્ર થાય અને માતા સ્ત્રીરૂપે થાય; પ્રત્યેક પ્રાણીનું જીવે સ્નેહથી અનંતવાર લાલન પાલન કર્યું છે. તેમજ ક્રોધથી તેઓને હણીને પોતાના અગને પુષ્ટિને અર્થે ભક્ષણ પણ કર્યું છે, માટે વસ્તુતા એ કાંઇપણ પોતાનું પારકું નથી; તોપણ અજ્ઞાન મનુષ્યો રાગ દ્વેશને વશ પડી ફોકટ પાપબન્ધન કરે છે, સંસારના સર્વ સંબંધો ટુંકી મુદતના અને અસત્ છે, એમ ધારી વિવેકી જનોએ સ્ત્રી પુત્રના પ્રેમમાં મુઝાઇ જવું નહીં; એકજ વસ્તુ એક પ્રાણીને રૂચે તેજ વસ્તુ બીજાને દ્વેષ કરાવનારી થાય; માટે કોઇ પણ વસ્તુને વિષે રમ્ય અરમ્યની વ્યવસ્થા કરવી તે વાસ્તવ નથી. કહ્યું છે કે:—

सुस्येहृदिसुधामिक्तं दुखेविषमयंजगत् ॥
वस्तुरम्यमरम्यंवामनः संकल्पनस्ततः ॥२॥

અર્થ—સુખને વિષે રહ્યા થકા હૃદયમાં જગત સર્વ અમૃતથી સિંચન થયેલું જણાય છે, અને દુઃખને વિષે રહ્યા થકા વિષમય જણાય છે; તેથી વસ્તુને રમ્ય - અરમ્ય કહેવી-જાણવી

તે મનના સંકલ્પ છે. માટે સર્વ વસ્તુને વિષેથી રાગ દ્વેષ કાઢી નાંખી, મમતાનો ત્યાગ કરી ભવભીરૂ મનુષ્યોએ સમતા અંગિકાર કરવી.

એ પ્રમાણેની દેશના શ્રવણ કરી ભવથી ઉદ્વિગ્ન ચિત્તવાળા તે માતા અને પુત્રને દિક્ષા અંગિકાર કરવાના અધ્યવસાયવાળા જાણી ગુરૂ મહારાજ બોલ્યા:—"જેમ સ્વચ્છ ભીંતને વિષે આલખેલ ચિત્ર અતિશય શોભે છે, તેમજ સમ્યક પ્રકારે આલોચન કરી શુધ્ધ થયેલ પ્રાણિને વિષે વ્રતરોપ સારી રીતે શોભેછે; માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છાવાળા તમે જન્મથી માંડીને આજપર્યંત મન, વચન, કાયાથી જે પાપ ઉપાર્જન કર્યાં હોય તેની સમ્યક પ્રકારે આલોચના કરો."

પછી તેઓએ રાગદ્વેષના ઉદયથી નહિ કહેવા લાયક એવાં જે દુષ્કૃત્યો કર્યાં હતાં તે સર્વે ગુરૂ મહારાજને કહી બતાવી તેની સમ્યક પ્રકારે આલોચના કરી. ગુરૂ મહારાજાએ પણ તેઓને સ્વચ્છ આશયવાળા અને વૃધ્ધિ પામતા સંવેગવાળા જાણી તદ્રૂપ પ્રાયશ્ચિત આપી દિક્ષા અંગિકાર કરાવી. ચારિત્ર ગ્રહણ કરી શુધ્ધ અંતઃકરણથી દુષ્તપ તપ તપતી અને જિનોપદિષ્ટ અનુષ્ઠાનને વિષે નિરંતર અપ્રમત્તપણે વર્તતી કામલક્ષ્મી ઘણા કાળ સુધી બીજી સાધ્વીઓની સાથે દેશાંતરમાં વિચરી. પછી સર્વ કર્મ ખપાવી પરમપદને પ્રાપ્ત થઇ.

નિશ્ચય સંવેગ રંગમાં લીન, પંચાચારમાં ઉદ્યુક્ત અને નિરતીચારપણે વ્રત પાળતાં વેદવિચક્ષણ મુનિ ગુરૂથી [illegible] થી દ્વાદશાંગીનું અધ્યયન કરી અનુક્રમે છત્રીશ [illegible] દિપદને યોગ્ય થયા; પછી આચાર્યપદ અંગિકાર [illegible] ભને વિષે વિચરી પ્રાણિઓના સમુહને પ્રતિબોધ [illegible] પ્રમાણે ઉપદેશ દેવા લાગ્યા:—

"જેઓ બાળપણાથી બ્રહ્મચર્ય ધારણ [illegible] અને જેઓએ સંસારના મોહથી વિમુક્ત થઇ [illegible] અય કર્યો હોય તે સુકૃતિ પુરૂષો શ્લાઘ્ય છે. [illegible]

લોકાયવિરૂધ્ધ આચરણ આચરી નિંદા પ્રાપ્ત કરી નથી તેઓ શ્લાઘ્ય છે; અથવા કોનાં કાર્ય અસ્ખલિતપણે પુર્ણ થયાં છે, કોના સર્વ મનોરથ સિધ્ધ થયા છે. કોને આ સંસારમાં નિત્ય સુખ છે, કોને દૈવે ખંડન કર્યા નથી, એ ન્યાયે કોઇના પ્રેરેલા કેટલાક મનુષ્યો પાપી અને નિંદિત કૃત્યો આચરે છે; પરંતુ તે તે કર્મોનો છેદ કરવાની ઇચ્છાવાળા સદ્‌ગુરૂ મહારાજની સમીપે તેની સમ્યક પ્રકારે આલોચના કરી તીવ્ર તપ તપે તેઓ શ્લાઘ્ય છે."

એવી રીતે પ્રજા મનુષ્યોને પ્રતિબોધ આપી અંતસમય નજીક આવ્યો એટલે તે રાજાએ પાદપોપગમન અનશન અંગિકાર કર્યું. અંતે ધ્યાન અને તપના બળથી સર્વ કર્મ ક્ષપાવી વેદવિચક્ષણ ગુણ અલંકૃત કેવળી થયા,

કામલક્ષ્મી અને વેદવિચક્ષણ ગુરૂતર દુષ્કર્મ કરીને પણ ગુરૂ મહારાજ પાસે પોતાના કૃત્યોની સમ્યક પ્રકારે આલોચના કરવાથી અને ગુરૂના કહ્યા પ્રમાણે તપ આચરવા અંગિકાર કરવાથી કેવળજ્ઞાન પામ્યા. તેથી ભવ્ય સર્વે મનુષ્યોએ પોતાના પાપ કર્મોની સમ્યક પ્રકારે આલોચના કરવી, અને દુષ્કરતપ વડે તે તે કર્મોથી શુદ્ધ થવા પ્રયત્ન કરવો.

ઇતિ શ્રી કામલક્ષ્મી કથા સમાપ્ત.



मृगांकलेखानी कथा.

માળવ દેશે ઉજ્જયણી નગરીયે અવંતીસેન નામે રાજા રાજ્ય કરેછે, તેજ નગરમાં એક ધનસાર એવે નામે સાર્થવાહ રહે છે, તેની રંભા નામે ભાર્યા છે. તેને મૃગાંકલેખા નામે પુત્રી છે, તે બાળભાવ થકી પણ નિર્મળ સમકેતની ધરનારી જૈન ધર્મને વિષે તત્પર અને જીવાદિક નવતત્વની જાણ છે.

એક દિવસ તે કુંવરી ઉદ્યાનને વિષે ધનસાર સાર્થવાહનું કરાવેલું ઉત્તંગ તોરણ શિખરબંધ શ્રી જિન પ્રસાદ છે, ત્યાં સકળ સામગ્રી લઇને પુજા કરવાને અર્થે ગઇ; ત્યાં પ્રથમ દ્રવ્ય પુજા કરીને પછી ભાવપુજા નિમિત્તે કાઉસગ્ગ કરી ઉભી રહી છે; એવામાં ત્યાં સાગરશેઠનો પુત્ર પોતાના મિત્રને સાથે લઇ દેવ જુહારવા આવ્યો છે. તેણે દેવ જુહારી વળી ભદ્રકપણાથી કાઉસગ્ગધારી પ્રતિમાને નમી પગે લાગ્યો. તે જોઇ હાથ તાળીઓ દેઇ તેનો મિત્ર હસ્યો. તે જોઇ શેઠીપુત્રે પુછયું;—હે મિત્ર તું શા કારણે હસ્યો? મિત્રે કહ્યું. એ પ્રતિમા નથી. પણ ધનસાર્થવાહની પુત્રી મૃગાંકલેખા છે. તેને તું પગે લાગ્યો.

હવે તે શેઠીપુત્ર મૃગાંકલેખાનું રૂપ દેખી કામજ્વરે ગ્રસ્ત થયો થકો ઘેર જઇ ઉપરડે પલંગે સુતો, માતા પિતાયે બોલાવ્યો બોલે નહીં, ઘણુંએ પુછે, પણ પાછો ઉત્તર આપે નહીં; તેવારે તેના મિત્રે સર્વ વાત માત પિતા આગળ કહી સમજાવી. માતા પિતાએ કહ્યું. એ વાત યોગ્ય છે, તે અમે કરીશું, તું આવી ભોજન કર. ઇત્યાદિક ઘણું સમજાવીને જમાડયો.

હવે તેજ ઉદ્યાનમાં તેજ દેરાસરની પાસે સાગરદત્તે પણ એક શ્રી ઋષભદેવનું પ્રાસાદ કરાવ્યું, તેની પ્રતિષ્ઠા કરાવવા તેના દશાન્હિકના દસમા દિવસને વિષે જમણવાર કરી છે, ત્યાં ધનસાર્થવાહને તેડયા છે, તે કુંટુંબ સહિત આવી ભોજન કરી મંડપમાં બેઠા છે; તેવારે સાગરદત્તે જોતિષિયાને સંજ્ઞા કરી, તે

ઉપરથી જ્યોતિષિયો બોલ્યો જે આજ વિવાહ મેળવવાનો અત્યંત શ્રીકાર સર્વોત્તમ શ્રેયસ્કર દિવસ છે, એવો દિવસ કોઇ કાળાંતરેજ આવે છે. જો ધનસાર્થવાહની કન્યા મૃગાંકલેખા અને સાગરદત્તનો પુત્ર સાગરચંદ્ર એ બેઉનો વિવાહ આજ થાય તો સર્વોપરિ રૂડો યોગ ગણાય; તેવારે ધનસાર સાર્થવાહ પણ સાગરચંદ્રનું રૂપ દેખી હર્ષ પામ્યો થકો બોલ્યો. ભલું. એમ કહી ત્યાંજ વિવાહ મેળવીને બેઉ જણ ઉઠયા, અને પોતપોતાને ઘેર જઇ વિવાહનો મહોત્સવ કરવા પ્રવૃત્યા. કન્યાના બાપે કન્યાને પીઠી ચોળી છે, અને વરના બાપે વરરાજાને પીઠી ચોળી છે.

એવામાં સાગરચંદ્ર પોતાના ધનમિત્ર પ્રત્યે કહે છેઃ-હે મિત્ર! તે વખત દેરાસરમાં મેં મૃગાંકલેખાને રૂડી રીતે નિરખી નથી, તે માટે મુજને તેનું રૂપ જોવાની ઉત્કંઠા છે, તેથી જો તું મારી સાથે આવે તો ત્યાં જઇ એનું રૂપ રૂડી રીતે જોઇ આવીયે. ધનમિત્રે કહ્યું. તું પાટે બેઠો છે તો શી રીતે નિકળી શકીશ? સાગરચંદ્રે કહ્યું. રાત્રે છાનું બહાર નિકળવામાં કાંઇ વિશેષ નથી. એમ કદાગ્રહ લઇ બેઠો. તેવારે ધનમિત્રે કહ્યું. ચાલ જઇ આવીએ. પછી રાત્રે શ્યામવસ્ત્ર પહેરી હાથમાં ખડગ લઇ જ્યાં કન્યા પાટે બેઠી છે ત્યાં આવ્યા; તે અવસરે મૃગાંકલેખા પોતાની ચિત્રલેખા અને પત્રલેખાદિક સખિયોના પરિવારે પરવરી થકી પોતપોતામાં ગોષ્ટિ કરે છે, તિહાં ચિત્રલેખા મૃગાંકલેખાને કહે છેઃ-હે મૃગાંકલેખા ' ધન્ય તારો અવતાર! શાથી જે તુજને સાગરચંદ્ર જેવો વર મળ્યો.

હવે સ્ત્રી જાતિનો સ્વભાવ છે કે, એક બોલે તો તે થકી વળી બીજી જે બોલે તે અવળુંજ બોલે. તે પ્રમાણે પત્રલેખા બોલી ઉઠી કેઃ--હે સખિ! મૃગાંકલેખાને યોગ્ય વર તો ધનશ્રેષ્ઠીનો પુત્ર અનંગદેવ હતો; કારણ કે તે રૂપે કરી સાક્ષાત્ અનંગ જેવોજ છે. તેવારે વળી ચિત્રલેખા બોલીઃ-મૃગાંકલેખાના વરને અર્થે સવરનામા જ્ઞાનીને પુછ્યું, તેવારે તેણે કહ્યું કેઃ--"અનંગ દેવનું વીશ વર્ષનું આયુષ છે, માટે તે યોગ્ય નથી. તેથી

અનંગદેવને શું કરીયે ? તે સાંભળી વળી પત્રલેખા બોલી:— અરે સખિ ! તું જાણતી નથી જે થોડું હોય તોપણ અમૃત ભલું જાણવું અને વિષ તો એક ભાર જેટલું હોય તોપણ શા કામનું ?

. એવી સખિઓની વારતા થતી મૃગાંકલેખાયે બેઠી બેઠી સાંભળી, પણ લાજને લીધે નિવારણ કીધી નહીં; તે બેઉ સખિઓની વાત સાગરચંદ્રે છાનો રહી સાંભળી, તેથી ઘણો રીસે ચડી ખડગ કાઢીને મારવા દોડ્યો, તેને મિત્રે હાથઝાલી રાખ્યો અને કહ્યું કે સખિઓ પરસ્પર વાતો કરે છે એમાં મૃગાંકલેખાનો શો વાંક છે એમ સમજાવીને ઘેર લઇ ગયો.

પછી સાગરચદ્રે વિરક્ત ચિત્તે કરી પીતાની લજ્જાયે પાણિગ્રહણ કીધું; પરણ્યા પછી તેના પિતા સાગરદત્તે સુવાને માટે મોટો આવાસ કરાવી આપ્યો; પણ સાગરચંદ્ર દુષ્ટાત્મા તે મૃગાંકલેખાની સાથે દ્વેષ ધરતો ઢુકડો ન આવે, બોલાવે પણ નહીં, મૃગાંકલેખાનું નામ સાંભળે તોપણ રીસ કરી ઉઠે. એ વિષે મૃગાંકલેખા પરમાર્થ અજાણતી કર્મનો દોષ ત્રેવડતી ઘણો ખેદ કરતી થકી દુઃખે કાળ નિર્ગમન કરે છે; એમ તે વિરહાગ્નિએ પિડિત થકાં શ્રી જિનધર્મારાધન કરતાં એકવીસ વર્ષ નિર્ગમન કર્યાં.

એકદા અવંતીસેન રાજા લાટદેશના રાજાને જીતવા માટે જાય છે, તેવારે સાગરદત્તને તેડીને રાજા કહેવા લાગ્યો કે, તમારા પુત્ર સાગરચંદ્રને મારી સાથે મોકલો; સાથી જે મારા સૈન્યને અન્ન વસ્ત્રાદિ સર્વ વસ્તુ પુરે. તેવારે સાગરદત્તે પોતાના પુત્રને કહ્યું કે, રાજા તેડી જાય છે, માટે તેની સાથે જરૂર જવું જોઇએ. તે સાંભળી સાગરચંદ્ર પણ અશ્વ, રથ, ડેરા પ્રમુખ સજ્જ કરી માતા, પિતા, ભાઇ, કાકા પ્રમુખને પગે લાગી વિદાયગિરી માગી ચાલવા લાગ્યો. જેવારે તે મૃગાંકલેખાના ઘર આગળ આવ્યો, તેવારે મૃગાંકલેખાને કીડી પણ બોલાવી નહીં; તોપણ મૃગાંકલેખા આવી પગે લાગીને અશ્રુપાત કરવા લાગી, તથાપિ

તેને અવગણી તિરસ્કાર કરી ચાલ્યો, તેથી મૃગાંકલેખા વળી ઘણુંજ દુઃખ પામી થકી સય્યાએ આળોટતી રોવા લાગી; વળી મનમાં વિચારે છે જે ઘરના દાસને પણ બોલાવે છે અને મુજને આવી રીતે ઠેલી નાંખે છે, માટે એ મારા પુર્વ કર્મનો દોષ સમજવો, એવું ચિંતવી રહી.

હવે સાગરચંદ્ર ગામ બહાર નદીને તટે જ્યાં કટકે ઉતારો કીધો છે, ત્યાં ડેરા હેઠ પલંગે સુતો છે. એવામાં વારંવાર કરૂણ સ્વરે રૂદન કરતી કોઇક કિન્નરીનો સ્વર સાંભળ્યો. તેવારે મનમાં વિચાર્યું જે આ રાત્રિને વિષે કોણ સ્ત્રી રૂદન કરે છે? એમ ચિંતવી ખડગ લેઇ શબ્દને અનુસારે ચાલ્યો; આગળ જતાં વનના કુંજ માંહે મોતીભરણે ભુષિત એવી એક સ્ત્રીને રડતી દીઠી, તેવી તેને કહેવા લાગ્યો કેઃ—હે બેહેન ! તું શા માટે રડે છે? ત્યારે સ્ત્રીએ કહ્યું. એવો કોઇ નથી જે મારૂં દુઃખ ભાગે. સાગરચંદ્રે કહ્યું. એકવાર તારે દુઃખ શું છે તે કહે તો પછી દુઃખ ભાગવાની વાત છે. સ્ત્રી બોલી.-મારો પ્રાણેશ્વર હરીપ્રભ નામે કિન્નર છે, મારૂં નામ હારાવલિ છે, અમે બેઉ વિમાને બેશી યાત્રાએ જતાં માર્ગમાં મારો પતિ બોલ્યો; ચાલો આપણે આ વનની કુંજ માંહે કેલીગૃહ છે ત્યાં રમીએ. મેં કહ્યું ઇહાં નહીં રમશું; પરંતુ મહાગિરિના શિખરને વિષે ઉદ્યાન છે ત્યાં રમશું. એવું કહ્યાથી માઠું લાગ્યું માટે રીસાઇ બેઠો છે, ચાલતો નથી. બે પોહોર થયા મનાવું છું પણ માનતો નથી, તેથી મારૂં હૃદય ફાટી પડે છે, અને મારો પતિ તો વજ્ર જેવું હૃદય કરી બેઠોછે, પણ તું દયાળુ છે, તેથી અમારો બેઉનો મેળાપ કરાવી આપ.

તે સાંભળી સાગરચંદ્ર પેલા કિન્નર પાસે જઇ તેને મનાવવા લાગ્યો; તવારે કિન્નર હસીને બોલ્યોઃ—અરે સાગરચંદ્ર! તું મુજને મનાવવા આવ્યો છે, પણ તું તારૂં પોતાનું પાપ જેતો નથી! કનક એકવીશ વર્ષ થઇ ગયા છતાં નિરપરાધી, સતિમાંહે શિરામણી એવી મૃગાંકલેખાને તેં બોલાવી પણ નથી, અને મુજને સમજાવા આવ્યો છે; તો તેં એ સુભાષિત

સાચુ કર્યું જણાયછે! એવું કહેતો થકોજ તે કિન્નર પોતાની કિન્નરીને વિમાનમાં બેસાડી આકાશ માર્ગે ચાલતો થયો.

પાછળથી કિન્નરીની દાસી આવીને સાગરચંદને કહેવા લાગી જે મારી સ્વામિનીયે મારે મુખે તમને કહેવરાવ્યું છે કે, તમે મારી ઉપર ઉપકાર કર્યો તેનો મારાથી કાંઇ પ્રત્યુપકાર થયો નથી, માટે આ બે વસ્તુ આપુ છું તે તમે લ્યો. એવું કહી એક ગુટી આપી, જે ઘસીને પગે લેપ કરીએ તો આકાશે ગમન કરવાની શક્તિ આવે. વળી બીજી એક ઔષધિ આપી, તેને ઘસીને કપાળે તિલક કરીયે તો રૂપપરાવર્ત કરવાની શક્તિ આવે. એવું કહી બે ઔષધી આપીને દાસી જતી રહી.

હવે કુંવર વિચારે છે કે ધન્ય છે તેહને કે જે જીવ્નઃ સેંકડા અપરાધ દેખે છે, તોપણ પાણીમાં રેખાનીપેઠે કોપ ધરે છે; પરંતુ હું કેવો અધમ પુરૂષ છું કે જે સ્ત્રીમાં દોષ અણદીઠે પણ તેની ઉપર પાષાણ માંહેલી રેખા સરખો કોપ કરી બેઠો છું. હા! હા! નિરપરાધી અબળાને એકવીશ વર્ષપર્યંત વીરહે સંતાપી!! એમ ચિંતવી તે વાત ધનમિત્ર આગળ કહી, ધનમિત્રે કહ્યું.-તેં એ મોટું પાપ કીધું, એ પાપ તું તારા ઉપરથી ઉતાર; નહીં તો એ અબળા દુઃખ કરતી મરણ પામશે. એવી વાત સાંભળી ગુટી ઘસી પાદલેપ કરી આકાશગામિની વિદ્યા સાથે મૃગાંકલેખાને ઘેર ગયા; તેમાં પ્રથમ તો ધનમિત્ર ગયો, તેને મૃગાંકલેખાએ હાંકી કાઢયો, કે અરે તું કોણ છે! જે રાત્રિને સમે મારા ઘરમાં પ્રવેશ કરેછે! જતો રહે તો ઠીક, નહીંતો મારા શીળને પ્રભાવે કરી ભસ્મ થાઇશ! ધનમિત્રે કહ્યું:— હે બેહેન! હું સાગરચંદ નો મિત્ર છું, તારે ઘેર સાગરચંદ આવે છે તેની વધામણી દેવા આવ્યો છું; માટે દુઃખ છાંડીને આનંદ પામ. એવું કહેતાંવાર ત્યાં સાગરચંદ પણ આવ્યો, એટલે સખિઓનો વર્ગ ઉઠી ગયો અને ધનમિત્ર પણ બીજા ઘરમાં જઇ બેઠો.

હવે સાગરચંદ અમુખથી પોતાનો અપરાધ પોતે થકો ક-

હેવા લાગ્યો કે તું નિરપરાધી છતાં મેં તુજને ઘણું સંતાપી, તે મારો અપરાધ તું ક્ષમા કર જેમ વિદ્યા ભણીને વિસારી મુકીયે તેમ મેં તુજને પરણીને વિસારી મુકી, તે મારો સર્વે અપરાધ તું વિસારી મુકી સંતોષ આણીને મારી સાથે બોલ. તે સાંભળી મૃગાંકલેખાયે કહ્યું. એ સર્વ મારા પુર્વ કર્મનો દોષ છે, તમારો એમાં કાંઇ વાંક નથી, એમ કહી સ્ત્રી ભરથાર ઘણા કાળના વિરહાગ્નિને સુખજળે કરી ઓલવતાં હતાં. સ્ત્રી ભરતાર પરસ્પરે રમતાં રાત્રિ અતિક્રમી, પ્રભાત થવા આવ્યો, તેવારે સાગરચંદ્રે કહ્યું. હું કટકમાં જાઉં છું; કેમકે રાજા સંભારશે, માટે હાજર રહેવું જોઇએ. મૃગાંકલેખાયે કહ્યુંકે તમે જાઓછો પણ મારે ઋતુસ્નાનનો દિવસ છે, તેથી જો ગર્ભ રહેશે હશે તો પાછળથી સાસુ સસરાને મારે ઉત્તર શો આપવો ? તે વારે સાગરચંદ્રે તેને સ્વનામાંકિત મુદ્રિકા આપી મૃગાંકલેખાનો હાર લીધો; અને કહ્યું કે, મારા માતા પિતા તુજને પુછે તો આ મુદ્રિકા દેખાડજે. એવું કહી તેનીઆંખમાંથી આંસુ લુહી પોતાની આંખે આંસુ આણતો સૈન્ય માંહે ગયો.

હવે મૃગાંકલેખાને ઉદરે કોઇ પુન્યવંત દેવતાનો જીવ આવી ઉપન્યો. ઉદર વૃદ્ધિ પામવા લાગ્યું. તેવારે પદ્માસાર્થવાહી સાપણની પેઠે કોપ કરતી પુછવા લાગી; તેને મૃગાંકલેખાયે સાગરચંદ્રની મુદ્રિકા દેખાડી. તોપણ સાસુ સસરો બેઉ કહેવા લાગ્યા જે, એવાં સ્ત્રીનાં કપટ અમે ઘણાં જાણીએ છીએ, તેં અમારા કુળને વિષે કલંક લગાડયું; માટે હવે તમે ઘર બહાર નિકળો. એમ કહીને જેમ નિર્ધન પુરૂષ પામેલી લક્ષ્મીને હાંકી કાડે, તેમ મૃગાંકલેખાને કાડી મુકી. તેની સાથે ચિત્રલેખા સખી પણ નિકળી. પદ્મા સાસુએ તેના પીયર પણ કહેવરાવી મોકલ્યું જે તમારી પુત્રી કુચરિત્ર કમાઇ કરી આવે છે, માટે જોઇ તપાસીને ઘરમાં પેસવા દેજો; તેથી માતા પિતાયે પણ તેને કહ્યું કે અહીંયાં તારે માટે રહેવાની જગા નથી, જ્યાં તારી ઇચ્છા આવે ત્યાં જા. મૃગાંકલેખાએ વિચાર્યું જે એક વિધાતા

વાંકે સર્વે વાંકું થાય અને વિધાતા પાધરો હોય તો સર્વે પાધરૂં થાય.

હવે મૃગાંકલેખા માત વિનાયે કાઢી મુકી થકી ત્યાંથી નિકળી મધ્યાનસમય એક વૃક્ષની નિચે વિસામો લેઇ આગળ ચાલી એટલે રાત્રિ પડી. તે રાત્રિ વૃક્ષની નિચે કહાડી પ્રભાતે ત્યાંથી ચાલતી થઇ, પણ માર્ગે ભુલી પડી તેથી એક વિકટ અટવીમાં જઈ ચઢી, ત્યાં રોવા લાગી. તેવારે ચિત્રલેખાએ કહ્યું.-હે બેહેન! તું ત્રણ દિવસની ભુખી છે, માટે કંદમુળાદિકનો આહાર પાણી કર, તો જીવતી રહીશ. અન્યથા ગર્ભપાત થશે તો બાળહત્યાનું પાપ લાગશે.

મૃગાંકલેખાયે કહ્યું.—યદ્યપિ કંદમુળનું ભક્ષણ વૃત્તિકાંતાર-આગારે કરી અનુજ્ઞાત છે, એથી નિયમ ભંગ ન થાય, તોપણ હું ભક્ષણ કરીશ નહીં; એવો દૃઢ લઇને એમજ ભુખી રહી. એવામાં ત્યાં એક ચિત્રગુપ્તનામે સાર્થવાહ આવ્યો, તેણે આવી કહ્યું-હે બેહેન! મેં મારા માણસના મુખથકી તારૂં વૃત્તાંત સાંભળ્યું છે, હવે તું રડીશ નહીં, મારા સથવારાને વિષે આવ તું કહીશ ત્યાં હું તુજને મુકીશ. એવાં સાર્થવાહનાં વચનાથી હર્ષ પામીથકી પોતાનું સર્વ વૃત્તાંત સાર્થવાહની આગળ કહી સંભળાવ્યું; અને કહ્યું કે,-હે સાર્થવાહ! તું મુજને અવંતીસેન રાજાના કટકમાં પહોંચાડ. હું તારો ઉપકાર માનીશ. તેવારે સાર્થવાહે હા કહી. સાર્થવાહ તેને સાથે લેઇ આગળ ચાલ્યો, અને મૃગાંકલેખાને કુળદેવીની પેઠે આરાધવા લાગ્યો; તેથી ત્યાં ઘણું સુખ પામી.

એવામાં ચિત્રલેખાની સખી વનમાંહે છાણ લેવા ગઇ, તેને એક ભિલ્લ ઉપાડી લેઈ ગયો. સાર્થવાહે ઘણું ખોળાવ્યો પણ જડી નહીં; તેવારે મૃગાંકલેખા બોલી. વળી પુરાં કર્મ ઉદય આવ્યાં, મારી સખી પણ મારાથી વિછુટી પડી, તેથી રોવા લાગી. તેને સાર્થવાહે આશ્વાસન દેઇ સમજાવી રાખી.

એવામાં કાઇરોદ નટક આવ્યો, તે રાજાને વિજ્યરાજા

साथे मित्राचारी छे, ते माटे तेणे माळवा थकी सार्थवाहने आव्यो जाणी माळवाना अवतीसेन राजानी साथे पोताना मित्रनुं वेर छे माटे सार्थवाहने लुटयो; तेवारे मृगांकलेखा एक देवकुळने खुणे छुपी बेसी रही. अरण्यमांहे सिंहादिक श्वापदानो स्वर सांभळीने करी भयाकुळ थइ तेथी पुत्र जन्म थयो, तेनी चंद्रमाजेवी कांति देखी खोळामां लइ रोवा लागी:-अरे पुत्र ! आ वखते तारो पिता होत तो जन्ममहोत्सव करत प ण हमणां आंही जंगलमां तारो जन्ममहोत्सव कोण करशे ! एवुं कही विलाप करे छे, तेने वनदेवताए समजावीने रोती राखी.

अनुक्रमे प्रभात थयुं तेवारे सागरचंदनी नामांकित मुद्राने वस्त्रनी गांठे बांधी ते वस्त्रथी पुत्रने ढांकी पोते स्नान करवा तथा वस्त्र धोवाने तळाव उपर गइ; एवामां कोइ भुख्यो कुतरो आव्यो, ते मांसनी गंधे बाळकने दांतथी मदुण करी लइने चालतो थयो; दैव्ययोगे ते छोकरानुं आयुष्य बळवान होवाथी ते वखत त्यांथी दुकडं एक वैश्रमण नामे नगर छे, तेनो रहेवाशी एक शेठी नदी तरे शौचने अर्थे आव्यो छे, तेनी दृष्टिये पडयो; तेवारे तेणे कुतराने हांकी तेना मुखमांथी बाळक जीवतो पडाव्यो. कुतरो नाशी गयो, शेठ हर्ष पामतो छतो निधाननी पेठे ते बाळक लइने पोतानी अपुत्रीयाणी धनवती भार्याने जई आप्यो. धनवतीए पण एज समये एक मुवेलो पुत्र जण्योछे, तेने दासीने कही नखावी दीधो, अने पेलो जीवतो बाळक पोतानी पासे सुवाडयो; पछी त्यां शेठे मारे घेर पुत्र जन्म थयो एवुं लोकमां कहीने मोटो महोत्सव कीधो, अने तेनुं नाम सुरेंद्रदत्त पाडयुं.ते पुत्र-बीजना चंद्रमानी पेठे वधतो मोटो थायछे, ते पुत्रना आव्या पछी तेना माहात्म्यथी वैश्रमण शेठी धने करीने साचेसाचो वैश्रमणना जेवोज थयो. धनवतीने मृतगर्भनुं कलंक उतर्युं; ते पछी वळी बीजा पण एक नरदेव अने बीजो धनद एवा बे पुत्र थया. सुरेंद्रदत्त पण

અનુક્રમે સાતે કળા ભણ્યો; યૌવન પામ્યો, વૈશ્રમણ શ્રેષ્ઠિએ તેને બત્રિસ કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું, પછી તે કુંવર દોગુંદક દેવનાં સુખ ભોગવવા લાગ્યો.

હવે મૃગાંકલેખા સ્નાન કરી આવીને જુવે છે તો પુત્ર દીઠો નહીં. તેવારે વિલાપ કરવા લાગી:—હા! હા! મુજને શી દુર્મતિ ઉપની જે હું આવા રત્ન જેવા બાળકને અરણ્યમાં મુકીને સ્નાન કરવા ગઇ!!! એમ વિલાપ કરવા લાગી. એવામાં ત્યાં લલિતા એવે નામે એક ગોવાળીયાની સ્ત્રી આવી, તેણે મૃગાંકલેખાને સમજાવીને રોતી રાખી, અને પોતાના ગોકુળમાંહે તેડી ગઇ; ત્યાં તેને દુધ દહીં પીવરાવી સુખીણી કરી.

એકદા ગોકુળનો ધણી વસંત નામે છે, તેણે તેને દીઠી, તેવારે કામે પીડિતથકો ભોગની પ્રાર્થના કરવા લાગ્યો; પણ તે કાંઇ બોલી નહીં, તેથી તેણે તેનો કોઇ દાસીનો તિરસ્કાર કરીયે તેવો તિરસ્કાર કર્યો. તેવારે લલિતાએ તેને સમજાવ્યો જે એ સતી છે; આપણા ગોકુળમાં આવી છે, માટે એનો કેડો તું મુકી દે. તોપણ તેણે વિચાર્યું જે મારે ઘેર આવી છે માટે મારૂં કથન માનેજ છુટકે, એવું નિરધાર્યું. એકદા મૃગાંકલેખાને ઉંઘમાં સુતી દેખી ઉપાડીને પોતાનેઘેર લેઇ ગયો, અને વિષય ભોગવવાની પ્રાર્થના કરી; તેવારે મૃગાંકલેખાયે યદ્યપિ "वलाभि ओगेणं" એ આગાર છે, તોપણ પોતાનું શીલ રાખ્યું, શીલ લોપવા દીધું નહીં. પરંતુ તેના શીલના પ્રભાવે તેજ રાત્રિયે તે વસંત મરણ પામીને દુર્ગતિયે ગયો. ગોકુળને વિષે મૃગાંકલેખાનો શીલ મહિમા વિસ્તાર પામ્યો. વસંતના કુટુંબ પરિવારે તેને ઘણું માન આપીને લલિતાને ઘેર મોકલી, પણ માર્ગમાં ભુલી પડી, તેથી અરણ્યમાં નિકળી ગઇ. માર્ગમાં વડવૃક્ષની છાયાએ જઇ બેઠી થકી કર્મનો પરિણામ વિચારે છે.

એવામાં કર્મયોગે મકરંદ નામે તપાસ ત્યાં આવ્યો, તેણે મૃગાંકલેખાના સર્વ સમાચાર સાંભળી આશ્રમે લઇ જઇ કુલપતીને આપી; તેણે તેને પોતાની પુત્રી કરી માની, અને એક

તાપસની સાથે કોઇ મહિરનામા ગામની નિકટ જઇ મુકી, ત્યાં તે ગામનો સુંદર નામે સ્વામિ છે, તેના માણસે તેને પકડીને આગળ ઓગણીશ માણસ બંધીવાન છે, તેની પાસે જઇ વીશમી એને પણ મુકી. હવે તે સુંદરને ઘેર પુત્રનો જન્મ થયો છે, તે માટે તેણે દસ પુરૂષ અને દસ સ્ત્રી ભદ્રકાળી દેવીને ચડાવવાની માનતા કરી છે; તેથી એ વિષે બંધીવાનોને દેવીના માંડને વિષે લઇ આવ્યા; ત્યાં સુંદર પોતે આવીને વિશે જણને કહેવા લાગ્યો જે અમારે ઘેર પુત્ર જન્મ થાય તો ભદ્રકાળી દેવીને દસ સ્ત્રી તથા દસ પુરૂષ મળી વીશ માણસનો બળી આપીએ એવી અમે માનતા કરી છે, માટે તમારો અહીંયાં બળી દેવાશે; તેથી જે હને જે ઇષ્ટ હોય તેનું સ્મરણ કરો એવું સાંભળી ઓગણીસ માણસ તો ભયે કરી ત્રાસ પામતાં બોલી શકયાં નહીં, પરંતુ એક મૃગાંકલેખા બોલી જે:—

હે ભાઇ સુંદર! પ્રથમ મુજને મારી બળી આપો; સાથીજે હું બીજા માણસનું મરણ મારી નજરે દેખું નહીં. મને મારા મરણની ચિંતા નથી, પણ ઓગણીશ જનના મરણની ચિંતા છે. એવું સાંભળી સુંદર બોલયો કે:-હે ભગીનિ! એકલી તુજ નેજ હું મુકું છું. તેવારે મૃગાંકલેખાએ કહ્યું કે, મને મારી નાંખ, પણ ઓગણીસ જનને મુકી દે. જો ઓગણીશને મારે, તો હું એકલી જીવતી રહીને શું કરૂં? તેવારે સુંદરે મૃગાંકલેખાનો કરૂણામય પરિણામ દેખી જીવવધનું પચ્ચખાણ કરી વીશે માણસને મુકી દીધાં. સર્વે મૃગાંકલેખાને આશીષ દેતાં પોતપોતાને સ્થાનકે ગયાં.

હવે મૃગાંકલેખા ત્યાંથી ચાલતી વળી પણ માર્ગ ભુલીને એક અટવીમાં જઇ પડી, ત્યાં એક કાળ વિકાળ જેવો ભુખ્યો સિંહ તેને ખાવા આવ્યો. તેવારે મૃગાંકલેખા બોલી:-“ એક મારો પતિ સાગરચંદ્ર મુકીને આજપર્યંત મેં પરપુરૂષ ચિંતવ્યો નથી, એવો મારા શીલનો જો મહિમા હોય તો આ વિઘ્ન વિલય થઇ જજો.” એટલુંજ કહેતાં તે સિંહ કાષ્ટના પુતળા

હેરો થઇને નિદ્રાંજ ઉભો રહી ગયો; ત્યાંથી મૃગાંકલેખા આ-
ગળ ચાલી. વળી સંધ્યા સમયને વિષે કાળી મસી માંહે ત્રણવાર
ઝબોળી કાઢી હોય એવી એક રાક્ષસી ભુખીથકી ત્યાં આવતી
દીઠી; તેવારે પણ મૃગાંકલેખાએ તેમજ કહ્યું કે—" મારા પતિ
સાગરચંદ્ર વિના જો ઇતર પુરૂષ મેં મારા મને કરી ચિંતવ્યો
ન હોયતો તે મારા શીળના પ્રભાવે કરી એ રાક્ષસી હતાશ
થાઓ." એવાં વચનથી રાક્ષસી પણ નિરાશ થઇ ચાલી ગઇ.
મૃગાંકલેખાએ નિદ્રાં એક વડવૃક્ષની નિચે રાત્રી કાઢી પ્રભાતે
ચાલવા માંડ્યું; ચાલતાં ચાલતાં સિદ્ધાર્થપુરની બહાર ઉદ્યાને
દેવકુળને વિષે પરિશ્રાંત થઇ વિશ્રામ લેવા બેઠી.

કર્મના વશથકી ત્યાં એક કામસેના નામે વેશ્યા આવી, તે
તેનું સુંદર રૂપ દેખી ત્યાંથી જોરાવરીએ ઉપડાવીને ઘેર લઇ ગઇ,
અને કહેવા લાગી કે. તું મારે ઘેર ગુણિકાનો ધંધો કર. મૃગાંક-
લેખાએ કહ્યું. હું કુલીન સ્ત્રી થઇ એ કામ ન કરૂં; તેવારે તેને
વિરવાએ પણ સતાવી. તોપણ તેણે વેશ્યાપણું અંગિકાર ન
કીધું પાપના વશથકી તેજ રાત્રિએ કામસેના વેશ્યા મરણ
પામી. તેવારે તેની દાસીએ જોરાવરીથી મૃગાંકલેખાને કામસે-
નાને પાટે થાપી. તોપણ ત્યાં તે નિષ્કલંક શીળ પાળે, તેથી
દાસીનો સ્વાર્થ ન પહોંચે.

એકદા દાસીએ રીસ આણીને કનકધ્વજ રાજાની આગળ
જઇ મૃગાંકલેખાના રૂપનું વર્ણન કર્યું, તેવારે રાજાએ તેને તેડવા
માટે પોતાનો પ્રતિહાર મોકલ્યો; તેણે આવી મૃગાંકલેખાને કહ્યું
કે ચાલ, કનકધ્વજ રાજા તુજને તેડે છે; તેવારે મૃગાંકલેખાએ
કહ્યું. રાજા કોણ, અને હું કોણ? જા હું નથી આવતી. તે સાં-
ભળી પ્રતિહારે કહ્યું કે, રાજાભિયોગ માનવો જોઇએ, તે માટે
ખુશીથી આવો તો રૂડું. તે સાંભળી મૃગાંકલેખા મૌન ઝાલી
રહી; તેવારે તે પ્રતિહાર સુખાસને બેસાડી લઇ જવા લાગ્યો.
તેથી મૃગાંકલેખા કપટે કરી ગાંડી થઇને સુખાસનથી નિચે પડી,
લુગડાં ફાડે, માથે ધુળ નાખે, છોકરાને પથરા મારે, યદ્વા તદ્વા બોલે.

[illegible] ઉપાડી પોતાને ઘેર લઈ ગઇ, અને [illegible] કુકડા આવે તો તેને મારીના [illegible] નિપુણ એવો કનકબાહુ [illegible] હતા. તેને રાજાયે કહ્યું કે એને રમો [illegible] આવ્યા.

[illegible] અહાંને શ્રી ચંદ્રપ્રભસ્વામીના [illegible] નામે શેરી છે, તેને મૃગાં- [illegible] પૂછવા લાગ્યો કે, મૃગાંકલેખાને [illegible] મૃગાંકલેખાને મુખે કહેવા લાગી [illegible] એ મહાસતી અત્યંતીશ- [illegible] પરમશ્રાવિકા છે, તે કર્મને [illegible] પાપીને માટે ઘેલી બની ગઇ [illegible] જેથી તમારૂં કલ્યાણ થાય.

[illegible] કહી રાજા પાસે જઇ પર- [illegible] મૃગાંકલેખાને તેડી ગયો; [illegible] હવાણાં; રત્નાંગનાએ શાખ પુરી; [illegible] ચિંતવવા લાગી કે, હાહા! [illegible] મારો પતી સાગરચંદ્ર ક્યાં [illegible] ચિત્રલેખા ક્યાં છે! કેવાં [illegible] વિયોગ પામી! વળી [illegible] ચિંતવના કરતી ત્યાં [illegible]

[illegible] મોટો થયો, ત્યારે મણ [illegible] જેને ધનવતી જનની [illegible] મારા અગ્રજના બે પુત્ર [illegible] માનિતા પણ થયો નહીં, [illegible] નાંખ્યું; એવા અભિધાન [illegible] નિર્ધર કર્યા અને [illegible] આંગમાર્ગે ચાલ્યુ બેઠા

હતા, ત્યાં દાશીને હાથે મોકલ્યા. દાશીએ ધનવંતીના કહ્યા પ્રમાણે બે નાના લાડુ નરદેવ તથા ધનદેવને આપ્યા અને એક મોટો લાડુ સુરેંદ્રદત્તને આપ્યો; પણ સુરેંદ્રદત્ત કાર્યાકુલ હતો તેથી તેણે ખાધો નહીં, એમને એમ રાખી મુકયો, અને બે ભાઇયે બે લાડવા ખાધા; વળી ભુખ્યા થયા ત્યારે સુરેંદ્રદત્તે પોતાનો લાડવો અરધો અરધ કરી બે ભાઇને વહેંચી આપ્યો. તે લાડવો બે ભાઇએ ખાધો; તે ખાતાંવાર તરત મુર્છા ખાઇ પડી ગયા; તેના ઘણા ઓષધાદિક ઉપચાર કર્યા પણ કાંઇ ટાંકી લાગી નહીં, અને બંન્ને ભાઇએ કાળ કર્યો. હવે વૈશ્રમણ શેઠે સર્વ સમાચાર જાણ્યા, તેથી વિચાર્યું કે ધનવતી નિશ્ચે એને મારશે, માટે સુરેંદ્રદત્તને એકાંતે બોલાવીને સર્વ વાર્તા કહી તથા સાગરચંદની નામાંકિત મુદ્રા રત્ન આપ્યું, અને કહ્યું કે તું તામ્રલિપ્તી નગરીયે જા. જો અહીંઆં રહીશ તો એ દુષ્ટ સ્ત્રી તુજને વિષાદિક પ્રયોગે કપટથી મારી નાંખશે.

એવુ સાંભળી સુરેંદ્રદત્ત તામ્રલિપ્તી નગરીયે આવ્યો, ત્યાં ઘણું ધન ઉપારજીને એકદા શ્રી ઋષભદેવના પ્રાસાદે પુજાને અર્થે ગયો, ત્યાં સાસનદેવી ચક્રેશ્વરી માતાની મુર્તિ છે, તેનો મોટો મહિમા જાણીને અઠ્ઠમ તપ કરી બ્રહ્મચર્યધારી થઇ દેવીનું આરાધન કરવા બેઠો; તેવારે ચક્રેશ્વરી પ્રગટ થઇને બોલી કેઃ—હે વત્સ! તારો પિતા સાગરચંદ અને માતા મૃગાંકલેખા એ બે તુજને સિધ્ધાર્થપુરી નગરીના પ્રિયમેલક ઉદ્યાનમાં મળશે, તે માટે ખેદ કરીશ નહીં. તુજને દેખવાથી જેના સ્તનમાંહેથી દુધની ધારા વહેશે, તેને તું તારી માતા કરી જાણજે, અને લોક સાગરચંદને દેખી કહેશે કે એ સુરેંદ્રદત્તનો પિતા છે; વળી આજથકી એક મહીનામાં તારાં માતા પિતા મળશે, એમ નિશ્ચય જાણજે; એવું કહી દેવી અદ્રશ્ય થઇ. સુરેંદ્રદત્ત પણ દેવીને વચને શ્રી ઋષભદેવને પુછી પારણું કરી સિધ્ધાર્થપુર ભણી ચાલ્યો.

હવે અવંતીસેન રાજાએ વિજયરાજાને જીતી લીધો, તેવારે

કટકથી વિદાયગીરી માગીને સાગરચંદ્ર પોતાને ઘેર આવ્યો; માતા પિતાને પગે લાગ્યો અને જે દ્રવ્ય ઉપાર્જન કરી લાવ્યો હતો તે સર્વ પિતાને આપીને પછી મૃગાંકલેખાને ઘેર આવ્યો; ત્યાં જેમ ચક્ષુરહિત મનુષ્ય શુન્ય દેખાય તેમ તે ઘર પણ મૃગાંકલેખા વિના શુન્ય દીઠું. તેવારે વિચાર્યું જે શું એ પીઅર ગઇ છે ? કિંવા કોઇ બીજો વિચાર હોય તો તે કેમ ઘટે ?

પછી ત્યાંથી આવી માતાને પુછયું, તેવારે માતાએ કહ્યું કે:—હે વત્સ ! એ પાપણીનું નામ કોણ લીયે ! તું આંહીથી ગયા પછી એણે કોઇકની સાથે અનાચાર સેવ્યો, તે થકી ગર્ભ રહ્યો. જેથી કુળને કલંક લગાડયું. માટે અમે ઘરથકી કાઢી મુકી; એટલું સાંભળતા વારજ સાગરચંદ્ર મુર્છા ખાઇ ધરતી ઉપર પડયો. તેને શીતલોપચારે કરી મુર્છા ટાળ્યાનંતર વિલાપ કરવા લાગ્યો. તેવારે તેને માતાએ કહ્યું કે:—

હે પુત્ર ! તું તારી સ્ત્રી પાસ આવ્યો હતો તો અમને જણાવી કાં ન ગયો? સાગરચંદ્રે કહ્યું:—તમે મારૂં નામાંકિત મુદ્રારત્ન કેમ ન ઓળખ્યું? મુદ્રારત્ન તેણે દેખાડયું તેમ છતાં તમે કેમ ઘરથી બાહીર કાઢી મુકી. ઇત્યાદિક ઘણા ઓલંભા દીધા. બીજું માતા પિતાની સાથે શું જોર ચાલે!

પછી સાગરચંદ્ર અનુપમાણુનો ભાથો લેઇ અભિગ્રહ કરી ચાલ્યો કે જ્યાં સુધી મૃગાંકલેખા ન મળે ત્યાં સુધી મારે ઘેર આવવું નહીં. એવો નિશ્ચય કરી મિત્રને જાણ કર્યાવિના એમજ ચાલ્યો. તે ગામ, નગર, ખેટ, ખર્વટે ભમતો પંથી જનોને પુછતો પુછતો જાય છે, એવામાં હેડંબ નામે રાક્ષસ મળ્યો, તે પ્રગટ વચન કહેવા લાગ્યો કે. મુજને તારી સ્ત્રીનું રૂપ પુછ. તે તારી સ્ત્રી મૃગાંકલેખાને હું ગળી ગયો છું. તે વચન સાંભળી સાગરચંદ્ર કોપાકુળ થયો થકો રાક્ષસને ગાળ દેઇ મારવા ઉઠયો, રાક્ષસ પણ વેતાળરૂપે વધવા લાગ્યો, વધતાં વધતાં તાડ પ્રમાણ થયો. તેવારે કુંવરે વેતાળ જાણી પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યું; તેના મહિમાથી વેતાળ નાશી ગયો.

હવે સાગરચંદે સ્ત્રીના વિયોગથી મરવાને અર્થે કેટલાંક કાષ્ટ એકઠાં કરી મોટી ચિતા રચી, અને કહેવા લાગ્યો કેઃ-અરે ! દેવ, દાનવ, સિદ્ધ, ગાંધર્વ, સર્વ સાંભળજોઃ—મેં નિરપરાધી સતિયો માંહે શિરોમણી એવી મારી પ્રિયાને ઘણા વર્ષલગણ સંતાપી, તે માટે હું મહાપાતકી થયો છું. તે પાપ શુદ્ધ કરવાને અર્થે અગ્નિમાંહે ઝંપાપાત કરું છું, એવું કહી જેટલે અગ્નિમાં પડવા કુદકો મારવા લાગ્યો, એટલામાં સુવ્રતાનામા સિદ્ધપુત્ર આવી ચડ્યો, અને કહેવા લાગ્યો કેઃ-હે પુરૂષ ! તું આત્મઘાત ન કર. તું તારી પ્રિયા અને પુત્ર સાથે મળી ઘણાં સુખ ભોગવી દિક્ષા લઇને મોક્ષે જઇશ. તારો સુરેંદદત્ત પુત્ર તથા મૃગાંકલેખા સ્ત્રી સિધ્ધાર્થપુરને વિષે પ્રિયમેલક ઉદ્યાને શ્રી ઋષભદેવના ચૈત્યને વિષે મળશે; તેનું એંધાણ એજ જે ભિલની પલ્લીથકી નાશી ગયેલી મૃગાંકલેખાની સખિ ચિત્રલેખા તુજને માર્ગમાં મળશે, તો એ વાત તું સત્ય માનજે; પછી ચિત્રલેખાને લઇ તું સિધ્ધાર્થપુરમાં જજે. હવે મુજને અનુજ્ઞા આપ તો હું નંદિશ્વર દ્વીપે જિનચૈત્ય જુહારવા જાઉં. એમ કહી સિધ્ધપુત્ર આકાશે ઉત્પત્યો.

એવું સિધ્ધપુત્રનું વચન સાંભળી સાગરચંદ આનંદામૃત માંહે ઝીલતો થકો વિચારે છે જે ધન્ય છે મુજને ! જે મારે મને મૃગાંકલેખા પુત્ર સહિત મળશે. પછી ચિતા ઓલવીને ત્યાંથી ચાલ્યો; કેટલીક ભુમિ ઓલંઘી ગયો, ત્યાં રૂદન કરતી. હા હા ! મૃગાંકલેખા તું ક્યાં ગઇ ? એકલી કેમ છરતી રહીસ ? એવા વિલાપ કરતી સ્ત્રીનો શબ્દ સાંભળી કુંવરે જાણ્યું જે આ ચિત્રલેખાનો સ્વર છે, તેવારે તે ત્યાં જઇને તેને મળ્યો, ચિત્રલેખા પણ સાગરચંદ્રને ઓળખી પગે લાગી. સાગરચંદ્રે તેને મૃગાંકલેખાનો સમાચાર પુછ્યો; તેવારે સખીએ કહ્યું કેઃ-હે સ્વામિન્ ! ભાગ્ય સમરાએ કાઢી ઘરી તે પિતાને ઘેર ગઇ, તેણે પણ રાખી નહીં; તેવારે તમારી પાસે કટક માંહે આવતાં ચિરગુપ્ત સાર્થવાહની સાથે આવી, ત્યાં રસ્તામાં હું ઉદક લેવા ગઇ હ-

તે તાપસની પૂજાને અનુમોદે તો ઘણો અનંગરાગ રાજપુત્રને મુખે કંદર્પવિપ્રને કહેવરાવતો હવો કે સત્યકીર્તિ તાપસની ઉપર કોઈ એવું કલંક ચડાવીએ કે જે થકી એની પૂજા પ્રભાવના પડી જાય; તે સાંભળી કંદર્પ બ્રાહ્મણે પણ કહ્યું કે, હું છળ જોઈને વખત આવે એ કામ જરૂર કરીશ. એની માન્યતાને હાની પહોંચાડીશ.

હવે તેજ નગરને વિષે પદ્મદેવ શ્રેષ્ઠીની કમલા નામે પુત્રી છે. તે સાગરનામે શેઠના પુત્રની ઉપર આશક્ત છે, તે માટે તે પુત્રી લોકોમાંહે વ્યભિચારિણી કહેવાય છે; તે કમલા કન્યા એક દિવસ પોતાના માતા પિતાને કહ્યા વિના ક્યાંઇક જતી રહી છે, અને દૈવયોગથી સત્યકીર્તિ તાપસ પણ તેજ દિવસે કોઈને કહ્યા વિના ગામાંતરે ગયેલો છે, તેવારે લોકમાં વાત ચાલી રહી જે કમલા કોઈની સાથે ચાલી ગઇ છે, તે છળ પામીને કંદર્પ વિપ્રે વાત ચલાવી જે કમલાને તો સત્યકીર્તિ તાપસ લઇ ગયો છે. તે વાત લોકોએ સત્ય કરી માની લીધી અને સત્યકીર્તિનો નિરાદર થયો. પછી સત્યકીર્તિને ગામાંતરથી આવતો જાણીને કંદર્પ બ્રાહ્મણે વિચાર્યું જે હું લોકમાંહે ખોટો પડીશ, તે માટે લોકોને કહ્યું કે, દુષ્ટ તાપસ આવ્યો છે તેને શિક્ષા આપીએ. પછી ઘણા લોકની સાથે જઇ યષ્ટિ મુષ્ટિને પ્રહારે કરી તાપસને માર માર્યો; તે તાપસે ઉપશાંતપણે તાડના સહન કરી.

હવે કંદર્પવિપ્રને સાતમે દિવસે જીભમાં ફોડલો થયો, તેની વેદનાએ મરણ પામી કુતરો થયો; કુતરો પણ તેવીજ જીભની વેદનાએ મરણ પામી વેશ્યા થઇ; ત્યાં ચંદન વ્યવહારિયાનો પુત્ર શ્રાવક હતો, તેની સાથે વેશ્યાનો સંબંધ હોવાથી વેશ્યા જીનધર્મ પામી. એકદા તે વેશ્યા સરોવરે ગઈ, ત્યાં વિલાસ કરતું રાજહંસનું મિથુન દીઠું; તેવારે ક્રીડાએ હંસને લઇ કુંકમે કરી તેનું શરીર વિલેપ્યું, તેથી હંસીએ તેને ચકવાક જાણીને એકચીરા ઘણી કાળ પ્રમાણ તેની સાથે ક્રીડા કરી નહીં. ધણિને વિરહે દુઃખ પામતિ કરૂણાસ્વરે રોવા લાગિ, તેને

દેખી તે વેશ્યાને કરૂણા આવી, તેવારે જળે કરી કુંકુમ ધોઇ નાંખી હંસને ઉજળો કીધો; તેથી તે હંસ હંસલી બેઉ સંયોગ પામી રમવા લાગ્યાં. પછી તે વેસ્યા પોતાને ઘેર જઇ ઘણા કાળ સુધી શ્રી જૈનધર્મ પાળી આયાદેપે સૌધર્મેદની અગ્રમહિષી થઇ; ત્યાંથી ચવીને અહીંયાં તું મૃગાંકલેખા થઇ છે, તથા અનંગદેવ જે રાજપુત્ર હતો તેણે કંદર્પવિષે કરેલા પાપની અનુમોદના કીધી તેથી તે ઘણા ભવ સંસારમાંહે ભમીને અહીંયાં ચિત્રલેખા નામે તારી સખીપણે આવી ઉપન્યો છે. તેં જે તાપસને કલંક દીધું તેના પાપે કરી તું અહીંયાં કલંક પામી, વળી તેં જે તાપસને માર્યો હતો તેણે કરી તું દુઃખ પામી તથા અનંગદેવે તારા પાપને સહાય કીધું તે માટે અહીંયાં ચિત્રલેખાયે તારી સાથે દુઃખ ભોગવ્યું. વળી એકવીશ ઘડી પર્યંત હંસ હંસલીને વિયોગ પાડયો, તેથી તું એકવીસ વર્ષ સુધી પતિની સાથે વિયોગ પામી. એવી કર્મની વિપરીતતા જાણીને કર્મ છેદવાને અર્થે સાધુનો ધર્મ તથા શ્રાવકધર્મ પાળો.

મૃગાંકલેખા કેવળીના મુખથી એવાં પુર્વભવનાં કર્મ સાંભળી તે કર્મોને આલોઇ પડિક્રમી પ્રાયશ્ચિત આલોઇ શુધ્ધ શ્રાવક ધર્મ પાળવા લાગી. સાગરચંદ્ર પણ સમકેતમુલ શ્રાવક ધર્મ આદરી ધર્મકાર્યને વિષે તત્પર થયો. અંત સમયે સાગરચંદ્ર તથા મૃગાંકલેખા બેઉ જણ દિક્ષા લઇ કર્મ ક્ષય કરી શિવપદને અનુસરતા હવા.

ઇતિ મૃગાંકલેખાની કથા.

सुभद्रानी कथा.

પૂર્વે ભારત વર્ષમાં વસંતપુર નામે નગરમાં જિનમત ઉપર દૃઢભક્તિવાન્ જિનદાસ નામે શ્રેષ્ઠિ વસતો હતો, તેને શીલ ઉપર અત્યંત પ્રિતી ધારણ કરનારી જિનમતિ નામે વહુભા હતી; આ સદ્‌ગુણી દંપતિને ત્યાં એક પુત્રીનો જન્મ થયો, એ બાળા જન્મથીજ અદ્‌ભુત સૌંદર્યવાન હતી, તેથી મ્હોટી ઉમરે પ્રધાનગુણોને પ્રાપ્ત કરનારી થશે એવી આશા બંધાતી. માતા પિતાએ પુત્રીનું સુભદ્રા એવું નામ પાડયું, અનુક્રમે તે બાળા વૃધ્ધિ પામવા લાગી; બાળપણથીજ માત પિતાએ પોતાની લાડકીને ઉત્તમ પ્રતિનો વ્યવહારિક બોધ આપ્યો; સુગુરૂ પાસે ભણાવી સારી રીતે ધર્મશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું; જ્ઞાનરમાં પરિપૂર્ણ આનંદ પામનારી બાળાના હૃદયમાં વિદ્યાની નિર્મળ જ્યોતિનો પ્રકાશ થયો, અને બચપણથીજ શુધ્ધ સમ્યકત્વ ધારી શ્રાવિકા થઇ; યોગ્ય ઉમરની થઇ ત્યારે નગરમાં તે બાળીકાના રૂપ, ગુણ અને જ્ઞાનની પ્રશંસા થવા લાગી.

એ ઉપરથી અન્યમતાવલંબી અનેક વણિકપુત્રોએ તેના ઉપર મોહ પામી વિવાહ કરવાને પ્રાર્થના કરી, પરંતુ શ્રેષ્ઠિએ તેઓને મિથ્યાત્વી ધારીને કાગપક્ષીને પાયસ આપવા જેવું તે કાર્ય જાણી પોતાની શ્રધ્ધાળુ બાળાનો તેઓની સાથે વિવાહ કરવાની ના પાડી. અન્યદા બૌધ્ધધર્મ વિશારદ બુધ્ધિદાસ નામે વણિકપુત્ર ચંપાનગરીથી વસંતપુરમાં વ્યાપાર નિમિત્તે આવ્યો; વાણિજ્યકાર્યે જિનદાસ શેઠને ત્યાં તેનું આગમન થયું. તેણે સુભદ્રાને જોઇ મોહ પામી પાણિગ્રહણની પ્રાર્થના કરી, તેને પણ શ્રેષ્ઠિએ "મારી પુત્રી હું મિથ્યાત્વીને નહીં આપું." એવો પોતાનો દૃઢ નિયમ સંભળાવ્યો. શેઠનો એવો નિશ્ચય જાણી બુધ્ધિદાસ થોડી મુદતને માટે નિરાશ થયો; પરંતુ કન્યા ઉપર પોતે લુબ્ધ થયો હતો તેથી કોઇપણ રીતે તેની સાથે વિવાહ

કરવાને યત્ન કરવાનો નિર્ધાર કર્યો; પછી જૈન મુનિની સેવા કરી તેણે શ્રાવકાચારનું શિક્ષણ મેળવ્યું. જિનમત અંગિકાર કરી કપટ શ્રાવક થયો. શ્રદ્ધાવિના પણ નિત્ય દેવપૂજન, સાધુ સેવન અને આવશ્યકાદિ ક્રિયામાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો. સ્વધર્મ અંગિકાર કરવાથી શેઠને પણ તેની સાથે પ્રિતિ થઇ અને અનુક્રમે મિત્રાઇનો સંબંધ તથા સ્વધર્મી બુદ્ધિથી સુભદ્રાનો તેની સાથે વિવાહ કર્યો.

બુદ્ધિદાસ પણ સુભદ્રાની સાથે વિષયિક સુખ ભોગવતો કેટલાક કાળપર્યંત ત્યાંજ રહ્યો; ત્યાં વ્યાપારમાં ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું; એમ ઘણો કાળ વિત્યા પછી એક દિવસે પોતાના સસરા પાસે પોતાના દેશ જવાને માટે વિનંતી કરી. ત્યારે શેઠે કહ્યું:—

"વત્સ ! તારા વિચારને હું અનુમોદન આપું છું, પરંતુ તારાં માતા પિતા પરધર્મિ છે, તેથી તેઓ મારી પુત્રી સાથે સ્નેહ ભાવથી નહીં વર્તે."

ત્યારે બુદ્ધિદાસે કહ્યું:—"એને હું પૃથકરૂપે રાખીશ, એ વિષે આપે કાંઇપણ ચિંતા ન કરવી. માટે અનુગ્રહ કરી અને ગમન કરવાની આજ્ઞા આપો. શેઠે કહ્યું:—"ધર્મને વિષે તમને કુશળ થાઓ."

એમ સસરાની આજ્ઞા લઇ સુભદ્રાની સાથે યાનારૂઢ થઇ બુદ્ધિદાસ વસંતપુરથી ચંપાનગરીએ આવ્યો; ત્યાં સુભદ્રાને પૃથક ઘરને વિષે રાખી, સ્વઘરે જઇ માત પિતાને સર્વ વૃત્તાંત નિવેદન કર્યું; તેમની આજ્ઞા લઇ પોતે પણ સુભદ્રાની ભેગો રહ્યો; પતિ ઉપર નિશ્ચલ સ્નેહ ધારણ કરનારી સુભદ્રા પતિને અત્યંત આનંદ પમાડતી; પતિ બહાર ગયા પછી ઘરમાં રહીને નિરાકુળવૃત્તિએ અરિહંત ધર્મનું સેવન કરતી; એમ દંપતિનો સર્વ કાળ આનંદ વિલાસમાંજ નિર્ગમન થયો. પુત્ર વહુનાં આવાં આદર સુખને નહીં સહન કરી શક્યું અને નણંદ માત્સર્ય ધારણ કરી તેનાં છિદ્ર જોવા લાગી. એક દિવસ કોઇ મુનિ શુ-

ભદ્રાના ઘરને વિષે ભક્ત પાનાર્થે આવ્યા, તેને જોઇ માતા અને બેહેન બુધ્ધિદાસને કહેવા લાગ્યાં—"ભાઇ તારી સ્ત્રી જૈનમુનિ સાથે સુખ ભોગવે છે."

બુધ્ધિદાસે કહ્યું:—"તમે એમ ન બોલો, એતો મહા સતી છે, સુકુળને વિષે તેનો જન્મ છે, જૈનધર્મને વિષે રક્ત છે, કુશીલા નથી, તમે ધર્મમાત્સર્યને કરીને એ પ્રમાણે બોલો છો, પરંતુ તે તમને ઘટીત નથી."

ભરથારનો સ્ત્રી ઉપર આવો દ્દઢરાગ જોઇને તે બંને અત્યંત માત્સર્યભાવને ધારણ કરતી વિશેષ છિદ્રાવેષણ કરવા લાગી. એક દિવસ કોઇ મુનિ ભિક્ષાર્થે સુભદ્રાને ઘેર પધાર્યા, તેમના નેત્રને વિષે પવનના યોગ્યથી તૃણ પડયું હતું; પરંતુ જીનકલ્પી અને શરિરસંસ્કારથી વિમુખ એવા તે મુનિએ તૃણનું અપનયન કરેલું. ભિક્ષા આપતી સુભદ્રાને તેમના ચક્ષુ વિષે થતી વ્યથા જાણી. દ્દઢ ભક્તિભાવથી મુનિની તે વ્યથા ટાળવાનો વિચાર આવ્યો, અને સ્પર્શ ન થાય તેવી રીતે લઘુ લાઘવી કળાથી જીવ્હાગ્રે તૃણનું આકર્ષણ કર્યું; પરંતુ તેમ કરતાં તેના કપાળને વિષે સ્થિતિ કુંકુમ તિલક મુનિના કપાળમાં અંકિત થયું. મુનિ ભિક્ષા લઇ પાછા ફર્યા, તેમને સાસુ અને નણંદે તિલકાંકિત જોયા.

સ્ત્રી જાતિ જો અજ્ઞાન અવસ્થામાં હોય છે તો કેવા કુસંસ્કાર અને નિકૃષ્ટ પ્રવૃત્તિઓમાં પ્રવર્તે છે ! પાપની બ્હીક હોતી નથી, ઇર્ષાથી બીજા ઉપર ગમે તેવા અપવાદ મુકે છે, તેમ આ કર્કશાઓને મિસ ચડયું; બુધ્ધિદાસને પ્રત્યક્ષ બતાવી માતાએ કહ્યું:"પુત્ર તારી વહુનું શીલ જો." આવાં વચનથી બુધ્ધિદાસ પણ અભિજ્ઞાનદર્શનથી ઝાંખો થયો, તેના વચનનું પ્રતિપાલન કર્યું, સ્ત્રી ઉપર અપ્રતીત થઇ પ્રેમાંકુર નાશ પામ્યો, અને તે દિવસથી સુભદ્રાથી વિરક્ત થયો.

હવે સુભદ્રાએ પણ પતિનો નિ:સ્નેહ જાણ્યો, મનમાં અનેક તર્કો ઉત્પન્ન થયા; ધીમે ધીમે સત્યવૃત્તાંત જણાયો, તેથી અન-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આ સુતરના તાંતણે ચાલણી બાંધી તેવડે કુવામાંથી જળ કાઢી દ્વારને ત્રણ અંજળી છાંટશે, તેવારે દ્વાર ઉઘડશે."

હવે નગરમાં સ્થળે સ્થળે આ વાત પ્રસરી. બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શુદ્ર પ્રમુખ જાતિની અનેક નગરની નારીઓ કુવા કાંઠે આવીને એ પ્રમાણે પાણી કાઢવાને યત્ન કરવા લાગી; પરંતુ સુતરનો તાંતણો તુટી ચાલણી કુવામાં જવાથી પાણી કાઢવાને અશક્ત થતી, તેથી તેઓને નિરાશ થઇ પોતાને સ્થાનકે જવું પડતું.

મુર્ખ અને અજ્ઞાન સ્ત્રીઓ સહજ બાબતમાં પણ પર મનુષ્ય સાથે અથવા સાસુ, જેઠાણી, નણંદ વિગેરે ઘરનાં માણસો સાથે કલેશ કરે છે, તો આવો અપવાદ મુકયો હોય ત્યારે તો શું કહેવું? પરંતુ સુભદ્રા તેવી ન્હોતી; તેતો સહનશીલ હતી. આવું કલંક મુકવા છતાં તેણે સાસુ અને નણંદની સામે શબ્દો ચ્ચાર પણ કર્યો ન્હોતો. જ્યારે અનેક સ્ત્રીઓ જઇને પાછી આવી ત્યારે ગમતેચ્છાને ધારણ કરનારી તે મૃદુભાષીએ સવિનયે પોતાની સાસુ પાસે જઇ કહ્યું: "હે માતા! તમારી આજ્ઞા હોય તો હું એ પ્રમાણે જળ કાઢી નગર દ્વાર ઉઘાડું."

સુભદ્રાનું બોલવું સાંભળીને સાસુ બોલી:-"જૈન મુનિ સેવકે! તારૂં સતીત્વ મેંતો પુર્વે જાણ્યું છે. સાંપ્રત કાળે સર્વ નગરજનોને જણાવવાનું શું પ્રયોજન છે?" સર્વ નગર અને નારીઓ પુરદ્વાર ઉઘાડવાને સમર્થ ન થઇ તો તું કેવી રીતે સમર્થ થઇશ? આવું સાસુનું બોલવું સાંભળી સુભદ્રા બોલી:-"તમે યુક્ત કહ્યું. પરંતુ હું પચાચારે સ્વપરીક્ષણ કરીશ; આપે નિષેધ ન કરવો." એવું કહી નણંદ પ્રમુખે હાંસી કર્યા છતાં પણ સ્નાન કરી દેવપુજન, ગુરૂનમનપુર્વક કુવા કાંઠે જઇ નવકાર મંત્ર ઉચ્ચારણ કરી સાસનસુરીનું સ્મરણ કરી સુર્યાભિમુખી થઇને બોલી:-"જો હું જૈન રીતીએ શુદ્ધ શીલાલંકારને ધારણ કરનારી હોઉં તો કુવામાંથી જળ નિકળો." એમ બોલી સુતરના તાંતણે ચાલણી બાંધી કુવામાંથી તતક્ષણે જળ કાઢયું.

તેના આવા શીળ મહાત્મ્યને જોઇ લોકો હર્ષાતુર થઇને જયજય શબ્દ કરવા લાગ્યા. ભૂપતિએ તરતજ પાસે આવી પ્રાંજળી થઇને કહ્યું:—"પતિવ્રતા શ્રી પુરદ્વાર ઉઘાડો, અને સકળ પુરજનનાં સંકટ નિવારણ કરો."

રાજાનાં એવાં વચન શ્રવણ કરી વિકસિત થયું છે વદન તે જેનું, એવી તે સુભદ્રા પુરલોકે પવિત્ર બંદીજનોના જય જય શબ્દ શ્રવણ કરતી દક્ષિણ દિશાના દ્વાર તરફ ચાલી; ત્યાં જઈ નવકાર મંત્રનું સ્મરણ કરી ત્રણ અંજલી જળ છાંટયું; તેવારે જાંગુલીમંત્રના બળથી જેમ વિર્ષાત નેત્ર વિસ્ફોરિત થાય તેમ પુરદ્વારનાં કમાડ તત્કાળ ઉઘડયાં. વ્યોમ મધ્યે દુંદુભી શબ્દ થયો. પુરજનોએ હર્ષ ગર્જના કરી, અને દેવતાઓ જિનધર્મને આશિષ જય જયારાવ કર્યા. એ પ્રમાણે પશ્ચિમ અને ઉત્તર દિશાના દરવાજા પણ ઉઘાડયા. પછી તે મહા સતીએ રાજા પ્રત્યે કહ્યું:—"મેં આ ત્રણ દરવાજા ઉઘાડયા, હવે જે અપરાંગના સતી પણાનો ગર્વ ધારણ કરતી હોય તે ચોથો દરવાજો ઉઘાડે." પરંતુ તે દરવાજો કોઇએ પણ ઉઘાડયો નહીં, અને અદ્યાપિપર્યંત તે દરવાજો બંધજ છે એમ સંભળાય છે.

હવે સાસુ નણંદ પ્રમુખ દુર્જનોનાં શ્યામ મુખ થયાં, સ્વસ્ત્રીના શિયળનો આવો ચમત્કાર જોઇ ભર્તારનું મુખ શરદ્‌ઋતુના ચંદ્રની પેઠે દેદીપ્યમાન થયું. પછી પુરજનોએ વારંવાર સ્તવના કરાતી તે સુભદ્રાને નગરપતિએ સદ્‌વસ્ત્રાલંકારાદિ દાનપૂર્વક મહોત્સવસહિત તેના સદન પ્રત્યે પહોંચાડી; ત્યાંથી તે પતિવ્રતાએ પ્રતિબોધિત નૃપતિ સર્વે નગરજનો જૈનધર્મને અંગિકાર કરી સ્વસ્થાન પ્રત્યે ગયા; કુટુંબી જનોએ પણ પશ્ચાતાપ પુર્વક તદ્દતિકે જૈનધર્મ સ્વિકાર્યો, અને બુદ્ધિદાસ તે દિવસથી સત્ય શ્રાવક થયો. પછી સુભદ્રાની સાથે અપ્રતિમ સ્નેહ ધારણ કરતો સુખ ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. એ પ્રમાણે દંપતિ ચિરકાળપર્યંત શ્રદ્ધાએ ધર્મ પાળીને અંતે સંયમ આરાધિ સદ્‌ગતિના ભાજન થયા.

વાંચનાર બેહેનો અને ભાઇઓ! તમારા સમજવામાં આવ્યું હશે કે દુષ્ટાએ કપટના યોગથી ગમે તેવા અપવાદ મુકયા, પરન્તુ સુભદ્રા [illegible] શીળવંતી હતી તો અંતે જય પામી, તેમજ પોતે [illegible] બદલે ઉપકાર કરી કુટુંબી જનોને જૈનધર્મ પમાડી [illegible] કર્યાં, આહા! ઘરમાં એક માણસ શુદ્ધ [illegible] આવવાથી કેટલો ફાયદો થાય છે તે સુભદ્રાના ચરિત્રથી પ્રગટ [illegible]. માટે [illegible] ભવ્ય સ્ત્રી પુરૂષોએ શીળનું આવું [illegible] મહાત્મ્ય જાણી સત્શીળ પાળવાને આદર કરવો.

[illegible] સુભદ્રાની કથા સમાપ્ત.

कलावतीनी कथा.

[illegible] જ્વાલાએ જ્વલિત, મેરૂરૂપી વાર [illegible] જેથી ભૂત મગળ [illegible] જંબુદ્વીપ છે. [illegible] એ [illegible] અને ગંગા સિંધુના [illegible] ભરતક્ષેત્ર છે. એમાં દક્ષિણાર્ધ ભરતના [illegible] પુર અને ડેરી સંયુક્ત શ્રી [illegible] વિષે દક્ષિણાવર્ત શંખ સદૃશ અ[illegible] પરિપુરિત અને વિશાળ ભૂર શં[illegible] નગર પ્રાસાદ ધ્વજના મિષથી નિ[illegible] એ પ્રમાણે નાદ કરતું જે [illegible] નથી. તે નગરને વિષે શંખ સરખા [illegible] નામે રાજા હતો. જે શુર છતાં પણ [illegible] કૌશિક નહોતો, સુપાત્રદાન [illegible] વ્યસનને વિષે કૃપણ, પરસ્ત્રીથી પરાઙ્મુખ અને સર્વ શત્રુઓને વિષે સન્મુખ હતો. તેને અંતઃપુર

અને પ્રધાનાદિ વર્ગે સંયુક્ત રાજ્ય પાળતાં કેટલોક કાળ નિર્ગમન થયો.

એકદા મ્હેલને વિષે બેઠેલા ભુપતિ પ્રત્યે પ્રતિહારીએ નિવેદન કર્યું કે ગજશેઠનો પુત્ર દત્ત આવે છે. પછી રાજાની આજ્ઞાથી પ્રવેશ કરી અદ્ભુત ભેટણું મુકી તે રાજાની સમીપે બેઠો. તેવારે રાજાએ પુછયું. 'હે કુમાર ! તું કુશળ છે? ઘણે દિવસે ક્યાંથી આવ્યો ?'

દત્તઃ—દેવના ચરણ કમળ વિલોકનથી અને કુશળ વર્તે છે, પરંતુ વિરાગમન કારણ સાંભળો.—અમારી વ્યાપારીઓની એવી રીતી છે કે પરદેશ ફરી તરૂણ અવસ્થામાં દ્રવ્ય ઉપાર્જન કરવું. કારણ કે કહ્યું છે કેઃ-સુવિત થયેલા મનુષ્યથી વ્યાકરણ ખવાતું નથી, તૃષાતુર માણસથી કાવ્યરસનું પાન થતું નથી, છંદ શાસ્ત્રવડે કોઇના કુળનો ઉધ્ધાર થતો નથી, માટે દ્રવ્ય ઉપાર્જન કરવું એ વિના સર્વે કળા નિષ્ફળ છે. તે કારણ માટે હે દેવ ! અહીંથી હું દેવશાળપુરે ગયો હતો; ત્યાં પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કરી ઘણે કાળે હમણાં અત્રે આવ્યો છું.

રાજા—'અતિ દુર દેશાવળ પુરે જઇ તેં તારૂં કથન સત્ય કરી બતાવ્યું છે.

કહ્યું છે કેઃ—

कोतिभार समर्थानां, किं दूरं व्यवसायिनां ।
को विदेशः सुविद्यानां, कःपरः प्रियवादिनां ॥

અર્થઃ-સમર્થ પુરૂષને અતિ ભાર શું? વ્યવસાયી પુરૂષને અતિ દુર શું? સુવિદ્યાવંતને વિદેશ કયો અને પ્રિયવાદિને શત્રુ કોણ? અર્થાત્ સમર્થ પુરૂષને અત્યંત ભારજ નથી, વ્યવસાયી પુરૂષોને કાંઇ દુરજ નથી, સુવિદ્યાવંતને કોઇ પરદેશજ નથી અને પ્રિયવાદિને કોઇ શત્રુજ નથી. પરંતુ હે ઉત્તમ! ત્યાં તેં જે જે આશ્ચર્ય જોયાં હોય તે કહે.

દત્તઃ—'રાજન્ સાંભળો. એ નગરને વિષે અપ્રતિમ દેવમંદિર છે, સપરીવાર સુનીંદ્રો ત્યાં વસે છે અને શ્રાવકો બુદ્ધ-

જણાવવા લાગ્યો:–હે તાત! કુશિક્ષિત હયે મને આ વિકટ અરણ્યમાં પ્રવેશ કરાવ્યો, પછી મેં ઉદ્વેગ પામી લગામ છોડી દીધી એટલે તરત તે અટકયો; એટલે અકાર્યકારીપણાથી જાણે લજ્જા પામતો હોય તેમ તત્કાળ પ્રાણવિમુક્ત થયો; તે સમયે મને પણ અતુચ્છમુર્છા પ્રાપ્ત થઇ. ક્ષુધા અને તૃષાએ પીડિત ત્યાંજ પડયો હતો ત્યાં આ ધર્મબધુએ આવી મને જીવાડયો. એમ કહી મને દેખાડયો. તે સમયે રાજાએ મને આલિંગન કરી પોતાના જ્યેષ્ટ પુત્રવત્ માન્યો. સાર્થની રક્ષા કરવા સુભટોને મુકી મને પ્રથમ દેવશાલપુરે લઇ ગયા; ત્યાં હું ઘણા દિવસ રહયો; તે સમયમાં રાજપુરૂષોએ મારૂં મન એટલું હરણ કરી લીધું કે મને માતા પિતા અને સ્વદેશ યાદજ ન આવ્યાં. કહયું છે કે–મહિતલને વિષે એવા વિરલ મનુષ્યો મળે છે કે જેઓ હૃદયમાં "જાણે ટાંકણાથી કોતરાઇ ગયા હોય તેમ ક્ષણમાત્ર વિસ્મૃત થતા નથી" તે રાજાને શ્રીદેવી નામે રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી જયસેન કુમારની અનુજા—શુભ લક્ષણે સંયુક્ત—એક પુત્રી છે તે રૂપે તિલોત્તમા સદૃશ—નયન મનોહારિણી—અને કલા કલાપે સંયુક્ત હોવાથી નામ અને ગુણે કલાવતી છે, તેને યોગ્ય પતિ શોધ કરતાં પણ ન મળવાથી રાજા રાણી ચિંતાતુર હતાં. કેમકે કહ્યું છે કે:—

या मातु जनयति दीन मुखतां प्राप्ताश्च यद्यौवनं,
चिंताब्धिं किल वर्द्धयंति विपुलं यांत्यःपरेषां गृहे;
कान्तेनापि विवर्जिता अथसुताः पित्रोर्भृशं दुःखदाः,
पुत्रीणां नयनांबुजन्मसमये माता ततो दीयते.

અર્થ:-પુત્રીઓ માતાને દીનમુખવાળી કરે છે; યોવનને વિષે પ્રાપ્ત થયેલી ચિંતાસમુદ્રને વધારે છે, પરઘેર જાય છે, અને પતિએ વર્જિત અથવા વંધ્યા હોય તો માતાપિતાને દુઃખદાતા થાય છે, તેટલા માટેજ પુત્રીના જન્મ સમયે માતા અશ્રુ પાડે છે.

એક દિવસ તેઓએ મને કહ્યું. હે દત્ત! આ તારી બ્હે-

નો વર તું શોધી આપ. કારણ કે તું ઘણા દેશાને વિષે પ્રવાસ કરનાર છે, અને બહુરત્નાવસુંધરા એ વાક્ય પ્રમાણે જગતમાં ઘણા એવા ઉત્તમ પુરૂષો હશે, માટે એ અમારૂં કાર્ય તુજ કર' મેં તેમનું વચન અંગિકાર કર્યું અને આ પ્રતિછંદ મેંજ કરી લીધો. પછી તેમની પાસેથી રજા લઇ ત્યાંથી પ્રયાણ કરી ઘણે દિવસે અત્રે આવ્યો છું. મેં વિચાર કર્યો કે આ કન્યા દેવને યોગ્ય છે, પણ પોતાના સ્વામિને મુકી રત્ન બીજાને કોણ અર્પણ કરે? એમ ધારી અત્રે આવી આ પ્રતિછંદ આપની સામે મુકયો છે; હવે જેમ આપને યોગ્ય લાગે તેમ કરો.'

એમ કહી દત્ત અટકયો. તે સમયે રાજાને કામાકરાના બાણથી વિહ્વલ અને ચિત્રના રૂપને વિષે રક્ત જોઇ મીથનનામે મંત્રિ બોલ્યો:—

एषात्यक्त कलंक चंद्र वदना विस्वरे पद्मेक्षणा,
रक्ताशोक सुपल्लवारुणकरा लावण्यनीरापगा;
इत्थं देव कुमार सार सदृसं मुक्त्वाच कस्योचिता,
हंसी हंसवरं विहाय कुरुतेद्रंगं च काकस्य किं.

અર્થ:-આ સ્ત્રી કલંકરહિત ચંદ્ર જેવા વદનવાળી છે, વિકસ્વર થયેલા કમળ જેવા નેત્રવાળી છે, રક્ત અશોકના પલ્લવ સમાન રાતા હસ્તવાળી છે અને લાવણ્ય જળની નદિરૂપ છે. તે દેવકુમાર સરખા તેજવંત દેવને મુકી અન્ય કોને ઉચિત હોય! શું હંસી ઉત્તમ હંસને છોડી કાગડાના અંકને શોભાવે? પછી મતિસાગર નામે મંત્રી બોલ્યો:—'રે દત્ત! તું અમારાથી પણ અધિક થયો, કારણ કે અમે તો અહિં રહી સ્વામીનું કાર્ય કરીએ છીએ, પરંતુ તેં તો પરસ્થાને જઇ સ્વામી કાર્ય કર્યું.' તે વારે સુબુદ્ધિ નામે મંત્રી બોલ્યો:—' જે અન્યાર્થનો નાશ કરી પોતોનો અર્થ સાધે તે અધમ કહેવાય, પોતાનો અને પરનો એમ બંનેનો અર્થ સાધે તે મધ્યમ કહેવાય, પરંતુ જેઓ પરાર્થ કરવાને વિશેષ તત્પર હોય તે તો ઉત્તમ પુરૂષ ગણાયછે,'

તેવારે ગુમની મંત્રી બોલ્યો:—જે પ્રારંભ કરવાનો પ્રારંભ કરે છે તે ધન્ય છે, પરંતુ જેણે પ્રારંભ કરી તેનો નિર્વાહ કરે છે તે વિશેષ પ્રકારે ધન્ય છે. કારણ કે કહ્યું છે કે:—

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः ।
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ॥
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः ।
प्रारभ्य तूत्तमजना न परित्यजन्ति ॥

અર્થ—નીચ પુરૂષો વિઘ્નના ભયથી કોઈ પણ કાર્યનો આરંભ કરતા નથી, મધ્યમ પુરૂષો આરંભ કરેલા કાર્યને વિઘ્ન આવવાથી છોડી દે છે, પરંતુ ઉત્તમ પુરૂષો વારંવાર વિઘ્નથી હણાતા છતાં પણ આરંભ કરેલા કાર્યનો ત્યાગ કરતા નથી.

આ પ્રમાણે તે મંત્રીશ્વરોનો વાર્તાલાપ સાંભળી [illegible] મૌન રહ્યો.

ચાલતા ચાલતાં કેટલેક તે પ્રાતઃકાળ [illegible] થયો. એ પ્રમાણે ત્રણે પુરૂષોને [illegible] રાત્રિ [illegible] પ્રભાત થયો. તે અવસરે કોઈ [illegible] પુરૂષ બોલ્યો:-

प्राप्तस्तुरंगमतेजाः सुरीर्णमतदर्के,
निज तेजोभिरा मोहि [illegible] भास्वरी.
सूर्योदयाच्चतुष्णाणे द्युमिनी प्रवेशाता,
मानसारदिना लक्ष्मी अंगयते देव पूजया.

અર્થ:—દિગ્મંડળને તેજવાળો આ સૂર્ય [illegible] ઉદય આકાશ કરે છે, નિજ તેજવાળે [illegible] [illegible] [illegible] આકાશ તેજને [illegible] [illegible] [illegible] સૂર્યથી દિગ્મંડળ થતા [illegible] [illegible] [illegible] [illegible] દેવ પૂજાથી પમાય છે.

તે સાંભળી કુમાર [illegible] વિસર્જન કરી, સ્નાન કરી જિન પ્રભુને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

લોકતો પિતાની પ્રાપ્તિનો વિચાર કરવા લાગ્યો અને બોલ્યો. "હે વિધિ! તને ધન્ય છે કે જેણે દેવાંગનાને પણ રૂપલાવણ્યે પરાભવ કરનારી એ ગુણોચના બનાવી; પરંતુ હવે આકાશગતિને વિષે તત્પર થાઉં એવી પાંખો આપ, જેથી હમણાંજ તે ચંદ્રવદનાનું મુખાવલોકન કરૂં. એવી કઇ રાત્રી અથવા કયો દિવસ આગમનમાન થશે કે જેને વિષે દુર્લભ એવી તે ગુણોચનાને પુણ્યાનુયોગથી હું પ્રાપ્ત કરીશ." એમ ચિંતાના સંકલ્પરૂપ કલ્લોલવડે વ્યાકુલ થયેલા હૃદયે કેટલોએક કાળ અતિક્રમણ કરી સભામંડપને વિષે આવ્યો; ત્યાં સેવાર્થે આવેલા અમાત્યોની વાતથી સંતોષ પામી તે દિવસ તથા રજની નિર્ગમન કરી; બીજે દિવસે પ્રભાતે અમાત્ય અને સામંતોએ પરિવૃત રાજા બેઠો છે તેવામાં કોઇ પુરૂષે રોતા આવી વિજ્ઞપ્તિ કરીકે:—"સ્વામિન્! સીમાડાના લોકોએ નમ્રતાપૂર્વક કહાવ્યું છે કે, રથ, અશ્વ, હસ્તિ અને સુભટોથી આકુળ કોઇ મહત્ સૈન્ય આપણા નગર તરફ આવે છે. જેના કોલાહલથી વનવાસી પશુઓ નાસ પામી ગયા છે."

તે સાંભળી કોપથી જેના હોઠ પ્રકંપિત છે; ભ્રકુટી જેની વિષમ છે, અને રણક્રીડા જેને પ્રિય છે, એવો તે રાજા બોલ્યો: "ઓ ભેરી વગાડો, રણવાદ્ય વગડાવો, સામંતો સજ્જ થાઓ અને રણને વિષે જવા ચાલો." રાજાની આજ્ઞા શ્રવણ કરી સર્વે સુભટો વિવિધ પ્રકારના આયુધ ગ્રહણ કરી સજ્જ થઇ ગયા. અશ્વ, કે રથ તૈયાર કરવા લાગ્યા; લોકો પણ શંકિત થઇ બાંધિયાદિ પુછવા લાગ્યા એમ સઘળા નગરને વિષે કોલાહલ થઇ રહ્યો. તે સમયે કોઇ રાજપુરૂષે આવી વિજ્ઞપ્તિ કરી કે:—"સ્વામિન! આપણે આ શું આરંભ્યું છે? હે નૃપરત્ન! જે કન્યારત્ન વિશ્વને વિષે સારી આપના હૃદયમાં નિશ્ચળ છે તે સ્વયંવર વરવાને આવે છે. જે સકળ કળાનો પાર પામ્યો છે, પ્રકૃતિએ જે ઉદાર છે અને જેનું સુંદર પરાક્રમ છે, તે જયકુમાર સૈન્ય સાથે તેને લઇ આવે છે." એ સમાચારથી રાજા અત્યંત આનંદ પા-

[illegible]ા અને ગુણજ્ઞની રસના તથા કેદ્રાભરણ બેટ આપી બોલ્યો [illegible] આ દુર્ઘટ કાર્ય કોણે કર્યું?'

દત્ત:—'સ્વામિન્ ! મેં.'

તે સમયે મતિસાગર મંત્રિએ કહ્યું—'રાજન્ ! દત્ત પ્રૌઢ [illegible]માનવાન છે; કાર્ય નિર્માણની વિધિ ઉદાર અને વાકચાતુર્ય [illegible] કહ્યું છે કે,—જે મેઘ અત્યંત વરસે છે તે મૃદુ અને મધુ[illegible] છે, પરંતુ નિષ્ફળ હોય તે મહોટી ગર્જના કરે છે; અસાર [illegible] વિધિ પ્રાયે મહાન આડંબર હોય છે, કારણ કે જેવો [illegible] કાંસાથી થાય છે તેવો સુવર્ણથી થતો નથી; પોતાના સ્વા[illegible] [illegible] મિથ્યાલાપ કરનાર સેવક અધમ અને પરોક્ષ રહી [illegible]ના ગુણમાંથી હોય છે તે ઉત્તમ સેવક ગણાય છે. દત્ત સં[illegible]નુવાળી કાંઇ બોલતો નથી પણ મને એમ સંભવ થાય છે કે એણે આપના ગુણની સ્તુતિ કરી એ કન્યાને આપના ઉપર [illegible] કરી અને પછી તેના પિતાએ કુમાર સાથે મોકલેલી [illegible] આવ્યો. સ્વામીને વિજ્ઞાપના કરવા માટે એ [illegible] પૂર્વે આવ્યો હશે.'

[illegible] 'અહો [illegible] મતિસાગર તમે યથાર્થ સાગરજ છો, કારણ કે [illegible] પ્રત્યક્ષ જોયા બરાબર કહો છો.'

[illegible] ગંભીર મનવાળો છે અને મતિસાગર તમે [illegible] હવે અમને ઉચિત હોય તે પ્રમાણે કરો, એટલે [illegible] નિવારણ કરો, નગરની શેરીઓ રંગાવો, તોરણો [illegible] અને સૈન્ય પ્રધાનને જયકુમાર પાસે મોકલી તેનો પ્રવેશ [illegible]; નગર અને અંતઃપુરને માટે ઘાસ તૈયાર રખાવો [illegible] કરો.' રાજાની આજ્ઞા પ્રમાણે મંત્રીશ્વરે [illegible] કર્યું અત્યારે જયસેન કુમાર અને તેના પરિવારનું [illegible] કર્યું કે તેથી તેનો અત્યંત ખુશી થયા અને [illegible] ઉંચે સ્વરે તેમ નૃપતિની પ્રશંસા કરતા મંદિર [illegible] સાવધાનીથી વિનતી કરી ઉતારો કરી એવા [illegible] જયસેન કુમારની ઉતારો આપી મંગળ

સ્નાન અને ભોજન કરી ગીત નાટકાદિવડે સુખ સમાધિમાં તે દિવસ અને રાત્રિ નિર્ગમન કર્યા; બીજે દિવસે પોતાના મંત્રી અને સામંતોએ પરિવૃત્ત કુમાર રાજ્યસભામાં ગયો, ત્યાં અમુક્ત બે કર મુકીને શંખ નૃપાલના ચરણ કમળને વિષે મસ્તક નમાવ્યું; રાજાએ પણ સ્નેહપૂર્વક આલિંગન કરી ઉર્ધ્વ આસને બેસાર્યો.

પછી કુમારનો મહામતિ મંત્રી રાજાની સન્મુખ થઇ બોલ્યો:—'સ્વામિન ! તમારા ઉજ્વલ ગુણોવડે અમારા ભુપતિનું મન રંજન થયું છે, દત્ત વિનાયકે ઇમરૂપી કુચાથી બહુ વર્ણે કરી અમારા પ્રભુના ચિત્તપટને વિષે તમારૂં સ્વરૂપ આલેખ્યું છે તેથી તેમનો આપની ઉપરે દુર રહ્યા છતાં પણ અસ્થિમજ્જા સદૃશ રાગ વર્તે છે, વધારે શું કહીએ પણ એ રાગને અનુસરી પોતાના પ્રાણથકી પણ પ્રિય એવી આ કન્યાને આપના પ્રત્યે આપવા મોકલી છે; ઘણા રાજપુત્રોએ માગણી કર્યા છતાં તે પણ આપની ઉપર સ્નેહવની છે માટે સારો દિવસ જોવરાવી એનું પાણિગ્રહણ કરવું એ આપને ઉચિત છે. દાન માનાદિએ એવું એવી રીતે સન્માન કરવું આપને ઘટિત છે કે જેથી તે પોતાના માતા પિતાને ભુલી જાય.

તે સાંભળી શંખ સરખા મધુર સ્વરવાળો શંખ ભુપતિ બોલ્યો: દુર રહેલો, ગુણિજ્ઞાન અને વર્યાવાન સરખો જે હું તેને વિષે વિજય ભુપતિ આવા પ્રકારનો સ્નેહ ધરાવે છે તે એમની અપૂર્વ સૌજન્યતા બતાવે છે.

કહ્યું છે કે,—

मनसि वचसि काये पुण्य पियूष पूर्णा ।
त्रिभुवनमुप कारश्रेणिभिः प्रीणयन्तः ॥
परगुण परमाणून् पर्वतीकृत्य नित्यं ।
निज हृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

અર્થ:—મન વચન અને કાયાને વિષે પુણ્યામૃતવડે ભરપૂર, ત્રણ ભુવનના પ્રાણીને ઉપકારની શ્રેણીથી ખુશી કરનારા અને

પરંતુ મન તો તેને વિષે સ્થાપિત રહેતું. રાજાની એવી પ્રીતિથી અંતઃપુર પણ કલાવતીમય થઇ ગયું, નગરની સર્વે સ્ત્રીઓ તેણીનું સૌભાગ્ય અને સુખ જોઇ પરલોકે તેના સરખું સુખ પ્રાપ્ત કરવાને ધર્મકાર્યમાં તત્પર થઇ.

બાળપણથી સદાચારને વિષે લીન થયેલી કલાવતી પણ કોઇ દિવસ મૃષાવચન બોલતી નથી, પૈશુન્ય આદરતી નથી, કલહમત્સર કરતી નથી, અને રાજાની એવી પ્રીતિનું પાત્ર હોઇને લેશમાત્ર પણ ગર્વ ધારણ કરતી નથી; વળી નિરંતર સર્વેની સાથે મધુર, મિત, અને વિનયી વચનથી બોલે, પરોપકાર કરવામાં તત્પર રહે અને દિવસે દિવસે વધારે સદાચારવંત દેખાવા યત્ન કરે, બીજી અજ્ઞાન સ્ત્રીઓની પેઠે પોતાની શોક્યો સાથે પણ કલહ કંકાસ ન કરતાં તેઓને સર્વ રીતે આનંદ પમાડતી.

એકદા સુખશય્યાને વિષે સુતેલી કલાવતી રાત્રિના છેલ્લા પ્રહરે કુસુમમાલાએ અર્ચીત, વિકસ્વર થયેલા કમળે ઢાંકેલ અને ક્ષીરોદધિજળે ભરિત સુવર્ણકલશ જોઇને પ્રાતઃકાળના વાજિંત્રનાદે જાગી, પછી તરતજ અત્યંત આનંદપૂર્વક પતિ પાસે જઇ સ્વપ્નવૃત્તાંત નિવેદન કર્યો. તેવારે રાજાએ કહ્યું–' પ્રિયે! તારે અપૂર્વ રાજ્યશ્રીને ભોગવનાર પુત્ર થશે.' પતિનું એવું વચન સાંભળી આનંદ પામનારી રાણી સુખમાં દિવસ નિર્ગમન કરતી ગર્ભનું પાલન કરવા લાગી. એટલે અત્યંત શીત ઉષ્ણ ન જમવું, ક્ષુધા તૃષા ન સહન કરવી, ગર્ભપોષક ઔષધિઓ પીવી; ગર્ભ સંરક્ષણાર્થે ગુલિકા બાંધવી, ગર્ભની પુષ્ટીને અર્થે શિષ્ટ દેવતાની સેવા કરવી, વિગેરે ગર્ભવતીને ઉચિતકાર્યો કરવા લાગી.

આ સમાચાર દેવશાલપુર તરફ પહોંચ્યા, નવ માસ થવા આવ્યા ત્યારે આદ્યપ્રસુતિ પિતાને ઘેર હોય એ રીતિને ધારણ કરી પિતાએ પણ કલાવતીને તેડવા માણસો મોકલ્યાં, તેઓ અનુક્રમે શંખપુરમાં આવી દત્તશ્રેષ્ઠિને ત્યાં ઉતર્યા; કર્મ સંયોગે તેઓને પહેલી કલાવતી મળી, તેણીએ હર્ષપૂર્વક માતા, પિતા,

[illegible] પુછયા; ત્યારે તેઓએ પણ [illegible] ભેટ આપવાને લાવેલી [illegible] અને અંગદયુગલ અને વસ્ત્રયુગ્મ [illegible] કુમારે આ રાજાને આપવા કહ્યું છે.' [illegible]' એમ કહી તે પણ તેણી [illegible] રીતે સન્માન કરી પોતાના [illegible]

[illegible] આવી અંગદયુગલ પોતા [illegible] સખી પ્રત્યે બોલી:-"હે [illegible] ચોંટાય છે, એ દેખવાથી [illegible] ! એને આલિંગન [illegible]' ત્યારે સખીએ કહ્યું [illegible] સ્નેહ છે તેનો બીજા ઉપર [illegible] આશ્ચર્ય ?"

[illegible] આવતો રાજા આવા [illegible] ઉભો રહ્યો, અંગદયુગ [illegible] તેણીએ બોલે [illegible] રૂપી સર્પ ડસ્યો હો [illegible] હૃદયને વિષે આનંદ [illegible] અને કપટ પાટવે કરી [illegible] એને પોતાનેજ [illegible] આ કુયોગ કરાવ્યો!' [illegible] ત્યાંથી પાછો ફરી [illegible] દિવસ નિર્ગમન કરી ગુપ્ત [illegible] ગુપ્ત રીતે બોલાવી પોતા [illegible], અને તેણીના ગયા પછી [illegible] પ્રમુખ સમર્પ રાણીને દુર [illegible]

[illegible] કરી ને સુભટ દેવી પાસે આવી

બોલ્યોઃ દેવી ! "રાજા વનને વિષે ક્રીડા કરવા જાય છે, ત્યાં તમને તત્કાળ બોલાવે છે; માટે આપ જલદી રથમાં બેસો." તે સાંભળી પતિની આજ્ઞાને આધિન રાણી તરતજ રથ ઉપર બેઠી, અને તેણે ઘોડા ચલાવ્યા; પેઠે દુર રથ ચાલ્યો એટલે રાણીએ પુછયું 'પ્રાણપ્રિય ક્યાં છે ! તે બોલ્યોઃ—'આગળ દુર છે.' એમ કરતાં સુર્યોદયનો સમય થવા આવ્યો, દિશાઓ સર્વે પ્રસન્ન થઈ ત્યારે પુનઃરાણી ચારે તરફ જોઇ બોલી. 'અહીં કોઇ સ્થળે સ્વામીનાથ દેખાતા નથી, ઉધાન જણાતું નથી, ચાકરોનો સ્વર જણાતો નથી, અને વાજિંત્રના પોષ સંભળાતા નથી. શું આ અરણ્યછે? ઇંદ્રજાળછે! કે શું મને મતિમોહ અથવા દ્રષ્ટિભ્રમ થયો! હે વત્સ ! મને અબળાને શા માટે ઠગે છે! સાચું બોલ મને ક્યાં લઇ જાય છે ! પ્રાણનાથ વિના હું કેમ રહી શકીશ !

રાણીનાં એવાં વચનથી નિઃકરૂણના હૃદયને વિષે કરૂણા થઇ અને રથથી નિચે ઉતરી ગદ્‌ગદ્ સ્વરે બોલ્યોઃ—હે દૈવ તને ધિક્કાર છે : દેવી ! હું પાપીષ્ટ ! મારૂં નિઃકરૂણ નામ સત્ય છે, કારણ કે દૈવે મને આવા કાર્યને વિષે જોડયો છે. દેવિ ! સેવા કરી ઉપાર્જન કરેલા દ્રવ્યથી જે માણસ નિરંતર પોતાનું ઉદર તૃપ્ત કરાવે છે તેને ધિક્કાર છેઃ એવા મનુષ્યો જગતને વિષે જન્મ પામી ન જન્મ્યા બરોબર છે; કારણ કે દુર્ભરઉદર ભરવાને અર્થે પિતાની સાથે યુદ્ધ કરેછે. બાંધવને હણે છે અને દુષ્ટ કાર્યને વિષે પ્રવર્તે છે. પટુચાટુતા કરનારે સેવક પોતાનુ રૂપ ગુમાવે છે. દેવિ ! મારે પણ પરસ્વાધિનપણે આવું અકાર્ય કરવાનો વખત આવ્યો છે, તમે રથથી નિચે ઉતરો અને આ શાલવૃક્ષની છાયા નિચે બેસો; વધારે કહેવાને હું શક્તિમાન નથી; રાજાની આજ્ઞા એવીજ વર્તે છે.'

તેનાં આવાં વચન સાંભળવાથી તત્વને જાણનારી કલાવતી રથથી નિચે ઉતરી મુર્છા પામી અને તે સુભટ પણ રૂદન કરતો રથ હાંકી નગર તરફ ગયોઃ કેટલીવારે જેવી કલાવતી સચેતન થઈ રૂદન કરેછે, તેવામાં રાજાએ મોકલેલી—ક્રોધે ભરેલ

દેખાતી—રાક્ષસીની પેઠે હાથમાં કૃતિકા ધારણ કરેલી-ચાંડાલીએ આવી કહ્યું:—"રે પાપિણ! દુષ્ટચિત્ત સંપદા ભોગવવાને તત્પર થઇ તું જાણતી નથી કે તેથી રાજા પણ પ્રતિકૂળ થયો છે એવા સ્નેહવંત રાજાને ઠગી તું અન્ય ઉપર આશક્ત થઇ માટે તે કર્મનું ફળ તું ભોગવ. એમ કહી આભૂષણસહિત તેના બે હસ્ત છેદી નાંખ્યા.

હવે હા તાત! હા માત! એમ બોલતી કલાવતી તરતજ મૂર્છા પામી ભૂમિ ઉપર પડી કેટલીએકવારે શીત પવનના યોગથી સચેતન થઇ ત્યારે અત્યંત વિલાપ કરતી બોલવા લાગી:-"હે દૈવ તું શામાટે મારા ઉપર કોપાયમાન થયો? અરેરે મેં એવાં શાં પાપ કર્યાં હશે જેથી મારે આવાં ફળ ભોગવવાં પડે છે! હે આર્યપુત્ર! હે વિભુ! તમે આવું સાહસ કર્યું તે શુભ કર્યું હશે કારણ કે તમારા અંતઃકરણમાં ઉત્પન્ન થયેલી શંકા શલ્યવત્ અનુતાપ કરતી હશે, અગર જો કે મેં તો કાંઇ પણ અપરાધ કર્યો નથી, પરંતુ કોઇ ખલ પુરૂષે તમને શું કહ્યું હશે તે હું જાણતી નથી. હે સ્વામિનાથ! હું મારા શીલને કલંકિત કરૂં એવા સ્વપ્ને પણ શ્રદ્ધા ન રાખો, મારી સર્વ ઋદ્ધિનો નાશ થાઓ, મારા દેહનો અંત આવો, મારૂં સર્વસ્વ લુંટાઇ જાઓ પણ હું શીલવ્રત ખંડિત ન કરૂં. ક્ષણરકના ચાઓ અવસર થાય પણ સત્પુરૂષે અંગીકાર કરેલી નિશ્ચળ હોય એ ક્ષાતદશાપણામાં તમે વિપરીત કરી હે પ્રીય! તે પ્રેમપ્રતિપત્તિ—તે બહુમાનની પદ્ધતિ તમે એકદમ કેમ વિસ્મૃત થયા! હે તાત હે માત હે ભ્રાત! તમારા પ્રાણથી પણ વલ્લભ હું આ અનાથ પડી છું તેનું કેમ રક્ષણ કરતા નથી? હું અશરણ અવસ્થામાં પડેલી વ્યથાતુરા શું કરૂં? એમ દુઃખથી વિલાપ કરતાં ઉદરને વિષે વ્યથા ઉત્પન્ન થઇ તેથી પ્રસૂતિ સમય આવ્યાનાં લક્ષણ પામી નજીક આવેલી નદીના તીર ઉપર એક ઝાડની ઘટાના મધ્ય ભાગમાં ગઇ, ત્યાં મહાકષ્ટે દેવકુમાર સમાન પુત્રને જન્મ આપ્યો.

આહા ! કર્મની કેવી ગતિ છે? જેનું વચન નિકળે ત્યાં હજારો માણસો ખમા ખમા કરનાર તૈયાર હોય, જેના પ્રસવ સમયે પ્રસુતિક્રિયા કરવાને સેંકડો દાસીઓ હાજર હોય, જે રાજ્યમહેલમાં સુખસજ્યાને વિષે શયન કરનારી, તેણીને આવે સમયે વનમાં ઝાડની ઘટામાં જમીન ઉપર એકલાં નિરાધાર અવસ્થામાં આ ક્રિયા બને એ કેવી વિચિત્રતા ! કર્મ કરે તે કોઇ ન કરે ! કર્મ મનુષ્યને ન હોય ત્યાં લઇ જાય છે અને ન બને તેવાં કાર્યોમાં પ્રવૃત્ત કરે છે.

હવે પોતાને હસ્ત નથી જેથી બાળકને લઇ લે, તેથી પગ પાસે પડેલા બાળકને જોઇ તે હર્ષ અને શોક ધારણ કરતી બોલી:--"હે બાળ ! તું ભલે જન્મ્યો ! તું દીર્ઘાયુ-સુખી-થજે ! અભાગ્યના ઉદયથી અત્ર હું બીજી તો શું વધામણી કરૂં ? એમ બોલતી રોઇ પડી. આંખમાં આંસુ ભરાઇ ગયાં, તમસ આવી મુર્છાતુર થઇ ગઇ. આહા ! જે બાળકના જન્મ સમયે અનેક પ્રકારનાં વાજિંત્રો વાગે, હજારો વધામણીઓ થાય, અને સેંકડો માણસના હૃદયમાં આનંદ વર્તે તે બાળકને વગડામાં-જંગલમાં કોઇ ભોંય ઉપરથી લઇ લેનાર પણ મળે નહીં ! આવો દેખાવ જોઇ કઇ માતાનું હૃદય ફાટી ન જાય ! કોણ મનુષ્ય આવા બનાવથી દિલગીર ન થાય.

કેટલીવારે મુર્છા પામેલી કલાવતી શુદ્ધિમાં આવી ત્યારે તરફડતો બાળ આગોતરા નદીના તીર પાસે ગયેલો જાણી અત્યંત કષ્ટે ત્યાંથી ખસી પગવડે તેને પકડી રાખ્યો. બોલી:-હે નદીમાતા ! દીન થયેલી હું તારે આશરે આવી બેઠી છું, શરણાગત ઉપર કૃપાવતી તુ મારા પુત્રનું હરણ ન કર ! હે દેવિ ! હે જ્ઞાનસેવ્યે ! જો લેશમાત્ર પણ મારા શિયળવ્રતને મેં કદાપિ ખંડ્યું ન હોય તો આ મારા બાળકનું પાલન થાય એવો ઉપાય કર ! એમ દીન સ્વરે રૂદન કરતી કલાવતી ઉપર શિયળના પ્રભાવથી નદીની અધિષ્ઠાતા દેવી પ્રસન્ન થઇ અને તત્કાળ પ્રગટ થઇ દેવી બાહુલતા પૂર્વવત્ કરી આપતી થઇ.

આ બનાવથી કલાવતી જાણે આભથી મીંચાઇ હોય તેમ અપૂર્વસુખ અનુભવવા લાગી, હસ્તવડે બાળકને ગ્રહણ કરી પોતાના ઉત્સંગમાં સ્થાપીને અને દેવીની સ્તુતિ કરવા લાગી.

मयदेवि चिरंनंद तुभ्य निम्नगावत्सले.
दुःखदीनाथनाथाहं त्वया स्वामिनि जीविता;
दृष्टापत्तिविनष्टाया जीवितव्येन किमम.
किंतु बालं समर्थाऽस्मि नो मोक्तुं निराश्रयं.

ભાવાર્થ:—હે દેવિ ' તું જયવંત થા ! હે નિમ્નગા વત્સલે ! તારૂં ચિરકાળપર્યંત કલ્યાણ થાઓ ' હે સ્વામિનિ દુઃખથી દીન થયેલી અને અનાથ એવી મને તમે જીવાડી. આવા આપત્તિને વિષે પડેલા હું તેને જીવિતવ્યે કરીને શું ? પરંતુ તેજસ્વી ભાલવાળા નિરાશ્રિત આ બાળકને મુકવા હું સમર્થ નહોતી.

વળી બાળકની સામું જોઇ રૂદન કરતી બોલી:-" પુત્રની ઉત્પત્તિ રાજાના નગરને વિષે મહાનોત્સવકર્તા થાત, પરંતુ વિધિની વિચિત્રતાને ધિક્કાર છે: જો આમ હતું તો મને શા માટે આ ચિત્તની ભુરી પાડી ? ' અથવા એમાં વિધિનો શું દોષ ગણવો ? એતો મારા કર્મનોજ દોષ છે. જો પૂર્વે હું શિયળવ્રત ધારણ કરી આવી રહી હોત તો ભવમધ્યે આવો પરાભવ સહન કરવો ન પડત.' એમ જુદા જુદા પ્રકારની કલ્પના કરી રૂદન કરતા તે વનપશુઓને પણ રૂદન કરાવવા લાગી; એવામાં કોઇ તાપસ ત્યાં આવી નિકળ્યા, તે તેણીને જોઇ વિચારવા લાગ્યા કે શું આ સ્વર્ગપુરી છે ? શું વિદ્યાધરી છે ? શું વનદેવી છે ? શું કિંનરી છે ? શું નાગાંગના છે ? અથવા ભુવનાંગના છે ? એમ વિચારી તેણીને મનુષ્ય જાણી દયા આણી પોતાના તપોવનમાં કુલપતિ મહર્ષિ પાસે ગયા; કલાવતીએ કુલપતિ મહર્ષિને નમસ્કાર કર્યો, એટલે તેમણે કુશળ વર્તમાન પૂછયા, તેથી દુઃખનું સ્મરણ કરીને રૂદન કરવા લાગી; તેણીને એ પ્રમાણે રૂદન કરતી જોઇ આ કોઇ દુઃખાર્ત છે, એમ વિચારી કુલપતિએ અમૃતસમ મધુર વચનોથી તેને આશ્વાસિત કરી

અને બોલ્યોઃ—હે વત્સ ! સુખ દુઃખ એ પુણ્ય પાપરૂપી વૃક્ષોનાં ફળ છે, અને તે પોતેજ ઉત્પન્ન કરેલાં છે, સત્ મનુષ્યે તેને વિષે ખેદ કર્યો ન કરવો; લક્ષણયુક્ત તારૂં શરીર, ગંભીરવાણિ, સુંદર નેત્રો એ વિગેરેથી તારે વિષે કુલિનતાની સંભાવના થાય છે. હે પુત્રી ! તારૂં કલ્યાણ થશે ! માટે અહિં તાપસીઓની સાથે રહી ધૈર્ય અવલંબન કરી આ બાળકનું પાલન કર. કહ્યું છે કે ' जीवन् भद्रं समते ' જીવતો મનુષ્ય કલ્યાણને પામે છે. એ પ્રમાણે કુલપતિના વચનથી જીવિતાશા પ્રાપ્ત થયેલી કલાવતીએ તેનું વચન માન્ય કર્યું, એટલે ગુરૂએ તેણીને તાપસીઓને સોંપી.

અહીં ચંડાલણીએ અંગદયુગલેસહિત હસ્ત રાજાને દેખાડયા, તેની ઉપર જયસેન કુમારનું નામ જોઇ રાજા ખેદ સાથે શંકિત થયો, અને નિશ્ચય કરવાને ચટપટી થઇ, તેથી તરતજ ગજશ્રેષ્ઠિને બોલાવીને પુછયું કે 'દેવશાલપુરથી હમણાં કોઇ આવ્યું છે ?' તેણે કહ્યું 'હાજી. દેવીને તેડવા માટે રાજપુરૂષો આવેલા છે અને તેઓ મારે ઘેર ઉતર્યા છે, પ્રસ્તાવના અભાવથી તેઓ આપનું દર્શન નથી કરી શકયા.' ગજશ્રેષ્ઠિનું આવું બોલવું સાંભળી રાજાને વળી વધારે ચિંતા થઇ, તેથી તત્કાળ તેઓને બોલાવ્યા અને પુછયું કે,—'સુંદર આકારવાળા અને અમુલ્ય મણિવડે નિર્મિત અંગદયુગલ તમે લાવ્યા છો ?' તેઓએ કહ્યું. 'જયસેન કુમારે પ્રેમપુર્વક દેવને અર્પણ કરવાને માટે અમને આપ્યા હતા, પરંતુ દેવની પાસે અમે આવી શકયા નહિ, તેથી તે દેવીને અમે આપ્યા છે.' તેઓના એમ બોલવા સાથેજ રાજા મૂર્છા પામી આસન ઉપરથી નિચે પડયો.

રાજાને અકાળ મુર્છા પ્રાપ્ત થવાથી મંત્રી વિગેરે હાહાંકાર પામ્યા, અને શીત વસ્તુના ઉપચારથી સચેતન કરવા લાગ્યા; જ્યારે મુર્છાથી વિમુક્ત થયો ત્યારે રાજા ચિત્તને વિષે વિચારવા લાગ્યો. 'અહો જુઓ મારૂં અવિવિક્તત્વ ! જુઓ મારૂં અજ્ઞાન મુલિત્વ ! જુઓ ઉત્સુક કારિતા ! જુઓ નિર્ભાગ્ય મૌલિતા !

જુઓ નિર્દય ચિત્તત્વ! જુઓ ક્રૂરબુદ્ધિ! જુઓ કૃતઘ્ન કારિત્વ! જુઓ કર્મ ચંડાલતા! સ્થિર પ્રીતિવાળા મિત્ર અને ભાર્યાદિ સંપત્તિને હું અયોગ્યજ, એમ વિચારી પુનઃ મુર્છા પામ્યો તેથી મંત્રિશ્વરો ફરી સચેતન કરી પુછવા લાગ્યાઃ-' હે સ્વામિન્! અકાળે આપને આટલી વ્યાકુળતા થવાનું શું કારણ છે? રાજાએ કહ્યું:—'હે અમાત્યો! પુર્વે હું નામે શંખ હતો, પણ હવે અર્થથી શંખ થયો, જ્હાર વિરાદ અને મૃદુવાણીવાળો પણ અંતઃકરણમાં કુટિલ હોય, વિજય ભુપતિના હિતને, જયસેન કુમારની વયસ્યતાને, કલાવતીના પ્રેમ સ્થૈર્યને અને કુળની નિર્મળતાને મેં મલીન કરી કાદવમાં નાંખી! પોતાનીજ સંતતિનો મેં છેદ કર્યો! હાહા! નજીક પ્રસવકાળવાળી રાણીને મેં મૃત્યુ પમાડી! હે પ્રધાનો! પાપના સંતાપથી તૃપ્ત થયેલો હું આત્મા ધારણ કરવાને શક્તિમાન નથી, માટે તત્કાળ ઇંધનવડે અગ્નિ તૈયાર કરાવો, જેથી હું તેનું શરણ કરૂં.

રાજાની એવી વિષમવાણી શ્રવણ કરી સર્વ પરિકર વર્ગ એક બીજાના મુખ સામું જોવા લાગ્યા, અને વ્યાકુળ થઇ વિલાપ કરવા લાગ્યા; અંતઃપુરની સ્ત્રીઓ એ વૃત્તાંત જાણી અમારા સુંગારરૂપ દેવી ક્યાં ગઇ! હે આર્યપુત્ર તમે નિર્દય થયા! શા માટે આવું અસમંજસ કાર્ય કર્યું! એમ બોલતી રૂદન કરવા લાગી. નગરમાં ચોતરફ એ સમાચાર પ્રસરી ગયા. હે વિધિ! આ શું વિષમકાર્ય કર્યું! એમ બોલતા નરનારીના સમૂહ સ્થળે સ્થળે રૂદન કરવા લાગ્યા; શોકાક્રાંત થયેલા નગરજનોએ થોડું ઘણું ભોજન કરેલું વમન કર્યું, ખાવું પીવું ત્યાગ કર્યું, અને બાળકોએ પણ તે દિવસે સ્તનપાન કર્યું નહિ; એમ સર્વ નગર શોકમય થઈ ગયું.

હવે અખિલ નગરને શોકાકુળ જોઇ દ્વિગુણ દુઃખને પામતો રાજા બોલ્યોઃ-'ઓ પ્રધાનો! અત્યંત વેદનાથી વ્યાકુળ થયેલ અને શા માટે વિલંબ કરાવો છો.' તે સમયે મંત્રી, સામંત અને નગરના શિષ્ટજનો રાજા સમીપે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યાઃ—

હે જિનોશ્વર! ક્ષત ઉપર ક્ષારનું ક્ષેપન ન કરો! હે રાજન્! તમારો એક મ્હોટો દોષ થયો. હવે બીજો જે દોષ કરવા આપ તત્પર થયા છો, તે દાઝયા ઉપર ડામ જેવું છે; જ્હીકણ જનો આપત્તિને પામી ધીર પુરૂષોને શરણે જાય છે, પરંતુ ધીરપુરૂષોજ જ્યારે સ્થિરજનો ત્યાગ કરે ત્યારે તેવા જનોને કોનું શરણ! હે સ્વામિન! રાજ્યનો ત્યાગ કરી કુળનો છેદ કરી મરણવાંછા કોણ કરે? એવો કોણ મુર્ખ હોય કે ઘર બાળીને ઉદ્યોગ કરે. એમ અનેક પ્રકારે સમજાવ્યા છતાં તેઓની શિખામણની અવગણના કરી રાજા હયારૂઢ થયો. અને મંત્રીઓએ વાર્યા છતાં આગળ ચાલ્યો. સેવકજનોને દુઃખ પ્રાપ્ત કરાવતો, ધર્મીપુરૂષોને વૈરાગ્ય પ્રાપ્ત કરાવતો, શોકાશ્રુવડે ધોવાએલા નેત્રવાળી નારીઓથી જો વાતો, અને છત્ર ચામર તથા વાજિંત્રોએ પરવરેલ રાજા નગરની બહાર નંદનવનમાં ગયો.

એ સમયે બીજા ઉપાયનો અભાવ થવાથી વિલંબ કરાવવા માટે બાજમેહિએ આગળ આવી વિજ્ઞપ્તિ કરી.—"હે સ્વામિન! જગતપ્રભુ દેવાધિદેવનો અત્રે પ્રાસાદ છે તેમની પ્રથમ પુષ્પ ચંદનાદિએ પુજા કરો, અને પછી તેજ સ્થળે અમિતતેજ નામે ગુરૂ છે તેમને વંદન કરો; જેથી આ લોક અને પરલોકને વિષે મંગલ થાય.

એહિતું અસંખ્ય વચન અને એ સર્વ ક્રિયાઓ પરદાવને વિષે સંબલરૂપ થશે એમ ધારી રાજા જિનપ્રાસાદમાં ગયો, ત્યાં ભક્તિ પુર્વક વંદન-નમસ્કાર પુજા કરી બહાર નિકળી ગુરૂ મહારાજને વંદન કર્યું; તે સમયે ગુરૂ મહારાજે દેશના આપ વાર કરી:—હે રાજન્ જન્મ જરા મૃત્યુરૂપ નીરે પુર્ણ, આધિ, વ્યાધિરૂપ વડવાનળે યુક્ત અને રાગ દ્વેષ તથા અજ્ઞાનરૂપ મહા મત્સ્યોએ વ્યાપ્ત આ ભવસમુદ્ર દુસ્તર છે, તેને વિષે મનુષ્ય, તિર્યંચ, નરક, અને સ્વર્ગરૂપ ચાર ગતિ છે, જેને વિષે પડીને સર્વ જીવોએ અનંતવાર દુઃખો ભોગવ્યાં છે; વળી તેમાં ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર સર્પ છે, જે સર્વ પ્રાણિને ડસીને ત્રાસ પમાડે છે. કહ્યું છે કે:—

कोहो [illegible] माणो विणय नासणो;
माया [illegible] लोहो सव्वविणासणो.

[illegible] नाश करेछे, मान विनयनो नाश क[illegible]
[illegible] नाश करे छे अने लोभ सर्व विनाशक छे[illegible]
[illegible] आतुर माणस कार्य, अकार्य, हित, अहित[illegible]
[illegible] अवगुण कांइ पण जाणतो नथी[illegible]
[illegible] करेछे के जे आ भा[illegible]
[illegible] भाव, क्रोधातुर अवस्थामां करे[illegible]
[illegible] थयेला पद्म राजानी पेठे शाश्वत अन[illegible]
[illegible]

[illegible] कह्युं:-भागवन! जगतने विषे दु[illegible]
[illegible] ए पद्मराजा कोण अने एनो वृ[illegible]
[illegible]

[illegible] संसारने विषे भारे कर्मी प्रा[illegible]
[illegible] बने छे. तथापि प्रस्तुत कथा[illegible]
[illegible] नामे राजा राज्य करतो हतो[illegible]
[illegible] हतो. तेवामां तेणे मार्गने विषे[illegible]
[illegible] रूप संपत्तिए शोभित, साक्षात् कमला[illegible]
[illegible] नामनी कन्याने सखीओ साथे क्रीडा[illegible]
[illegible] अंतःपुरमां घणी स्त्रीओ छतां पण[illegible]
[illegible] छे के:—

[illegible] पार्थिवोपिच;
[illegible] क्वापि तृप्तिं याता जगत्यपि.

[illegible] लोभी पुरुष द्रव्यथी, कामी पुरुष[illegible]
[illegible] विद्वान सुभाषितथी संतोष पाम्या[illegible]
[illegible] ते ते वस्तुथी संतोष पामता नथी.

[illegible] ते कन्यानी तेना पिता पासे मागणी करी,[illegible]
[illegible] भरथी लग्न कर्यां, पण बहु व्यम[illegible]
[illegible] ते [illegible] विरक्त थइ, अने पिताने घेर रही.

કેટલેક કાળે વખત જતાં પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થયેલી તેણીને જોઈ સાથેના મિત્રને પુછ્યું-' આ કોણ છે ? ' તેણે કહ્યું-' હે પ્રભો ! પુર્વે તમે જે મોટાની કન્યા સાથે લગ્ન કર્યું હતું તે તમારી સ્ત્રી છે. ' એ સાંભળી તે મંત્રીથી સ્મૃતિ થઈ અને વિચારવા લાગ્યો કે અહો મેં એની સાથે લગ્ન કરી અને કદર્થના પમાડી. પુનઃ મિત્રને પુછ્યું.-એ પવિત્ર કાંતાની પેઠે કુત્સિત વસ્ત્રવાળી, અતિ દુર્બલ અને મંગલસુચક વલયનેજ ધારણ કરનારી કેમ દેખાય છે ? તેણે કહ્યું:-રાજન ! શીલાભરણે ભુષિત કુલસ્ત્રીઓનો એ ધર્મ છે કે પતિના વરહે શૃંગારાદિ ધારણ ન કરે. કહ્યું છે કે:—

પાવકા ઇવ શુધ્યંતિ સ્મરાગ્નિ જ્વાલિતા અપિ;
શીલ માને ન મુંચંતિ મહાચારાઃ કુલાંગનાઃ.

ભાવાર્થ: સ્મરાગ્નિએ દહન કર્યા છતાં સુવર્ણની પેઠે શુદ્ધ થાય છે, પરંતુ સદાચારવાળી કુલાંગનાઓ શીલનો ત્યાગ કરતી નથી.

પછી રાજાએ તેણીને તેડવા માટે માણસ મોકલ્યાં, તેમની સાથે તેના પિતાએ પ્રીતિપુર્વક પોતાની પુત્રીને મોકલી. તે પણ રાજભુવનમાં આવી શૃંગાર સજી સખીઓ સાથે વાસભુવનમાં બેઠી, તેના સંગમને વિષે ઉત્સુકતાને ધારણ કરનાર રાજા પણ સભા વિસર્જી હર્ષસહિત ત્યાં ગયો, સમીપ આવતા સ્વામીને જોઈ ઉભા થઈ રાણીએ વિનયપુર્વક આદરસત્કાર આપ્યો, પછી રાજાએ કહ્યું:-હે ભદ્રે ' અજ્ઞાનપુર્વક મેં લગ્ન કરી તને વિસારી મુકી એ મારી ભુલ માટે તારે ક્ષમા કરવી. એમ કહી રાજાએ તેને અત્યંત ખુશી કરી.

તે-રાણીએ કહ્યું:-પ્રાણેશ ' સર્વ વિષયમાં સાવધાનતા ધારણ કરનાર તમને તો મારી વિસ્મૃતિ ન થાય. પરંતુ નિષ્પુણ્ય સ્ત્રીઓને પોતાના સ્વામીનું દર્શન દુર્લભ હોય છે; તેમ મારા અભાગ્યને લીધે આપને વિસ્મૃતિ થઈ. સ્વામીનાથ ! સ્નેહ પુર્ણ સ્વામીને મિત્રને વિષે ધારણ કરો છો. તેથી અનેકવાર એ વા છે, તેથી વિરહઅગ્નિથી આ શરીર દગ્ધ થઈ ગયું. એમ

કહી રતિવિલાસમાં ચતુર તે સ્ત્રીએ લજ્જાનો ત્યાગ કરી તે રાત્રિને વિષે રાજાને રંજન કર્યો. પરંતુ નૃપતિ તેની કામકલાને વિષે ચાતુરી જોઇને શંકિત થયો; ગુણો કેટલીએક વખત દોષને અર્થે થાય છે, તેવી રીતે આને વિષે રહેલી ચતુરાઇએ રાજાને સંશય પમાડયો. રાત્રીના છેલ્લા પ્રહરમાં રાજા વિચાર કરવા લાગ્યો કે આ સ્ત્રી મહિલા નથી, પરંતુ પ્રૌઢ રમણિક છે; એનું ચરિત્ર અને વિજ્ઞાન વિચિત્ર છે, કુલવતી નારીઓને પતિના પ્રથમ સંગમે આવી ચતુરાઇ અને ધૈર્ય કયાંથી હોય ? માટે નિશ્ચયે એ દુઃશિલા છે, હું એનો વધ કરૂં કે શું કરૂં ? એમ કોપાક્રાંત થઇ ગયો; વળી વિચાર્યું કે સત્પુરૂષોને સ્ત્રી અવધ્ય છે માટે બીજો ઉપાય કરૂં. એમ ધારી ક્રોધાતુર થયેલો રાજા ત્યાંથી નિકળ્યો, અને તરતજ મંત્રિને બોલાવી હુકમ કર્યો કે 'આ દુષ્ટાત્મા સ્ત્રીનો નાશ કરો.'

મંત્રીએ તેસ્ત્રીને સાથે લઇ એકાંત સ્થાનમાં રાખી પછી વિચારવા લાગ્યો કે:-'આ સંસારમાં મનુષ્યોના વિચિત્ર ચરિત્રો હોય છે. તેઓને રાગદ્વેષ નચાવે તેમ નાચે છે, રાગાંધ મનુષ્ય છતા દોષને દેખતો નથી, અને અછતા ગુણને દેખે છે, દ્વેષાંધ તેથી વિપરીત રીતે પ્રવર્તે છે, પણ કોપ પરિતાપના ઘાતથી જર્જરિત અંગવાળા ભુપતિને મારે મતિસજીવિની દવાને સજ કરવો એ મારી ફરજ છે.' એમ ધારી રૂદન કરતી રાણીને આશ્વાસન આપી બુદ્ધિવડે નૃપતિને બોધ કરવા રાજસભામાં ગયો.

સભા મંડપને વિષે આવેલો, દુસ્થાનગત ગુરૂસમુદ્રવત્ પ્રભાતસમયના દીપવત્ ઉદ્યોતલે અદીપ્યમાન, વિસ્મય અને ક્રોધે મિશ્ર, આ શું ? આ શું ! એમ વિચારવામાં બેઠેલા રાજાને જોઇ નમસ્કાર કરી બેસનારા સભાજનો વિવિધ પ્રકારની વાર્તા કરવા લાગ્યા; તે સમયે વિરંચુવડ નામનો વાચાલ બ્રાહ્મણ પ્રથમ બોલ્યો:-'ભો ભો સભાજનો ' અધુના એક વિચિત્ર વૃત્તાંત થયો છે.' તે સાંભળી સભાજનોએ તે જાણવા આકાંક્ષા બતાવી, એટલે તે બોલ્યો:-'આ નગરને વિષે ગુણે શ્રેષ્ઠ ધન્ય નામે શેઠ હતો, તે સર્વ

વ્યવહારિયાને વિષે મુખ્ય હતો, તેને શ્રીનામા ભાર્યા હતી, તે
ઓના ધન, ધનદ, ધર્મ અને સોમ નામે ચાર વિચક્ષણ પુત્રો
યૌવનવયે તે ચારેને પરણાવ્યા છે, એક દિવસ ધન્ય શેઠને ઘણો
મંદવાડ થઇ ગયો, વૈદોએ અસાધ્ય વ્યાધિ જણાવવાથી કુ
સ્વજન વર્ગ ત્યાં એકઠા થયા, તેઓએ શેઠની ભક્તિપુર્વક પુ
કરી અને પ્રત્યેકે ક્ષમાવ્યા. પછી તેઓ બોલ્યાઃ-શેઠજી ! તમે
નામ અને અર્થથી ધન્ય છો, તમે જાતે અગણિત દ્રવ્ય ઉપાર્જ
કર્યું, સ્વજન વર્ગનું પોષણ કર્યું અને સાત ક્ષેત્રને વિષે પ્રચુ
દ્રવ્ય વાપરી કીર્તિ ઝલ્લરી વગાડી; પરંતુ પિતાના મરણ પછ
સંપત્તિ વહેંચવાનો વિધિ પિતાએ ન બતાવ્યો હોય તો પુત્ર
પરસ્પર વાદવિવાદ કરે છે, માટે અમારી સાક્ષીપુર્વક તમે પુત્ર
ને સમભાગે દ્રવ્ય અર્પણ કરો, જેથી એઓને અંદર અંદર કલેશ
ન થાય ને તમારો યશ પ્રવર્તે. તે સાંભળી શેઠે પુત્રોને પોતાન
પાસે બોલાવી કહ્યું:-પુત્રો ! તમારે એક બીજાની સાથે સંપી
ને રહેવું; ચક્ષુવડે વદન શોભે છે અને વદનવડે ચક્ષુ શોભે છ
પલ્લવથી વૃક્ષ શોભે છે અને વૃક્ષવડે પલ્લવ શોભે છે, તેમ તમે
પણ એક બીજાથી અધિક શોભા પામશો; કોઇ વખત તમા
અંદર અંદર કલહ ન કરવો અને પ્રીતીથી રહેવું; કદાપિ પ્રી
તિનો નિર્વાહ ન થાય તો ઓરડાની ચાર દિશામાં ચાર કલશ
દાટેલા છે તે અનુક્રમે તમારે ગ્રહણ કરવા. એમ કહી પંચત્
પામ્યા, અને પુત્રોએ લૌકિકક્રિયા કરી.

પછી તે પુત્રોએ કેટલોએક કાળ તો સુખ અને સંપમાં ન
ગમન કર્યો, પણ પાછળ સ્ત્રીઓને લીધે તેઓ પૃથક્ રહેવાન
થયા, એટલે ચારેએ એકત્ર થઇ પિતાએ કહેલા કળશો કાઢ્યા
તેમાં પહેલાને વિષે ધુળ, બીજાને વિષે અસ્થિ, ત્રીજાને વિ
ચોપડા, અને ચોથામાં સોનામહોર એમ નિકળ્યું. તે જોઇ ત્ર
તો દીનમુખવાળા થયા અને ચોથો ખુશી થયો.

હવે પેલા ધન લોભથી નિરાશ થયેલા ત્રણે ભાઇઓ જા
વજ્રાઘાતથી હણ્યા હોય તેમ પૃથ્વી ઉપર પડ્યા અને માથું કુટ

બોલ્યા:-"શત્રુરૂપ પિતાએ અમને વિશ્વાસ પમાડીને ઠગ્યા, સર્વ સાર વસ્તુ સોમને આપી, અમને કાંઇ પણ ન આપ્યું." ત્યારે રાજજન પુરૂષોએ કહ્યું.-'સઘળું ચાર ભાગે વહેંચી લ્યો.'

સોમ:—'મને મારીને લ્યો. અન્યથા તેમાંથી કિંચિત્ માત્ર દ્રવ્ય હું નહિ આપું. કર્મદોષથી તમારૂં દ્રવ્ય કુગરૂપ થઇ ગયું તેમાં મારો શો દોષ ? જેથી મારામાંથી ગ્રહણ કરવાની ઇચ્છા રાખો છો.'

પેલા ત્રણ ભાઇઓ બોલ્યા:—'હે મુગ્ધ ! તું સઘળા ધનને વિષે લુબ્ધ થયો છે પણ તેમ નહિ બને, વ્યવહારે સમજ, અથવા સ્વજન કુટુંબીઓ કહે તે પ્રમાણે કર. તેઓ તને આપે તેટલું દ્રવ્ય તું ખુશીથી ભોગવ. એ શિવાય બીજો માર્ગ નથી.'

એમ ઘણો વિવાદ થયો, પણ કોઇ સમજ્યું નહિ, તે સમયે હિતસ્વી લોકોએ કહ્યું:—તમે કલહ ન કરો, વ્યાપાર કરો અને તમારો ન્યાય કરવાને પ્રધાનાદિ રાજવર્ગ પાસે જાઓ. પછી તેઓએ તે પ્રમાણે અંગિકાર કરી છ માસપર્યંત ધર્માધિકારી પાસે આંટા ખાધા, પણ કોઇએ તેનો નિવેડો ન કરી આપ્યો; આ વાત રાજાજીએ ધારણ કરવા જેવી છે.'

રાજા—'પછી તેમનો સંવાદ કોઇએ પતાવ્યો કે નહિ.'

તેણે કહ્યું:—'સ્વામિન ! તેઓનો કલેશ કોઇએ પતાવ્યો નહિ, તેથી મુંઝાઇને પ્રદેશ તરફ ચાલ્યા; એવામાં કોઇ ગામના પાદરમાં સભા કરીને બેઠેલ વૃધ્ધ પશુપાળને જોઇ નમસ્કાર કરી ત્યાં ઉભા રહ્યા. તે જોઇ પશુપાળે પુછયું કે તમે કોણ છો અને ક્યાં જાઓ છો ! તેવારે ચારે ભાઇઓએ પોતાનો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી તે પશુપાળ બોલ્યો:-'તમારો પિતા પંડિત અને હિતકર્તા હતો એમ જણાયછે.' તેઓ બોલ્યા:-'તાત' અમારા વાદનું તમે નિવારણ કરો.'

પશુપાળ:-'તમારો પિતા 'વિચક્ષણ હતો, તેણે જેને જે યોગ્ય હતું તે પ્રમાણે આપ્યુ છે. પ્રથમ કળશમાં ધુળ નિકળી

તે ઉપરથી મોટો મારા પુત્રને સમસ્ત કુટુંબક્રમ આપેલું છે; બીજામાં અસ્થિ નિકળ્યા તે ઉપરથી બીજાને સર્વે ચતુષ્પદોનું અધિકારીપણું સોંપ્યું છે; ત્રીજામાં ચોપડા નિકળ્યા તે ઉપરથી ત્રીજાને વ્યાપાર, ઉઘરાણી વિગેરે સોંપ્યું છે; ચોથાને સર્વે રોકડ દ્રવ્ય આપેલું છે. માટે તમે વિચાર કરીને તપાસ કરશો તો આ સર્વે વસ્તુઓ સરખી થશે. એવી રીતે તેણે પોતાના નિરંજનના અભ્યાસથી વિચારીને વહેંચણ કરેલી છે. ભાઇઓ! દ્રવ્ય છે તે વીજળીના ચમકારા અને અર્કતુલનીપેઠે અસાર છે, કોઇને દ્રવ્ય આપેલું સ્નેહેજ નથી, પિતાના દ્રવ્યને માટે જેઓ કલેશ કરે છે તેને મુર્ખ સમજવા, તેમજ પિતાના દ્રવ્યમાંથી જેઓ પોતાના ભાઇઓને ઓછું આપવા યત્ન કરે છે તેને અધિક મુર્ખ સમજવા. માટે દ્રવ્ય ઉપર મૂર્છાવંત થઇ તેને અર્થે કલેશ ન કરતાં પિતાની વાણી સ્નેહવડે અવધારણ કરો; તમારી અજ્ઞાનતાને લીધે તમે પિતાને દોષ ન દો. જેણે અતિ સ્નેહથી તમારું લાલન પાલન કરી આ સ્થિતિએ તમને પહોંચાડયા તે તમારી બાબતમાં અન્યાય કરે એ તમારો વિચાર કેટલી મુર્ખતાઓ છે, તે વિચારીને પુનઃ આ પ્રમાણે ભૂલ ન કરતાં પોતાની ભૂલ વિચારવા ઉત્સુક થાઓ.'

એ પ્રમાણે વૃદ્ધ પશુપાળનાં વચન સાંભળીને હર્ષ પામી લઘુ બંધવને આલિંગન દઇ અશ્રુ વરસાવતા-વડે 'ભાઇઓ બોલ્યા-વત્સ! લોભકુળ થઇ અમે તને જે ખેદ પમાડયો તેને માટે ક્ષમા કર. તે સમયે લઘુ બંધવ પણ વડે ભાઇઓના ચરણકમળમાં પડી બોલ્યો—હે બંધુઓ! તમે મારે તાત તુલ્ય છો. મુઢબુદ્ધિથી મેં તમને જે કર્કશ વચન કહ્યાં તેને માટે મને ક્ષમા કરો. એમ અરસપરસ ક્ષમા યાચના કરી ચારે ભાઇયો પશુપાળ પ્રત્યે બોલ્યાઃ—'અમારા પિતા મરી ગયા છે તથાપિ તમે કૃપાળુએ અમને અજ્ઞાનોને તત્વ પ્રગટ કરી સમજાવ્યા અને અમારા કલેશનો નાશ કરાવ્યો તેથી તમે અમારા પિતાથી પણ અધિક છો.' એમ કહી નમસ્કાર કરી ક્ષમેકુશળ થયેલા

તે ચારે ભાઇઓ ઘરે આવ્યા; પછી આનંદમાં રહેતા તેઓ અરસ પરસનાપ્રેમમાં વૃદ્ધિ કરવા લાગ્યા.

તે સાંભળી સર્વે સભાજનોએ પોતાનાં મસ્તક ધુણાવ્યાં અને આશ્ચર્ય પામી બોલ્યા કે, એ આશ્ચર્યકારી વાત છે. અજ્ઞાત ગ્રામ્યમનુષ્ય એ વાદનો શી રીતે નિકાલ કરી શકયો; કારણ કે જે વાદનો ન્યાયાધિકારીઓ અને પ્રધાન પુરૂષો નિવેડો કરી શકયા નહિ, તેનો એક ગામડીઆ પશુપાળે નિવેડો કર્યો તે આશ્ચર્યજનક કહેવાય.

એ સર્વ વ્યતિકર શ્રવણ કરી નૃપતિ મનમાં વિચારવા લાગ્યો કે, પુર્વે નહિ જોયેલા પશુપાળે દુરથી તે મર્મ જાણ્યો તો શાસ્ત્રજ્ઞ અને કુશળ મિત્રાનું કામકળાને વિષે કૌશલ્ય હોય તેમાં શું નવાઇ? માટે નિશ્ચયે મેં ભુલ કરીછે, મેં અવિચારી કામ કરી અનાર્ય પણું કર્યું છે, હું નિર્લજ છું, હું નિર્ભાગ્યશું, કારણ કે મેં એવા સ્ત્રીરત્નોનો વિનાશ કર્યો. એમ લાંબો વખત અંતઃકરણમાં શોચ કરી દીનવદનવાળો નૃપતિ મંત્રી પ્રત્યે બોલ્યોઃ-'મેં નિઃપુણ્યે મહા પાપ કર્યું છે, પિતાના ગૃહમાં સુખે રહેલી તેણીની ઉપર મેં મહા અનર્થ કર્યો છે, હવે હું પ્રાણ ધારણ કરવાને શકિતમાન નથી, માટે અગ્નિમાં પડીને મરણ પામીશ.

રાજાનાં એવાં અત્યંત દુઃખભરિત વચનો શ્રવણ કરી મંત્રી બોલ્યો.-સ્વામિન! સતસેવક હોય તે પોતાના સ્વામિનું હિતાહિત જાણે છે, વિચારે છે, સુપરીક્ષિતકાર્ય ફળદાતા થાય છે પરંતુ સહસાકૃતકાર્ય ફળદાતા થતું નથી; કારણ કે સહસા કરવામાં કાર્યાકાર્યનો વિવેક રહેતો નથી અને વિવેક રહિત કાર્ય ઉત્કૃષ્ટ આપત્તિનો વિસ્તાર કરે છે, વગર વિચાર્યું કરનાર મનુષ્ય પોતાના ગુણ અને સંપત્તિનો લોપ કરે છે; તેથી હું આપની આજ્ઞા અંગિકાર કરી તેણીને લઇ ગયો, પરંતુ મેં વિચાર કર્યો કે ક્રોધના આવેશ સમયે જેવી બુદ્ધિ હોય તેવી કોઇ વખત હોતી નથી, અને તેવા વખતમાં જે કાંઈ કાર્ય થાય

તો તેનું સારૂં પરિણામ ન થાય; માટે હાલ તેણીનો વધ ન કરતાં ગુપ્તસ્થાને રાખવી. મારી એ ધારણા પ્રમાણે હજુ સુધી મેં તેણીને જીવતી ગુપ્તસ્થાનમાં રાખી છે.

મંત્રીની વાત સાંભળી આનંદ પ્રાપ્ત થયેલો રાજા બોલ્યો:-'વયસ્ય! તેનું રક્ષણ કરવાથી તેં મારા જીવિતનું રક્ષણ કર્યું છે.' પછી તેણીને પોતાના મ્હેલમાં તેડાવી અને તેને વારંવાર ખમાવી. તે દિવસથી તે દંપતીનો ગાઢ પ્રેમ થયો.

એ પ્રમાણે વાત કરી મુનિ બોલ્યા:-'રાજન્! જેમ પેલા રાજાએ સહસા કરવાથી પોતાના આત્માને વ્યાકુળ કર્યો તેમ તું પણ કરે છે. ધર્મજ્ઞ મનુષ્યોએ પરઘાતવત્ આત્મઘાત પણ ન કરવો; કારણ કે આત્મઘાત કરવો એ પણ મહા પાપ છે. જે મનુષ્યો દુઃખનો ઘાત કરવા માટે દુષ્કર આત્મઘાત કરે છે તેઓ સુગમ અને સર્વ દુઃખ હર્તા ધર્મ શા માટે ન કરે? કારણ કે ધર્મ છે તે દુઃકર્મનો નાશ કરે છે, સત્કર્મની પ્રાપ્તિ કરાવે છે, અને અનેક પ્રકારનાં સુખ આપે છે; એટલુંજ નહિ પણ આ અશરણ સંસારમાં મનુષ્ય માત્રને ધર્મ એજ શરણભૂત છે.

રાજા:-'પૂજ્ય! દુઃખ દાવાગ્નિમાં દગ્ધ થયેલા મનુષ્યને ધર્મની વાત પણ ક્યાંથી હોય! માટે મને તો આ પ્રારંભ કરેલા કાર્યને યોગ્ય ધર્મસંબલ આપો.

મુનિ:—'રાજન્! તું દુઃખાર્ત થઇને મૃત્યુ ઇચ્છે છે, પરંતુ તેથી તો વિશેષ દુઃખને પામીશ; કારણ કે દુઃખ પાપથી ઉત્પન્ન થાય છે, પાપ પ્રાણિઘાતથી ઉત્પન્ન થાય છે અને પરપ્રાણ ઘાતથી પણ આત્મઘાત વિશેષ પાપકારી છે. આત્મઘાતને દુઃખની પરંપરા જાણી ધર્મથી પાપનો ક્ષય થાય છે એમ વિચારી નિશ્ચિંત થઇ જિનોદિત ધર્મ કરતો તું એક દિવસ વિરમ (ધીર કર.) જેથી ગુણસહિત કલાવતી તને પ્રાપ્ત થશે; તેની સાથે તું ચિરકાળપર્યંત ભોગ ભોગવીશ, અને પછી રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી દંપતિ દિક્ષા અંગિકાર કરશો.

- ગુરૂગિરાથી સ્વસ્થ થયેલા રાજાએ તે રાત્રી ત્યાં ઉપવન

જોવાને ઉત્સુક થયેલો રાજા સાંજ સુધીમાં તેણીને નહિ જોવે તો અગ્નિમાં પડી બળી મરશે.'

એવું સાંભળી તે દયાળુ તાપસ તેને પોતાના આશ્રમ પ્રત્યે લઇ ગયો, ત્યાં કુળપતિને નમસ્કાર કરી ટુંકામાં સર્વ વૃત્તાંત જણાવી તેને કહ્યું:—' વિભો ! રાજાને અભય આપો.

પછી તરતજ કુળપતિએ કલાવતીને બોલાવી, ત્યાં તેમની પાસે દત્તને બેઠેલો જોઇ તેણીની આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં, એકપણ વચન બોલી શકી નહીં, તે જાણે સઘળા દુઃખનો ઉભરો તે સમયે ભરાઇ ગયો હોય તેમ અત્યંત રૂદન કર્યું. કહ્યું છે કે, " હૃદયને વિષે બંધાઇ રહેલું દુઃખ સ્વજનને દેખવાથી રોકિયો થાય છે." તેણીને એ પ્રમાણે રૂદન કરતી જોઇ આશ્વાસન આપી વત્સ બોલ્યો:—'બેન તું ખેદ ન કર, એ સઘળો કર્મના પરિણામ છે, પોતાનાં કરેલાં કર્મજ પોતાને ભોગવવાં પડે છે, અન્યજનો તો નિમિત્તમાત્ર છે. આ સંસારને વિષે પ્રાણિઓને દુઃખ સુખની જે લાગણી મનમાં થાય છે તે સર્વે શુભાશુભ કર્મથીજ થાય છે. જગતમાં પિતા, માતા, પતિ, ભ્રાતા, પુત્ર, પુત્રી વિગેરે સ્વજનો દુઃકર્મના ઉદયથી શત્રુરૂપ થાય છે અને તેઓજ પુન્યોદયના યોગથી સુખકારી થાય છે; માટે આ સર્વ જાણી મનને વિષે ધૈર્ય ધારણ કરવું. બેન ! તું સમજણી શક્તિવાળી અને ડાહી છે, તને કાંઇ વધારે કહેવું પડે તેમ નથી; પરંતુ તેં જે દારૂણ દુઃખ ભોગવ્યું તે કરતાં અધિક તારા વિયોગથી નૃપતિ ભોગવે છે. તે પશ્ચાત્તાપથી સંપ્રતિ કાળે પાવક મધ્યે પ્રવેશ કરવાને ઇચ્છે છે; જો તને જીવતી નહિ દેખે તો જરૂર તે અગ્નિને શરણ થશે; માટે તું જલદી રથમાં આરૂઢ થા.'

એ પ્રમાણેનો વૃત્તાંત સાંભળી તે ઉત્સુક થઇ, કારણ કે કુલાંગનાઓનો એ ધર્મ છે કે અહિતકારી પતિનું પણ હિત ચહાવું; પછી કુળપતિને નમસ્કાર કરી, બીજા તાપસોને મિષ્ટ વચને બોલાવી, સર્વેની રજા લઇ પુત્રની સાથે રથમાં બેસી ચા

સી; મધ્યાહ્નસમયે નૃપાશ્રિત વનને વિષે પહોંચ્યાં. ત્યાં પુર્ણાંગી કલાવતીને સાક્ષાત્ જોઇને ઉત્કર્ષસહિત હર્ષવંત છે, તેપણ સન્મુખથી નમી ગયેલા વદનવાળો રાજા તેણીના સન્મુખ જોવાને શક્તિમાન થયો નહિ, હર્ષસંપુષ્ટિ વધામણા સમયે પહોંચી, વાર્તા પૂર્ણ થતા સુધી વાજીંત્રો અને નગારાના નાદ પૂર્વક ઉત્સવ થયો.

તે સમયે હર્ષ પામેલા અમાત્ય અને સામંતોની સાથે આસ્થાન મંડપમાં ક્ષણવાર બેસી નૃપતિ પ્રિયા પાસે ગયો, ત્યાં બંન્નેનાં નેત્ર એક બીજાની સન્મુખ એક હર્ષાશ્રુથી ભરાય આવ્યાં, કલાવતીએ નીચું મુખ કરી વંદન કર્યું, તેવારે પ્રિયાના હસ્ત કમળથી તેણીનું વદન ઊંચું કરી રમવામાટે નૃપતિ બોલ્યો—' અહો મારા જીવિતવ્યની રક્ષા કરનારી.'

એમ બોલતા રાજાને અટકાવી કલાવતી બોલી—' આવી નિર્ભાગ્યવતીની વખાણી-સ્તુતિ શી ?

રાજા:-પ્રિયે ! હું નિર્ગુણ, કૃતઘ્ન અને અપુણ્ય કરનાર છું, કારણ કે મેં સતીશિરોમણિ—સુશીલા—ગુણવતીને અત્યંત પીડ પમાડી.

તે સાંભળી સતી મન નહિ કરતા કલાવતી બોલી—' તમે શું કહી છો, એમાં તમારો દોષ નથી, તેમ સાક્ષાત્ તમારે વિષે એક અંતઃકરણવાળી અને તમનેજ જીવિતવ્ય માનનારી એવી હું તેનો પણ દોષ નહોતો; પરંતુ દોષ મારા કર્મોનોજ સમજવો. કારણ કે કર્મના યોગે સર્વે કાર્ય બને છે; તેપણ સ્વામિન્ મને મોટા ખેદ છે કે આપે મારા હાથ અપરાધ એ ઉપર કેમ ? કારણ કે દૈવિત મનુષ્યોને શિક્ષા કરવી એ રાજનીતિજ છે.

રાજા:-જેમ વરાંગનાને પુણ્ય નહિ અને ચંદનવૃક્ષમાં દુર્ગંધ નહિ તેમ તારે વિષે દોષનો સંભવ નથી, તેપણ સૂક્ષ્મમાત્રથી એ દુષ્ટતા કહી તે કહેવાને હું શક્તિમાન નથી; પરંતુ આજ અજ્ઞાનથી કહું છું.' એમ કહી તેણે ક્ષમા કરી અપાવ્યું. પછી કલાવતીએ પોતાનો વૃત્તાંત નૃપતિએ પુછવાથી નિવેદન

કર્યો, તે સાંભળી પ્રમોદિત થયેલો રાજા બોલ્યો:-'પ્રિયે ! સુર્ય ચંદ્રની સ્થિતિપર્યંત મારા અપયશનો પડહ વાગશે અને તારી ઉજ્વલ શીલપતાકા લોકમાં લહરલહાયમાન થશે. તારો દુઃખાનુતાપ સ્મરણ કરી મૃત્યુ વાંછનારો હું, ગુરૂ મહારાજની ઉક્તિ અનુસારે થયેલો તારા સંગમની આશારૂપ સંજીવિનીના પ્રભાવથી જીવતો રહ્યો છું.'

કલાવતી:—સ્વામિનાથ ! મારે માટે આપને સંતાપ ભોગવવો પડયો, અને દુઃખ ઉત્પન્ન થયાનું જાણી આપને દુઃખ થયું એ મારી ઉપરની આપની કૃપાનો પ્રભાવ છે. સ્વામિન ! આપણે દુઃખને વિષે પડયા છતાં પણ સુખમાં સ્થિત થયા એ સર્વે પુત્રના પુન્યનો પ્રભાવ સમજવો; ધન્ય છે તે ગુરૂ મહારાજને કે જેણે આપને સદ્બુદ્ધિ આપી. અને તેમનાં દર્શન કરાવો.

રાજા:—'આપણે પ્રાતઃકાળે વંદન કરવા જઈશું.'

એ પ્રમાણે સ્નેહાલાપ કરતાં રાત્રી ક્ષણરૂપ જણાઇ, પ્રભાતે દંપતિ સર્વ સમૃદ્ધિ સાથે મુનિ મહારાજાને વંદન કરવા આવ્યાં, ત્યાં જઇ ગુરૂપાદને પરમ ભક્તિપૂર્વક વંદન કરી અનુક્રમે યથોચિતસ્થાને સર્વે બેઠા; તે સમયે ગુરૂ મહારાજને શીલ મહાત્મ્ય દર્શિની દેશના આપવી શરૂ કરી:—

शीलंप्राणभृतां कुलोदयकरं शीलं वपु र्भूषणं,
शीलंशौचकरं विपद्भयहरं दौर्गत्यदुःखापहं;
शीलंदुर्भगतादिकंददहनं चिंतामणीःप्रार्थितो,
व्याघ्र व्याल जलानलादि शमनं स्वर्गापवर्गप्रदं.

ભાવાર્થ:—પ્રાણિઓને શીલ, કુળનો ઉદય કરનારૂં, શરીરને ભૂષણરૂપ પવિત્રતા કરનારૂં, વિપત્તિ અને ભયને હરનારૂં, દુર્ગતિ અને દુઃખનો નાશ કરનારૂં, દુર્ભાગ્યાદિ કંદનો દહન કરનારૂં, પ્રાર્થના કરેલ ચિંતામણી સરખું, વ્યાઘ્ર, સર્પ, જળ અને અનળના ઉપસર્ગને શમન કરનારૂં, અને સ્વર્ગ મોક્ષ આપનારૂં છે.

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रेमषीकूर्चक,
श्चारित्रस्य जलांजलि र्गुणगणारामस्य दावानलः;
संकेतःसकलापदां शिवपुरद्वारे कपाटोदृढः,
शीलं येन निजं विलुप्त मखिलं त्रैलोक्य चिंतामणिः.

ભાવાર્થ:—જે પ્રાણિઓએ ત્રણ ભુવનને વિષે ચિંતામણિ સદૃશ પોતાના શીલનો લોપ કર્યો છે, તેણે જગતને વિષે અપકીર્તિ-પટહ વગડાવ્યો છે, ગોત્રને વિષે મષીનો કુર્ચો લગાવ્યો છે. ચારિત્રને જલાંજલિ દીધી છે, ગુણ સમુહરૂપ આરામને વિષે દાવાનળ લગાવ્યો છે, સર્વ આપત્તિની સાથે સંકેત કર્યો છે અને મોક્ષ નગરનાં દ્વાર વાસી દીધાં છે.

हरति कुलकलंकं लुंपते पापपंकं,
सुकृत मुपचिनोति श्लाघ्यतामातनोति;
नमयति सुरवर्गं हंति दुर्गोपसर्गं,
रचयति शुचिशीलं स्वर्गमोक्षौ सलीलं

ભાવાર્થ:-નિર્મળ શીલ કુળની મલિનતાનો નાશ કરે છે, પાપરૂપી કાદવનો લોપ કરે છે, પુણ્યની વૃદ્ધિ કરે છે, શ્લાઘ્યતાનો વિસ્તાર કરે છે, દેવ સમૂહને નમાવે છે, ભયંકર ઉપદ્રવનો નાશ કરે છે અને સહજ માત્રમાં સ્વર્ગ અને મોક્ષ આપે છે.

तोयत्यग्नि रपि स्रजत्यहि रपि व्याघ्रोऽपि सारंगति,
व्यालोऽप्यश्वति पर्वतोऽप्युपलति क्ष्वेडोऽपि पीयूषति;
विघ्नोऽप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां,
नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावा द्ध्रुवं.

ભાવાર્થ:-શીલના પ્રભાવથી મનુષ્યને અગ્નિ જળરૂપ થાય છે, સર્પ માળારૂપ થાય છે, વ્યાઘ્ર હરણરૂપ થાય છે, દુષ્ટ ગજ અશ્વરૂપ થાય છે; પર્વત પાષાણસદૃશ થાય છે, વિષ અમૃતસમાન થાય છે, વિઘ્ન ઉત્સવરૂપ થાય છે, શત્રુ મિત્રરૂપ થાય છે, સમુદ્ર ક્રીડા કરવાના સરોવરરૂપ થાય છે, અને અટવિ પોતાના ગૃહરૂપ થાય છે.

રાજન ! શીલનું અદ્ભુત મહાત્મ્ય તો અહીં પ્રગટજ છે. જો પ્રિયા કલાવતી શીલવતી હતી તો તેના પ્રભાવથી છેદન કેલા હસ્ત નવીન પ્રગટ થયા; માટે મનુષ્યને શીલ એ પરમ ભૂષણ છે.

વળી હે રાજન ! પ્રાણિને જો સમ્યકત્વરૂપી પવન સહાય હોય તો અગાધ કર્મરૂપ સમુદ્રનો ક્ષણમાત્રમાં પાર પામે છે, એ એકજ નહિ પરંતુ દિવ્ય ભોગ, સુરનરાદિની રિધ્ધિ અને વિશેષ પ્રકારની વિદ્યા પ્રાપ્ત થાય છે; પરંતુ સમ્યકત્વની પ્રાપ્તિ એજ દુર્લભ છે. સમ્યકત્વરૂપ મહારત્ન જો હૃદયાંતરે પ્રકાશિત હોય તો વિજ્ઞ પુરૂષો દેવ ગુરૂ ધર્મરૂપ તત્વત્રયી સમ્યક પ્રકારે જાણે છે. સમ્યકત્વ એજ સર્વ ધર્મનું મુળ છે. માટે તે પ્રાપ્ત કરવા સર્વ ભવ્યજનોએ ઉદ્યુકત થવું."

ઇત્યાદિ ધર્મદેશના શ્રવણ કરી મહાદ્રઢ મિથ્યાત્વ ગ્રંથિનો ભેદ કરી મિથ્યાત્વથી નિર્મુકત થયેલો રાજા બોલ્યો:-'હે વિભો તમે નિરંતર ઉદ્યાતકારી સાક્ષાત રત્નત્રયી જેવી વિશદ રત્નત્રયી બતાવી તે વિવેકી પુરૂષોએ અવશ્ય અંગીકરણીય છે. પરંતુ હે ભગવાન ! નિગડસદૃશ અપત્યસ્નેહ મારાથી દુ:ત્યાજ્ય છે, માટે મારી શકિત અનુસાર મને ગૃહીધર્મ આપો.' તેવારે કરૂણારસસાગર ગુરૂમહારાજાએ તે દંપતિને સમ્યકત્વ મુલ શ્રાદ્ધ ધર્મ અંગિકાર કરાવ્યો; પછી ગુરૂ મહારાજને નમસ્કાર કરી હૃષ્ટ થયેલ દંપતિ હસ્તિ ઉપર બેસી નગર તરફ ચાલ્યા.

હવે રાજા કલાવતીસહિત આવે છે એવા સમાચાર સાંભળીઆખા નગરને વિષે સ્ત્રી પુરૂષો આનંદ પામ્યાં, માંગલિક વાજિંત્રોનો નાદ આકાશને વિષે પ્રસર્યો અને પ્રગટપણે જાણે મહા સતિના મહાત્મ્યની ઉદ્‌ઘોષણા કરતા હોય તેમ પ્રતિદ્વારે તોરણો બંધાયાં તથા ધ્વજાઓ ફરકી, સર્વ સ્ત્રી પુરૂષો રાજા રાણીનાં દર્શન કરવાને માર્ગમાં એકત્ર થયાં, કેટલીએક સ્ત્રીઓ તો જાણે તેના અપયશરૂપી અમંગળનું ક્ષાલન કરતી હોય તેમ કલાવતીને કુસુમાંજલી કરવા લાગી, કેટલીએક સ્ત્રીઓ

સન્માનપૂર્વક "હે માત! તારો જય થાઓ! તારો પુત્ર દીર્ઘાયુ થાઓ!" એવાં આશીર્વચન બોલવા લાગી; રાજાએ દીન જનોને દાન વિગેરે ઘણાં સત્કાર્યો કર્યાં, રાજા મનુષ્યો નિર્ધન થયો, કેમ અશ્રુતાંગી પ્રાપ્ત થઇ અને પુત્રની ઉત્પત્તિ થઇ, વિગેરે ઘરે ઘરે ઉપર લોકોની વધામણી સાંભળી નગરને વિષે મોટો ઉત્સવ થઇ રહ્યો; ગીત, નૃત્ય અને વાજિંત્રોએ કરીને સ્થાને સ્થાને તે નગર રમણિક થઇ પડ્યું.

એમ આનંદમાં અગ્યાર દિવસ વિત્યા પછી બારમે દિવસે સ્વજન વર્ગને એકઠા કરી રાજાએ, કુમાર ગર્ભમાં આવ્યો તે સમયે કલાવતીએ પુર્ણ કળશ સ્વપ્નમાં જોયો હતો, તે ઉપરથી પૂર્ણકળશ એવું કુમારનું નામ પાડ્યું, અને તે દિવસે સર્વને ઉત્તમ પ્રકારના ભોજનથી તૃપ્ત કર્યાં. એ પ્રમાણે સુખમાં કેટલોએક કાળ નિર્ગમન કર્યા પછી સદ્ગુરૂની સંગતિથી શાસ્ત્ર શ્રવણને વિષે આસક્ત, વિષયાશાથી મુક્ત, સંતોષામૃતથી તૃપ્ત અને ધર્મ કર્મમાં દ્રઢ તે દંપતિએ અનષ્ટસ્વરૂપ ચોથા બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. ગુરૂ વાણીરૂપ જળને સિંચવાથી તેના મનરૂપી ભૂમિને વિષે વિવેક બીજથી ઉત્પન્ન થયેલું સમ્યક્ત્વ વૃક્ષ પ્રૌઢતર થયું. તે વૃક્ષ શમદમાદિ ગુણરૂપ શાખા અને પુણ્ય સંસ્કારરૂપ પત્રોએ સંયુક્ત તથા સુબુદ્ધિરૂપ પુષ્પોથી મનોહર હોઇને કુસુમિતવાળું થયું.

પછી નિરંતર ધર્મકાર્યને વિષે તત્પરતાવાળા શંખ રાજાએ જુનાં ચૈત્યોનો ઉદ્ધાર કર્યો, કેટલાએક નવીન ચૈત્યો બંધાવી તેમાં જીનબિંબની પ્રતિષ્ઠા કરી, અને જીનેંદ્ર ભગવંતની મોટા આડંબરથી પુજા કરી; મુનિ મહારાજાને નમન, અને વંદનપૂર્વક અશન, પાન, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઔષધાદિક વડે ઘણી સારી રીતે પ્રતિલાભવા લાગ્યો; દુઃખી સ્વધર્મીઓનો ઉદ્ધાર કર્યો, કારાગૃહીઓને બંધથી મુક્ત કર્યા, અને જિનમતના પ્રતિપક્ષીઓનું નિવારણ કર્યું; એમ જિનેંદ્રપ્રણીત ધર્મનું પાલન કર્યું.

એક દિવસ ધર્મજાગરણ કરતાં પોતાના મુખે રાજા

ત્યાર બાદ રાત્રિને વિષે રાજા આ પ્રમાણે વિચારવા લાગ્યો. અહો ! શરીર અને મન સંબંધિ અનેક પ્રકારના દુઃખરૂપ જળથી વ્યાકુળ એવો આ સંસારસમુદ્ર દુસ્તર છે; આશ્રયને દેન કરનાર, પુણ્ય પુષ્ટ, અને શુભમતિએ સંભૂત અદ્દભેતરૂપ યાન (વહાણ) વિના તેનો પાર કેમ પમાય ! ધર્મ સંબંધિ સંપૂર્ણ સામગ્રી નરભવ વિના પ્રાપ્ત થતી નથી; સિદ્ધાંતને વિષે મનુષ્યભવ દશ દ્રષ્ટાંતે દુર્લભ કહેલો છે; કદાચ કોઇ શુભ કર્મના યોગે તે પ્રાપ્ત થાય તો ધર્મશ્રવણ એ દુર્લભ છે, અને ધર્મ સાંભળવાનો યોગ બને તોપણ તે પ્રમાણે આચરણ કરવાની ચાતુરી ન હોય, એ સર્વ સામગ્રી પ્રાપ્ત થાય ત્યારેજ મનુષ્ય જન્મ સાર્થક થાય; આવો મનુષ્ય જન્મ અને આવી સામગ્રી પ્રાપ્ત થયા છતાં હું કાંઇ કરી શકયો નહિ; માતા, પિતા, પુત્ર અને સ્વજન એ સર્વે સંસારમાં પાશરૂપ છે; તારૂણ્ય અને ધન ધાન્યની આશા સ્વપ્નની પેઠે વિનશ્વર છે; દારા નરકરૂપી કારાગૃહપ્રત્યે લઇ જનાર છે, અને રાજ્ય દુર્ગતિનું કારણ છે; વિષયો વિષતુલ્ય છે, શિવ લક્ષ્મીનો સમાગમ કરાવવાને તો સંયમ એજ એક છે; માટે સર્વ સંગનો ત્યાગ કરી સંયમ અંગિકાર કરવું. ' એ પ્રમાણે વિચારી કલાવતીને પુછયું. ત્યારે રાણી બોલીઃ—' મહારાજા ચિરંકાળપર્યંત ભોગ ભોગવ્યા, રાજ્ય પણ કર્યું અને ધુરંધર પુત્ર થયો, સાંપ્રતકાળે આપણે ચારિત્ર ગ્રહણ કરવું એજ શ્રેષ્ઠ છે, આ જન્મને નિઃસાર જાણી સારભુત સંયમ અંગિકાર કરી આપણે નિરતિચાર વ્રત પાળવું એજ યુક્ત છે.

રાજર્ષિએ પોતાનો મત અંગિકાર કર્યો એટલે ઉત્સાહવંત નૃપતિએ મંત્રી વર્ગને બોલાવી પુર્ણકળશ કુમારને રાજ્યાભિષેક કર્યો, જિન મંદિરોને વિષે ઉત્સવ મંડાવ્યો, યતિ શ્રેષ્ઠ અને ધાર્મિકની બહુ પ્રકારે યથોચિત પુજા કરી, બંધીવાનને છોડી દીધા, યાચક વર્ગને સંતોષ પમાડયો; એમ આઠ દિવસ પર્યંત ઉત્સવ કરવા સાથે જન સમુહનો નાના પ્રકારના ભોજના

દિ પદાર્થોવડે સતકર કર્યો; તે સમયે ઉદ્યાન પાલકે આવીને ભુપતિ પ્રત્યે વિજ્ઞપ્તિ કરી કેઃ-'સ્વામિન્ ! ઘણા મુનિજને પરિવૃત અમિતતેજ નામના ગુરૂ મહારાજ ઉદ્યાનને વિષે આવ્યા છે.' તે સાંભળી પ્રમોદિત થયેલા રાજાએ તેને વધામણીમાં ઘણું દ્રવ્ય આપ્યું. પછી સર્વ ઋદ્ધિ અને પરિવારેયુક્ત રાજા કલાવતીને સાથે લઇ સુરિવર સમીપે ગયો; ત્યાં પંચાભિગમન પુર્વક ગુરૂશ્રેષ્ઠને વંદન કરી ધર્મદેશના સાંભળી. પછી અવસર પામીને રાજાએ સુરિપ્રત્યે વિજ્ઞપ્તિ કરી કેઃ-ભગવાન ! દેવી કલાવતીએ પુર્વે શું દુઃકૃત્ય કર્યું હતું, જેથી મેં નિરપરાધે તેણીના હસ્ત છેદાવ્યા. '

તેવારે ગુરૂ બોલ્યા.—'રાજન ! તેનો પુર્વભવ સાંભળ. મહાવિદેહ ક્ષેત્રને વિષે મહેંદ્રપુર નામે નગર છે, તે નગરનો વિક્રમતુલ્ય પરાક્રમવંત નરવિક્રમ નામે રાજા હતો, તેને સત્ શીલાચરણવાળી લીલાવતી નામે પટ્ટરાણી હતી, તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલી એક સુલોચના નામે પુત્રી હતી તે પુત્રી અનુક્રમે મન્મથના કેલિવનરૂપ યૌવનને પામી, તેણીનું મુખ પુર્ણીમાના ચંદ્રસમાન હતું, અધરને વિષે અમૃત હતું, દંતપંક્તિ મણિશ્રેણિ સમાન લાગતી, કાંતિ લક્ષ્મી સમાન જણાતી, ગમન હસ્તિ સમાન હતુ, પરિમલ પારિજાતક સદસ હતો, વાણી કામદુઘા સમાન હતી, કટાક્ષ બાણ કાલકુટ વિષસમાન હતા તેથી જાણે દેવતાઓએ તેને માટેજ ક્ષીરસમુદ્રનું મંથન કર્યું હોય તેવો ભાસ થતો હતો.

> સ્વભાવતો વહુ કુતુહલ કેલિ લીલાઃ ।
> મદ્ધર્મ કર્મ નિરતાઃ મુરતાઃ મુશીલાઃ ॥
> શ્રોદમ્બરાતિ વિશદાઽન્યકુતાવકીલાઃ ।
> પ્રાયો ભવંતિ મહદેપુ કુલેષુવાલાઃ. ॥

અર્થઃ—પ્રાયે સ્વભાવથી બહુ કુતુહલેયુક્ત ક્રીડાની લીલાવાળી, સુધર્મકર્મને વિષે તત્પર પ્રીતિવાળી, સતીપણાની અને

ઉત્પન્ન થતા મદના ઉન્મત્તપણાએ બીજાની અવહેલા કરનારી ભાગ્યાઓ સર્વ ગુરુજનને વિષે થાય છે.

એકદા નૃપતિના ઉત્સંગને વિષે તે કુમારી બેઠી હતી, તે સમયે કોઇ પુરૂષે આવી રાજાને સુંદર આકારવાળો, વિચિત્ર, ભાષા બોલવામાં ચતુર એક પોપટ ભેટ કર્યો; રાજાએ તેને પોતાના હસ્ત ઉપર સ્થાપન કરી બોલાવ્યો; તેવારે જન્મથી દક્ષ એવો તે પોપટ પણ દક્ષિણ ચરણ ઉપાડી હર્ષપુર્વક બોલ્યો:—

> त्वद्वारि तारि तरुणीस्वसिता निलेन,
> संमूर्छितेषु चमदोदधिषु क्षितीश
> अंतर्स्फुरत् गिरिपरस्परशृंगपातोद्,
> घातारवैस्तवरिपोरपयानिनिद्रा.

અર્થ:—હે ક્ષિતીશ! તેં વિદારણ કરેલી શત્રુની સ્ત્રીઓના શ્વાસોશ્વાસના પવનવડે મહોદધિ ઉછળતે છતે તેમાં રહેલા પર્વતો અફડાવાથી પડેલા શિખરવડે ઉત્પન્ન થયેલા શબ્દથી તારા શત્રુઓ નિદ્રારહિત થાય છે.

પોપટના એ પ્રમાણે બોલવાથી રંજિત થઇ રાજાએ પોપટ લાવનારને ઘણું દ્રવ્ય અને શરિરનાં આભુષણો આપી વિદાય કર્યો, પછી તે પોપટ રાજાએ કુંવરીને આપ્યો; કુંવરીએ હર્ષિત થઇ પોતાના વાસભુવન પ્રત્યે જઇ સુવર્ણપંજરને વિષે તેને રાખ્યો; નિરંતર દાડમ, દ્રાક્ષ, ચારોળી, અંજીર વિગેરે નાના પ્રકારનાં ફળફળાદિ ખવરાવતી અને સાકરમિશ્રિત જળનું પાન કરાવતી; કોઇ દિવસ તેને પાંજરાને વિષે રાખે, કોઇ દિવસ પોતાના ખોળામાં બેસારે અને કોઇ દિવસ વિવિધ પ્રકારની વાણી બોલતાં શીખવે; વળી પોતાને આસને તેને બેસારે, પોતાની પથારીએ તેને સુવાડે, પોતાની સાથે જમાડે અને પોતે જ્યાં જ્યાં ક્રીડા કરવા જાય ત્યાં ત્યાં સાથે લઇ જાય, એમ પોતાના આત્માની પેઠે તે પોપટને ક્ષણમાત્ર પણ અળગો ન રાખે. એક દિવસ ઘણી સખીઓએ પરિવૃત્ત રાજપુત્રી પંજરસ્થ પોપટને સાથે લઇ નગરની સમીપે કુસુમાકર નામના ઉદ્યાનને વિષે ગઇ,

ત્યાં નરકાદિપાત વારણ-સિદ્ધિ વધુ સંગમ કારણ લોચનને સુધારસના પારણા સમાન એક જિનાલય જોયું, તે જિનપ્રાસાદમાં પ્રવેશ કરી શ્રી સીમંધર સ્વામીને જોઈ સુલોચના અત્યંત હર્ષ પામી; અને વારંવાર વંદન કરવાપુર્વક સ્તુતિ કરવા લાગી.

जगज्जंतु निस्तारणे यानपात्रं शमाराम विश्राम संलीन चित्तं;
नतानेकनाकीन्द्र पादार विंदं स्तुवे स्वामी सीमंधरं देवदेवं.

ભાવાર્થ:--જગતના પ્રાણિઓનું નિસ્તારણ કરવાને યાન પાત્ર સમાન, શમરૂપી આરામને વિષે વિશ્રામ લેવામાં લીન ચિત્તવાળા અને જેના ચરણકમળ પ્રત્યે અનેક ઇંદ્રોએ નમસ્કાર કર્યા છે, એવા સીમંધર પ્રભુની હું સ્તવના કરૂં છું. પોપટ પણ જિનેશ્વર ભગવંતની મુર્તી જોઇ ચિત્તમાં ચિંતવવા લાગ્યો:-'અહો ! આજ મારો જન્મ સફળ થયો ! આજ મારૂં પુન્ય જાગ્રત થયું ' જેથી મને જિનેશ્વર ભગવંતનાં દર્શન થયાં, આવું સ્વરૂપ મેં પુર્વે કોઇ વખત જોયું છે. ' એમ ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, પુર્વભવ જોયો અને જાણ્યું કે પુર્વે હું સાધુ હતો, અનેક શાસ્ત્ર પઠન પાઠનને વિષે સાવધાન અને પુસ્તક ઉપધિ સંગ્રહણમાં તત્પર હતો, પરંતુ સંયમ ક્રિયાને વિષે શિથિલ આદરવાળો થઇ મેં વ્રત વિરાધિત કર્યું, અને પ્રાંતે માયા કરવાથી કાળ કરી અહિં કીર થયો. પુર્વ ભવના અભ્યાસથી તિર્યંચના ભવને વિષે પણ મને જ્ઞાન થયું; પરંતુ મને ધિક્કાર છે કે જ્ઞાનદીપ હસ્તને વિષે છતાં પણ અજ્ઞાનરૂપ અન્ધકારથી અંધ થઇ, ચારિત્રરૂપ ચરણથી સ્ખલિત થઈ ભવરૂપી ખાડાને વિષે પડયો. પરંતુ તિર્યંચભવને વિષે પણ પુન્યના પ્રભાવથી આજ મને જગત્સ્વામી જિનેશ્વરનાં દર્શન થયાં, હવે આજથી જિનેશ્વરનાં દર્શન કર્યા શિવાય હું ચારો નહિ લઉં. ' એમ પોતાના મનમાં નિશ્ચય કર્યો. તે સમયે સુલોચના પણ જિનેશ્વરને વંદન નમસ્કાર કરી બહાર નિકળી અને શુકવિભુષિત પંજર લઇ પોતાના આવાસ પ્રત્યે ગઇ.

બીજે દિવસે નૃપપુત્રી શુકને પંજરથી બહાર કાઢી ભોજન કરવા બેઠી, તેટલે પોપટ ' नमो अरिहंताणं ' એમ બોલી જિનેશ્વરનાં દર્શન કરવાને બહારના ઉદ્યાન તરફ ઉડી ગયો; ત્યાં ભગવંતને પંચાંગપ્રણિ પુર્વક નમસ્કાર કરી ફળાહાર કરતો ઉદ્યાનમાં સ્વેચ્છાએ ફરવા લાગ્યો. અહીં સુલોચના તેના વિયોગથી દુઃખિત થઇ અત્યંત રૂદન કરવા લાગી, તેથી ઘણા લોકો પોપટને શોધવા નિકળ્યા, તેઓમાંના કોઇએ કુસુમાકર ઉદ્યાનમાં ગુપ્તપણે રહી પોપટને પાશજાળે પકડી રાજપુત્રી સમીપે આણ્યો; તેવારે કુંવરી તેને મદન કરી ક્રોધથી રક્ત લોચનવાળી થઇ બોલી:-' રે ધુર્ત ! મને ઠગી સ્વેચ્છાએ ઉડીને તું વનમાં ગયો ! યાદ કર હવેથી તને બહાર જવાજ નહિ દઉં,' એમ કહી તેની ગતિનો ભંગ કરવાને માટે તેની પાંખો છેદી નાંખી, અને પછી કારાગ્રહનીપેઠે પાંજરામાં નાંખ્યો. પોપટ પણ મનમાં વિચારવા લાગ્યો કે:-' અહો ધિક્કાર છે આ પરાધિનતાને કહ્યું છે કે:—

हठःर्मचरं कार्यं कार्यंते मार्यंतेपिच ।
नःकारास देमीयां तत्वदाहःपारवश्यतां ॥

અર્થઃ—હઠથી અતિ નીચકાર્ય કરવું પડે છે, માર ખાવો પડે છે, તેથી પરાધિનતા નરકાવાસ સરખી કહી છે.

મેં પુર્વભવે મુનિપણાને વિષે સ્વાધિનપણે પ્રમાદથી ક્રિયા અનુષ્ઠાન ન કર્યા તેનું આ ફળ છે, અથવા આતો શું દુઃખ છે, પરંતુ ભવાંતરને વિષે અનેક પ્રકારની વિટંબના સહન કરવી પડશે. આ ભવને વિષે વિતરાગના વદનકમળનું અવલોકન કરવા નહિ પામું.' એમ ચિંતા કરતો અત્યંત દુઃખિત થયો. પુનઃ પોતાના મન સાથે વિચારવા લાગ્યો કે:-' હે આત્મા ! હવે શોકને છોડી દે, કારણ કે શોકથી નિવડકર્મનો બંધ થાયછે; વળી મારે જિનદર્શન વિના ભોજન કરવાનો નિયમ છે, માટે હવે અનશન કરૂં.' એમ વિચારી અનશન કરી પંચપરમેષ્ટીનું સ્મરણ કરવા લાગ્યો. એ પ્રમાણે કરતાં પાંચમે દિવસે મૃત્યુ

પામી સૌધર્મ દેવલોકે મહાન ઋદ્ધિવાળો દેવ થયો. સુલોચના પણ તેના દુઃખથી દુઃખિત થઇ અનશન કરી સમાધિમાં મૃત્યુ પામી તેજ દેવની દેવાંગના થઇ. ત્યાં વૈષયિક સુખ ભોગવી અનુક્રમે ચવી પોપટનો જીવ તું શંખ રાજા થયો, અને સુલોચના તારી અગ્રમહીષી કલાવતી થઇ. માટે હે રાજા પરમાર્થથી તો પ્રાણિ સ્વકૃત શુભાશુભ કર્મનાં ફળ ભોગવે છે, કોઇ કોઇને સુખ દુઃખનો કર્તા નથી, પુર્વ ભવે સુલોચનાએ પોપટની પાંખો છેદી, તે વેરથી આ ભવમાં તેં કલાવતીના હસ્ત છેદાવ્યા. કહ્યું છે કેઃ—

कृत कर्म क्षयो नास्ति कल्प कोटि शतैरपि;
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभं.

ભાવાર્થઃ-સેંકડો અને કોટિ કલ્પે કરેલાં કર્મનો ક્ષય થતો નથી, કારણ કે કરેલાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં પડે છે.'

એ પ્રમાણે ગુરૂના મુખથી પુર્વભવ સ્વરૂપ શ્રવણ કરી સંસારને અસાર જાણી વૈરાગ્ય વાસિત અંતઃકરણવાળા તે દંપતિ હસ્તકમળ જોડી આચાર્યપ્રત્યે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા.—"હે પ્રભો ! સંસાર સમુદ્રમાં પડેલા જે અમે તમને સત્ફલક, અને સિતપટવાળી દિક્ષારૂપી આપો.'

ગુરૂએ કહ્યું-'તત્વજ્ઞાનને સમજનાર તમારા જેવાએ તેમ કરવું એજ યુક્ત છે; કારણ કે ઘરમાં અગ્નિ લાગ્યા છતાં કોણ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુનો ઉધ્ધાર ન કરે. હે રાજન ! શુર પુરૂષોમાં તુંજ શુરવીર છે, જેથી આ પ્રમાણે પ્રવૃજ્યા લેવાને ઉત્સુક થયો.

એમ કહી આચાર્યે કલાવતીસહિત શંખરાજાને દિક્ષા આપી અને ગ્રહણ આસેવન પ્રમુખ શિક્ષાનો બોધ આપ્યો; શંખરાજર્ષી શ્રુતાભ્યાસ કરતા ગુરૂની સાથે પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા; શમામૃત કુંડને વિષે નિમગ્ન થઇ અનેક પ્રકારના ઉપસર્ગથી પણ ઉદ્વેગ નહિ પામતાં પોતાના આત્માને રાજરાજેશ્વર કરતાં અધિક માનવા લાગ્યા; ચારિત્રનું આરાધન કરવામાં

પોતાનું સર્વે સામર્થ્ય વાપરવા લાગ્યા; યતનાએ બેસવું, યતનાએ ચાલવું, યતનાએ બોલવું, યતનાએ સુવું વિગેરે સર્વ કાર્ય યતનાપુર્વક કરવા લાગ્યા. એમ બહુ કાળપર્યંત શુદ્ધ ચારિત્ર પાળી પ્રાંતે અનસન કરી, સમાધિમાં મૃત્યુ પામી સૌધર્મ દેવ લોકે પાંચ પલ્યોપમના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા. કલાવતી સાધ્વી પણ તેજ પ્રમાણે ચારિત્ર પાળી મૃત્યુ પામી તે દેવની દેવીપણે ઉત્પન્ન થઇ.

વાંચનાર ! કલાવતીના ચમત્કારિ ચરિત્ર ઉપરથી બોધ લે વાનો છે કે, શીલ એ મનુષ્યનું પરમ ભુષણ છે; શીલથી સર્વ પ્રકારના ઉપસર્ગનો નાશ થાય છે અને શીલથી વાંછિતાર્થની સિધ્ધિ થાય છે; માટે જેમ બને તેમ શીલશાળી થવાને ઉધ્ધુકત થવું. શંખરાજાનું અને પદ્મરાજાનું દ્રષ્ટાંત લઇ એકદમ ક્રોધને તાબે થઇ સાહસ કરતાં ડરવું, બીજા જે જે શિક્ષા વચનો અને શિક્ષા દ્રષ્ટાંતો છે તે વાંચી સાર ગ્રહણ કરવો, અને શંખરાજા તથા કલાવતી રાણી સર્વ ઋધ્ધિનો ત્યાગ કરી શુધ્ધ ચારિત્ર ગ્ર હણ કરવાને ઉદ્યમવંત થયાં એટલુંજ નહિ પણ ગ્રહણ કરી પુર્ણ ભાવે પાળી દેવગતિને પામ્યા; એમ વિચારી ચારિત્ર ગ્રહ ણ કરવાને ઉદ્યુક્ત થવું, જેથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય.

ઇતિ કલાવતીની કથા.

મૃગાપુત્રની કથા.

આંબા અને રાયણ વિગેરે મોટાં વૃક્ષોવડે શોભિત એવાં વન, અને ક્રીડાકરવા યોગ્ય એવાં રમ્ય ઉદ્યાનોએ કરી વિરાજિત એવા સુગ્રીવનામા નગરને વિષે બળભદ્ર નામે રાજા હતો, તેને મૃગાવતી નામની અગ્રમહિષી (પટરાણી) હતી; તે બળભદ્ર રાજાની મૃગાવતી રાણીને એક પુત્ર થયો, માતાપિતાએ તે પુત્રનું બળશ્રી નામ પાડ્યું; પરંતુ લોકોમાં તે મૃગાપુત્ર નામથી ઓળખાતો હતો. મૃગાપુત્ર માતા પિતાને અત્યંત વલ્લભ તેમજ યુવરાજ પદવીને પામેલો અને કુમાર અવસ્થામાં પણ ઇંદ્રિયોને અધિક વશ રાખનારો હતો, અથવા આવતા કાળમાં તે મૃગાપુત્ર સર્વ સાધુઓમાં ઉત્કૃષ્ટ થવાના છે, માટે હતું તેમને દ્રવ્ય નિક્ષેપે દમીશ્વર કહેલા છે. "જેમ જિનેશ્વરના જીવને દ્રવ્યજિન કહેવાય છે, તેમ આ મૃગાપુત્ર પણ દમીશ્વર જાણવા."

તે મૃગાપુત્ર વાસ્તુક શાસ્ત્રમાં કહેલા લક્ષણે કરી યુક્ત એવા મહેલને વિષે દોગુંદક નામના દેવો, જે ઇંદ્રને પુજવા યોગ્ય છે એવા ત્રાયસ્ત્રિંશક દેવોની પેઠે પોતાની સ્ત્રીઓ સાથે નિરંતર અત્યંત હર્ષસહિત ક્રીડા કરે છે, વળી મણિરત્ને કરી છાબંધ કરેલા ભોંયતળિયાવાળા પોતાના મહેલના ગોખને વિષે બેઠા થકી, જ્યાં ત્રણ રસ્તા એકઠા થાય છે એવા ત્રિક અને ચાર રસ્તા એકઠા થાય છે એવા ચોકને વિષે થતાં કૌતકોને જુએ છે.

તેવા સમયને વિષે ત્રિક અને ચોકને વિષે વિચરતા એવા છજીવોની યત્ના કરતા બાર પ્રકારે બાહ્યાભ્યંતર તપ કરનારા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે કરી અભિગ્રહ ધારણ કરનારા, સત્તરભેદે સંયમ પાળનારા, અઢાર હજાર શીલાંગરથના ધોરી અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ગુણની ખાણ એવા વિતરાગના મુનિને તે મૃગાપુત્રે દીઠા; મુનિને દેખી મૃગાપુત્ર એકી

નજરે જોઇ રહી વિચારવા લાગ્યા કે.–આવું રૂપ મેં પુર્વે ક્યાં
ક દીઠું છે, એટલે આવા મુનિને મેં પુર્વે ક્યાંઇક દીઠેલા છે;
એમ ધારી તેમનું મન અતિશે હર્ષિત થયું; એટલુંજ નહીં
પરંતુ તે મુનિ સાથે જાણે તેમને પુર્વનો પરિચયજ હોય નહીં!
તેમ માનવા લાગ્યા. તે સાધુનું દર્શન કરવાથી મૃગાપુત્રને શુભ
અધ્યવસાયમાં મુર્છા આવે થકે પુર્વ ભવને જણાવનારૂં એવું
જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન
થવાથી એવી રીતે દીઠું કે. હું દેવલોકથી ચવીને મનુષ્યભવમાં
આવ્યો છું; વળી પોતાની પાછલી જાતિ સંભારતાં એવું દેખા
યું કે પુર્વે મેં ચારિત્ર પાળ્યું હતું. એવી રીતે પુર્વ ભવની ક-
રણી માલમ પડવાથી વિષય ઉપર અપ્રીતિ કરતા અને સંયમ
ને વિષે પ્રીતિ કરતા એવા મૃગાપુત્ર માતા પિતા પાસે આવીને
આ પ્રકારનાં વચન બોલવા લાગ્યા:—

હે માતા પિતા! મેં પુર્વભવને વિષે પંચમહાવ્રત સાંભ-
ળ્યાં છે, તથા નરક અને તિર્યંચયોનીને વિષે મેં ઘણાં દુઃખ ભો-
ગવ્યાં છે, તે પણ સાંભરી આવ્યાં છે, તે કારણ માટે હવે મા-
રૂં મન વૈરાગ્યવાન થવાથી વિષય સુખ ઉપરથી મારી ઇચ્છા
ઉઠી ગઇ છે, તેથી મોટા સંસાર સમુદ્રથકી હું તરીશ; તે કાર-
ણ માટે હે માતા પિતા! તમે મને દિક્ષા લેવાની રજા આપો.
હે માતા પિતા! કિંપાકવૃક્ષના ફળનીપેઠે પ્રથમ ભોગવતાં મીઠા
અને પરિણામે કડવા વિપાકવાળા તેમજ નિરંતર દુઃખદાયક
એવા ભોગ મેં પુર્વે ભોગવ્યા છે, હે માતા પિતા! આ શરિર
અનિત્ય અશાશ્વત અને અપવિત્ર તેમજ અશુચીમાંથી ઉત્પન્ન
થએલું છે, વળી તે શરીરમાં આ જીવ થોડાકાળ સુધી રહેવા
નો છે, અને તે દેહ જન્મ, જરા અને મૃત્યુરૂપ દુઃખનું અથવા
દુઃખકારક એવા કલેશોનું એટલે રોગોનું ઘર છે. હે માતા
પિતા! અશાશ્વત એવા, તથા સુખ ભોગવ્યા પહેલાં અથવા
પાછળ ત્યાગ કરવા યોગ્ય એવા અને પાણીના પરપોટાની પેઠે
ક્ષણભંગુર એવા આ શરીરને વિષે હું જરાપણ રતિ પામતો

નથી. હે માતા પિતા! અસાર એવા તથા કોઢ અને શુળાદિક વ્યાધિયો તથા વાત, પિત્ત, શ્લેષ્મ અને જ્વર વિગેરે રોગોના આવાસ એવા અને જરા તથા મરણથી ગ્રસ્ત એવા મનુષ્યપણાને વિષે એક ક્ષણમાત્ર પણ હું હર્ષ પામતો નથી. અહો! ઇતિ આશ્ચર્યે! નિશ્ચે આ સંસારમાં કેવાં કેવાં દુઃખો રહેલાં છે! જન્મનું દુઃખ, જરાનું દુઃખ, વળી ટાઢ, તાપ, અને વર્ષાકાળથી થતા રોગો, તેમજ મરણ વિગેરે અનેક દુઃખો છે, જે સંસારને વિષે ભ્રમણ કરતા એવા જીવો મહા કલેશને પામે છે. હે માતા પિતા! મારે પરવશપણાથી જરૂર ગામ નગર, વાડી, રહેવાનું ઘર, સોનું, રૂપું, પુત્ર, સ્ત્રી, બાંધવ, ભાઇ, પિતા અને સ્વજ્ઞાતિ જનોને ત્યાગ કરી અવશ્ય પરભવમાં જવું પડશે, એટલુંજ નહિ; પરંતુ આ શરીરને પણ ત્યાગ કરવું પડશે. હે માતા પિતા! જેમ કિંપાકવૃક્ષનાં ફળ દેખીતાં સુંદર અને ખાતાં મીઠાં લાગે તેવાં છે, પરંતુ પરીણામે વો પ્રાણને હરનારાં થાય છે, તેમ આ વિષયસુખ પણ ભોગવતાં તો મીઠાં લાગે છે, પરંતુ પરિણામે પ્રાણહારક છે. અર્થાત્-સંસારમાં પરિભ્રમણ કરાવનારાં છે. હે માતા પિતા! જે પુરૂષ ભાતુ લીધા વિના દુર ગામાંતરે જાય છે તે પુરૂષ ભુખ અને તરસથી પીડાઇને નિશ્ચે દુઃખી થાય છે, તે પુરૂષની પેઠે જે પુરૂષ ધર્મ કર્યાવિના ભવાંતરે જાય છે, તે પુરૂષ વ્યાધી અને રોગે કરી પીડાઇને દુઃખી થાય છે; અને જે પુરૂષ ભાતુ લઇને દુર ગામાંતરે જાય છે, તે પુરૂષ ભુખ અને તરસથી વિવરજીત થઇને સુખી થાય છે; તેની પેઠે જે પુરૂષ ધર્મ કરીને ભવાંતરે જાય છે તે પુરૂષ કર્મ અને વેદનાએ રહિત થઇને સુખી થાય છે. વળી જેમ કોઈ પુરૂષનું ઘર બળવા માંડયું તે વખતે તે ઘરનો માલેક પોતાની આજીવીકા ચલાવવા સારૂ સાર સાર વસ્તુઓને ઘરમાંથી બહાર કાઢી લે છે, અને અસાર વસ્તુઓને છોડી દે છે; તેમ જન્મ, જરા અને મરણે કરી બળતા એવા આ લોકને વિષે તમારી રજા મેળવીને હું મારા આત્માને તારીશ. તે કારણ માટે હે માતા પિતા! તમે મને દિક્ષા લેવાની આજ્ઞા આપો.

એ પ્રમાણે મૃગાપુત્રનાં વચનો સાંભળી માતા પિતા કહેવા લાગ્યાં કે:-હે પુત્ર! તેં કહ્યો એવો જે સાધુનો ધર્મ તે ઘણોજ દુષ્કર છે. કારણ કે સાધુને તો ચારિત્ર સંબંધી ઉપકાર કરનારા એવા મુળ અને ઉત્તરગુણરૂપ હજાર ગુણો ધારણ કરવા પડે છે. વળી હે પુત્ર! સાધુને સર્વ જીવો ઉપર સમભાવ રાખવો પડે છે, અથવા જગતને વિષે શત્રુ અને મિત્રને સરખા ગણવા પડે છે, અને જાવજ્જીવ સુધી પ્રાણાતિપાતની વિરતી કરવી પડે છે; તે કારણ માટે ચારિત્ર અતિ દુષ્કર છે. હે પુત્ર! હમેશાં અપ્રમાદપણે મૃષાવાદને છાંડવું પડશે, હિતકારક સત્ય વચન બોલવું પડશે અને ક્રિયાને વિષે નિત્ય સાવધાનપણે રહેવું પડશે, તે પણ દુષ્કર છે. હે પુત્ર! દાંત ખોતરવાની સળી માત્ર પણ તેના માલીકની રજા શિવાય લેવાય નહીં, વળી અનવદ્ય એટલે દોષ વિનાનો અર્થાત્ અચિત્ત તથા પ્રાસુક અને બેતાળી શ દોષરહિત એવો આહાર ગ્રહણ કરવો પડશે, તે પણ અતિ દુષ્કર છે. હે પુત્ર! અબ્રહ્મચર્યની વિરતિ કરવી, ઘોર એટલે ઘણા આકરા એવા બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવું અને પામેલા એવા કામભોગના સુખના સ્વાદથી નિવૃત્ત થવું એ સર્વ ઘણુંજ દુષ્કર છે. હે પુત્ર! ગ્રંથિથી ગણાય એવું ધન, ધાન્ય વિગેરે ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદાદિ પ્રેષ્યવર્ગ એટલે કામકાજ કરનાર ચાકર, તથા પશુ વિગેરે ઉપરથી મોહ ઉતારવો, સર્વ પ્રકારના આરંભનો પરિત્યાગ કરવો, અને હું કોઇનો નથી ને કોઇ મારૂં નથી એવું ચિંતવવું તે પણ અતિશે દુષ્કર છે. હે પુત્ર! અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વિગેરે ચાર પ્રકારના આહાર રાત્રિને વિષે ન કરવા એટલે રાત્રિભોજનનો ત્યાગ કરવો, તથા ઘી ગોળાદિકને યોગ્ય કાળ ઉપરાંત પોતાની પાસે રાખવા તે સંનિધિ સંચય કહેવાય; તે પણ ન કરવો એ સર્વ પણ દુષ્કર છે. હે પુત્ર! ક્ષુધા, તરસ, ટાઢ, તાપ, તથા ડાંસ અને મચ્છરથી થતી વેદના સહન કરવી, આક્રોશ એટલે દુર્વચન સહન કરવાં, દુઃખકારક ઉપાશ્રયમાં રહેવું, ઘાસના સંથારામાં રહેલાં તૃણનો સ્પર્શ અને મેલનો પરિષહ એ સર્વ સહન

કરવાં તે ઘણાં દુસ્કર છે. હે પુત્ર ! લપડાક તથા ટેકરનો માર, લાકડીનો માર, દોરડાનું બંધન, ગૃહસ્થને ઘેર ભિક્ષા માટે ફરવું, અને ફરતાં છતાં પણ ભિક્ષાની અપ્રાપ્તિ, વિગેરે પરિશહ થવાથી દુઃખ ન ધરવું તે નિશ્ચે ઘણુંજ દુસ્કર છે. હે પુત્ર ! કબુતર વિગેરે પક્ષિયો પોતાનું ભક્ષણ ગ્રહણ કરવામાં સંકાસહિત વર્તે છે અને ખાધા પછી કાંઇ પણ સાથે રાખતા નથી તેમ મુનિયો પણ આહાર ગ્રહણ કરવામાં દોષ લાગવાનો ડર રાખતા પ્રવર્તે છે અને આહાર કર્યા પછી સાથે કાંઇ પણ રાખતા નથી. વળી સાધુઓને વાળનો લોચ કરવો પડે છે તે ઘણો ભયંકર છે, અને વળી મહાત્મા પુરૂષોને જે બ્રહ્મચર્ય ધારણ કરવું તે પણ અલ્પસત્વવાળા પ્રાણીથી ન બની શકે એવું અને ભયંકર [illegible] ઘણું દુસ્કર છે; તે કારણ માટે હે પુત્ર! તું સુખ ભોગવવા યોગ્ય છે, શરીરે સુકુમાળ છે, તથાપિ તું ચારિત્ર લેવાને ઉદ્યમવંત થયો છું; પરંતુ તે સાધુ ધર્મ પાળવાને તું સામર્થ્ય નહીં થાય. હે પુત્ર ! ચારિત્રનો મુળગણ ઉત્તરગુણનો જે મોટો ભાર છે, તે લોઢાના ભારની પેઠે ભારે અને ખમી ન શકાય એવો છે; વળી તે ગુણોનો મોટો ભાર જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી બીજા ભારની પેઠે કોઇ પણ ઠેકાણે મુકી પે સામો લેવાય તેવો નથી, એટલે ચારિત્ર જાવજ્જીવ સુધી પાળવું પડે તેવું છે. હે પુત્ર ! આકાશને વિષે ગંગાના પ્રવાહના સામું તરવું તે ઘણું દુસ્કર છે. અર્થાત્ હિમાચળ પર્વત ઉપરથી પડતી એવી ગંગાનદી તેના સામે પુરે તરવું અને બે હાથવડે સમુદ્ર તરવો તે જેમ દુસ્કર છે, તેમ ગુણોનો મહાસાગર એવો જે ચારિત્ર સમુદ્ર તરવો તે પણ નિશ્ચે ઘણોજ દુસ્કર છે. હે પુત્ર ! જેમ વેળુ (રેત) ના કોળિયા સ્વાદરહિત હોવાથી ખાવા દુસ્કર છે, તથા તરવારની ધાર ઉપર ચાલવું જેમ દુસ્કર છે તેમ ચારિત્ર તપ પાળવો તે પણ નિશ્ચે ઘણોજ દુસ્કર છે. હે પુત્ર ! સર્પ જેમ આડું અવળું જોયા વિના એકાંત દ્રષ્ટિએ ચાલે છે તેમ સાધુ મુનિરાજ પણ મોક્ષ માર્ગને વિષેજ દ્રષ્ટિ

ધીમી ઇર્યાસમિતિ શોધને ચાલે છે; વળી લોઢાના જવ જેમ ચાવવા દુષ્કર છે તેમ ચારિત્ર પાળવું તેપણ ઘણુંજ દુષ્કર છે. હે પુત્ર ! ધખ ધખાયમાન થએલો અગ્નિ તે જેમ પીવો દુષ્કર છે તેમ સુખ ભોગવવા યોગ્ય એવી યૌવન અવસ્થાને વિષે જે ચારિત્ર પાળવું તેપણ અતિશે દુષ્કર છે. હે પુત્ર ! જેમ સુખડાનો કોથળો વાયરાથી ભરવો દુષ્કર છે, તેમ હીન સત્વવાળા પુરૂષોને ચારિત્ર પાળવું તે પણ દુષ્કર છે. હે પુત્ર ! જેમ મેરૂ પર્વત ત્રાજુવે કરી તોળવો ઘણો દુષ્કર છે, તેમ નિશ્ચળ તથા નિઃશંક અને પોતાના શરીરની પણ અપેક્ષા રહિત એવું ચારિત્ર પાળવું તે પણ દુષ્કર છે. હે, પુત્ર ! બે હાથવડે જેમ સ્વયંભૂરમણ સમુદ્ર તરવો દુષ્કર છે, તેમ જે પુરૂષનું મન વિષયથી ઉપશાંત નથી પામ્યું, તે પુરૂષને ઇંદ્રિયોને દમવારૂપ સાગર તરવો તે દુષ્કર છે. હે પુત્ર ! મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના પંચેંદ્રિયના વિષયસુખને તું ભોગવ, પછી ભુક્તભોગી થઈને ચારિત્ર અંગીકાર કરજે; કારણ કે હમણાં તારે ભોગ ભોગવવાનો અવસર છે, પણ ભોગ ત્યાગ કરવાનો અવસર નથી.

એ પ્રકારે માતા પિતાનાં વચન સાંભળી મહા વૈરાગી એવા મૃગાપુત્ર માતા પિતાને કહેવા લાગ્યા:—

હે માતા પિતા ! તમે ચારિત્રની જે દુષ્કરતા દેખાડી, તે સત્ય છે; પરંતુ જે પુરૂષ આ લોકમાં નિસ્પૃહી અને પરિગ્રહની તૃષ્ણા તથા મમતાએ કરી રહિત અને વળી જેને તૃણ અને કંચન સરખું છે તેવા પુરૂષને જેમ ચારિત્ર પાળવું તે જરા પણ દુષ્કર નથી, તેમ હે માતા પિતા ! હું પણ નિસ્પૃહી છું તેથી મારે પણ ચારિત્ર પાળવું તે જરા પણ દુષ્કર નથી. હે માતા પિતા ! મેં દુઃખકારક અને ભયકારક એવા અનંતી વાર બાળી મુકનાર અગ્નિ, શીત, ક્ષાર વિગેરેથી ઘણી શારીરિક અને માનસિક વેદનાઓ અનંતીવાર ભોગવી છે. વળી દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીરૂપ ચારગતિરૂપ જન્મ અને મરણરૂપ ભયથી બિહામણા થા એવા સંસારને વિષે હું

કેઃ એવાં જન્મ અને મરણ સહન કર્યાં છે; વળી જેમ આ મનુષ્ય લોકને વિષે ઉષ્ણવેદના તથા શીતવેદના છે તે થકી પણ અનંતગણી ઉષ્ણવેદના તથા શીતવેદના જે જે નરકોને વિષે હું ઉત્પન્ન થયો તે તે નરકોને વિષે મેં અશાતારૂપ ઉષ્ણવેદના તથા શીતવેદના સહન કરી છે.

હે માતા પિતા ! નરકમાં કુંભીને વિષે પગ ઉંચા અને માથું નિચું એટલે ઉંધે માથે રહી ધખધખતી અગ્નિથી ઉની થયેલી કડાને વિષે બુમ પાડતો એવો હું પૂર્વે અનંતીવાર પડ્યો છું, તથા મોટો દાવાનળ થવાથી મારવાડ દેશમાં રહેલી વજ્રમય રેત જેમ ધખધખે તે થકી પણ અનંત ઘણી ધખધખતી એવી નરકમાં રહેલી કદંબવાળુકા નદીની રેતને વિષે દાઝ્યો તથા ભઠાનીપેઠે શેકાયો છું; વળી બુમ પાડતો એવો તથા બાંધવ વિનાનો તેમજ ઝાડની શાખાએ ઉંધે માથે પરમાધામીવડે મજબૂત બંધાયેલો અને નિચે રહેલી કુંભીમાં લટકતો એવા હું કરવતવડે જેમ લાકડું વેહેરાય તેમ પૂર્વે અનંતીવાર વેહેરાણો તથા ઘણી ભયંકર રાડો પાડતો જેમ કોલમાં શેલડી પીલાય તેમ નરકને વિષે રહેલા મહાયંત્રમાં અનંતીવાર પીલાયો, એવી રીતે અનેક તરેહની વેદનાઓ મેં પૂર્વભવે અનંતીવાર ભોગવી છે.

વળી હે માતા પિતા ! સ્થાવર અને ત્રસના ભવને વિષે દાહ, તાપ, ભુખ અને તૃષાદિક અશાતાવેદની મેં સહન કરી છે, તેમાં આંખ મીંચીને ઉઘાડીએ એટલીવાર પણ સુખ મેં મેળવ્યું નથી. તો દિક્ષા લેવામાં શું દુઃખ છે ? વળી તમે મને સુખિત એવો તું શું એવું કહ્યું, પરંતુ મેં તો સર્વ ભવોને વિષે દુઃખજ ભોગવ્યું છે. એ પ્રકારે મૃગાપુત્રનું બોલવું સાંભળી માતા પિતા મૃગાપુત્રને કહેતા હવા:-હે પુત્ર ! તમે પોતાની ઇચ્છા પ્રમાણે દિક્ષા ગ્રહણ કરો તેમાં કોણ ના પાડે છે ! પણ આટલું વિશેષ કે દિક્ષા લીધા પછી કદાચિ રોગ ઉત્પન્ન થાય તો તે મહાદુઃખનો ઉપાય થાય નહીં, એટલે આપણ

સાંભળીને વૈદુ કરાવાય નહીં, માટે દિક્ષા કહ્યુ છે. એ પ્રકારે મૃગાપુત્ર કહેવા લાગ્યાઃ-હે માતા પિતા ! તમે જે કહ્યું તે સત્ય છે, પરંતુ અરણ્યને વિષે રહેલા મૃગને તથા બીજા પક્ષિયોને જ્યારે રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેનો રોગ કોણ મટાડે છે? એટલે જ્યારે મૃગ વ્યાધિવડે અને પક્ષિયો રોગથી પીડાય છે ત્યારે કીયો વૈદ્ય આવીને તેમનું ઔષધ કરે છે ? અર્થાત્ કોઇ કરતું નથી; માટે જેમ મૃગ એકલો પોતાની ઇચ્છાએ વનમાં ભમે છે તેમ હું પણ સતર પ્રકારના સંયમવડે અને બાર પ્રકારના તપવડે શ્રી વીતરાગદેવના પ્રરૂપેલા ધર્મને અંગિકાર કરીશ, અને મૃગ જેમ ઔષધ કરાવ્યા વિના સુખી થઇ લીલોત્રીવાળી જગા અને તળાવમાંથી ખાનપાન કરી પોતાની મરજી મુજબ વનમાં ફરે છે તેમ હું પણ મૃગનીપેઠે ઉદ્યમવંત થએલો એવો મુનિપણામાં મૃગચર્યાને અંગિકાર કરીશ. વળી મૃગ જેમ ઉંચી ફાળો મારે તેમ હું પણ ઉચ્ચદશાને એટલે મોક્ષદશાને પામીશ.

એવી રીતે મૃગાપુત્રે માતા પિતાપ્રત્યે કહ્યું. ત્યારે માતા પિતાએ કહ્યું કે, હે પુત્ર ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો. તે કામમાં અમારી રજા છે. એ પ્રકારે માતા પિતાનો ઉત્તર સાંભળી મૃગાપુત્રે સચિત્ત અને અચિત્ત એ બે પ્રકારની ઉપાધિનો ત્યાગ કર્યો. એ પ્રમાણે સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને મૃગાપુત્ર કહેવા લાગ્યા કેઃ-હે માતા પિતા ! હું આપની રજાથી સર્વ દુઃખથી મુકાવનારી એવી દિક્ષા અંગિકાર કરીશ. તે સાંભળી માતા પિતાએ કહ્યુ કે, હે પુત્ર ! જાઓ અને જેમ તમને સુખ ઉપજે તેમ કરો.

એ પ્રકારે મૃગાપુત્ર માતા પિતાની રજા લેઇને આ મારૂં ધન, આ મારૂં ઘર અને આ મારૂં કુટુંબ એ રીતે બહુ પ્રકારના મમત્વને તથા હાથી, ઘોડા, ધન્ય, ધાન્ય વિગેરે ઋદ્ધિ તથા પોતાની સાથે નાનપણમાં રમેલા મિત્રો તથા પુત્ર, સ્ત્રી સ્વજન અને પોતાની નાતવાળા ક્ષત્રિયો તે સર્વનો ત્યાગ કરીને સંસારથી નિકળ્યા.

તે અવસરે મૃગાપુત્ર પંચ મહાવ્રત, ઇર્યા, ભાષા, એષણા, આદાનમત ભંડનિક્ષેપણા અને ઉચ્ચાર પાસવણ ખેલ જલસિં

એ પ્રકારે તે મૃગાપુત્ર મુનિ. શ્રુત, જ્ઞાનાદિકવડે યથાખ્યાત ચારિત્રવડે, શુદ્ધ શ્રદ્ધારૂપ દર્શનવડે, બાર પ્રકારના તપવડે, પંચમહાવ્રતની પચીશ ભાવનાવડે અથવા અનિત્યાદિક બાર ભાવનાવડે પોતાના આત્માને સમ્યક પ્રકારે ભાવતા, ઘણા વર્ષ સુધી સામાન્યપર્યાય પાળીને અંતે એક માસની સંલેષણા કરીને સર્વોત્તમ, પ્રધાન, જન્મ, જરા અને મૃત્યુરૂપ ઉપદ્રવે કરી રહિત એવા મોક્ષસ્થાનકને પામ્યા.

હે ભવ્ય જીવો ! મહા પ્રભાવક એટલે રોગાદિકના અભાવવડે અને દુષ્કર પ્રતિજ્ઞા પાળવાવડે મહા પ્રભાવક એવા તથા મહા યશસ્વી એટલે સર્વ દિશાઓને વિષે વ્યાપી રહ્યો છે જશ તે જેમનો, એવા મૃગાપુત્રનું માતા પિતા પ્રત્યે સંસારની અસારતા દેખાડનારૂં ઉપદેશરૂપ ભાષણ તથા તેમનું તપથી પ્રધાન એવું, તથા ગતિ પ્રધાન એટલે મોક્ષ જવાને માટે યોગ્ય એવું અને ત્રણ લોકને વિષે પ્રસિધ્ધ એવું, આ ઉત્તમ ચરિત્ર સાંભળીને ધનને દુઃખનું વધારનાર, મમત્વ ને સંસારનું બંધન અને વળી ધન અને મમત્વ એ બન્નેને મહા ભયાનક એટલે ચોર, અગ્નિ અને રાજાદિકનો ભય આપનાર જાણીને તમે સુખની પ્રાપ્તિનું કારણ તથા મોક્ષના ગુણને લાવનારી એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆયુ અને અનંતવિર્ય વિગેરે ગુણોને લાવનારી એવી ધર્મરથની ધોંસરીને ધારણ કરો.

ઇતિ મૃગાપુત્રની કથા.

अइमत्ता कुंवरनी कथा.

પોલાસપુર નગરને વિષે વિજયનામે રાજા રાજ્ય કરતો હતો, તેને શ્રી નામની પટરાણી હતી; તેમને અતિમુક્ત (અઇમત્તો) એવે નામે પુત્ર હતો. તે પુત્ર બહુ ઉદ્યમે કરીને મોટો થયો. અનુક્રમે જે વખતે છ વર્ષનો થયો, તે અવસરે નગરને બહાર ઉદ્યાનમાં શ્રી વીરસ્વામિ પધાર્યા, ત્યારપછી જ્ઞાનવંત એવા ગૌતમ ગણધર વીરસ્વામિને પુછીને ભિક્ષા લેવાને અર્થે નગર મધ્યે આવ્યા. તે અવસરે છોકરાઓની સાથે રમતો એવો અતિમુક્ત કુંમાર ગૌતમસ્વામિને દેખીને પુછવા લાગ્યો કે, તમે કોણ

છો ? અને કેમ ફરો છો ? તેવારે ગૌતમસ્વામિએ કહ્યું કે, અમે શ્રમણ છીએ, અને ભિક્ષાને અર્થે ફરીએ છીએ. ત્યારે કુંવર બોલ્યો કેઃ—હે પુજ્ય ! આવો હું તમને ભિક્ષા અપાવું; એમ કહીને તે કુંવર ગૌતમસ્વામિની આંગળીએ વળગીને પોતાને ઘેર લાવ્યો. તે અવસરે શ્રીદેવી ઘણી ખુશી થઇ ભક્તિએ કરીને ગૌતમસ્વામિને નમસ્કાર કરીને પ્રતિલાભતી હવી, એટલે આહાર પાણી આપ્યો; ત્યાર પછી અતિમુક્ત કુંમારે ફરીને પુછ્યું કેઃ-હે સ્વામિ ! તમે ક્યાં રહો છો ? ત્યારે ગૌતમસ્વામિએ કહ્યું કેઃ--હે ભદ્ર ! જે ઉદ્યાનમાં અમારા ધર્માચાર્ય શ્રી વર્દ્ધમાનસ્વામિ વસે છે ત્યા અમે વસીએ છીએ, એવું કહ્યું. તે અવસરે કુંવર બોલ્યોઃ--હે સ્વામિન્ ! તમારી સાથે શ્રી વીર સ્વામિને વંદન કરવા માટે હું આવું ? ત્યારે ગૌતમસ્વામિએ કહ્યું કે, "યથા સુખં દેવાનુ પ્રિય" એટલે હે દેવતાઓને વલ્લભ ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો. ત્યાર પછી અતિમુક્ત કુંમારે ગૌતમસ્વામિની સાથે આવીને ભગવંતને વંદન કર્યું. ભગવંતે ધર્મનો ઉપદેશ દીધો. તે ઉપદેશ સાંભળીને પ્રતિબોધ પામ્યો એવો અતિમુક્ત કુંમાર દિક્ષા ગ્રહણ કરવાને ઇચ્છતો થકો માતા પિતાની આજ્ઞા લેવાને અર્થે ઘેર આવીને માતા પિતાને એ પ્રકારે કહેવા લાગ્યો કેઃ-હે માતા પિતા ! મેં આજ શ્રી વીરસ્વામિની પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ કરવાનો મને અભિલાષ થયો છે. તે અવસરે તે માતા પિતા કહેવા લાગ્યાં કેઃ-હે પુત્ર ! તું ધન્ય છું, તું કૃતપુન્ય છું, તું કૃતાર્થ છું, એટલે તને ધન્ય છે. અને કર્યું છે પુન્ય તે જેણે એવો તું થયો, અને કર્યો છે અર્થ નામ પ્રયોજન તે જેણે એવો તું થયો. શાથી જે તેં વીરસ્વામિની પાસે ધર્મ સાંભળ્યો, અને વળી તે ધર્મ તને રુચ્યો તે કારણ માટે. ત્યાર પછી કુંવર ફરીને કહેવા લાગ્યો કે હે માતા પિતા ! હું તે ધર્મ સાંભળવા થકી કરીને સંસારના ભયે કરીને ઉદ્વિગ્ન એવો, અને જન્મ મરણના ભયથકી ભય પામેલો એવો થયો છું; તે કારણ માટે તમારી રજાએ કરીને શ્રી વીર પ્રભુની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને ઇચ્છું છું એવું કહ્યું. પુત્રનું અપ્રિય અને કોઇ દિવસ નહીં સાંભળેલું એવું વચન સાંભળીને તેની માતા મૂર્છાગત થઇ ધરતી ઉપર પડી, તે અવસરે દાસીઓએ શીતળ જળ છાંટી અને પવન નાંખી શુદ્ધિમાં

આવી: પછી વિલાપ કરતી પુત્ર પ્રત્યે કહેવા લાગી: હે જાત! હે પુત્ર! તું અમારે એકજ પુત્ર છુ, અને અમને ઇષ્ટ કહેતાં વલ્લભ, મનોજ્ઞ, પ્રિયકારી, અમુલ્ય રત્નતુલ્ય અને હૃદયને આનંદ ઉત્પન્ન કરનાર એવો, અને વળી ઉંબરાના ફુલની પરમ દુર્લભ એવો તું અમારેછુ; એજ કારણ માટે ક્ષણમાત્ર પણ તમારા વિયોગને અમે સહન કરવાને સમર્થ નથી; તે કારણ માટે હે પુત્ર! જ્યાં સુધી અમે જીવીએ ત્યાં સુધી તું ઘરમાં રહે; પછી સુખે કરીને દિક્ષા ગ્રહણ કરજે. માતાનું બોલવું સાંભળીને કુંવર કહેવા લાગ્યો કે:-હે માતા! તમારૂં કહેવું સત્ય છે, પરંતુ આ મનુષ્યનો ભવ અનેક જન્મ, જરા મરણ રૂપ શરીર અને મન સબંધી અતિઘણું દુઃખનું ભોગવવું, તે રૂપ ઉપદ્રવે કરીને પરાભવ પામેલો, અશાશ્વત, સંધ્યાસમયના વાદળાના રંગ સરખો, જળના પરપોટા સરખો, વીજળીના સરખો ચંચળ, અને સડી જવું, પડી જવું, નાશ પામવું એવો મનુષ્યભવનો સ્વભાવ છે. તે પ્રથમ અથવા પછી જરૂર ત્યાગવા જોગ છે, એટલે મુકિજ પડશે. હવે કોણ જાણે આપણા માંહે કોણ પહેલું પરલોકે જશે, અથવા કોણ પછી જશે એની ખબર પડતી નથી; તે કારણ માટે તમારી આજ્ઞાએ કરીને હમણાંજ હું દિક્ષા લેવાને ઇચ્છું છું. એવી રીતે કુંવરે કહ્યું. ત્યાર પછી ફરીને માતા તે કુંવરને કહેવા લાગ્યાં:—

હે પુત્ર! આ તારૂં શરીર વિશિષ્ટ રૂપવાળું, અને લક્ષણ, વ્યંજનરૂપ ગુણે કરીને સહિત એવું, અને નાના પ્રકારની વ્યાધિએ કરીને રહિત એવું, અને સૌભાગ્યપણાએ કરીને સહિત એવું, અને ન હણાયેલા અને મનોહર અને મનોજ્ઞ એવાં પાંચ ઇંદ્રિઓએ કરીને સહિત એવું, અને અનેક ઉત્તમ ગુણોએ કરીને સહિત એવું છે. તે કારણ માટે પોતાના શરીરરૂપ સૌભાગ્યાદિ ગુણોને ભોગવીને પરિપક્વ અવસ્થાવાળો થઈને પછી દિક્ષા ગ્રહણ કરજે. એ પ્રકારનું માતાનું બોલવું સાંભળીને ફરીને કુંવર કહેવા લાગ્યો:-હે માતા! હે પિતા! જે તમે શરીરનું સ્વરૂપ કહ્યું તે મનુષ્ય સંબંધી શરીર નિશ્ચે દુઃખનુંજ સ્થાનક છે, અને નાના પ્રકારની સેંકડો વ્યાધિઓને રહેવાનું ઘર એવું,

અને હાડકાંરૂપ લાકડાંથી ઉત્પન્ન થએલું એવું, અને અશુચિના પુદ્ગળોએ કરીને વ્યાપ્ત એવું, અને સડી જવું, પડી જવું અને નાશ થવું એવો જેનો સ્વભાવ છે, એવું આ શરીર પ્રથમ અથવા પછી જરૂર ત્યાગવા જોગ થશે; એ કારણ માટે આવા શરીરમાં બુદ્ધિશાળી પુરૂષ હોય તે રંજીત નજ થાય. એ રીતે કુંવરે કહ્યું. ત્યાર પછી કુંવરનાં માતા પિતા ફરીને કહેવા લાગ્યાં:-હે પુત્ર ! આ તારા બાપ દાદાથી આવેલું એવું વિસ્તારવંત ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પરવાળાં આદિ દ્રવ્ય છે, જે સાત પેઢી સુધી ગરીબલોકોને આપવા માટે, અને પોતે ભોગવવા માટે, પણ ખુટી ન જાય એવું છે. તે કારણ માટે એવું આ દ્રવ્ય તે પ્રત્યે પોતાની ખુશી પ્રમાણે રૂડે પ્રકારે ભોગવીને પોતાને સદ્દશરૂપ લાવણ્યાદિ ગુણોએ કરીને શોભાયમાન એવી, અને પોતાના મનની રૂચિ પ્રમાણે ચાલનારી એવી ઘણી રાજકન્યાઓ પરણીને તેમની સાથે આનંદ કરી એવા સંસાર સંબંધી ભોગ સુખ ભોગવીને પછી દિક્ષા લેજ્યે. માતા પિતાનું બોલવું સાંભળી કુંવર કહેવા લાગો-હે માતા પિતા ! તમે જે દ્રવ્યાદિકનું સ્વરૂપ કહ્યું, તેનું એવી રીતે જાણવું કે તે દ્રવ્ય નિશ્ચે અગ્નિ, જળ, ચોર, રાજા, ગોત્રી લોકો એ આદિક ઘણા લોકોને વશ્ય છે; પણ દ્રવ્ય કાંઇ એક જણની પાસે રહેતું નથી, અને અશાશ્વતું છે એટલે તે દ્રવ્ય કાંઇ નિરંતર રહેતું નથી, અને પ્રથમ અથવા પછી જરૂર મુકવું જ પડશે; તથા મનુષ્ય સંબંધી કામભોગ પણ અતિ દુર્ગંતિનાં ફળને આપનારા છે. તે કારણ માટે તે કામભોગોને અર્થે કોણ પોતાના હૃદયને નિષ્ફળ કરે ! એટલે ડાહ્યો પુરૂષ હોય તેજ ન કરે. એવી રીતે કુંવરે ઉત્તર આપ્યો; ત્યાર પછી તે કુંવરનાં માતા પિતા એ પ્રકારે વિષયને અનુકૂળ એવાં ઘણું વચનોએ કરીને તે કુંવરને લોભાવવાને અસમર્થ થયાં. પછી વિષયને પ્રતિકૂળ એવાં અને સંજમના ભયને દેખાડનાર એવાં વચનોએ કરીને આ પ્રકારે કહેવા લાગ્યાં કે:-હે પુત્ર ! નિર્ગ્રંથ વર્ણન કરેલાં સિદ્ધાંતનું કહેલું એવું સિદ્ધાંત અથવા શાસન તે સાચું છે, અને અનુત્તર કહે

તાં પ્રધાનછે, અને શુદ્ધ કહેતાં દોષરહિતછે, અને માયાશલ્ય, નિયાણશલ્ય, અને મિથ્યાત્વશલ્ય એ ત્રણ શલ્યનું નાશ કરનારૂં છે, અને મુક્તિનો માર્ગછે; અને સર્વ દુઃખને નાશ કરનારૂં એવું જિનરાગનું કહેલું પ્રવચનછે, તે પ્રવચનમાં એટલે જૈનસાશનમાં રહેલા એવાજ જીવો સિદ્ધિપદને વરેછે, એટલે જિનરાગની આજ્ઞા પાળનાર એવાજ જીવો સર્વ કર્મે કરીને રહિત થાયછે. પરંતુ આ પ્રવચન લોહના ચણા ચાવવાની પરમ અતિશે દુષ્કરછે, અને વેળુના કોળિયાની પરમ દુઃખે તરવા જોગ્ય છે; વળી આ પ્રવચન છે તે નિશાણ ખડગાદિકને ઓલંઘન કરવા જેવું છે, તથા દોરડાદિકે કરીને બાંધેલુ એવું મહાશિલાદિક હસ્તાદિકે કરીને ધારણ કરવાજેવું છે, તથા અસિધારાવ્રત સેવન કરવાનું છે, એટલે જેમ ખડગાદિ અતિક્રમણ કરવાને અશક્યછે તેમ આ પ્રવચન પાળવું અશક્ય છે. વળી જૈનશાસ્ત્રમાં સાધુઓને આધાકર્મિક ઓદેશિકાદિ ભોગવવાને ન કલ્પે, એટલે જૈનના જે સાધુ હોય તે પોતાને વાસ્તે કરેલું એ આદિક બેતાળીશદોષ સહિત વસ્તુ ગ્રહણ કરે નહીં. અને હે પુત્ર ! તું તો સદાયકાળ સુખમાં ઉછરતા થએલો છું, કોઇ દહાડો પણ દુઃખમાં રહેલ નથી, એજ કારણ માટે તું તાઢ, તાપ, ક્ષુધા, તૃષ્ણા, ડાંસ, મચ્છરાં અને નાના પ્રકારના રોગાદિરૂપ પરસિદ્ધ ઉપસર્ગોપરિષ સહન કરવાને સમર્થ નથી; તે કારણ માટે હમણાં તને દિક્ષા લેવાને આજ્ઞા આપવાને અમે ઇચ્છતા નથી. ત્યાર પછી કુંવરે કહ્યું કેઃ—હે માતા પિતા ! તમે જે સંયમની દુષ્કરતા દેખાડી તે દુષ્કરતા કાયર પુરૂષોને અને આ લોકમાંજ સુખ માની બેઠેલા તેવાઓને, અને પરલોકના સુખના અજાણ લોકોને અને વિષયની તૃષ્ણાવાળા લોકોને સંજમનું દુષ્કરપણું લાગે છે; પણ ધીર પુરૂષને અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થએલા, એવા પુરૂષને સંજમ પાળવુ કઠણ નથી. તે કારણ માટે હું તમારી આજ્ઞા-લેઇ કરીને હમણાંજ પ્રવજ્યા (દિક્ષા) લેવાને ઇચ્છું છું; ત્યાર પછી તે માતા પિતા કુંવરને કહેવા લાગ્યાં—હે બાળ ! હે કુંવર તું આટલો બધો હઠ ન કર તું શું સમજે છે ? તુ એમ સ-

મજનો હુજ્જ ? સંયમ લેવું સહેજ છે, પરંતુ સંયમ લેઇને પાળ- વું ઘણું દુષ્કર છે. એવું સાંભળી અતિમુક્ત કુંવર કહેવા લા- ગ્યો કે:—હે માતા પિતા! જે હું જાણું છું તેજ નથી જાણતો, અને જે નથી જાણતો તેજ હું જાણું છું. કુંવરનું આવું આવું બોલવું સાંભળી માતા પિતા કહેવા લાગ્યાં કે હે પુત્ર! તું આમ કેમ બોલે છે? ત્યારે કુંવરે કહ્યું કે:-હે માતા પિતા! હું જાણું છું કે, જે જનમ્યો તેને જરૂર મરવું છે; પરંતુ એટલું નથી જાણતો કે તે ક્યારે મરશે, અથવા કયા સ્થાનમાં મરશે અથવા કેવે પ્રકારે મરશે; અથવા કેટલે કાળે મરશે, એ હું ન- થી જાણતો; તથા હું નથી જાણતો કે કીયા કર્મોએ કરીને ન- રકાદિકને વિષે જીવો ઉત્પન્ન થાય છે? પણ આટલું જાણું છું કે પોતાનાં કરેલાં કર્મોએ કરીને જીવ નરકાદિકોમાં ઉત્પન્ન થાય છે, એવી રીતે કુંવરે ઉત્તર આપ્યો; ત્યાર પછી તેનાં માતા પિતાએ તે કુંવરનું વચનને વિષે સ્થિર ચિત્ત જાણીને મોટા આડંબરે કરીને નિકળવાના નિમિત્તે ઓચ્છવ કર્યો. તે વખતે અતિમુક્ત કુંવર સ્નાન કરી શરીરે ચંદનાદિકનો વિલેપન કરી, અને વસ્ત્ર આ- ભરણો કરીને [illegible] શોભાવ્યું છે શરીર તે જેણે એવો, અને માતા [illegible] કરીને પરીવરેલો એવો, મોટી પાલખીમાં બેસીને નાના પ્રકારનાં વાજીંત્રોના શબ્દ થએ છતે નગર [illegible] થઇને નિકળ્યો ત્યારે ઘણા [illegible] [illegible] મનોહરવાણીએ કરીને આ પ્રમાણે આશીષ દેવા લાગ્યા કે:-હે [illegible]! તમે ધર્મ કરીને અને વળી ત- પ કરીને કર્મરૂપી શત્રુને હણો, વળી હે! જગતને આનંદના કરનાર! તમારૂં કલ્યાણ થાઓ. વળી તમે ઉત્તમ ગુણોએ કરીને પ્રધાન એવા જ્ઞાન, દર્શન, ચારિત્રએ કરીને ન જીતેલી એવી ઇંદ્રિયોને જીતો. વળી અવિકાર કરેલો એવો સાધુનો ધર્મ તે પ્રત્યે રૂડે પ્રકારે પાળો. વળી તમે સિદ્ધિપદને વિષે [illegible] વસો, એવી રીતે આશીષ દીધી. ત્યાર પછી અતિમુક્ત કુંવર એ પ્રકારે અનેક લોકોએ સ્તવના કરતા થકા એવા અને અનેક લોકોને વાંછિત દાન પ્રત્યે આપતા થકા, નગર થકી બહાર નિકળીને જ્યાં શ્રીમહાવીરનું સમોસરણ છે, ત્યાં

આવીને પાલખીમાંથી ઉતર્યો; ત્યાર પછી માતા પિતા તે કુંવરને આગળ કરીને શ્રી વીરસ્વામિ પાસે આવીને વંદનાદિ નમસ્કાર કરીને આ પ્રકારે કહેવા લાગ્યાં કેઃ-હે સ્વામિન ! આ અતિમુક્ત કુંવર અમને વહાલો છે, અને અમને મનોજ્ઞ છે, અને એ અમારે એકજ પુત્ર છે; પરંતુ જેમ કમળ કાદવને વિષે થાય છે, અને વળી પાણીને વિષે વૃદ્ધિ પામે છે, પણ કાદવ અને પાણીએ કરીને લેપાતું નથી, તેમ આ અતિમુક્ત કુમાર પણ શબ્દ, રૂપ. એ બે લક્ષણ તે જેમનું એવા કામોને વિષે ઉપજ થયો છે, અને ગંધ. રસ અને સ્પર્શ એ ત્રણ લક્ષણ તે જેમનું એવા ભોગોને વિષે વૃદ્ધિ પ્રત્યે પામ્યો છે, પણ તે કામ ભોગોને વિષે અને મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સબંધિ એવા લોકોને વિષે લેપાયો નથી; અર્થાત્-મમતાએ કરીને રહિત છે; વળી આ કુંમાર સંસારના ભયે કરીને ઉદ્વિગ્ન એટલે વિરક્ત મનવાળો થયો સતો આપની પાસે દિક્ષા લેવાને ઇચ્છે છે; તે કારણ માટે અમે આપને આ શિષ્યરૂપ ભિક્ષા પ્રત્યે આપીએ છીએ. આપ પણ આ શિષ્યરૂપ ભિક્ષા પ્રત્યે અંગિકાર કરો. ત્યારે વીરસ્વામિએ કહ્યું કેઃ-હે દેવાનુપ્રિયો ! જેમ તમને સુખ ઉપજે તેમ. પણ પ્રતિબંધ એટલે મમતા કરશો નહીં; ત્યાર પછી અતિમુક્ત કુંમાર ભગવંતનું વચન સાંભળીને ખુશી થયો સતો ભગવંત પ્રત્યે ત્રણ પ્રદક્ષિણા કરીને અને નમસ્કાર કરીને ઇશાન કૂણમાં જઇને પોતાની મેળેજ આભરણ માલ્ય અલંકાર પ્રત્યે મુકવા લાગ્યો. તે વખતે માતા ઉજવળ વસ્ત્રે કરીને આભરણાદિક પ્રત્યે ગ્રહણ કરીને આંખોથકી આંસુ મુકતીથકી અતિમુક્ત કુંમારને એ પ્રકારે કહેવા લાગીઃ-હે પુત્ર ! પામેલા એવા સંજમજોગોને વિષે તારે પ્રયત્ન કરવો, અને ન પામેલા એવા સંજમજોગોને પામવાને અર્થે ઘટના એટલે રચના કરવી. વળી ચારિત્ર પાળવાને વિષે પોતાના પુરૂષપણાનો અભિમાન સફળ કરવો, અને પ્રમાદ તો કરવોજ નહીં. એ પ્રકારે કહીને માતા પિતા ભગવંત પ્રત્યે નમસ્કાર કરીને પરિવારસહિત પોતાને સ્થાનકે ગયાં.

હવે અતિમુકત વીરસ્વામિ પાસે આવીને વંદનાદિ કરીને પ્રવર્જિત થયો; ત્યાર પછી વીરસ્વામિએ પણ પંચમહાવ્રત ગ્રહણ કરાવીને ક્રિયા કલાપાદિ શિખવાને અર્થે ગીતાર્થ એવા સ્થવિર મુનિયોને સુંપ્યો; ત્યાર પછી પ્રકૃતિએ કરીને ભદ્રક એવો અને વિનીત એવો અતિમુકત નામે કુંમાર શ્રમણ એક દહાડો ઘણો વરસાદ પડતાં છતાં કાખને વિષે પાત્રુ અને રજોહરણ લેઇને બહાર નિકળ્યો, અને ત્યાં જળનો પ્રવાહ વેહેતો દેખીને બાળ અવસ્થાના વશથકી માટીએ કરીને પાળ બાંધીને જેમ નાવનો ચલાવનાર નાવ પ્રત્યે ચલાવે છે, તેમ આ અતિમુકત સાધુપાત્રાને આ મારી નાવ છે, એ પ્રકારે કલ્પના કરીને તે પાણીમાં ચલાવતો થકો રમવા લાગ્યો. તે અવસરે સ્થવિર મુનિઓ તેની અતિશે અઘટિત તે ચેષ્ટા દેખીને તે સાધુ પ્રત્યે હાંશી કરતા હોયને શું. જેમ! એમ ભગવંત્ પાસે આવીને એ પ્રકારે પુછવા લાગ્યા કેઃ—હે સ્વામિન! આપનો અંતેવાશી અતિમુકત નામે કુંમાર શ્રમણ કેટલા ભવોએ કરીને સિદ્ધિપદને વરશે? ત્યારે ભગવંતે કહ્યુ કેઃ—હે આર્યો! મારો અંતેવાશી અતિમુકત સાધુ આજ ભવમાં સિધ્ધિપદને વરશે; તે કારણ માટે હે રૂડા પુરૂષો! તમે અતિમુકત કુંમાર શ્રમણની બાલ્યાદિકને ઉઘાડવા થકી હીલના ન કરશો, અને તેને ઉચિત શેવા ન કરવે કરીને નિંદા ન કરશો, અને મને કરીને લોકની સમક્ષ ગરહા ન કરશો, અને તેની અવજ્ઞા ન કરશો. વળી હે દેવાનુપ્રિયાઓ! એ અતિમુકત સાધુને અખેદે કરીને અંગિકાર કરો અને અખેદ કરીને તેની સહાય કરો, તથા, ભાત પાણી લાવી આપવારૂપ વિનય કરીને એની વૈયાવચ્ચ કરો, જે કારણ માટે આ મુનિભવનો અંત કરનારજ છે, એટલે સંસારનો ઉચ્છેદ કરનારજ છે, અને ચરમ શરીરવાળો છે; એટલે આ એનું છેલ્લું શરીર છે. આવી રીતે તે જ્ઞાનવંત એવા સ્થવિર મુનિઓને ભગવંતે કહ્યું. ત્યાર પછી તે સ્થવિર મુનિઓ ભગવંતને વંદન નમસ્કાર કરીને ભગવંતના

વચનને વિનય કરીને અંગિકાર કરીને અતિમુક્ત કુંમાર શ્રમણ પ્રત્યે અભેદ કરીને અંગિકાર કરવા લાગ્યા. જાવત્ વૈયાવચ્ચ પ્રત્યે કરતા હવા.

પછી અતિમુક્ત મુનિ જે તેપણ તે પાપસ્થાનને આળોવીને નાના પ્રકારની તપશ્ચર્યાદિકે કરીને સંજમ પ્રત્યે સમ્યક પ્રકારે આરાધન કરીને અંતે અંતકૃત કેવળી થઇ સિધ્ધપદને વર્યા.

ઇતિ અઇમત્તા કુંવરની કથા.

भद्रसिंह. महिपाळनी कथा.

સૌરાષ્ટ દેશને વિષે કલ્યાણપુર નામનું એક ભવ્યનગર હતું, તે નગરમાં સ્વભાવે ભદ્રિક અને સર્વ સદ્‌ગુણનું કેલિગૃહ એવો ભદ્રસિંહનામે રાજા રાજ્ય કરતો હતો; તેને સત્ય, નીતિ, દયા, શીલ અને દાનાદિક ઉત્તમ આભૂષણોએ યુક્ત તથા પતિવ્રત ધર્મને પાળનારી સુંદરી નામની સ્ત્રી હતી, અને આભુષણસમાન કુળ દીપાવનાર કુળદીપસિંહ નામનો પુત્ર હતો, તેથી જગતના વિષે મહાસુખી ગણાતો હતો. તે પોતાનાં સદાચરણ સત્યનીઅડગતા રીએ રહીને ન્યાયને શુધ્ધ રીતિથી પાળતો. ગમે તેવું અકાર્ય થાય. ગમે તેવાં કષ્ટ પડે, કે નીતિ સત્યાદિક છંડવાથી ગમે તેવો મહાન લાભ થતો હોય, તોપણ તે સદાચરણથી વિમુખ થઇ કદી દુરાચરણ કરતો નહોતો.

એક દિવસ ઇંદ્રસભામાં અમરવૃંદોના વચ્ચે બિરાજેલ ઇંદ્રમહારાજ પાસે સત્યાદિક શુભવ્રત અખંડિત રીતે પાળનાર શુભજનોની વાતો નિકળી, તે વાત પ્રસંગે જગત્ મધ્યેના કેટલાક જનોને જુદા જુદા દેવોએ વખાણ્યા; તેવારે ઇંદ્રમહારાજે સર્વની વાત નિરખી ભદ્રસિંહ રાજાનાં અતિ વખાણ કર્યાં. ભદ્રસિંહનાં અતિ સદ્‌ગુણ સાંભળી સભામાં બેઠેલ એક દેવ અ-

તિ આશ્ચર્યતાથી કહેવા લાગ્યો:-" હે દેવ ! શું મનુષ્યદેહમાં એટલું બધું અડગપણું હોય ? કદાપિ નહીં. જ્યાં સુધી સુખી હોય ત્યાં સુધી તો સર્વ કોઇ સદ્‌ગુણને અડગપણે સાચવી શકે, અને ત્યાં સુધીજ તે પોતાનો નિયમ ન તોડી પ્રતિજ્ઞાનું પાલણ કરે. પણ હે સ્વામિ ! જેમ જળની સાથેજ મીનનો પ્રાણ જાય છે, તેજ માફક સુખ સાથે સર્વ સત્યટેક નાશી જાય છે; જો આપ આજ્ઞા કરો તો હું ભુલોકના વિષે જઇ તે મહિપાળને ચળાવું, અને તેના બધા નિયમો તોડી ભ્રષ્ટ કરી આપ સન્મુખ હાજર કરૂં. ” એવાં તે દેવનાં ગર્વિષ્ટ વચન સાંભળી ઇંદ્રે તેના પ્રતિ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિં; તોપણ તે મૌનપણાને આજ્ઞારૂપ ગણી ત્યાંથી તે દેવ તુરત ભુતળના વિષે આવ્યો; પછી તેણે માયાવડે મોટું સૈન્ય વિકુર્વી મહાન્ રાજા બની ભદ્રસિંહપર સ્વારી કરી; સ્વરાજ્યપર શત્રુ ચઢી આવ્યો જાણી ભદ્રસિંહ પણ પોતાના શુરા સામંતો સાથે તેના સામો આવ્યો; બંને સૈન્ય પરસ્પર ભેટતાં મહા યુદ્ધ થયું; બંને તરફના હજારો શુરા રજપુતો શબરૂપ થઇ ભુમાતાના ખોળામાં સુતા; ઘણા શુરા રજપુતોએ સ્વામિભક્તિથી ઘણુંજ શૌર્ય વાપર્યું, પણ દેવ માયા આગળ અંતે તેઓ ફાવ્યા નહિં; અંતે દુશ્મનોનો જય થયો; તેથી તેમણે ભદ્રસિંહ, સતિ સુંદરી, તથા કુમાર કુળદીપકને અરણ્યમાં કાઢી પોતે નવિન નગર વિકુર્વી ત્યાં રાજ કરવા લાગ્યો, અને બીજારૂપે (છાયા માફક) તે સત્યવાદી નૃપ, તેની પવિત્ર પત્નિ તથા પુત્રની પુંઠ લીધી, એટલે કષ્ટ આપી શુભ ટેક તોડાવવા તેમના પછાડી તે પણ ગયો.

હવે અરણ્યમાં રખડતાં તે ત્રણે રાજવંશીઓને તે દેવે અતિ ક્ષુધા લગાડી, પછી મુસાફરરૂપ ધરી તેમના સન્મુખ આવી માંસ ભેટ કર્યું; ત્યારે ક્ષુધાથી પીડિત મહિપાળ તેનાથી ચળ્યા નહીં; અને બોલ્યા:-" ક્ષુધાએ પિંડ પડે, તોપણ અમો કદાપિ માંસાહાર કરનાજ નથી." એમ કહી તે ત્રણે જણ આગળ ચાલ્યા. સ્વધારણામાં નિષ્ફળ થયેલ દેવે હવે બીજો ઉપાય શોધ્યો, અને આગળ જતાં સર્પરૂપ ધરિ તે કુળદીપકને ડસ્યો. સર્પ ડંખ

થયાંજ વિજપ્રયોગે મગજમાં એક ઝારકો આવ્યો શબરૂપ થઇ ત્યાંજ તે મરણીંઢળી પડયો. હવે પુત્ર મરણથી ક્ષુધા, થાક, અને નિંદ્રાથી પીડિત દંપતિના કષ્ટમાં અતિ વધારો થયો, કષ્ટની સીમા રહી નહિ, ધૈર્યે તેમનો સંગ છોડી નાખ્યું, અને શબ પાસે બેસી નરનારીએ કરૂણામય આક્રંદ કરવા માંડયું.—" હે પુત્ર ! આ અરણ્યમાં હું તને અગ્નિસંસ્કાર પણ કેવી રીતે કરૂં ? હે કુળદીપક ! આવા ભયંકર કષ્ટમાં શું તારે આવો દગો દેવો જોઇતો હતો ? કષ્ટ સમયે દુઃખી માત પિતાને આવી ભયંકર અટવિમાં મુકી તું ચાકરી કરવાના ડરથી નાઠો તે તને શાભાને શોભતું નથી. હે વહાલા ! મારા કુળને દિપાવનાર ! મારા હૃદયના શૃંગાર ! બેઠો થા. આ તારાં ટળવળતાં પિતા માતાને દેવે આપ. અરે ! અમારા કંઠે શોષ પડે છે, તે જરી પાણી લાવી પા. અરેરે ! કેમ તું ઉત્તર નથી આપતો ? તારા વિયોગે અમો કેમ કરી જીવીશું ? ધન ગયું, રાજ્ય ગયું, પણ હે પુત્ર ! તારા સંજોગે અમો તે તૃણવત ગણતા, પણ તેં કાળપાપર ખરેખર દામ દીધો; તારા મરણમો કાળી થા અમારાથી કેમે કરી રૂઝાશે નહીં. અરેરે ! જેને છીંક આવતાં દશે દિશાથી ખમા ખમાના હજારો ઉચ્ચાર થતા, તેને આજે પાથરવા અરે ! મરણ સમયે દર્ભની સાદડી પણ નહિં ! હાય હાય ! અગ્નિ સંસ્કારને માટે કાષ્ટ પણ નહિં. અરે ! વહાલા ! જેના શબને અંતર ફુલેલ છાંટતાં, આગર તગરના પરિમળવાળા ઉત્તમ કાષ્ટથી હજારો જનસમુહ વચ્ચે અગ્નિસંસ્કાર થાત, તેજ શબ ને આજે શિયાળિક પક્ષિઓ ચુંથશે. ધિક્ ! ધિક્ !! ધિક્ !!! કર્મની ગતિ." એમ વિલાપ કરતાં કરતાં તે દંપતિ મુર્છિત થઇ ધરણીપર ઢળી પડયાં.

આવી રીતે આક્રંદ કરતાં મુર્છિત થયેલ તે દંપતિ પાસે વૈદ્યરૂપ ધરી તે દેવ આવ્યો, અને અચેત થયેલા નરનારીને શિતળ જળ છાંટી સચેત કરી કહેવા લાગ્યોઃ-"હે ધર્માત્મા ! તમે આટલું બધું આક્રંદ શા માટે કરો છો ? તમારા સદ્ભાગ્યોદયે હું અહિં આવી ચડયો છું, તેથી તમારા પુત્રને સજીવન થવાનો

ઉપાય બતાવું છું; હવે તમે ગભરાશો નહિ, અને ધર્ય ધરીને કહું તેમ કરો. લ્યો આ ધનુષ્ય બાણ-જુવો આ વૃક્ષપર બેઠેલાં જાંબુરંગનાં ઉજળા વિષહર પક્ષી, ઉઠો ત્વરા કરો, તેને મારી તેનું માંસ ડંખપર વિલેપન કરો કે તુરત જેમ સુર્યોદયથી અંધ કાર વિનાશ પામે છે તેમ સર્પનું ઝેર નાશ પામી હમણાં તમારો પુત્ર તમારાથી વાતો કરવા લાગશે. આ કામ આળસ કરવા જેવું નથી, પુત્રમો પ્રાણ બચાવવા અણચાલતાં પાપ કરવું પડે તેનો બાધ નહીં; માટે ઉઠો અને કાર્ય સાધી પુત્રને સજીવન કરી ખુશી થતાં જાઓ. સારૂં થયું કે હું અહીં આવી ચડ્યો. નહીંતો આવા સુકુમાર પુત્રરત્નને તમે નક્કી ખોયુજ હતું !"

એવું સાંભળી ભદ્રસિંહે કહ્યું:-"અહો વૈદ્યરાજ! માંસ મદિરાના ત્યાગરૂપ ઉત્તમ ટેક અમોએ ગ્રહણ કરીછે, તેથી માંસ મદિરાને અડકીએ નહિ, તો પછી પ્રાણીનો તો વધ થાયજ કેમ? અરેરે! અમારાથી પાપકાર્ય થાયજ કેમ? અમારૂં તે ટેકરૂપ ઉત્તમ રત્ન સાચવતાં ગમે તેટલું કષ્ટ થાય, અરે ! આવા આવા હજારો કુમારનો તે રત્ન સાચવતાં વધ થાય, તેથી અમને કંઇ વિશેષ દુઃખ લાગવાનું નથી; પણ હે નિચકર્મી વૈદ્ય ! તે રત્ન સાચવવા અમે તન, મન અને ધનથી કોઇ રીતે પછાત પડવાના નથી અમારા દેહમાં જ્યાં સુધી પ્રાણ હશે ત્યાં સુધી અમે તેનાપર જરા ડાઘ પણ પડવા દેવાના નથી, એ નક્કી સમજજો. જગતના વિષે મોહે કરીને સુખદાતા પુત્રના જીવને માટે પ્રાણિનો વધ કરી તેનું તથા અમારૂં ઉભયલોકમાં બાકડ્યાનું ઇચ્છીએ એ અમારાથી કેમ બને? આપની દવા અમારે નથી કરવી, માટે આપ આપના માર્ગે સિધાવો." એવું સાંભળી વૈદ્યે ભદ્રસિંહ તથા સતી સુંદરીને ઘણી રીતે સમજાવ્યાં, પણ તે કોઇ પ્રકારે ડગ્યાં નહિ; તેથી નિરાશ થઇ દેવ ત્યાંથી ચાલી નિકળ્યો. વૈદ્યના ગયા પછી કાષ્ટ તથા અગ્નિ માટે તેમણે ઘણોઘણો આસપાસ શોધ કર્યો. પણ કશો જોગ બન્યો નહિ; તેથી પુત્રશબને ત્યાંજ મુકી અશ્રુપાન કરતાં તેઓ ત્યાંથી ચાલી નિકળ્યાં; તે-

મના ગયા પછી ભ્રમર આવી કુમારને સચેત કરી પાછો ભદ્ર-સિંહના પુઠે ગયો.

કુળદીપક ચારે તરફ જોવા લાગ્યો, પણ માતપિતાને ન જોયાં તેથી ઘણું આતુર થઈ વિચારવા લાગ્યો કે તેઓ ક્યાં ગયાં હશે? વાઘાદિક હિંસક પ્રાણી તો તેમને લઈ ગયું નહિ હોય? ગમે તેમ હોય પણ એટલું તો નિશ્ચય કે તેઓ પોતાની મરજીથી મને એકલો મુકી જાય એમ તો હોયજ નહિ. ભાવિ ! જે કાળે જે બનવાનું હોય તે કોણ મિથ્યા કરે ? અરેરે નિદ્રા પણ આ વખત મને વેરણરૂપ થઇ. પણ ખેર ! આજ જરા તપાસ તો કરૂં વિગેરે વિચાર કરતો, પાષાણરૂપ જેનાપર ઘાસ ઉગ્યું છે, કીકીરૂપ જેનો રોચ શ્યામ જવાળામુખી છે, અને આસ પાસનું ચિત્ર મંડળ તે ભાગ્યે સુંદર આરસ પથ્થરનુંજ હોયની! એવા નેત્રરૂપ ગીરીમાંથી અશ્રુરૂપ નદીને વહેવરાવતો તે ચાલ્યો. આથ ઉ ચાલતાં ચાલતાં તે શુભનગરે જ્યાં કૃત્રિમ રાજધાની કરી છે ત્યાં ગયો, અને નગરમાં ફરતાં ફરતાં રાજગઢી આગળ જઇ ચઢયો; ત્યાં ઝરૂખે બેઠેલા મહિપાળે તેને જોયો અને અનુચર મોકલી પોતા પાસે બોલાવી યોગ્ય પ્રકાર કરી આશ્વાસન આપ્યું.

હવે ભ.સિંહ તથા તેની નારીએ રાત્રી દિવસ રખડી રખડી મહા ઘોર કષ્ટ સહન કર્યું. ખારૂં જળ અને વનસ્પતિ તથા ભુતળ સિવાય સર્વ તેનાથી પ્રતિકુળ થયાં, ફાટેલાં તુટેલાં વસ્ત્ર પણ તનપર પુરાં ન મળે, બે ત્રણ લાંઘણે મહા મહેનત અને શોધે મળતી વનસ્પતિ તથા ખારૂં જળ એજ તેમના દેહને ટકાવી રાખનાર ઉપકારી સાધન હતું; ઉત્તમ સુખેમય વિવિધ જાતિનાં પુષ્પપુંજમાં સુનારને અને હજારો દાસ દાસીઓ વચ્ચે બિરાજનારને વાઘ વરૂના ભયંકર શોર સુણવાં, ભુતળને જ પુષ્પ અને મખમલનાં ઓઢણાં સમજી સુવું પડ્યું. એ સ્ત્રી ભરથારને એટલું કષ્ટ ભોગવ્યું; પણ કષ્ટ દેવે હજુ તેમનો કેડો ન છોડ્યો; તેમ તે બંને પણ મરણપર્યંત સદ્ગુણના વિષે અડગ

રહેવું એજ નિશ્ચય કીધો હતો. આટલા વખત સુધી સ્વકાર્યમાં નિષ્ફળ થનાર દેવ હવે વધારે ક્રોધાયમાન થયો, તેથી ગમે તેમ કરી તેમના નિયમનો ભંગ કરવો, તેમના હૃદયના વિષે રહેલું ઉત્તમ રત્ન ખુંચી લેવું, અને તેમના માથેથી સદ્ગુણ છત્રનુ હરણ કરી દુર્ગુણરૂપ મશીવડે તેમને ન્હવરાવવાં, એજ તે દુષ્ટાત્માનો નિશ્ચય હતો, તેથી પોતાના કાર્યમાં સફળ થવા તેણે હવે એક ગંજાવર જાળ ગુંથી તે દંપતિને તેમાં નાંખવા ધાર્યું.

ભદ્રસિંહ તથા તેની નારી અતિ કષ્ટમાં દિવસો નિર્ગમન કરતાં મહા મહેનતે તે અટવિ ઉલ્લંઘન કરતાં જ્યાં કુમાર કુળ દીપક ન્યાયાસનપર બિરાજેલ છે ત્યાંજ તેઓ જઇ ચડયાં; વિશાળ નગર જોઇ અન્નોદકની આશાએ તે નરનારીને કંઇ આનંદિ કીધાં; પણ રાજા રામચંદ્રને સુખભોગની દાતાર રાજગાદીએ બેસવાનું, અને દુઃખદાતાર વનવાસ જવાના ખબર એકજ ઘડીમાં આપનાર દૈવની ગતિથી કયો મહાશય અજાણ્યો છે? કરમાં રહેલ મુદ્રિકાનાં નાણાં કરી અન્ન લાવવાની આશાએ રાય ભદ્રસિંહને ઘડીકવાર ખુશી કર્યો. પછી નારીને નગરના પાદરે બેસારી પોતે નગરમાં આવ્યા, અને વીંટીની કિંમત કરાવતાં કરાવતા અનુક્રમે રાજગઢી લગભગ આવેલ ઝવેરીઓની દુકાને તે જઇ ચડયો, ત્યાં કિંમત ચડતાં ચડતાં મુદ્રિકા દશ હજાર રૂપીએ મગાવા લાગી, એવામાં તે મહેલના ઝરૂખે બેઠેલાં રાજરાણીએ જોયું કે તરતજ દાસી મોકલી ભદ્રસિંહને ઉપર બોલાવ્યા અને વીંટી મુલવતાં મુલવતાં તેનું રૂપ જોઇ મહારાણી વ્યામોહ થઇ, અને વિષયભોગની તેના પ્રત્યે વિજ્ઞપ્તિ કરવા લાગ્યાં. ભદ્રસિંહે તે ન માનતાં કહ્યું.-'તમો રાજરાણી, પ્રજાની માતા, અને અમે તમારા પુત્ર કહેવાઇએ, માટે સત્ય ન ચુકવું, આપ અમર્યાદિત કરો ત્યારે કોણ ના કરે, સદ્ગુણો ચલણથી આપે આપનો દાખલો પ્રજાને આપવાનો છે, સદ્વર્તનથી આપે પ્રજા પ્રીતિ મેળવવાની છે, અને સદ્વર્તનથીજ આ જગતમાં અમર થઇ લક્ષ્મીપણું સાહેબી ભોગવવા ઉંચ ગતિની અભિલાષા આપે રાખવાની છે, માટે કુચલણથી તે કેમ મળશે? સીતા,

મય'તી, દ્રૌપદી વિગેરેના દાખલા આપે સેવા [illegible] પ્રમ મુકી વિષપાન કરવાની અભિલાષા [illegible] ની શકતાં નથી, કાંઉ. કમ્મરે સ્વામિ સેવ નોપત [illegible] તેને પ્રભુતત્વ માનવો; ત્યારે ગુરેક મરખા [illegible]ને [illegible] આ અન્યની ઇચ્છા કરો તે માટે કહેવાય ?" વિગેરે [illegible] રાણીને શિખામણ કરવા ભદ્રસિંહે ધાર્યું, પણ તે દુરાગ્રહ [illegible] માન્યું; અને સભામાં થઇ ભદ્રસિંહની કેટે વળગવા [illegible] આવાં રીતે અધર્મ થવો જાણી શિખામણ [illegible] આવી આશા મુકી ભદ્રસિંહ ત્યાંથી [illegible]. [illegible] ની આશા મુકી [illegible] ભદ્રસિંહ ત્યાંથી [illegible]. અને [illegible] નગ્નઅગ્નિથી પ્રજળી [illegible] અગ્નિ કોપ [illegible]. અને [illegible] મ પાડી દાસીઓને બોલાવી ભદ્રસિંહને પોતાની લાજ લેનાર [illegible] કરાવી પોતે સતિ કરી વહાલી થવા તેને [illegible] પાસે [illegible]. [illegible] મહીપતિએ કાંઇ પણ વાત ન પુછતાં ક્રોધાવેશમાંજ તેને [illegible] મરાવવાનો હુકમ કર્યો. એટલે અનુચરો તરતજ તેને ત્યાંથી લઇ ચાલ્યા.

હવે નગર બહાર એટલાં [illegible] પતિની રાહ [illegible] [illegible] આવવાના માર્ગ ભણી દ્રષ્ટિ રાખી બેઠાં છે. પતિને [illegible] વાર લાગતાં જુદા જુદા તર્ક વિતર્ક તેના મનમાં ચિંતા [illegible] [illegible] છે. એવામાં તેનું પોતાથી [illegible] દુર [illegible] [illegible] [illegible] આ [illegible] [illegible] તેને [illegible] આવી અને [illegible] હાથમાં લીધું કે તરતજ તેને [illegible] લીધું. એનું કામ [illegible] લીધું [illegible] [illegible] આવી પડી, અને [illegible] [illegible] [illegible] ! તેં આ [illegible] [illegible] કીધું ? [illegible] [illegible] [illegible] તારું શું [illegible] [illegible]. [illegible] હવે [illegible] હાથ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. પણ [illegible] ? [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કર્યા વિના તેને પણ ફાંસીની શિક્ષા ફરમાવી. નૃપ મુખમાંથી વચન નિકળતાંજ અનુચરો તેને પણ ફાંસી સ્થળે લઇ ચાલ્યા.

હવે ભદ્રસિંહ તથા તેની નારીને એકજ સ્થળે ફાંસી દેવા લાવ્યા. અહિં કષ્ટકુપમાં ઉતરેલાં નરનારી એકબીજાને જોઇ હિંમત આપી આસના વાસના કરતાં પરસ્પર કહેવા લાગ્યાં કેઃ-'અહો સ્વામિ ! અહો સતિ ! હવે આપણા કષ્ટનો અંત આવ્યો. હવે આપણે દુઃખરૂપ સંસાર તજી પ્રભુ હજુરમાં તુરત સિધાવીશું. આ ફાંસીરૂપ યમદુત આપણાપર દયા કરી, કષ્ટથી છુકાવી, જગતપ્રભુની હજુરમાં લઇ જવા માટે, સામાતુલ્ય સારી સેવા બજાવવા આવ્યા છે. હવે આપણે પ્રભુ ગુરુનું સ્મરણ કરી, તેની મુર્તિ હૃદયમાં સ્થાપી, તેના નામનો હેતથી જાપ જપી તેનીજ હજુરમાં ત્વરાથી જવા આ ફાંસીને શીબીકારૂપ સમજી આનંદથી સ્વિકારીએ.'

આ વખતે દુઃખદાતા દુષ્ટ દેવ બ્રાહ્મણરૂપ ધરી તે સત્યવંત નરનારી સન્મુખ આવી તેમને કહેવા લાગ્યોઃ-'રે રે ! અયવાના અગણિત ઉપાય છતાં એ દુઃખ મુર્તિઓ ! તમે શા માટે મોતના સ્વાધિન થાઓ છો ! આ મહિપાળને પોતાની જાતનાને મારવાનો પ્રતિબંધ છે, માટે તમે માંસાહારી થઇ પ્રાણ રક્ષણ કરો, અથવા જો તમો તેનાથી ધૂત રમો તો હું મારી વિદ્યા શક્તિવડે તેનું આખું રાજ્ય તમને જીતાડી આ યમકાંતાસમાન ફાંસીથી બચાવી રાજ્યસુખ અપાવું. અરે ! સર્વથી ટુંકો રસ્તો મારી નારી તથા મને ગુન્હેગાર ઠરાવી તમે છુટો. અમો મહિરાજ પાસે ગુન્હાની વાત કબુલ કરીશું; તમો કોઇ પુણ્યશાળી મહાત્મા દિસો છો, માટે તમારો પ્રાણ બચાવી હું મરીશ તો મારે આ ભવમાં ભુંડી ભીખની પીડા મટશે, અને ભવિષ્ય ભવમાં અત્યંત સુખી થઇશ. એમ મારા અને તમારા સર્વેના સુખનો રસ્તો છે તે સ્વિકારી તમારા માથે આવેલી દુઃખની અંદર અને ઓરાડી તમો સુખી થાઓ. માટે ગમે તે રસ્તો ગ્રહણ કરી તમે તમારો જીવ ઉગારો ! મારા ગરીબ બ્રાહ્મણની તમારા અર્થે દીધેલી આટલી શિક્ષા તમે માનો !!!'

ત્રાહ્મણનાં આ વચન સાંભળી સત્ય અને શીલરૂપ પુષ્પ ના પરિમળથી જેના વપુમાંથી સુગંધ બહેકી રહી છે તેવાં તે દંપતિ વિનયપુર્વક બોલ્યાં:-'મહારાજ ! અમે આપનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. પરજીવપર આટલી બધી દયા કરનાર જે નમો તેને અમો લળિ લળિ નમીએ છીએ, પણ હે સ્વામિ ! જેમ તમારા હૃદયે દયાએ વાસ કર્યો છે, તેમ અમને પણ તેણેજ પવિત્ર કીધાં છે. અમો અમારો જીવ બચાવી તમારી હત્યા કરાવીએ એ કેવો અને કેટલો અનર્થ કહેવાય. વળી શું ? અમો માંસ ભક્ષણ કરીએ, દ્યુત રમીએ કે મૃષા બોલીએ ના ના ! કદાપિ તેમ થવાનુંજ નથી; અને અમારા દેહની દરકાર રાખનાંજ નથી, અમને ક્ષણભંગુર દેહ જાળવવા અનર્થ કરાનું આપ કદિ ગુચવશો નહિ, સદગુણ અને શુભ ટેકો ગારવાનું આપ મુચના કરશો તો અમો આપનો અંતઃકરણથી પુર્ણ આભાર માનીશું. અરે ! અમારાં શુભ વ્રતો અખંડિત રીતે પાળતાં એક તો શું પણ અમારાં જેવાં હજારો દંપતિનાં લય થાઓ પણ ચિંતામણિ રત્નસમાન ઉજ્વળ. કામધેનું સમાન સુખરૂપ પરાગ, અને જાણે ધર્મનોજ ભંડાર હોયની ! તેવાં સત્યાદિક શુભવ્રત ઉભયલોકે અખંડિત રહો.

હવે દેવનો રચેલ પ્રપંચ તે દંપતિને ઉત્તમ ફળદાતા થયો; પૃથ્વીમાં તેમનું નામ અમ્મર રાખનાર શુભ વખત તે અમરે તેમને મેળવી આપ્યો, છેવટ લગી સત્યાદિક શુભવ્રતોથી ન ચલે તે દંપતિથી અતિ આમર હાર્યો. અને મરવા, મરવા, કાપવા, અને તાવવાથી સર્વર્ણની ખરી પરિક્ષા થઇ. સત્યાદિક છંડવા તેમને કષ્ટના ઉંડા કુપમાં ઉતાર્યાં, પણ તેજ કુપ તેમને સુખકારી થયો; છેવટ લગી શુભ વ્રતને વળગી રહેનારને અંતે પુન્યે મદદ કરી, ચંડાળોએ તેમને ફાંસીએ ચઢાવ્યાં કે તરતજ તે દંપતિને રાજ્યાસનપર બિરાજેલ પોતાની પ્રજાએ જોયા. એક સ્વપ્ન માફક સર્વ કામ થઇ ગયું. કયાં અટવિ. કયાં ચાંડાળો. અને કયાં ફાંસી. પુન્ય પસાયે સર્વ ફીટી ગયું, અને અનુચરો

અને રાજા રાણા વચ્ચે પોતાનીજ રાજગાદીપર ભડસિંહ પિતાને બિરાજેલ જોયા; વામાંગે ગતિસુંદરી બિરાજ્યાં છે અને સામો કરજોડી કુળદીપસિંહ ઉભો છે, સ્વામિ સ્વામિનીને જોઇ સર્વ પ્રજા લોકના મનમાં અતિ હર્ષ થયો, સર્વે યથાશક્તિ નજરાણાં કરી મહિપાળને મોતીથી વધાવ્યા, અને નગરમાં દિવાળી કરી.

પછી સત્યરૂપ યોદ્ધાના ભવે કરી અમર ભડસિંહ સન્મુખ આવી ઉભો રહ્યો, અને આ સર્વે કપટનો પોતેજ હતો તેનું કારણ આગથી અંત સુધી પ્રગટ કહી, નૃપતિની અતિ પ્રશંસા કરી, સદ્ગુણી સુખ સ્થાનમાં વળી અલગ રહેલા લોકો પ્રત્યે બોધ આપ્યો. વારંવાર ક્ષમા માગતો અદ્રશ્ય થયો, પછી ભડસિંહ કુળદીપસિંહને સર્વ રાજ્યભાર સોંપી પોતાની જરાવસ્થાના દિવસ સુખ શાંતિથી પ્રભુ ભજનમાં ગુજારતા અનાથ દિનને દાન આપતાં, દુઃખીનાં દુઃખ કાપતાં પ્રભુ સ્મરણમાં લવલીન થઇ સ્વર્ગીય સુખ ભોગવવા ગયા.

રાજ્યકારભાર હવે કુળદીપસિંહ પિતા માફક સત્યથી ગાજ્ય કરી નીતિ ન્યાય પ્રમાણે ધર્મ આચાર પાળતો, દેશની સુખી કરી તેમની આબાદીમાં દિવસ ને રાત્રે તે કેમ આબાદ થાય તે જોવા લાગ્યો. સમોવડીયા રાજાની સદ્ગુણી કન્યા સાથે લગ્ન કરી સંસારનાં સુખ ભોગવતાં અનુક્રમે તેને એક પુત્ર તથા એક પુત્રીની પ્રાપ્તિ થઇ. બાળક બાળકીનો આનંદ, નારીનું સાથેના ભર્યું બોલવું અને પ્રજાની પ્રીતિએ કરી કુળદીપસિંહ રાજ્ય કેટલાંક સુખ અનુભવવા લાગ્યો. દાન, દયા, સત્ય, નીતિ, ન્યાય વિગેરે સદ્ગુણોથી તથા રાજ-પ્રજાની પરસ્પર પ્રીતિ અને [illegible] વિદ્યા અને સુધારાએ આવી ત્યાં નિવાસ કર્યો. અને ટુંકામાં કહીએ તો સદગુણોરૂપ રાજ પ્રજા સર્વે સમાન સુખ ભોગવવા લાગ્યાં.

ઇતિ ભડસિંહ મહિપાળની કથા.